SHIKSHNA SAHITYA 1953

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

112693

CC-0. In-Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शिक्षण अरबी साहित्य

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

પુસ્તકાલય
ગુરુકુલ કાંગડી

સંપાદકમંડળ

જુગતરામ દવે
ગોપાલદાસ પટેલ
ઠાકોરભાઈ દેસાઈ
મણિભાઈ દેસાઈ
મગનભાઈ દેસાઈ (તંત્રી)
જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)

112693



વર્ષ ૧૨ અંક ૫

મે નવજીવન, અમદાવાદ ૧૯૫૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

મે, ૧૯૫૩

વર્ષ ૧૨ અંક ૫

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
મહાત્મા ગાંધીના ચરિત્રની લોકમાન્યની 'પ્રસ્તાવના'	બાલ ગંગાધર ટિળક	૧૨૯
સ્વ૦ ત્રિવેદી સાહેબનાં કેટલાંક સંસ્મરણો	૬૦ બા૦ કાલેલકર	૧૩૪
લોકશાહીમાં પ્રાથમિક કેળવણીનું મહત્ત્વ	મગનભાઈ દેસાઈ	૧૩૭
મુંબઈ હિંદી હિંદુસ્તાની પ્રચાર પરિષદ	મગનભાઈ દેસાઈ	૧૩૯
કેનોપનિષદનો સ્વાધ્યાય	મગનભાઈ દેસાઈ	૧૪૧
એક સંત	ઉશનસ્	૧૪૩
તુળસીની કથાઓ	દુર્ગા ભાગવત	૧૪૪
અખિલ ભારતીય પ્રાચ્ય વિદ્યા પરિષદ		૧૪૭
બમ્બઈ હિન્દી-હિન્દુસ્તાની પ્રચાર સંમેલન		૧૪૯
દરિદ્રનારાયણ	ગો૦	૧૫૦
માસિક વિવેચન		
શેઠશ્રી વાલચંદ હીરાચંદ	મ૦	૧૫૬
પાકિસ્તાનમાં રાજ્યપલટો	મ૦	૧૫૬
"પાનીમેં મીન પિયાસી"	મ૦	૧૫૬
સારું થયું	મ૦	૧૫૭
નોકરી અને ડિગ્રી	મ૦	૧૫૭
અંગ્રેજી અને યુનિવર્સિટીની પંક્તિ	મ૦	૧૫૮
એક ભૂલભરેલો વિચાર	મ૦	૧૫૮
કાળની બલિહારી!	મ૦	૧૫૮
રાજ્ય અને સાહિત્ય	મ૦	૧૫૯
જીવદયા	મ૦	૧૫૯
પ્રૌઢશિક્ષણ વિષે મિ. ચર્ચિલનું મંતવ્ય	ગો૦	૧૬૦

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતી છે.

સરનામાનો ફેરફાર અમને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોને પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં મુંબઈ (૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બન્નર); રાજકોટ (સર લાખાજીરાજ રોડ), દિલ્હી (યુ. એસ. કોમ્યુનિકેશન થિયેટર બિલ્ડિંગ, ઓરડી નં. ૧, કોનોટ સરકસ, નવી દિલ્હી); ઇંદોર (ગાંધી-ભવન, યશવંત રોડ) અને વડોદરા (કોઠી સામે, રાવપુરા) ભરી શકશે.

લવાજમના દર

દેશમાં રૂા. ૪); પરદેશમાં રૂા. ૬) અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. બૉક્સ ૧૦૫, **અમદાવાદ**

અમારાં નવાં પ્રકાશનો

અહિંસાનો પહેલો પ્રયોગ : ['દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ'નો સંક્ષેપ] : લે૦ ગાંધીજી; સંક્ષેપકાર : વનમાળા દેસાઈ; કિં. રૂ. ૧–૦–૦; ટપાલખર્ચાગી ૦–૪–૦ [પંદરમી મેએ પ્રગટ થશે.]

ગોપાલન : લે૦ નટુભાઈ સોલંકી; કિં. રૂ. ૩–૦–૦; ટપાલખર્ચાગી ૦–૧૨–૦ [પંદરમી મેએ પ્રગટ થશે.]

સ્મરણ-યાત્રા : લે૦ કાકા કાલેલકર; અનુ૦ ખુશાલસિંહ ચૌહાન, શ્રીપાદ જોશી; કીં. રુ. ૩–૮–૦; ડાકખર્ચ ૦–૧૨–૦.

દારૂબંધી કશાસાટીં ? [મરાઠી] લે૦ ભારત કુમારપ્પા; અનુ૦ પાંડુરંગ ગણેશ દેશપાંડે કીં. રૂ ૦–૧૦–૦; ડાકખર્ચ ૦–૩–૦.

A Vision of Future India : by K. G Mashruwala Price Re. 1–0–0; Postage etc 0–4–0.

Denumanization in Modern Society — It Roots and Dangers : by Rene Fullop-Miller Price Re. 0–7–0; Postage etc. 0–2–0.

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

112693

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

સા વિદ્યા યા વિમુક્તયે

વર્ષ ૧૨–અંક ૫] અમદાવાદ [મે, ૧૯૫૩

મહાત્મા ગાંધીના ચરિત્રની લોકમાન્યની 'પ્રસ્તાવના'

[સૌ૦ અવન્તિકાબાઈ ગોખલે કૃત મહાત્મા ગાંધી યાંચે ચરિત્ર, વિશેષ પરિચય, લેખ વ વ્યાખ્યાનેં નામક પુસ્તકની શ્રી લોકમાન્य બાળ ગંગાધર ટિળક મહારાજે મૂળ મરાઠીમાં લખેલી ' પ્રસ્તાવના ', તેનો અંગ્રેજી અનુવાદ જોવામાં આવતાં, ધ્યાન પર આવી. લોકમાન્ય જેવા મહાપુરુષની કલમે લખાયેલી આ એક નૂની અક્ષર–પ્રસાદી ગુજરાતીમાં ઉતારવા જેવી ગણાય, માની આટલે વરસે પણ તે આપવામાં આવે છે.]

ગયે વર્ષે એટલે ૧૯૧૭ના ડિસેમ્બર માસમાં કલકત્તામાં ભરાયેલા કોંગ્રેસ અધિવેશનમાં હું ગયો હતો ત્યાં સૌ૦ અવન્તિકાબાઈ ગોખલેએ મને કહ્યું હતું કે, તે મહાત્મા ગાંધીનું ચરિત્ર લખી રહ્યાં છે. અને તેમણે એ પુસ્તક માટે પ્રસ્તાવના લખી આપવા મને વિનંતી કરી. એ વિનંતીનો અસ્વીકાર મારાથી શી રીતે થાય? પણ તે વખતે આ પુસ્તક આટલું જલદી તૈયાર થઈ જશે એવી મને કલ્પના સુધ્ધાં નહોતી. વિશેષતઃ હું વિલાયત જવાની તૈયારીમાં પડ્યો હતો, તેથી આ ગ્રંથની પ્રસ્તાવના લખવાનું કામ ખૂબ ઉતાવળે કરવું પડશે એવું તે વખતે મને જરાયે લાગ્યું નહોતું. પણ હવે એવી સ્થિતિમાં હું મુકાયેલો હોવાથી આ પ્રસ્તાવના જેમ તેમ પણ પૂરી કરવી પડે છે. મહાત્મા ગાંધીના ચરિત્રની પ્રસ્તાવના લખવા માટે વધારે સારો વખત અને સાથોસાથ ફુરસદ પણ જોઈએ. એમ બની શકયું નથી તેથી મને દુઃખ થાય છે. તથાપિ " अकरणान्मंद-करणं श्रेयः " એ ન્યાયે હું આ કામ હાથમાં લઉં છું. અને આ ગ્રંથના વાચકો ઉપર દર્શાવેલી હકીકત લક્ષમાં રાખીને એ માટે મને માફ કરશે એવી આશા સેવું છું.

મહાત્મા ગાંધીનું નામ હિંદુસ્તાનમાં કોઈ જાણતું નથી એમ ન કહી શકાય. અર્થાત્ તેમના વિષે થોડીઘણી માહિતી મેળવી લેવાની ઇચ્છા પણ બધા લોકોને થઈ છે એમ કહીએ તોયે ચાલે. પરંતુ આ ઇચ્છા તૃપ્ત કરવા માટે મરાઠી ભાષામાં આજ લગી એકેય ગ્રંથ લખાયો નથી. એ ઊણપ સૌ૦ અવન્તિકાબાઈએ પ્રસ્તુત સરળ ગ્રંથ લખીને દૂર કરી છે. એ બદલ હું તેમને અભિનંદન આપું છું.

સૌ૦ અવન્તિકાબાઈ કહે છે એ પ્રમાણે, મહાત્મા ગાંધીનું ચરિત્ર દિનપ્રતિદિન વૃદ્ધિ પામતું જાય છે. અને એ જ વિષય પર નવો ગ્રંથ લખનારને દર વર્ષે નવીન માહિતી મળી શકે એમ છે. તેથી આ ગ્રંથથી હવે પછીના લેખકોને કોઈ પણ પ્રકારની મુશ્કેલી આવશે એમ નથી. ઊલટું એ કાર્યનો પ્રારંભ કરીને આ પ્રખર દેશભક્તના ચરિત્રની મહારાષ્ટ્રના વાચકોને પિછાણ કરાવવાનું શ્રેય સૌ૦ અવન્તિકાબાઈને જ મળવાનું છે.

સૌ૦ અવન્તિકાબાઈ હાલ ચંપારણમાં મહાત્મા ગાંધીને મદદ કરવા તેમ જ તેમના હાથ નીચે રહીને કામ કરવા માટે ગયેલાં છે. તેથી માત્ર પુસ્તક ઉપરથી જ નહિ, પરંતુ પ્રત્યક્ષ અવલોકનથી પણ ચરિત્રનાયકના વિચાર, આચાર, સ્વભાવ, રહેણી-કરણી, અનેક વિષયો પરના તેમના અભિપ્રાયો, તેમના કુટુંબનાં માણસો સાથેનું તેમ જ અન્ય લોકો સાથેનું તેમનું વર્તન, એ સૌનો તેમને પૂરો પરિચય થયેલો છે. ગ્રંથ લખવાના કામમાં આ પ્રત્યક્ષ અવલોકનનો પુષ્કળ ઉપયોગ થયેલો છે એમ વાચકોને સહજ દેખાઈ આવશે.

મહાત્મા ગાંધીનું ચરિત્ર બોધપ્રદ અને અનુકરણીય શા માટે બને છે એનાં કારણો શોધી કાઢવાં એ મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મત પ્રમાણે બહુ અઘરું કામ નથી. ગાંધી જે પ્રમાણે વિલાયતથી બૅરિસ્ટરની પરીક્ષા પાસ કરીને આવ્યા, તે પ્રમાણે બૅરિસ્ટર થયેલા ઘણા લોકો છે. તેમના વડીલ દીવાનપદે હતા તેમ ઘણાના હશે. અથવા તેમનો સ્વભાવ જેવો સાદો અને સરળ છે તેવો બીજાઓનો પણ હશે. એમાં કશી વિશેષતા નથી. અંગ્રેજી વિદ્યાનો આ દેશમાં પ્રચાર થયા પછી નિષ્ણાત થયેલા ઘણા લોકો હિંદુસ્તાનમાં વિશ્વવિદ્યાલયમાંથી બહાર પડેલા છે. જગતના ઇતિહાસની કે ભૂગોળની સાંગોપાંગ માહિતી હોવી, અથવા એકાદ શાસ્ત્રીય વિષયની બિનચૂક માહિતી કહેવી, આવાં કામો કેવળ બુદ્ધિગમ્ય હોવાથી આપણામાંના ઘણા બુદ્ધિવાન લોકોએ ગયાં સો-દોઢસો વર્ષોમાં ઉત્તમ રીતે તે કરી પણ બતાવ્યાં છે. તેમ જ પાશ્ચાત્ય વિચાર, પાશ્ચાત્ય સામાજિક પદ્ધતિ, પાશ્ચાત્ય સમજૂતી, અથવા સમાજરચના ઇત્યાદિ બાબતો વિષે પણ બૌદ્ધિક યા તો તાર્કિક વિચાર કરવામાં આપણા સુશિક્ષિત વર્ગે પોતાની બુદ્ધિમત્તા સારી રીતે વ્યક્ત કરેલી છે. પરંતુ શીલ અથવા ચારિત્ર્ય — જેને લીધે આ કર્મમય ભૂમિમાં મનુષ્યની આસપાસની વસ્તુસ્થિતિ પર સત્તા ચાલી શકે છે, અને જેને લીધે નિરનિરાળી બાબતો વિષે કરેલા પ્રયત્નોમાં સિદ્ધિ પ્રાપ્ત થવાનો સંભવ રહે છે, એ શીલ કે ચારિત્ર્ય જે ઉદાહરણો ઉપરથી આપણને પ્રત્યક્ષ જોવા મળે એવાં ચરિત્રો બહુ જ થોડાં દૃષ્ટિએ પડે છે. ગાંધીના ચરિત્રનું જે કંઈ વૈશિષ્ટ્ય છે તે આ જ છે. તેમના સામાજિક, ધાર્મિક, રાજકીય અથવા ઇતર મતો પૈકી કેટલાક મતો ઘણાખરા માણસોને પસંદ નથી પડે. વિદ્વત્તામાં તેમને પાછળ પાડી દેનારા બીજા ઘણા ગૃહસ્થો હશે. પણ શીલચારિત્ર્યની જે મહત્તા ઉપર કહી છે એ દૃષ્ટિએ વિચાર કરીએ તો મહાત્મા ગાંધીનું ચરિત્ર ખરેખર જ સામાન્ય માણસોને આદર્શરૂપ થાય એવું છે, એ બદલ કંઈક મતભેદ હશે અથવા થશે એવું અમને લાગતું નથી. અને તેથી જ મરાઠી ભાષામાં થયેલા તેમના પ્રસ્તુત ચરિત્રનો મહારાષ્ટ્રના લોકોએ બરોબર અભ્યાસ કરવો જોઈએ એવી અમારી તેઓને ભલામણ છે.

હિંદુસ્તાનમાંના લોકો, ભલે તે હિંદુસ્તાનમાં રહેનારા હોય કે અંગ્રેજી સામ્રાજ્યના ઇતર ભાગોમાં રહેનારા હોય, બધી બાજુથી વિપન્ન સ્થિતિમાં છે, એ નિઃશંક હકીકત છે. તેમ જ આ વિપન્નાવસ્થા શી રીતે આવી, પહેલાંની સ્થિતિમાં ક્યાં ક્યાં અંતર પડ્યું, એ અંતર ન પડે એ અર્થે શું કરવું જોઈએ, ઇત્યાદિ બાબતોની પુષ્કળ ચર્ચા થયેલી હોવાથી એ વિષે આ નાનકડી પ્રસ્તાવનામાં અમે કશું લખવા ઇચ્છતા નથી. કિંબહુના, મહાત્મા ગાંધીના ચરિત્રમાંથી જે બોધ લેવાનો છે એનો આ મહત્ત્વનો ભાગ નથી એવી અમારી માન્યતા છે. વ્યક્તિના સંસારમાં શું કે દેશના સંસારમાં શું, પરિસ્થિતિ એ પ્રાયઃ પૂર્વ પેઢીના કે પૂર્વકાલીન કર્મોના પરિપાકથી નિર્માણ થયેલી હોય છે. આ સ્થિતિ ખરાબ હોય તો તેનો દોષ એ સ્થિતિમાં રહેનારા મનુષ્યોને ન દઈ શકાય, એ ખરું છે. પણ તે જો ખરાબ હોય તો તેનાં કારણોનો યોગ્ય ઊહાપોહ કરીને અથવા તે દૂર કરવા કયો ઉપાય લેવો જોઈએ, એનો શક્ય એટલો ઊંડો વિચાર કરીને નિર્ણય પર આવી એ નિર્ણય અમલમાં લાવવાનું કામ, એટલે કે તે સ્થિતિ સુધારવાનું કામ, જો એ સ્થિતિમાં આવી પડેલો પુરુષ — વિશેષતઃ દેશનો કર્તાહર્તા પુરુષ ન કરે, તો તે પોતાના કર્તવ્યની બાબતમાં જાગ્રત થયો નથી એમ કહી શકાય. કારણ કે પરિસ્થિતિ ઉત્પન્ન કરવામાં જો આપણે કારણભૂત ન હોઈએ તોપણ તેને સુધારવા માટે આપણે હાથે શક્ય તેટલા પ્રયત્ન કરવા એ પ્રત્યેક મનુષ્યનું વૈયક્તિક તેમ જ સામાજિક દૃષ્ટિએ કર્તવ્ય છે, પવિત્ર કર્તવ્ય છે, એવો શાસ્ત્રનો તેમ જ ધર્મનો પણ સિદ્ધાંત છે. જે યોગથી જગતનું ધારણપોષણ થાય તેને ધર્મ કહેવામાં આવે છે. અને જગતનું ધારણપોષણ એટલે તેમાં સદ્યઃકાલીન પરિસ્થિતિ સુધારીને જેના વડે તે ઊંચી ને ઊંચી પાયરીએ ચડીને છેવટે પૂર્ણાવસ્થાએ પહોંચે એવી બધી બાબતો કરવી, કરાવવી, પોતે કરવી અને લોકો પાસે કરાવવી એનો પ્રધાનપણે સમાવેશ થાય છે. આપણો જન્મ કોઈ પણ દેશમાં થયેલો હોય, એ કેવળ આપણે તે દેશનું અન્ન ખાઈને આમરણાંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણાં બૈરી-છોકરાં સાથે સુખચેનમાં રહીએ એ માટે નથી, પણ તે કરતાંયે કેટલુંય ઉચ્ચતર ધ્યેય સિદ્ધ કરવા માટે છે, એ વાત શાસ્ત્રકાર તથા ધર્મકાર એ બંનેને પૂર્ણપણે માન્ય છે. આ ઉચ્ચતર ધ્યેયની મર્યાદા એટલી શ્રેષ્ઠ છે કે, મનુષ્ય એ માર્ગે જતાં જતાં છેવટે તેને આ જગતનું પાલનપોષણ કરનારા પરમેશ્વરનું તાદાત્મ્ય પ્રાપ્ત થાય છે, એટલે કે તે દેવપણું પામે છે, એમ શાસ્ત્રોમાં વર્ણવેલું છે. પરંતુ શાસ્ત્ર અને ધર્મ એ બંનેની આજ્ઞા જે આવા પ્રકારની હોય તો આ ધ્યેય તરફ આપણા દેશના લોકોનું જેટલું ધ્યાન દોરાવું જોઈતું હતું તેટલું દોરાયું નહોતું એ બહુ દુઃખ સાથે કહેવું પડે છે. નહિ તો આજની પરિસ્થિતિ જ ઉત્પન્ન થઈ ન હોત. પણ પૂર્વકાળમાં આ વાત તરફ દેશના કર્તાહર્તા પુરુષોએ લક્ષ આપ્યું નહોતું, એટલે પ્રસ્તુત કાળમાં આપણે પણ એ સ્વીકારવી ન જોઈએ, એવું પ્રતિપાદિત થતું નથી. દેશની ઉન્નતિ માટે જે કંઈ પ્રયત્ન કરવાનો છે એ સારુ કાળની કોઈ વિશિષ્ટ મર્યાદા હોય છે એવું કંઈ નથી. પહેલાંના લોકોએ એવો પ્રયત્ન કર્યો ન હોય એટલે એ પછીના લોકોએ ન કરવો જોઈએ એવું પણ નથી. આજે ન કર્યો એટલે આવતી કાલે ન કરવો એવુંય નથી. અને આવતી કાલે નથી કરવાના એટલે પરમ દ્વિવસેય કરવાના નથી એમ પણ બની શકતું નથી. આવા પ્રકારનો પ્રયત્ન કરવો એ આપણું કર્તવ્ય છે. અને આ કર્તવ્યજાગૃતિ જેના જેના મનમાં જે જે ક્ષણે થાય તે તે ક્ષણે તેણે પોતાનું આ કર્તવ્ય બજાવવા માટે નિરલસપણે, સ્વાર્થત્યાગ કરીને તેમ જ પોતાના ઉપર કે પોતાના કુટુંબ ઉપર સંકટો આવે એની પરવા ન કરતાં પરમેશ્વર પર ભરોસો રાખીને નિષ્કામ બુદ્ધિથી તૈયાર થવું જોઈએ, એ આમાંનો સારભૂત સિદ્ધાંત છે. મહાત્મા ગાંધીના ચરિત્ર પરથી જે કંઈ બોધ લેવાનો છે તેમાંનો આ મુખ્ય બોધ છે.

આ બાજુ બીજી એક માન્યતા ફેલાતી જાય છે કે, હિંદુસ્તાન દેશની સ્થિતિ સુધારવા માટે પ્રથમતઃ હિંદી સમાજની સ્થિતિ સુધારવી જોઈએ અને તે સુધરશે પછી આગળ જતાં રાજકીય બાબતોનો વિચાર કરવાનો વખત આવશે. મહાત્મા ગાંધીના ચરિત્ર પરથી ઉપરનો મત કેટલો અયથાર્થ છે તે વાચકોને સહજ સમજાશે. દેશમાં કોઈ પણ સુધારણા અમલમાં લાવવા માટે "सर्वारंभास्तण्डुलाः प्रस्थमूलाः" એ ન્યાયાનુસાર એ દેશ પરની સત્તા પૂર્ણ નહીં તો ઘણે અંશે દેશના આગેવાન અને વિચારક પુરુષોના હાથમાં હોવી જરૂરી છે. સત્તા વિનાનું જ્ઞાનુપણ નકામું જાય છે એટલું જ નહિ, પરંતુ કર્તવ્ય પણ નિર્માલ્યવત્ બની જાય છે. તેથી દેશની સ્થિતિ સુધારવા માટે જે પ્રયત્ન કરવાનો છે તે વિશેષે કરીને પ્રથમતઃ આ સર્વ સુધારણાને આવશ્યક એવી મૂળભૂત બાબતને લગતો જ હોવો જોઈએ. મહાત્મા ગાંધીનો એવો મત ન હોત તો તે રાજકીય સુધારણામાં બિલકુલ પડ્યા ન હોત. આફ્રિકાની વસાહતોમાં ગયેલા હિંદી મજૂરોના કલ્યાણ અર્થે તેમણે જે પ્રયત્નો કર્યા તે કેવળ સામાજિક જ હતા એવું નથી; આફ્રિકામાંની રાજ્યવ્યવસ્થા સાથે તેનો પ્રત્યક્ષ સંબંધ હતો. કિંબહુના, આફ્રિકામાંની જુલમી રાજ્યવ્યવસ્થાને લીધે જ ત્યાંના હિંદી મજૂરોને આ પ્રસંગમાંથી પસાર થવું પડ્યું એમ કહીએ તો ચાલે. એની ગાંધીજીના મન પર સ્વભાવતઃ જ એવી અસર થઈ કે, રાજ્યવ્યવસ્થામાં સુધારણા થયા વિના આફ્રિકાના હિંદી લોકોની સ્થિતિ સુધરવાની નથી. અંગ્રેજી સામ્રાજ્યના જે આપણે ભાગીદાર હોઈએ તો આ સામ્રાજ્યમાં ગોરી પ્રજાને જે હક છે તે જ હિંદી પ્રજાને પણ હોવા જોઈએ, એ ન્યાયદૃષ્ટિએ સાવ સ્પષ્ટ છે. પણ ગોરા લોકોની આજે જે વસાહતો થઈ છે તે વસાહતીઓએ કેવળ પોતાના જ ફાયદા માટે કરેલી છે એવી સ્વાર્થમૂલક સમજૂત તેઓમાં પ્રચલિત હોવાને કારણે, સામ્રાજ્યના બીજા ભાગોમાંના લોકો સાથે સમબુદ્ધિથી વર્તવા તેઓ તૈયાર નથી. તથાપિ બહારના દેશોમાંના લોકોની તેઓને લગારે જરૂર નથી એવુંયે નથી. કારણ કે વસાહતોમાં જમીન તથા ખનિજ દ્રવ્ય પુષ્કળ હોવાથી આ સંપત્તિનો પૂરેપૂરો ઉપયોગ કરવા માટે વસાહતીઓ પાસે પૂરતું મનુષ્યબળ નથી. હજાર પાંચસો કે બે ચાર હજાર ગોરા વસાહતીઓ બે હાથને બદલે ચાર ચાર હાથથી પણ જે કામ કરવા લાગે અથવા સહસ્ર બાહુની શક્તિનાં કેટલાંયે યંત્રો ઉપયોગમાં લે, તોયે વસાહતના પ્રદેશમાંનો દ્રવ્યના દૃષ્ટિએ જેટલો ફાયદો લઈ શકાય એમ છે તેનો સોમો ભાગ જેટલોય ફાયદો

112693

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ લોકો લઈ શકે એમ નથી. તેથી આફ્રિકામાં પહેલાં નિગ્રો લોકોની સાથે તેઓ જેવું વર્તન કરતા હતા તેવું જ વર્તન હિંદુસ્તાનના કાળા લોકોને મજૂર તરીકે ત્યાં લઈ જઈને કેવળ પશુની પેઠે તેઓની સાથે કરીને તેઓની મહેનત પર પોતે સમૃદ્ધ થવાની નેમ ગોરા વસાહતીઓએ રાખી. અને આપણા હિંદુસ્તાનમાં નોકરશાહી વસાહતીઓના આંધળાની જ હોવાને કારણે વસાહતમાં હિંદી મજૂરોની શોચનીય સ્થિતિ તરફ હિંદુસ્તાન સરકારનું જેટલું ધ્યાન દોરાવું જોઈએ તેટલું દોરાયું નથી. આ શોચનીય સ્થિતિ તરફ હિંદુસ્તાનના આગેવાન લોકોનું ધ્યાન ઘણાં વર્ષોથી દોરાયું છે, પણ ગાંધી જેવા પુરુષ આવ્યા ત્યાં સુધી તેઓની સ્થિતિમાં થોડોય ફેરફાર થયો નહિ. એ પહેલાં કેટલાક લોકોને આ વસ્તુનું ભાન થયું હતું, પણ એ દૂર કરવા માટે શું કરવું જોઈએ તે સમજાયું નહોતું; અથવા શું કરવું એ સમજાયું હોય તો તેને શી રીતે અમલમાં મૂકવું એ તેઓને સૂઝયું નહોતું. એવી સ્થિતિ તેઓની હતી. આ મડાગાંઠમાંથી લોકોને બહાર કાઢીને ગાંધીએ પોતાના ઉદાહરણથી સુધારણાનો માર્ગ દાખવ્યો, એ વાત એમના ચરિત્ર ઉપરથી કોઈ નેમ સમજાય એમ છે.

આફ્રિકાના હિંદી લોકોને તેઓની વિપન્નાવસ્થામાંથી છોડાવવા માટે ગાંધીજીએ શું કર્યું એનું પણ સૂક્ષ્મ રીતે અવલોકન કરવું જોઈએ. અમુક સ્થળે રાજ્યવ્યવસ્થા અન્યાયભરી હોય તો તેને સુધારવાનો પ્રયત્ન કરવો એ કંઈ ન્યાય દૃષ્ટિએ રાજદ્રોહ થઈ શકે નહિ. એને જો રાજદ્રોહ કહીએ તો એનો અર્થ એ થાય કે, આપણને રાજ્યકર્તા પાસેથી ન્યાય જોઈતો નથી, નીતિ જોઈતી નથી, અન્યાયનો પ્રતીકાર કરવાની જરૂર લાગતી નથી, આપણી પ્રજાને સમતાનો હક જોઈતો નથી. અમે એમ સમજીએ છીએ કે, પ્રજાનું કલ્યાણ એ જ રાજસત્તાનું ખરું ધ્યેય તેમ જ સામર્થ્ય છે. આ સિદ્ધાંત એક વાર માન્ય કરીએ તો જે ઠેકાણે અન્યાય છે ત્યાં તેનો પ્રતિકાર કરી તેને દૂર કરવો એટલે એક પ્રકારે રાજસત્તાના ધ્યેયનો અમલ કરવામાં મદદ કર્યા બરોબર છે, એમ એમાંથી સહજ રીતે જ બીજો સિદ્ધાંત ફલિત થાય છે. પણ અમુક પ્રણાલિકાને લીધે અથવા સ્વાર્થબુદ્ધિને લીધે પ્રજાજનોમાંની કેટલીક વિશિષ્ટ વ્યક્તિ, જાતિ કે વર્ગ કોઈ કોઈ વાર એટલા તો અધોગતિને પામે છે કે તેઓને પણ ન્યાયનાં તત્ત્વો દેખાતાં નથી અથવા આવો વર્ગ બીજા લોકો પર એક પ્રકારનો જુલમ કરવા લાગે છે. આવે વખતે રાજકર્તા જો એકદમ વચ્ચે હાથ નાખીને અન્યાયની વાત બંધ કરે તો દુરાગ્રહી તથા સ્વાર્થી પરંતુ પરંપરાગત મોભાને લીધે પ્રતિષ્ઠિત બનેલા વર્ગને એ રુચે નહિ. અને એને લઈને શાંતિનો ભંગ થાય છે. આમ આવા પ્રકારની સ્થિતિમાં જ્યાં સુધી જેઓના ઉપર જુલમ થતો હોય એ લોકો માથું ન ઊંચકે, ત્યાં સુધી રાજકર્તા આવી બાબતમાં વચ્ચે પડતા નથી. સારાંશ, ચાલતા બાળકને જે પ્રમાણે કોઈ કેડમાં ઉપાડતું નથી, ઠેસ વાગીને પડે તો વાત જુદી, એ જ પ્રમાણે રાજકીય બાબતમાં પણ બને છે. જ્યાં સુધી રાજકારભાર ચલાવવામાં કશી અડચણ આવતી નથી, ત્યાં સુધી રાજ્યનું તંત્ર ચલાવનારા લોકોએ પણ એ બાજુ શા માટે ધ્યાન આપવું જોઈએ? મનુષ્યસ્વભાવ જ એવો છે કે, જ્યાં સુધી સીધેસીધું ચાલતું હોય ત્યાં સુધી વચ્ચે દખલ કરવાની કોઈને ઇચ્છા થતી નથી. પરંતુ જ્યારે એનાથી કશું દુષ્પરિણામ આવતું હોય એવો પ્રત્યક્ષ અનુભવ થતો હોય, એટલું જ નહિ પણ એનાથી કામ બગડતું હોય ત્યારે કોઈ પણ સુસ્તદ્દી માણસ એમાં સુધારો કરવા માટે પ્રવૃત્ત થાય છે. એ સિવાય તે વચ્ચે પડતો નથી. અર્થાત્ પ્રજાના દુઃખની કે માનહાનિની કે તેના પર થતા જુલમની સ્થિતિ આવી ભૂમિકાએ આવી જાય એટલે છેવટે રાજ્યકર્તા પાસેથી જ એની સુધારણા કરાવવી એ પ્રત્યેક દેશભક્તનું હરેક પ્રસંગે કર્તવ્ય છે. અને એ કર્તવ્ય ગાંધીએ ઉત્તમ પ્રકારે બજાવ્યું. તેથી જ તે સર્વ લોકોની સ્તુતિને તેમ જ આદરને પાત્ર થયા છે.

પરંતુ ગાંધીના આ અસહકારના માર્ગનું ખરું રહસ્ય સમજવા માટે હજુય બે શબ્દ કહેવાની જરૂર છે. દેશમાં શાંતિ જાળવવા માટે કેટલાક કાયદાઓ ઘડવામાં આવેલા હોય છે. એ બાબતમાં રાજ્યકર્તાના અમલદારો સાથે દાંડાઈ કરીએ અથવા તેઓના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હુકમ તોડીને બંડ કરીએ એ વાત કેટલીય સદ્‌બુદ્ધિથી કરેલી હોય તોયે સ્વભાવતઃ જ બેકાયદેસર માનવામાં આવે છે. અને આવે વખતે જે દેશભક્તને પોતાની ઇચ્છિત સુધારણા કાયદા પ્રમાણે અમલમાં લાવવાની હશે તો તેના માર્ગમાં અનેક અડચણો ઊભી થાય છે. એનું મન એથી વ્યાકુળ થઈ જાય છે. સુધારણા કરવાની ઉત્કટ ઇચ્છા હોય, કાયદાની મર્યાદાનું ઉલ્લંઘન કરવું એ અશિષ્ટ છે એવી ખાતરી હોય, પણ ઉપાય સૂઝતો નથી. ગાંધીએ સ્વીકારેલો નિઃશસ્ત્ર પ્રતિકારનો, અસહકારનો અથવા એમના શબ્દોમાં કહીએ તો સત્યાગ્રહનો માર્ગ એવા પ્રકારની અડચણની વેળાએ જ સૂઝેલો હોવાથી અનેક મુશ્કેલીઓ વેઠીને પણ એ માર્ગને જ મક્કમપણે તેઓ વળગી રહ્યા હોવાથી, તે હવે શાસ્ત્રપૂત થઈ ગયો છે. આ માર્ગ બધા પ્રસંગોએ, કોઈ પણ કાળમાં અવલંબન લેવા જેવો હોવા છતાં, દરેક પ્રસંગે ઉપયોગમાં લેવો કે નહિ, અથવા દરેક પ્રસંગે એ તેટલો જ ફળદાયી થશે કે નહિ, એ ચોક્કસ રીતે કહેવું અઘરું છે. તથાપિ એ માર્ગની યોગ્યતા મોટી છે, એ સૌએ કબૂલ કરવું પડશે. રાજાએ કરેલા કાયદા પ્રમાણે બધી પ્રજાએ વર્તવું જોઈએ એટલે જ પ્રત્યેક કાયદાનું ઉલ્લંઘન ન થાય એ માટે શાસન હોય છે. એ શાસન પ્રાયઃ એવા પ્રકારનું હોય જેથી મનુષ્યમાત્રની પ્રવૃત્તિ નીતિપૂર્વક થાય. નીતિનો માર્ગ સુખનો, સમાધાનનો અને શાંતિનો હોય છે. અને તે માર્ગે જવાની સહજ પ્રવૃત્તિમાં જો સ્વાર્થને લીધે જરાયે ગફલત થવાનો સંભવ હોય, તો આ કાયદાનું શાસન એ ગફલત થતી અટકાવીને મનુષ્યની સન્માર્ગ તરફ વળવાની સ્વાભાવિક નિષ્ઠાને દૃઢ કરવામાં કારણભૂત થાય છે. પરંતુ એથી ઊલટી સ્થિતિમાં, એટલે કે જ્યારે કાયદાએ ઠરાવેલી મર્યાદા ધર્મમૂલક અગર ન્યાયમૂલક ન હોઈ કેવળ કાયદામાં રહેલા શાસનને લીધે જ અમલમાં આવવી જોઈએ એવું પ્રચલિત કાયદાનું પરિણામ થવા લાગે, ત્યારે કાયદાએ આપેલા શાસનનો સ્વીકાર કરીને ધર્મતત્ત્વ પરની અથવા ન્યાયતત્ત્વ પરની પોતાની સત્યનિષ્ઠા હોડમાં મૂકવી અથવા કૃત્રિમ કાયદાના શાસનની ભીતિથી ઈશ્વરનિર્મિત ન્યાયતત્ત્વને અવગણવા પ્રવૃત્ત થવું, એ સમજદાર માણસની આંખ સામે એક મહત્ત્વનો પ્રશ્ન ખડો કરે છે. 'સત્યનિષ્ઠ અને ન્યાયનિષ્ઠ માણસો આવે વખતે કાયદાનું કૃત્રિમ બંધન પાળવું યોગ્ય નથી એમ કહે છે. પણ આમ કહેલું અમલમાં મૂકવા માટે સત્ય પરની તથા ન્યાય પરની નિષ્ઠા એટલી તીવ્ર હોવી જોઈએ કે, પોતાનાં બૈરીછોકરાંનાં સુખદુઃખનો, શક્તિ-અશક્તિનો વિચાર મનમાં ન લાવતાં મનુષ્ય પોતાનું કર્તવ્ય બજાવવામાં સત્વર પ્રવૃત્ત થઈ શકે. જેને માનસિક ધૈર્ય, ખરી સત્યનિષ્ઠા અથવા સાત્ત્વિક શીલ અને દાનત કહેવામાં આવે છે તે આ જ છે. આ ગુણ કેવળ વિદ્વત્તાથી આવતો નથી, કેવળ સારા કુળમાં જન્મવાથી આવતો નથી; અને કેવળ બુદ્ધિમત્તાથીયે આવતો નથી. ખરું આત્મબળ આ જ છે. અને ઉપનિષદોમાં દર્શાવેલું "नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन"—આ તત્ત્વ અરેાબર લક્ષમાં રાખવું જોઈએ.

પણ આવા પ્રકારનું આત્મબળ કેવળ વિદ્વત્તાથી અથવા બુદ્ધિમત્તાથી પ્રાપ્ત થતું નથી, તે નૈસર્ગિક જ હોવું જોઈએ, એ સિદ્ધાંત જો સાચો હોય, તો નિશ્ચયથી માણસને આ ગુણ, ગીતાજીમાં કહ્યા પ્રમાણે, અભ્યાસ અને વૈરાગ્ય એ બન્નેના યોગથી ક્રમશઃ હંમેશ પ્રાપ્ત થતો રહે છે, એ પણ ભૂલવું ન જોઈએ. મહાન અને ઉદાર પુરુષોનાં ચરિત્રો શીલચારિત્ર્યની વૃદ્ધિ કરવામાં ઉપયોગી થાય છે એનું કારણ આ જ છે. જેનો સ્વભાવ નિસર્ગતઃ જ સાત્ત્વિક હોય છે તેને માટે પોતાના એ નૈસર્ગિક સ્વભાવની બરોબર પિછાણ કરવા માટે અથવા તેનો પૂરેપૂરો વિકાસ કરવા સારુ મહાન પુરુષોનાં ચરિત્રોનું વાચન એ એક સાધનરૂપ બની રહે છે, એટલું જ નહિ પણ જેનો સ્વભાવ અથવા પ્રકૃતિ જન્મતઃ જ અપરિપક્વ હોય તેને પણ પોતાની એ પ્રકૃતિને પરિપક્વ દશામાં લાવવા માટે મહાન વિભૂતિઓનાં ચરિત્રો બહુ ઉપયોગી નીવડે એવાં છે. તેથી મહાત્મા ગાંધીનું ચરિત્ર આ દૃષ્ટિ પોતાની સમીપ રાખીને સૌએ વાંચવું જોઈએ એવી અમે સૌને ભલામણ કરીએ છીએ.

પૂના,
૧૬મી માર્ચ, ૧૯૧૮ બાલ ગંગાધર ટિળક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વ૦ ત્રિવેદી સાહેબનાં કેટલાંક સંસ્મરણો

ત્રિવેદીસાહેબને ત્યાં અંબુ કરીને એક મહારાષ્ટ્રીય છોકરો નોકરી કરતો હતો. ત્રિવેદીસાહેબના સ્વભાવની એના ઉપર પૂરેપૂરી અસર દેખાતી હતી. ઝાઝું બોલે નહિ, કહ્યું કામ બરાબર સમજીને કુશળતાપૂર્વક અને પ્રસન્નપણે પાર પાડે. શક્તિ કરતાં વધારે કામ આવી પડે તોય એણે કસાણું મોં કર્યું હોય એવું જાણવામાં આવ્યું નથી. ત્રિવેદીસાહેબ એને છાપામાંથી કાતરણો કેમ કાપી કાઢવાં, ફાઈલમાં કેમ ચોડવાં, પરદેશી ટિકિટોનો સંગ્રહ કેમ કરવો, વગેરે બધી વસ્તુઓ જાતે કરી બતાવી વિગતવાર સમજાવતા. આવી કેળવણીને કારણે છોકરો જોતજોતામાં બાહોશ બન્યો.

એક દિવસ મેં ત્રિવેદીસાહેબને પૂછ્યું કે, તમારો અંબુ કયાં સુધી ભણ્યો છે? એ પ્રશ્ન સાંભળીને તેઓ તરત અંતર્મુખ થયા અને કહે કે, શું કહું? મારે એને કેળવવો જોઈતો હતો, પણ એની પાસેથી સેવા લેવાનો સ્વાર્થ અને મોહ રહ્યો, એટલે એની કેળવણી વિષે કંઈક બેદરકાર થયો છું. અંબુને ભણાવવા માટે એક માસ્તર રાખ્યો હતો એ વસ્તુ તે વખતે હું જાણતો ન હતો, એટલે મેં એ વાતને ત્યાં જ પડતી મૂકી. જોકે હું જાણતો હતો કે, ત્રિવેદીસાહેબના પ્રેમાળ સ્વભાવને કારણે, એ બધાં કામો વ્યવાસ્થત કરાવવાના આગ્રહને કારણે, અંબુને જે કેળવણી મળી હતી એવી કેળવણી કોઈ ભાગ્યશાળીને જ મળી શકે છે.

અંતે જ્યારે આણંદથી ત્રિવેદીસાહેબ વર્ધા આવ્યા ત્યારે અંબુના સંતોષનો વિચાર કરી એને ત્યાં જ સરકારી નોકરી અપાવી.

અંબુનાં ખોરાકપાણીનો, કપડાંલત્તાંનો વિચાર એ દીકરો હોય તેવી જ કાળજીથી એ રાખતા. એનામાં જે સેવાભાવ આવ્યો હતો તે ત્રિવેદીસાહેબનો સેવાભાવ જોઈને જ; નહિ કે તેઓ ધમકાવશે એ બીકે.

૧૯૩૦માં પૂજ્ય ગાંધીજી સાથે યરોડા જેલમાં ૫–૭ મહિના રહીને હું છૂટ્યો ત્યારે ત્રિવેદીસાહેબ મને લેવા જેલ પર આવ્યા. તે પહેલાં પણ એકબે વાર તેઓ મારી મુલાકાતે આવ્યા હતા જ. જેલમાંથી મને લઈને ઘેર જવાને બદલે સીધા પોસ્ટ અને તાર ઑફિસમાં મને લઈ ગયા અને કહે કે, તમારે અમુક મિત્રોને તાર કરવાના હોય એટલા માટે અહીં લઈ આવ્યો છું. જેલમાંથી નીકળેલો, એટલે મારા ગજવામાં શું હોય? એમણે બધા જ પૈસા ખર્ચ્યા. એકબે કાગળો લખી પછી ઘેર ગયા. પોતાને ત્યાં વધારે રહેવા માટે આગ્રહ કરનારા ત્રિવેદીસાહેબે આ વખતે કશી વાત કરી નહિ. તેઓ જાણતા હતા કે, મુંબઈ અને અમદાવાદના મિત્રો મને મળવા અને ખાસ કરીને મારે મોઢે ગાંધીજીની વાતો સાંભળવા ઇંતેજાર છે એટલે એમણે મને વહેલામાં વહેલી તકે જવા દીધો; અને હું અમદાવાદ પહોંચું ત્યાં સુધી નાણાંની અગવડ મારે વેઠવી ન પડે એટલા માટે પૂરતા રૂપિયા પણ એમણે મને આપી દીધા. સામા માણસની તમામ મૂંઝવણોનો પહેલેથી જ ખ્યાલ કરી તેઓ બધીગોઠવણ કરતા. કશું કહેવું કે માગવું પડતું જ નહિ.

ક્ષયરોગથી માંદો પડી કોરી હવામાં રહેવાની દૃષ્ટિથી જ્યારે હું પૂના પાસે ૯–૧૦ માઈલ પર આવેલા ચિંચવડ જઈ પહોંચ્યો, ત્યારે ત્રિવેદીસાહેબ અનેક વાર મળવા આવતા. અને જ્યારે આવે ત્યારે સારામાં સારાં ફળો અને એકાદ ચોપડી લઈ આવવાના જ. તેમાંય મને અંજીર અને પીચ ભાવે છે એ એમણે જોયેલું હોવાથી ગમે ત્યાંથી ઉત્તમ જાતનાં એ ફળ તેઓ આણવાના જ.

પછી જ્યારે હું સિંહગઢ પર રહેવા ગયો ત્યારે ત્યાં પણ એમની પાસેથી ફળના કરંડિયા આવતા. મારા રોગમાં ફળની આવશ્યકતા ઘણી છે એમ ગાંધીજીએ કહેલું હોવાથી તેઓ આમ અવારનવાર ફળ મોકલતા. મારી સારવારમાં રહેલા શ્રી શામળભાઈ પૂના જાય ત્યારે સંતરાં લઈ આવે. બાકીનાં બધાં ફળો ત્રિવેદી-સાહેબ તરફથી જ આવતાં.

પણ મેં ત્રિવેદીસાહેબને પોતે શોખથી ફળ ખાતા કોઈ દિવસે જોયા નથી. પોતાને માટે મધ્યમ જાતિનો હંમેશનો સાદો ખોરાક જ તેઓ લેતા. આપણે ઘણું કહીએ કે અમારે માટે ફળો નહિ મોકલતા તો તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનતા નહિ. અને પૂનેથી ૧૬ માઈલ સુધી એમણે મોકલેલો ફળનો કરંડિયો પાછો કાઢવાની હિંમત કેમ કરાય? મેં એમને ફળો ખાવાનો ઘણી વાર આગ્રહ કર્યો, પણ તેમને પોતાના નિત્યના રિવાજમાંથી ચળાવવાની શક્તિ કોઈએ મેળવી ન હતી.

બૉય સ્કાઉટ પ્રવૃત્તિ

સેવાભાવી ત્રિવેદીસાહેબનું મન બૉય સ્કાઉટ તરફ આકર્ષાય એ સ્વાભાવિક હતું. વિદ્યાર્થીઓને ચારિત્ર્યની અને લોકસેવાની દીક્ષા અને તાલીમ આપવા માટે એ સંસ્થાનો ઉપયોગ કરી લેવો જોઈએ એ વિચારે એ સંસ્થામાં તેઓ દાખલ થયા અને મુંબઈ પ્રાન્ત માટે આસિસ્ટન્ટ પ્રોવિન્શિયલ કમિશનર થયા. ગાંધીજી પ્રત્યે અસીમ ભક્તિ હોવા છતાં અને મારા જેવા ઉગ્ર રાષ્ટ્રીય વૃત્તિના સેવકો સાથે ઘનિષ્ઠ સંબંધ રાખતા છતાં એમના વિચારો નરમ પક્ષના નેતાઓ સાથે વધારે મળતા હતા, તેથી તાજ અને દેશ પ્રત્યેની વફાદારીના સોગંદ લેતાં એમને સંકોચ ન હતો.

મારી સાહિત્યસેવાથી આકર્ષાઈને એમણે મને કહ્યું કે, બૉય સ્કાઉટની કેટલીક સારી સારી અંગ્રેજી ચોપડીઓનું ગુજરાતી કરવા જેવું છે, તે કરી આપશો? મેં એ ચોપડીઓ જોઈ. એમાં વ્યવહારોપયોગી કીમતી જ્ઞાન ઘણું હતું. મને એ ચોપડીઓ ગમી. પણ એક તો મારી પાસે વખત ન હતો અને બૉય સ્કાઉટ પ્રવૃત્તિ પ્રત્યે હું સાશંક હતો એટલે મેં મારો અભિપ્રાય એમને કહ્યો કે, હિંદુસ્તાનમાં ત્રણ બહુ જ અગત્યની પ્રવૃત્તિઓ છે: બૉય સ્કાઉટ પ્રવૃત્તિ, સ્ત્રી-શિક્ષણ અને સહકારી પ્રવૃત્તિ. આપણા રાષ્ટ્રીય જીવનમાં એનું મહત્ત્વ અસાધારણ છે અને છતાં એ હિલચાલો સાથે સરકારનો સંબંધ આવવાથી એ ત્રણેય બગડી ગઈ છે. મારા વિચારો મેં એમને વિસ્તારથી સમજાવ્યા. રાષ્ટ્રગીત અને બ્રિટિશ નેશનલ એન્થમ વિષે પણ વાતો કરી. એમણે મારી વાત સાંભળી લીધી પણ તરત કશો નિર્ણય ન કર્યો. "A scout's words must be trusted" એના પર ભાર મૂકી મેં કહ્યું કે, કાઉન અને કંટ્રી વચ્ચે હિતસંબંધ એક નથી.

આગળ જતાં બૉય સ્કાઉટ હિલચાલના સંચાલકો સાથે મતભેદ થવાથી એ હિલચાલમાંથી તેઓ નીકળી ગયા. એમણે જે ચોપડીઓ મને બતાવી હતી તે જ ઢબની ચોપડીઓ આપણે તૈયાર કરવી જોઈએ એ ખ્યાલથી એ ચોપડીઓ ઘણાં વરસ પછી મેં એમની પાસેથી માગી. કોઈ એ લઈ ગયું હતું. મને એ ન જ મળી. એમનાં નામ પણ હું ભૂલી ગયો છું. આજકાલના સ્કાઉટ સાહિત્યમાં એ ચોપડીઓ દેખાઈ નહિ. મને એટલું સ્મરણ છે કે, વ્યવહારોપયોગી ઘણી વસ્તુઓ એમાં સચિત્ર આપી હતી.

સ્કાઉટ હિલચાલની પેઠે જ ઇસ્પિતાલમાં જઈ ડૉક્ટરોને મદદ કરવાનો અને માંદાઓની માવજત કરવાનો શોખ પણ ત્રિવેદીસાહેબને હતો. તેથી તેઓ વિદ્યાર્થીઓને લઈ ને નિયમિત રીતે પૂનાની ઇસ્પિતાલમાં જતા.

એક વાર શ્રી ત્રિવેદીસાહેબને હું મળવા ગયેલો. ત્યાં હક્કરબાપા અને ડૉ. સુમન્ત મહેતા એમના મહેમાન હતા. અમને ત્રણેયને એકત્ર જોઈ ત્રિવેદીસાહેબ બહુ ખુશ થયા. ત્રણેયનો એકત્ર ફોટો પડાવ્યો. જમ્યા પછી વાર્તાલાપમાં ખૂબ આનંદ મળેલો. હક્કરબાપાએ મને પૂછ્યું કે, તમે મહારાષ્ટ્રમાં રહીને કામ કરવાને બદલે ગુજરાતમાં શી રીતે ગયા? ત્રિવેદીસાહેબે કહ્યું કે, ગાંધીજીનું આકર્ષણ કોને ન થાય? મેં કહ્યું કે, ગાંધીજીનું નામ પણ મેં સાંભળ્યું ન હતું તે વખતે મેં ગુજરાતમાં જઈ ને કામ કરવાનો વિચાર કરેલો અને તે પ્રમાણે શ્રી ગંગાધરરાવ દેશપાંડેને મેં કહેલું પણ ખરું. મેં કહ્યું કે, શિવાજીએ સુરત લૂંટ્યું એનું મને માઠું નથી લાગતું, કારણ કે ઔરંગઝેબના તાબાનો મુલક લૂંટીને એ વિદેશી બાદશાહને છેડવાનો શિવાજીનો વિચાર હતો. પણ પેશવાઓએ અને એમના સરદાર દાભાડે કે ગાયકવાડે જે ઢબે ગુજરાતમાં રાજ કર્યું અથવા જુલમ ગુજર્યો તેને માટે મારા મનમાં શરમની લાગણી હતી. એ શરમ ધોવાનો એક જ ઉપાય હતો કે, મહારાષ્ટ્રીઓ ગુજરાતમાં જઈ ને રહે અને નમ્રતાપૂર્વક બની શકે તેટલી સેવા કરે. એ ખ્યાલથી જ હું વડોદરા ગયેલો. તે પહેલાં ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના કામ વિષે વાંચેલું ખરું અને 'રાષ્ટ્રમત'માં એક બે લેખો પણ લખેલા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રિવેદીસાહેબે કહ્યું કે, તમારી આ બાજુ હું જાણતો જ ન હતો. મેં જોયું કે આ વાત સાંભળ્યા પછી ત્રિવેદીસાહેબના મનમાં મારે વિષેની આત્મીયતા વધી.

બેચાર દિવસ પછી અમે બધા ખેતીવાડી કૉલેજમાં ગયેલા. વિદ્યાર્થીઓની કોઈ સભા હશે. એ સભા આગળ ડૉ. સુમન્ત બોલેલા કે, આપણે સ્વરાજની વાત કરીએ છીએ, પણ સ્વરાજ ચલાવવા માટે લાયકાત કેળવેલા આપણી પાસે માણસો કયાં છે? કોઈ પ્રાન્તના ગવર્નર થઈ શકે એવા કોઈ માણસોનાં નામ આપી શકશો?

હું છેડાયો. મેં કહ્યું કે, નામદાર ગોખલે પણ આપણા દેશની અશક્તિ પર અસાધારણ વિશ્વાસ રાખતા હતા. આપણા લોકની શક્તિ પર આપણે વિશ્વાસ કેમ ન રાખીએ? સ્વરાજ થવા દો, આ હક્કરબાપાને જ તમે ગવર્નરને સ્થાને જોશો. તેઓ કબૂલ થાય કે ન થાય એ વાત જુદી. પણ એ સ્થાન તેઓ શોભાવશે એ વિષે મને શંકા નથી.

ત્રિવેદીસાહેબનો હું મહેમાન હતો એટલે જરા સંકોચ કર્યો. પણ થોડી વાર પછી મેં કહ્યું, અને આપણા ત્રિવેદીસાહેબને હું ગમે તે પ્રાન્તનું સૂબાપણું નિશ્ચિંતપણે સોંપી દઈશ. સ્થાન પર જઈ પહોંચ્યા પછી વિગતો ઉપર કાબૂ મેળવવો એ કોઈ અશકય કામ નથી.

ત્રિવેદીસાહેબને ચોપડીઓનો શોખ અસાધારણ હતો. મનગમતી ચોપડીઓ વાંચવા માટે ખરીદવા ઉપરાંત અનેક મહત્ત્વની ચોપડીઓ કોઈ ને કોઈ વિદ્યાર્થી કે મિત્રને કામ આવશે એ ખ્યાલથી તેઓ ખરીદી લેતા. વિદ્યાર્થીઓને, મિત્રોને ને રાજદ્વારી કેદીઓને પૂરી પાડવા માટે ખરીદેલી ચોપડીઓ તો નોખી જ. કળાના શોખને લીધે પણ એમણે કેટલીક મહત્ત્વની ચોપડીઓ વસાવેલી. કેટલીક ચોપડીઓ સાથે પુસ્તકોના કીડાની મશ્કરી કરતાં બે ચિત્રો પણ એ જ પુસ્તકાલયમાં એમણે રાખેલાં. એક ચિત્રમાં એક ચોપડીનો રસિયો વાંચતો વાંચતો ટેકરીની ટોચે જાય છે અને ત્યાંથી એકદમ નીચે સુધી જતી કરાડની અણી પર આવે છે, પણ ભલા માણસને એનું ભાન નથી, એવો પ્રસંગ ચીતરેલો હતો. બીજા ચિત્રમાં એક વાચનઘેલો વિદ્વાન ચોપડીઓ ઊંચેથી કાઢવા સીડી પર ચડે છે, ત્યાંથી કેટલીક ચોપડીઓ કાઢી પોતાના ડગલામાં ને બિસ્સામાં ભરી દે છે, કેટલીક ચોપડીઓ બગલમાં દબાવે છે, એકબે ચોપડીઓ ઘૂંટણ વચ્ચે સાચવે છે, અને એ ઉપરાંત એક ચોપડી હાથમાં લઈ ને સીડી પર જ વાંચવામાં મશગૂલ થાય છે, એવું વિનોદપૂર્ણ ચિત્ર હતું. એની જ પડખે ફ્રાન્સના વિખ્યાત લેખક આનાતોલ ફ્રાન્સનું એક વચન લટકતું હતું જેમાં એ કહે છે, 'ચોપડીઓ કોઈ ને ઉછીની નહિ આપતા; ઉછીની આપેલી ચોપડીઓ કોઈ પાછું આપતું નથી. . . .' એટલું તો ઠીક પણ વિનોદ તો ત્યાર પછી જ આવે છે. લેખક કહે છે કે, 'મારા પુસ્તકાલયમાં જે ચોપડીઓ છે તે બધી મેં આવી જ રીતે ઉછીની આણેલી છે.'

આ બધી ચોપડીઓ વચ્ચે અમુક અમુક ઠેકાણે આરસપહાણની બાળકોની મૂર્તિઓ મૂકેલી હતી. એક ઠેકાણે મહાત્માજીની મૂર્તિ તો બીજે ઠેકાણે નેપોલિયન બોનાપાર્ટની. આવી રીતે સાહિત્ય અને ચિત્રકળાનો સુમેળ સધાયો હતો.

એ ઉપરાંત ત્રિવેદીસાહેબને સારાં સારાં માસિકોમાં આવતાં સારાં સારાં ચિત્રો અને વ્યંગ્ય રેખાચિત્રો ભેગાં કરીને વ્યવસ્થિત ગોઠવવાનો શોખ હતો. દેશ-દેશાવરની પોસ્ટ ટિકિટો પણ એમણે ભેગી કરેલી. દીકરા મનુભાઈ અને ઘરના નોકરોને પણ આ કામે તેઓ વળગાડતા. આટલું બધું પ્રવૃત્તિમય જીવન હોવા છતાં આવા નાના મોટા અનેક શોખો પાછળ તેઓ શી રીતે વખત કાઢી શકતા એ આશ્ચર્યની વાત છે.

મનુભાઈ ને જોયાનું પ્રથમ સ્મરણ છે તે તેઓ પ્લાસ્ટર ઑફ પૅરિસના જૅકેટમાં જકડાઈને પથારીમાં સૂતા હતા એ છે. એમને જ્યારે વેદના થતી ત્યારે અસહ્ય થતી. વેદનાનો ઊથલો ઓસરી જાય કે તરત તેઓ પ્રસન્નતા ધારણ કરી શકતા. પુત્રની આ તિતિક્ષા અને બધી જનતની સજ્જનતા પર વારી જતા પિતાએ એક દિવસ મને કહેલું કે, આવા સદ્‌ગુણી અને પ્રસન્ન બાળક પાસે ભગવાન આટલી બધી વેદના સહન કરાવે છે એ હું સમજી શકતો નથી. પિતાના હૃદયનું દુઃખ બીજી રીતે વ્યક્ત ન થઈ શકત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાંબી માંદગીને કારણે પથારીવશ દીકરાને જિંદગી કંટાળાભરી ન લાગે, એટલા માટે ત્રિવેદીસાહેબે ઘણી યોજનાઓ કરેલી. કોક વાર એને સ્ટ્રેચર પર લઈ જઈ મોટરમાં બેસાડી ક્રિકેટ મેચ જોવા લઈ જતા. એક સંગીતશાસ્ત્રી આવીને એને સંગીત સંભળાવતો. બીજા બધા વિષયો અનુકૂળતા પ્રમાણે ભણાવવા માટે ટ્યૂટર આવતા. માંદગીને કારણે કેળવણી રહી ન જાય તે માટે ત્રિવેદીસાહેબે અસાધારણ કાળજી રાખેલી.

એવી જ રીતે એમના એક ભત્રીજાની બન્ને આંખ એકાએક ગઈ ત્યારે એને પોતાની પાસે રાખી જેટલા ઇલાજો થઈ શકે તે બધા કરવાની એમણે પરાકાષ્ઠા કરેલી. પરિણામે એ બાળક સહેજ આંખું આંખું જોતો થયો. એની બાબતમાં પણ મારી સાથે વાતો કરતાં હૃદયનો વલોપાત એક બે વાક્યમાં જ એમણે ઠાલવ્યો હતો: 'આ બાળકની ભવિષ્યની આખી જિંદગી આંખ વગર કેમ ચાલશે? જોવાની શક્તિ કાયમની ગઈ છે, એ વાત આ બાળકને કયારે અને કયા શબ્દોમાં કહી શકાય તે હું જાણતો નથી. મારાથી થાય તે બધું જ કરી છૂટવાનો છું."

ઠ૦ બા૦ કાલેલકર

લોકશાહીમાં પ્રાથમિક કેળવણીનું મહત્ત્વ

[પાટણ મહાલ પ્રાથમિક શિક્ષક પરિષદમાં (તા. ૨૦-૧૨-'૫૨) તેના પ્રમુખપદેથી શ્રી મગનભાઈ દેસાઈએ આપેલા વ્યાખ્યાનનો સાર આ છે.]

ઘણા વખત પહેલાં તમારા વિભાગના ધારાસભાના પ્રતિનિધિ શ્રી દયાળજીભાઈ એ કહી રાખેલું કે એક વાર પાટણ મહાલના શિક્ષકોની પરિષદમાં આવવું પડશે. તે મુજબ હું આવી શકયો તેથી મને ઘણો આનંદ થયો. પાટણની ભૂમિ તો ગુજરાતના ઇતિહાસની જાણીતી ભૂમિ કહેવાય. ત્યાં ફરવાથી જૂની વાતો સ્મરણમાં તાજી થાય છે, ને તેથી આનંદ આવે છે.

શ્રી દયાળજીભાઈએ મને કહ્યું કે, મણુંદમાં મારા જ્ઞાતિભાઈઓ પણ છે. એ મને ખબર નહોતી. અને જ્ઞાતિ જોતાં ધંધે અને સંસ્કારે મારી જ્ઞાતિ શિક્ષકની છે. એટલે અહીં મારા જ્ઞાતિભાઈ શિક્ષકોને મળવાથી ઘણો આનંદ થયો. આ તક આપવા બદલ તમારા બધાનો આભારી છું.

પ્રાથમિક શિક્ષકોને મારે કહેવું જોઈએ કે, મેં પણ મારી કારકિર્દીની શરૂઆત રાષ્ટ્રીય શાળામાં પ્રાથમિક શિક્ષક તરીકે કરેલી. એકાદ વર્ષ સુધી એ કામ મેં કર્યું છે. તે ટૂંકા અનુભવમાંથી ઘણા સવાલો હું પામી શકયો છું. તેથી જ્યારે આ પ્રાથમિક શિક્ષણના સવાલો આવે છે ત્યારે મારા અનુભવો યાદ આવે છે. ત્યાર પછી તો શિક્ષણનાં બધાં ક્ષેત્રોમાં કામ કરવાનો લાભ મળ્યો છે. અને થોડાં વરસથી પ્રાથમિક શિક્ષણના સંચાલનમાં અને વ્યવસ્થામાં પણ ઘણો સમય ગાળ્યો છે.

મારા આ બધા અનુભવ ઉપરથી કહું છું કે, હવે પછીના કાળમાં વધુમાં વધુ મહત્ત્વ પ્રાથમિક શિક્ષણને અપાશે. અત્યાર સુધી પ્રાથમિક શિક્ષણની જવાબદારી એટલી જ હતી કે, જેમ તેમ કરી બાળકોને હાઈસ્કૂલમાં મોકલી આપવાં. ત્યાંથી કૉલેજમાં મોકલી આપવાં. આ પ્રથામાં પ્રાથમિક શિક્ષણનું મૂલ્ય નજીવું ગણાતું. એમાં સરકાર ફેરફાર કરતી ન હતી.

આજે હવે તો પ્રાથમિક શિક્ષણ અંગેની જવાબદારી સરકારની વિશેષ થઈ છે. પ્રાથમિક શિક્ષણને ફરજિયાત કરી દંડની બીક બતાવવી પડે છે. તેનું શું કારણ છે? બાળકને શાળામાં ભણાવવાથી લાભ થાય છે તેવું સામાન્ય પ્રજાજનને જણાતું નથી. તે માને છે કે, આપણા છોકરાને નોકરી તો મળવાની નથી તો પછી ભણીને શું કામ છે? ઘરનું કામ છોડાવવું તેમને પાલવતું નથી. આ સંજોગોમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરીએ, તેમાં પણ મુશ્કેલી પડે છે.

સ્વતંત્રતા આવી છે. તેનો અર્થ એ છે કે, દરેક બાળક પુખ્ત ઉંમરે પહોંચે તે પહેલાં તેને આ દેશના નાગરિક થવાને યોગ્ય કેળવણી મળી જવી જોઈએ. જો યોગ્ય કેળવણી ન મળે તો તે પોતાની જવાબદારી અદા કરી શકે નહિ. બંધારણમાં તેથી ઠરાવ્યું છે કે, સાતથી ચૌદ વર્ષની ઉંમરના દરેક બાળકને પૂરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાથમિક કેળવણી મફત આપવી એ રાજ્યની પ્રથમ ફરજ છે. આ કામ દશ વર્ષમાં પૂરું કરવાનું છે.

સ્વરાજ્ય સરકારે આ બધી વાતોનો વિચાર કરી રાખ્યો છે. બાળકોને બેહાલ શિક્ષણ ન આપતાં કામ કરતાં કરતાં ભણાવવાનાં છે. બાળકો કામ કરતાં થશે ત્યારે જ તેમને ભણતરમાં રસ પડશે, માબાપોને ગમશે અને રુચિ પેદા થશે. ઘરનું કામકાજ મૂકીને બાળક નિશાળે આવે અને નિશાળમાં આવ્યા પછી બાળકને આપણે કામ કરવાને નાલાયક બનાવીએ, તે હવે નહિ ચાલે. અત્યાર સુધીની પ્રાથમિક કેળવણી કાંઈક વાંચવા લખવામાં પૂરી થતી. આજે એ નહિ નભે. ઉપયોગી ચીજો પેદા કરવાનો કસબ બાળકને શીખવવો પડશે, તેની વિદ્યા બતાવવી પડશે. હિંદુસ્તાનની અખૂટ સમૃદ્ધિમાંથી ધન પેદા કરવાની કલા તેને શીખવવી પડશે.

આજનું શિક્ષણ ગોખણપટ્ટીનું શિક્ષણ છે. તે ફેરવવું પડશે. તેમ કરવાનો હવે સરકારનો ધર્મ છે. ગયા જમાનામાં સરકારને માથે જે જવાબદારી હતી તેમાં અને આજની જવાબદારીમાં આભજમીનનો ફેર પડી ગયો છે. કેળવણી એક એક વ્યક્તિને પહોંચાડવાની છે. દરેકને કામ કરતાં શીખવવું પડશે. નાગરિક ધર્મની જવાબદારી અદા કરવાની ગળથૂથી આપવાનું કામ એ છે. શહેરનું આકર્ષણ દૂર કરવું પડશે જે કેળવણી લોકોનો રોટલો ટાળે, મહેનત મજૂરી મુકાવે, તે કેળવણી હવે નહિ ચાલે. તેમ ચાલશે તો લોકો ના પાડશે, કારણ કે તે લોકોને ન પાલવે.

પ્રાથમિક કેળવણીને સ્વરાજ્યના નકશામાં બરાબર ગોઠવવી છે. અને તે કામ શિક્ષકોનું અને સરકારનું છે. હિંદુસ્તાનનું રાજ્ય એકવીસ વર્ષની ઉંમરે પહોંચેલ એકેએક સ્ત્રીપુરુષના મત ઉપર રહેલું છે. તેમને ખરી સમજ આપવી પડશે. તેમને સાચા નાગરિક બનાવવા પડશે.

દશ વર્ષમાં પ્રાથમિક કેળવણી ખરેખર પ્રાથમિક મહત્ત્વ પામવાની છે. બધાને ખાવાપીવાનું પહોંચાડ્યા પછી બીજી મહત્ત્વની ચીજ યોગ્ય કેળવણી આપવાની છે. તે કામ પ્રાથમિક શિક્ષકનું છે. આજના જમાનામાં હિંદુસ્તાનના કલ્યાણનો ખ્યાલ રાખીને પ્રાથમિક શિક્ષકોએ ચાલવાનું છે.

ગામડામાં શિક્ષકનું ખૂબ મહત્ત્વ છે. લોકો શિક્ષકો પાસે માહિતી અને સલાહ પૂછવા જાય છે. કારણ કે લોકોને શિક્ષકમાં વિશ્વાસ હોય છે. તમે પણ આ જમાનાને સમજતા જજો. તમારી શક્તિ, સમજ અને વિદ્યાને વધારતા જજો. એ સિવાય નવા જમાનાને સમજી નહિ શકો. શિક્ષક ભાઈઓ અને બહેનો નવા જમાના પ્રમાણે કેળવાતા જાય. આપણે જેવા સમજણા થયા હોઈશું તેવા નાગરિક આપણે બનાવીશું.

શિક્ષકો કૂડકપટથી દૂર રહે. મતપેટી આજે ખૂબ મહત્ત્વની બની છે. પણ તેને વિષે જાતજાતનાં કૂડકપટો ચાલે છે, તેનાથી દૂર રહેજો. બીજા દેશોએ આ બાબતમાં ઘણી સાફસૂફી કરી છે. આપણે પણ આ અનિષ્ટોને દૂર કરીએ.

આજના જમાનામાં નાતજાતની મોટાઈ નકામી છે. આજનાં બાળકો પાંચ દશ વર્ષે નાતજાતની વાતો સાંભળી હસતાં હશે. સાહિત્યકારો તો કટાક્ષ પણ કરતા હશે. સંશોધનકારો નાતજાતનું સંશોધન કરતા હશે. હવે તો બધાએ સમાનતા કેળવવાની છે. નાનામાં નાનો મજૂર અને ખેડૂત પણ વડો પ્રધાન થઈ શકે છે. જમાનાની અસર શિક્ષકોને જલદીથી દેખાવી જોઈએ. આ રીતે જ આપણે આગળ વધી શકીશું.

શિક્ષકોએ ઉત્તમ નાગરિક તરીકે પ્રતિષ્ઠા જમાવવી જોઈએ. તેઓ કૂડકપટવાળા અને ઊંધે રસ્તે દોરનારા છે, તેવું પ્રમાણપત્ર શિક્ષકોને ન મળવું જોઈએ. શિક્ષકોને લોકો સાચી સલાહ આપનાર ગણે એ લોકોનો હક્ક છે. શિક્ષક પાસેથી વધુ સમજની આશા રખાય છે. લોકો આપણી પાસે એવી આશા રાખે તેમાં આપણી આબરૂ છે. એ આપણી મૂડી છે. આ અમૂલ્ય મૂડી વેડફી દઈશું તો સ્વરાજ્યની અગત્યની શક્તિ વેડફાઈ જશે ને શિક્ષકોને માથે મોટું પાપ લાગશે.

ભારતની પ્રજા પવિત્ર હોય. લોકોના દિલમાં દયા હોય અને માનવતા એ જ ધર્મ હોય, તે રીતે આપણું રાજ્ય કામ કરશે. શ્રમ અને પરસેવાથી, અક્કલ અને મજૂરીથી આ કાર્ય થશે. બધાં મનુષ્યો સમાન છે; તે રીતે તેનું વલણ રહેશે. ગાંધીનું ભારત જોવા બીજા દેશો દોડી આવે તેવો દેશ બનાવવાની આપણી નેમ છે. તે કાર્ય સાચા શિક્ષકોથી જ થઈ શકશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંબઈ હિંદી-હિંદુસ્તાની પ્રચાર પરિષદ

મુંબઈ શહેરમાં હિંદી-હિંદુસ્તાની પ્રચાર કામ કરતી હિંદુસ્તાની પ્રચાર સભાએ તેના પ્રચારકોની પરિષદ તા. ૧૨-૪-'૫૩ના રોજ કરી; તેમાં મહારાષ્ટ્ર, ગુજરાત તથા કર્ણાટકના પ્રચારકોના પ્રતિનિધિઓને પણ બોલાવ્યા હતા. એમ આખા મુંબઈ રાજ્યની એ સભા થઈ એમ ગણાય. શ્રી કાકાસાહેબ કાલેલકર તેના પ્રમુખપદે હતા. શ્રી મોરારજીભાઈ દેસાઈએ તેનું પ્રારંભિક વ્યાખ્યાન આપ્યું. આ સભાએ સફળતાની સાથે પોતાનું કામ કર્યું તે માટે તેના નિમંત્રી મંડળને મુબારકબાદી ઘટે છે.

સભાએ પસાર કરેલા ઠરાવો આ અંકમાં અલગ લેખ રૂપે આપેલા છે, તે જોવા વિનંતી છે. તેમાંથી વાચક જોશે કે, સભાએ આજની આપણી સમગ્ર સ્થિતિનો વિચાર કરીને હિંદી-પ્રચારકામને માર્ગદર્શન આપવા પ્રયત્ન કર્યો છે. હિંદીના શિક્ષણ અને પ્રચાર તથા વિકાસ અને પ્રગતિનો સવાલ દિવસે દિવસે આગળ આવતો જાય છે એ સારી વસ્તુ છે. ઉત્તર તથા દક્ષિણ, પૂર્વ તથા પશ્ચિમ બધે એ અસર જોવા મળે છે. પંદર વરસમાં જે કામ બંધારણે કરી લેવા ધાર્યું છે તે જોતાં, આમ ન થાય તો જ નવાઈ કહેવાય.

આપણા રાજ્યમાં આજે ચાકે ચડેલો સવાલ શો છે? તે એ છે કે, યુ૰ પી૰ની હિંદી સાહિત્ય સંમેલન સંસ્થા હવે તેનું પ્રચાર કાર્ય અહિંદી પ્રાંતોમાંથી આટોપી લે. થોડા માસ પર ગુજરાત હિંદી પ્રચારક પરિષદ મળી તેમાં આ વિષે બોલતાં એક ભાઈએ કહ્યું હતું એમ, જેમ સંધ્યા કરતાં ગંગા યમુના આદિ આપણી નદીઓને આહ્વાન કરીએ છીએ અને સંધ્યા પૂરી થયે તેમને પાછી પહોંચી જવા સંકલ્પ કરીએ છીએ, તેમ એક વખતે આપણે આ વર્ધા સમિતિને પ્રાંતના હિંદી પ્રચાર અંગે કામમાં નોતરી; હવે તેનો વખત પૂરો થયે કહીએ છીએ કે, હવે તમે પાછાં જાઓ; પણ તે જતી નથી! આ અનુભવ મહારાષ્ટ્ર, કર્ણાટક તથા મુંબઈ શહેરના પ્રચારકોએ પણ મુંબઈ પરિષદમાં રજૂ કર્યો અને ઠરાવ રૂપે જાહેર કર્યો કે, આ જાતની પ્રચારસંસ્થાનો સમય હવે વીત્યો છે.

શ્રી મોરારજીભાઈએ પોતાના મંગળ પ્રવચનમાં એ વાત સાફ શબ્દોમાં કહી કે, (૧) રાષ્ટ્રભાષા તરીકે બંધારણે જે ભાષા કહી છે તે ગાંધીજીએ આપણને જે હિંદી કે હિંદુસ્તાનીને નામે રાષ્ટ્રભાષા સમજાવી હતી તે જ છે. માત્ર લિપિ નાગરી રહેશે; જોકે તેથી કરીને ઉર્દૂ લિપિ આપણે ભૂલી જ જઈએ એવો એનો અર્થ નથી. અને (૨) આથી કરીને કોવિદ જેવી પરીક્ષાઓને માન્યતા આપી શકાતી નથી.

સ્પષ્ટ શબ્દોમાં આ બે મુદ્દા પરિષદ આગળ રજૂ કરીને શ્રી મોરારજીભાઈએ તેને યોગ્ય દોરવણી આપી, રાજ્યના વાતાવરણને સાફ કરવામાં જે કીમતી મદદ આપી તે માટે તેમનો આભાર માનવો ઘટે છે.

માન્યતાના આ સવાલની બાબતમાં વર્ધા સમિતિના અગ્રગણ્ય મિત્રો જોડે મારે કેટલીક ચર્ચા થઈ છે. સાંભળ્યું છે કે, તેઓ તરફથી આ સવાલ મુંબઈ સરકાર આગળ આવ્યા જ કરે છે. તેમાંના કેટલાક એમેય જણાવે છે કે, અમારે હિંદી સાહિત્ય સંમેલન જોડે લેવાદેવા નથી, અમે સ્વતંત્ર છીએ. અમે બંધારણમાન્ય વ્યાખ્યા માનીએ છીએ, એમ પણ તેઓમાંના કેટલાક કહે છે. ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે હિંદી રહે એમ અમે નથી માનતા, એમ પણ કેટલાક તરફથી કહેવાય છે. આ બધી વસ્તુઓ કહેવા પૂરતી કહેવાય છે, એમ કહેતાં દુઃખ થાય છે. કેમ કે હકીકતે જોતાં એ વજૂદ વગરની છે. ગુજરાત વિષે જાતમાહિતી હોઈ આ બાબતની ચર્ચા કરતાં તે વિષે થોડો ઇતિહાસ ફરી યાદ કરાવવાની જરૂર છે.

ગુજરાતમાં હિંદી પ્રચારનું કામ ગાંધીજીએ ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપનાથી શરૂ કર્યું. તેના ધ્યેયમાં મૂકયું છે, કે "રાષ્ટ્રભાષા હિંદી-હિંદુસ્તાનીને આવશ્યક સ્થાન હશે. હિંદી-હિંદુસ્તાની એ ભાષા કે જે ઉત્તરના સામાન્ય હિંદુ મુસલમાન બોલે છે અને દેવનાગરી અથવા ફારસી લિપિમાં લખે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈ. સ. ૧૯૩૦–૩૪ના લડતયુગ બાદ રાષ્ટ્રીય ચળવળ જોર પકડતી ગઈ, તેની સાથે આ કામ એની મેળે વધુ આગળ આવતું ગયું. સરકારની જપતીમાંથી વિદ્યાપીઠ ૧૯૩૫માં છૂટયું ને તેણે પોતાનું કામ નવેસર શરૂ કર્યું, તેમાં હિંદી પ્રચારકામ એક મુખ્ય કામ તરીકે લેવાયું ને ગુજરાતમાં તે ઉપાડયું. ૧૯૩૬–૩૭માં અહિંદી પ્રાંતોમાં કામ કરવા માટે ગાંધીજીની આગેવાની સ્વીકારી હિંદી સાહિત્ય સંમેલને 'રાષ્ટ્રભાષાપ્રચાર સમિતિ, વર્ધા' સ્થાપી. તેના સંચાલક શ્રી કાકાસાહેબ કાલેલકર થયા. તે સમિતિએ પોતાની પરીક્ષાઓ શરૂ કરી, અને ગુજરાતના પ્રચારકોએ કાકાસાહેબની દોરવણી તળે એ પરીક્ષાઓ સ્વીકારી પ્રચારકામ કરવા માંડયું. ગૂજરાત વિદ્યાપીઠ તેમાં પૂરો સહકાર ને મદદ કરતી રહી.

બે ત્રણ વરસમાં આ કામ ઠીક ઠીક ચાલવા લાગ્યું. તેની સાથે એ સમિતિના કામની નીતિ અંગે ગાંધીજી જોડે હિંદી સાહિત્ય સંમેલનને મૌલિક મતભેદ રહેલો જોવામાં આવ્યો. અને તે સાફ ઉપર તરી આવ્યો. ટૂંકમાં, હિંદી સાહિત્ય સંમેલન ગાંધીજીની રાષ્ટ્રભાષાની વ્યાખ્યા સ્વીકારી શકતું નહોતું. તેને બંને લિપિ – નાગરી તથા ઉર્દૂ – પણ ગમતી નહોતી. આ મતભેદ એટલો ગંભીર અને મૂલગત નીવડયો કે, ગાંધીજીને હિંદી સા૦ સંમેલન છોડવું પડયું અને હિંદુસ્તાની પ્રચાર સભા નામે નવી સંસ્થા કાઢવાની આવી.

દેશભરને માટે આ એક મોટી ક્રાંતિ હતી. ગુજરાતમાં તેનો પ્રત્યાઘાત એ રીતે પડયો કે, આ વખતે ગુજરાતમાં કામ કરતા પ્રચારકો માટે ઊંડે જઈ વિચારવાનો પ્રશ્ન પેદા થયો. શ્રી કાક સાહેબ શ્રી અમૃતલાલ નાણાવટીના મંત્રીપદથી ગુજરાત રાષ્ટ્રભાષા પ્રચાર કામ ચલાવતા હતા. તે સંસ્થા વર્ધા સમિતિએ નીમેલી નહોતી, સ્વતંત્ર હતી અને ગૂજરાત વિદ્યાપીઠની સાથે રહી તેનું કામ કરતી હતી. ઉપર જણાવેલો મતભેદ છતો થતાં, આ સમિતિને પણ સવાલ થયો અને તેણે નક્કી કર્યું કે, વર્ધા સમિતિની હિંદી સાહિત્ય સંમેલનની પરીક્ષાઓ હવે છોડી દઈ આપણે હિંદુસ્તાની પ્રચાર સભાની સાચી રાષ્ટ્રીય નીતિ મુજબ સ્વતંત્ર કામ કરવું. અને એ ઢબે કામ શરૂ થયું. તે વખતે ગાંધીજી તથા દેશના મુખ્ય લોકો જેલમાં હતા. ત્યાંથી પણ ગાંધીજીએ આ નવ પ્રયાણને આશીર્વાદ આપ્યા. ગુજરાત પર તેમણે આ નવા કામની પ્રગતિની આશા બાંધી.

પરંતુ, બધા પ્રચારકો આ નવપ્રયાણમાં ન જોડાયા. ખાસ કરીને અમદાવાદ અને સુરત શહેરના થોડાક લોક છૂટા પડયા. તેમણે જૂનું વર્ધા સમિતિનું કામ ચલાવવા તાકયું. વર્ધા સમિતિના મંત્રીએ તેને બળ આપ્યું અને ગુજરાતમાં કામ કરવા માટે તેમણે પોતા થકી એક સમિતિ નીમી. આમ ગુજરાતમાં પહેલી વાર વર્ધા સમિતિની શાખા શરૂ થઈ તે આજ સુધી એક યા બીજે નામે ચાલે છે.

ગુજરાતનું આ નવું કામ પણ ગૂજરાત વિદ્યાપીઠને કેન્દ્રમાં રાખીને જ ગોઠવાયું હતું. તે શ્રી કાકાસાહેબે ગાંધીજી તથા સરદારશ્રીની સંમતિથી વિધિસર વિદ્યાપીઠને સોંપ્યું અને એ રીતે ગુજરાતનું કામ આજ સુધી વિદ્યાપીઠ ચલાવે છે.

હિંદનું રાજ્યબંધારણ ૧૯૪૯માં પસાર થયું એટલે પાછી એક નવી પરિસ્થિતિ પેદા થઈ. તેમાં રાષ્ટ્રભાષાનું નામ 'હિંદી' રાખ્યું ને લિપિ નાગરી નક્કી થઈ. તે પરથી હિંદી સાહિત્ય સંમેલને માન્યું કે, પોતાની સમજની ભાષા હવે રાષ્ટ્રભાષા તરીકે ચાલશે. અને દક્ષિણ હિંદમાં, કે જ્યાં તેણે સંકલ્પપૂર્વક નક્કી કરેલું કે, ત્યાંનું કામ દક્ષિણ ભારત હિંદી પ્રચાર સભા ચલાવે, ત્યાં પોતે પ્રચાર કરવાનો શરૂ કર્યો. આ જાતની વૃત્તિ જોઈને જ એની પ્રવૃત્તિ 'હિંદીનો સામ્રાજ્યવાદ' કહેવાવા લાગી.

બીજી તરફથી મુંબઈ રાજ્યમાં કામ કરતા સ્વતંત્ર પ્રચારકોએ જોયું કે, હિંદી સાહિત્ય સંમેલને બંધારણની હિંદી સ્વીકારી નથી અને તેના સ્વરૂપ વિષેની જે સમજ તે કહે છે તે બરોબર નથી. અને તેમણે જાહેર કર્યું કે, બંધારણની વ્યાખ્યાની તેની સમજ ખોટી છે; ખરી વસ્તુ એ છે કે, રાષ્ટ્રભાષાનું સ્વરૂપ તો ગાંધીજીએ બતાવેલા રસ્તા મુજબનું જ રહે છે; માત્ર બે લિપિને બદલે એક લિપિ દેશ નક્કી કરે છે. આ લિપિનો નિર્ણય પણ અણધાર્યો નહોતો. ગાંધીજીએ ૧૯૪૭માં જ કહેલું કે, બે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લિપિમાંથી કાળાંતરે એક લિપિ થશે તે નાગરી હશે એમ મારો મત છે.

રાષ્ટ્રભાષા અંગેના ઉપરના અભિપ્રાયને મુંબઈ સરકારે માન્ય રાખ્યો. અને ઉત્તર પ્રદેશની પ્રાદેશિક હિંદીનો પ્રચાર એ બંધારણે નિર્દેશેલી ભાષાનો નથી કહ્યું. એમ હિંદી સાહિત્ય સંમેલને તેના હરાવમાં બંધારણની વ્યાખ્યા ન સ્વીકારી, એ પણ તેના પુરાવારૂપ ગણાય. તેમ જ હિંદની એકસમાસરૂપ સંસ્કૃતિની બાબતમાં પણ તે સંસ્થાના અગ્રગણ્ય લોકોએ વાંધા વિરોધ પ્રગટ કરેલા જોવા મળે છે.

ગુજરાતના વર્ધા સમિતિના કાર્યકર્તાઓ ૧૯૪૭-૪૮ સુધી કહેતા હતા કે, અમારો વિરોધ એ લિપિ અંગે છે. એમાંથી એક લિપિ પર નિર્ણય પહોંચતાં છતાં, તેમણે પોતાનું કામ ચાલ્યું રાખ્યું, તેમાં પણ ભાષાના સ્વરૂપ, સંસ્કૃતિ વગેરે વિષેનો મતભેદ જ કારણ સંભવે છે. અને પોતે ગુજરાતની એક અલગ સ્વતંત્ર સંસ્થા છે કહેવું એ પણ હકીકતથી વેગળી વાત છે. અને તેથી જ તેમને મુંબઈ પરિષદે જણાવ્યું કે, હિંદી-ભાષી પ્રદેશની સંસ્થાની મારફત કામ ચાલુ રાખવાનો કાળ હવે વીત્યો છે, અને દરેક પ્રદેશે ને તેની સરકારોએ પોતપોતાના સંજોગો જોઈ વિચારીને પોતાનું કામ કરવાનો સમય આવ્યો છે.

હિંદીને માધ્યમ તરીકે લેવા બાબતમાં પણ ભારે ભયંકર દશા જોવા મળે છે. અહિંદી પ્રાંતોમાં વર્ધા સમિતિનો હિંદી પ્રચાર એનું જાણ્યેઅજાણ્યે સાધન બનતું તો નથી ને? હિંદી વિદ્વાનો આ સવાલ વિષે શું માને છે, તે અંગે એક નોંધ ('એક ભૂલભરેલો વિચાર') આ અંકમાં વાચક જુએ. વર્ધા સમિતિની ગુજરાતની શાખાના પ્રમુખ ઘણું કરીને શ્રી મુનશી છે. તે આ સવાલ વિષે શું માને છે તે હવે તો જાણીતી વાત છે.

આ બધું જોઈને મુંબઈ પરિષદે જે નિર્ણય કર્યો છે તે સમન્વય એવો છે. મુંબઈ રાજ્ય શિક્ષણ તથા બીજી બાબતોમાં સ્વતંત્ર વિચાર કરી દેશમાં આજે ઠીક ઠીક આગેવાની લઈ દોરવણી આપે છે. રાષ્ટ્રભાષા બાબતમાં તથા અંગ્રેજીના સ્થાનની બાબતમાં તેની દોરવણી આખા દેશની અંદર વિચારપ્રેરક સારો પ્રભાવ પાડે છે. તેને આપણે જ્ઞાનપૂર્વક ટેકો આપી દેશની સાંસ્કૃતિક પુનર્ઘટનાને મદદ કરવી જોઈએ.

૨૫-૪-'૫૩ **મગનભાઈ દેસાઈ**

કેનોપનિષદનો સ્વાધ્યાય – ૫

[ગયા અંકમાં આપણે ખંડ ૧ પૂરો કર્યો. ત્યાં આગળ એટલે અટક્યા હતા કે, બ્રહ્મ એ બધાનું સંચાલક બળ છે. તે વિષે ગેરસમજ થવાનો સંભવ છે; તેથી ઋષિ બીજા ખંડમાં એ દૂર કરવા માટે વિવેચન કરે છે. આ હપતામાં ખંડ ૨ માં આવતું તે વિવેચન શરૂ થાય છે.]

બીજો ખંડ

['केन इषितम्' એ પ્રશ્નના જવાબ રૂપે પહેલા ખંડમાં ચર્ચા થઈ અને તેનો ઉત્તર તે ખંડમાં આપ્યો. એ પ્રકરણ હવે આગળ ચાલે છે કે, એ ચર્ચા સાંભળીને તેમાંથી શિષ્યને શી સમજ પડી? આપણે શું સમજ્યા? સંભવ છે કે, તેમાંથી આપણે એમ માન્યું કે, તે બ્રહ્મ આપણામાં — આપણી ઇંદ્રિયોમાં તેમના ઇંદ્રિયપણા રૂપે રહેલું છે. એટલે કે ઇંદ્રિયોની અને આપણી સાપેક્ષતામાં વિચાર કરીને એવું સમજ્યા કે, તેમની સરખામણીમાં તે બ્રહ્મ કાંઈક છે. આવી સમજ સહેજે પેદા થાય. મતલબ કે, આપણો આપણાપણાનો અનુભવ અને ઇંદ્રિયાનુભવ — એ પ્રત્યક્ષ જે આપણી સમજ છે, તેને આધારે આપણે અનુમાન કર્યું કે, આપણી ઇંદ્રિયોની અંદર જે ઇંદ્રિયપણું છે તે બ્રહ્મ છે; તેમની સાથે આપણામાં તે રહેલું છે. એટલે આપણે તે બ્રહ્મને આ રીતે જાણ્યું અને તર્કથી કયાસ કર્યો કે, તે ઇંદ્રિયનું ઇંદ્રિયપણું છે. અને એમ કરીને મનમાં સમાધાન થયું કે, ઠીક, આ બ્રહ્મ બ્રહ્મ જે કહેવાય છે તે સમજી ગયા. અને આમ બનવા પૂરો સંભવ છે. તેથી ઋષિ કહે છે કે, તો તે ગેરસમજ છે; એ બ્રહ્મ નથી. અને ઋષિ ફરી તે સ્પષ્ટ કરે છે:—]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧
બ્રહ્મ અનિર્વચનીય છે

यदि मन्यसे सुवेदेति दहरमेवापि* नूनं त्वं वेत्थ ब्रह्मणो रूपं यदस्य त्वं यदस्य देवेष्वथ नु मीमांस्यमेव ते मन्ये विदितम् ॥ १ ॥

પદાર્થ

यदि = જો मन्यसे = તું માને છે सुवेद = ઠીક રીતે જાણ્યું इति = એમ, એ मुज्य, दहरम् = જરા, થોડું, अल्प एव अपि = જ, मात्र नूनं = ખરેખર त्वं = તું, તેં वेत्थ = જાણ્યું, ब्रह्मणः = બ્રહ્મનું रूपम् = સ્વરૂપ. यद् = જે अस्य = આનું त्वं = તું यद् = જે अस्य = આનું देवेषु = દેવોમાં, ઇંદ્રિયોમાં अथ नु = અથવા તો; ખરેખર मीमांस्यम् = વિચારવા — મનન કરવા જેવું છે एव = જ ते = તારું मन्ये = માનું છું विदितम् = જાણેલું તે.

અન્વય

यदि (त्वं) मन्यसे सुवेद इति (तर्हि) त्वं ब्रह्मणः रूपम् दहरमेवापि नूनम् वेत्थ। यद् अस्य (ब्रह्मणः रूपं) त्वं, अथ नु यद् अस्य (ब्रह्मणः रूपं) देवेषु ते विदितम् (तत्) मीमांस्यम् एव (इति) मन्ये।

અર્થ

(ઉપર જે મેં કહ્યું તે પરથી) જો તું એમ માને કે, હું બરોબર જાણી ગયો, (તો) ખરેખર તેં બ્રહ્મનું રૂપ અલ્પ જ જાણ્યું છે. એ (બ્રહ્મનું રૂપ) તું છે, અથવા તો એ (બ્રહ્મનું રૂપ) દેવો કે ઇંદ્રિયોમાં છે, એમ તેં જે જાણ્યું, તે મનનને યોગ્ય જ છે, એમ હું માનું છું. (કેમ કે એ પૂરતું નથી; તેથી તું પામ્યો એમ ન કહેવાય.)

[આ શ્લોકનો અન્વય જુદી જુદી રીતે બેસાડાય છે; છતાં અર્થમાં સારાંશે ફેર પડતો નથી એમ કહેવાય. ઉપર લેવામાં આવેલો અન્વય મને સરળ લાગ્યો છે; તેમ કરવાથી અર્થ પણ સ્પષ્ટ નીકળી આવે છે.

* दभ्रमेवापि પાઠાંતર મળે છે. અર્થ એક જ છે.

એ બાબત આ શ્લોકમાં કહી છે — ૧. તને જે પૂરું જાણ્યાનો સંતોષ થયો હોય તો તે બરોબર નથી, કેમ કે પૂર્ણ બ્રહ્મ જાણી ન શકાય એવું છે.

૨. તેં જે જાણ્યું — (અગાઉ પહેલા ખંડમાં જે જવાબ તને આપ્યો તે ઉપરથી — તે એટલું કે, તે બ્રહ્મનું રૂપ તું અથવા તો તારી ઇંદ્રિયોમાં તેમના સત્ત્વ રૂપે (તેમના ઇંદ્રિયપણા રૂપે) રહેલું જે દેવત્વ છે, તે બ્રહ્મ છે. એ ઠીક છે; એમાં વસ્તુતાએ ભૂલ નથી. પણ એટલું બસ નથી. એ તારા અનુભવ પર તારે આગળ મનન નિદિધ્યાસન કરવું જોઈએ.

(બ્રહ્મ વિષે, અર્થાત્ ચેતન વિષે જે પ્રતીતિ થાય તે તેનું 'જ્ઞાન' નથી, તે કેવળ 'મીમાંસ્ય' છે; અર્થાત્ તે પ્રતીતિને વળી ઊંડી કરતા રહેવું ઘટે.

— આવો અન્વયાર્થ પણ કરી શકાય.)

દેહધારી મનુષ્ય પૂર્ણ બ્રહ્મનું જ્ઞાન અલ્પ જ પામી શકે, કેમ કે કાંઈ પોતે પામ્યો એમ તેને લાગે તો તે જે પામ્યો તે વચનીય કે વ્યાખ્યેય બને; અને તો તો તે પૂર્ણ બ્રહ્મ નથી. દેહધારી જો તે પામ્યાનો સંકલ્પ કરી શકે, તો તેનો અર્થ એ થયો કે, તે વ્યાખ્યેય છે. એ 'મૂંગે સાકર ખાધી' જેવું નહિ હોય. એટલે બ્રહ્મનું સારી પેઠે જ્ઞાન મને થઈ ગયું એમ કહેવું, તેનો અર્થ એ કે, તેનું જ્ઞાન અલ્પ કે નહિવત જ થયું છે.

આ પહેલો સિદ્ધાંત થયો.

છતાં, કાંઈક પામ્યાનો અનુભવ થાય તો તે બે રીતે બને — એક તો એમ લાગે કે, આ બધું જે ચાલે છે તેનું ચાલક બળ બ્રહ્મ છે એમ ઋષિ કહે છે; તો મનુષ્યને કાંઈક લાગે છે કે, પોતે કાંઈક ચેતન બળ છે, એટલે પોતે તે બ્રહ્મનું કાંઈક રૂપ તો ખરો જ. અથવા બીજું એમ લાગે કે, દેવશક્તિ ધરાવતી લાગતી આ ઇંદ્રિયો, તેમની એ દિવ્ય શક્તિમાં કાંઈક ચેતન બળ દેખાય છે, એટલે તેમાં તે બ્રહ્મ કોઈક રૂપે રહેલું છે. — આમ બે ભાવે ચેતનની પ્રતીતિ બની શકે. તે પરથી બીજો સિદ્ધાંત કહે છે કે, એ અનુભવ બ્રહ્મ-જ્ઞાન નથી, પણ તે વિષે વધુ ને વધુ મનન કરતા રહેવું જોઈએ. તો તેમાંથી બ્રહ્મને પામી શકાશે. પણ એ પરથી એવો સિદ્ધાંત ન કાઢી બેસવું કે, બ્રહ્મ શું છે તેનો પૂરો ઉત્તર મળી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મતલબ એ થઈ કે, આ બ્રહ્મ પદાર્થ અજ્ઞેય તો નથી; મનુષ્ય તેને જાણી તો શકે છે; પરંતુ તે જાણ બીજી બધી જાણ કરતાં વિલક્ષણ અને અગાધ છે, એ ખ્યાલમાં રાખવું. નહિ તો કોઈક અલ્પ વસ્તુને જ અપાર એવું બ્રહ્મ માનીને આપણે ક્ષુદ્ર અહંભાવી બની શાંત-હૃદય થઈ બેસીશું. એવું અન્યાની કથા, જેમ કે છાંદોગ્ય ઉપનિષદમાં (અ૦ ૮, ખં૦ ૭–૧૨, ૧૫) આવે છે. વિરોચન અને ઇંદ્ર પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોઈને માને છે કે, આત્મા કે બ્રહ્મ આપણે શરીર છીએ.

એટલે ઋષિ કહે છે કે, બ્રહ્મ આપણાં મન બુદ્ધિ તથા ઇંદ્રિયો દ્વારા પ્રતીત થાય છે, તેનો ઊંડો ને ઊંડો અનુભવ, ચિંતન મનન દ્વારા, કરતા જ રહેવું. એમ કરતાં જીવનમાં જે કાંઈ સત્ય રૂપે પ્રતીત થતું જાય, તેટલું કે તે જ માત્ર બ્રહ્મ છે એમ નહિ, નેતિ નેતિ – હજી આગળ ને આગળ જવાનું છે, કેમ કે અપાર બ્રહ્મનો પાર એ રીતે જ પામી શકાય. આપણી પ્રતીતિનો અંત નથી, તેમ જ બ્રહ્મનો અંત નથી. એટલે તે અંત પામ્યા, એમ જેઓ માનતો.

આપણા સામાન્ય અનુભવની રીતે જોતાં, આ તો વિચિત્ર લાગે એવી વાત થઈ. તો પછી બ્રહ્મ જાણ્યું કે ન જાણ્યું, એ વિશે કહેવું શું? ન એ પૂર્ણ-જ્ઞાનનો વિષય બની શકે એમ કહો છો; ન એ અજ્ઞેય છે એમ પાછું કહો છો. આનો અર્થ શો? એમાંથી સમજવું શું?

આવા કાંઈક મુગ્ધ પ્રશ્નના ઉત્તર રૂપે ઋષિ આગળ બીજા શબ્દોમાં એ જ વાત ફરી કહે છે, તે હવે પછી જોઈશું.

૧૭-૪-'૫૩ **મગનભાઈ દેસાઈ**

એક સંત

* સંત એક આંગણ આયો
જુગપલટાવણહાર આજ બની માંગણ આયો. —સંત એક૦
તિલક નહિ, ભભૂતી નહિ ભાલે,
કૌપીનભર સઘળે ઋતુકાળે,
નયને કરુણાધાર મહેરામણ છલકાયો. — સંત એક૦
ગહન કૂવા શી ઝોળી નિસ્તલ
ઘર ઘર ફરતી કરતી હાકલ;
ધરતી ધાવણહાર મરમ ધરતીનો પાયો. — સંત એક૦
ગગન, હવા, જલ, ભૂ, અજવાળાં:
ધન સઘળાં સહુનાં મઝિયારાં,
મુક્ત કરો બંધનથી ભૂધન – નૂતન મંત્ર જગાયો. — સંત એક૦
ફૂલ નહિ તો ફૂલપાંખડી નાખી
છલકાવી ઝોળી દો આખી,
પાંખડીને સાટે ભરી ઝોળી ફકીર ફાગણ લાયો. — સંત એક૦
પતિત લહી ધરતી ધેનુ ધણ
અધમ અલસ તૃષ્ણાને બંધન
વરાહનો અવતાર ફરીથી વહારે ધાયો. — સંત એક૦

ઉશનસ્

* મૂઢાનયજ્ઞપ્રણેતા શ્રી વિનોબા ભાવેને હેતુશી લખાયેલું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુળસીની કથાઓ

તુળસીનો છોડ સારાયે ભારતમાં મળે છે. તેનાં પાનમાં ઉગ્ર સુગંધી હોય છે. તેનાં ખી કાળાં અને સુંદર હોય છે. પવનના ઝપાટા સાથે તે ઊડી જાય છે અને વર્ષાના પહેલા ઝાપટાની સાથે ઊગી નીકળે છે.

તુળસીની કથાઓ તથા તેને લગતાં લોકગીતો કરુણરસથી ભરેલાં હોય છે. પુરાણોમાં તેની છ કથાઓ મળે છે : બે સ્કંદપુરાણમાં અને ચાર બ્રહ્મવૈવર્ત તથા દેવી ભાગવતમાં છે. બ્રહ્મવૈવર્ત અને દેવી ભાગવતની ચારેય કથાઓ એકસરખી છે. સ્કંદપુરાણમાં તુળસી અને વૃંદા એમ બે નામો પર ત્રણ કથાઓ છે. પરંતુ તુળસી અને વૃંદા એક જ છે.

તુળસીને હરિપ્રિયા કહે છે. સ્કંદપુરાણમાં તુળસીની કથા આ પ્રમાણે છે : સમુદ્રમંથન વખતે અમૃતનો કળશ બહાર આવતાં જ વિષ્ણુએ તેને ઉપાડી લીધો. તેમાંથી અમૃતનાં કેટલાંક ટીપાં નીચે પડ્યાં. તેમાંથી તુળસી પેદા થઈ. બ્રહ્માજીએ લક્ષ્મીની સાથે સાથે તુળસી પણ વિષ્ણુને સોંપી દીધી. આથી તેનું નામ હરિપ્રિયા પડ્યું. આ કથામાં તુળસી અને લક્ષ્મી બહેનો છે.

બ્રહ્મવૈવર્ત પુરાણમાં તુળસીની કથા એ પ્રમાણે છે કે, વિષ્ણુને ત્રણ સ્ત્રીઓ હતી — લક્ષ્મી, ગંગા અને સરસ્વતી. એક વખત એવું બન્યું કે, પોતાની બન્ને શોકેાની હાજરીમાં ગંગા વિષ્ણુની સામે જોઈને હસી. વિષ્ણુએ તેનો ઉત્તર મોં મલકાવીને વાળ્યો. તેનો આ પ્રેમસંકેત લક્ષ્મીને ડંખ્યો નહિ, પણ સરસ્વતી ગુસ્સે થઈ ગઈ. સરસ્વતીનો ક્રોધ જોઈ વિષ્ણુ બહાર ચાલ્યા ગયા. તેથી તો સરસ્વતીને બળતામાં ઘી હોમાયું. તેણે ગંગાને કહ્યું, "રે, નિર્લજ્જ! તને તારી મોટાઈનું અભિમાન છે. હું હમણાં જ તારું અપમાન કરું છું. જોઉં છું કે તારો પ્રિયતમ શું કરે છે?" આમ કહેતીક સરસ્વતી ગંગાનાં લટિયાં ખેંચવા જતી હતી ત્યાં લક્ષ્મીએ વચ્ચે પડીને તેને પાછી હડસેલી કાઢી. આથી સરસ્વતીએ તેને શાપ દીધો — "તું ઝાડ બની જા." આથી ગંગાને પણ ખૂબ લાગી આવ્યું. તે બોલી, "તું નદી થા અને પાપી લોકોના દેશમાં થઈને વહેવા લાગ. તારા નસીબમાં મનુષ્યોના પાપનો હિસ્સો રહેશે." સરસ્વતીએ ક્રોધમાં ને ક્રોધમાં એને પણ શાપ આપ્યો કે, "તું પથ્થર બની જા."

લડાઈ સાંભળીને વિષ્ણુ અંદર દોડી આવ્યા. તેમણે સરસ્વતીને સમજાવી. ગુસ્સો ઊતરી જતાં સરસ્વતીને પસ્તાવો થયો. ગંગાને પણ ખેદ થયો. પરંતુ શાપ ફોગટ ગયા નહિ. લક્ષ્મી તુળસીનો છોડ થઈ અને ગંગા તથા સરસ્વતી નદીઓ બની.

બ્રહ્મવૈવર્ત પુરાણના પ્રકૃતિખંડના બાવીસમા અધ્યાયમાં એવી કથા છે કે, વિષ્ણુને લક્ષ્મી, ગંગા, સરસ્વતી અને તુળસી એમ ચાર પત્નીઓ હતી. હરિ તુળસીને અધિક પ્રેમ કરતા હતા. લક્ષ્મી અને ગંગાએ તો સહન કરી લીધું, પણ સરસ્વતીથી જોયું જતું નહોતું. તેથી ઝઘડાનું બહાનું બોળી કાઢીને સરસ્વતીએ તુળસીને માર માર્યો. બાથી માનિની તુળસી દુઃખી થઈને અલોપ થઈ ગઈ. સરસ્વતીને સમજાવી-પટાવીને વિષ્ણુ તેને વૃંદાવન લઈ આવ્યા. ત્યાં તુળસીની પૂજા અને આરાધના કરી, ત્યારે તે છોડના રૂપમાં પ્રગટ થઈ. વિષ્ણુએ તેને વિશ્વપૂજ્યાનું વરદાન આપ્યું. આ છે તુળસીના જન્મમંગળની કથા. દેવોદ્દવાળીને દિવસે આ વાત બની હતી.

મરાઠી લોકસાહિત્યમાં તુળસીની કથાનાં બે રૂપ મને પ્રાપ્ત થયાં છે. નાશિક તરફની એક વણજારા સ્ત્રીને મોઢે આ 'ઓવીઓ' સાંભળી છે. એકમાં તુળસીને વિષ્ણુની સાળી બનાવવામાં આવી છે; જ્યારે બીજામાં તુળસીની અત્યંત કરુણ દશાનું વર્ણન કરવામાં આવ્યું છે. તુળસી પતિવ્રતા છે પણ સુખી નથી. તે ગરીબ છે.

પુરાણોની કથાઓમાં જે એકસરખાપણું જણાય છે તે છે શોકોની ઈર્ષા, વિષ્ણુનું પરનારીને વશ થવું વગેરે. પરંતુ તુળસીનો કૌમાર્યભાવ અને તેનું છોડમાં કાયાપલટ થવું એ આ ગીતમાં મળતાં નથી. વૃક્ષ બનીને વિષ્ણુ સાથેની ચિરમિલનની કથા કોંકણની એક કણબી લોકકથામાં મળી છે. તુળસીનો કાયપલટનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલું સુંદર રૂપક ભાગ્યે કયાંય જોવા મળે. આ વાત ઉપરની બધી કથાઓથી નિરાળી છે. તે આ પ્રમાણે છે :

એક બ્રાહ્મણ હતો. તેને સંતાન નહોતું. બ્રાહ્મણ અને તેની સ્ત્રી એક ભાંગીતૂટી ઝૂંપડીમાં પડી રહેતાં. બ્રાહ્મણ અતિશય ગરીબ હતો. ત્રણચાર ગામમાંથી ભિક્ષા માગી લાવતો ત્યારે માંડ પૂરું થતું. ભિક્ષામાં બે મૂઠી આટો મળતો. બ્રાહ્મણી તેની બે ભાખરી બનાવતી. જંગલમાંથી ભાજીપાલો તોડી લાવીને શાક બનાવતી. બે ભાખરીમાંથી એક બ્રાહ્મણને આપતી અને એક પોતે ખાતી. વરસો વહી ગયાં. બ્રાહ્મણની સ્ત્રી ગર્ભવતી થઈ. ખાનાર એક જીવ વધશે તેની ચિંતા આજથી બન્નેને કોરી ખાવા લાગી. બ્રાહ્મણી મનમાં આનંદ પામતી કે, જો છોકરો આવશે તો મોટો થઈને મારું દુઃખ ભાંગશે. બ્રાહ્મણને પણ આવા ખ્યાલથી આનંદ થતો. પરંતુ બન્યું એવું કે, બ્રાહ્મણીએ દીકરીને જન્મ આપ્યો. તેનું નામ તુળસી પાડયું. તુળસી પેદા થતાં જ બ્રાહ્મણને ત્રણ મૂઠી ભિક્ષા મળવા લાગી. છોડી દિવસે દિવસે મોટી થઈ અને રમવા લાગી. પણ તેને ભૂખ ખૂબ લાગતી. એક ભાખરીથી તેનું પૂરું થતું નહિ એટલે તે મા પાસે વધુ ખાવાનું માગતી. મા તેને પોતાની અડધી ભાખરી આપી દેતી. આથી બ્રાહ્મણી દૂબળી પડવા લાગી.

બ્રાહ્મણને એથી ભારે ક્રોધ આવ્યો. એક તો છોડી અને ઉપરથી આટલું ખાનારી! એના લગ્નના પૈસા કયાંથી લાવીશ? એના કરતાં એને જંગલમાં મૂકી આવું અને સદાને માટે આ જંજાળથી છૂટું. આમ વિચારીને રોજની માફક કુહાડી ખભે મૂકીને તુળસીને કહ્યું. "તુળસી ચાલ, આજે મારી જોડે જંગલમાં ચાલ." તુળસી તો આનંદથી જોડે ચાલી. છોડીને જંગલમાં ખૂબ મજા પડી. એક ઝરણાને કાંઠે છોડીને બેસાડી બ્રાહ્મણે કહ્યું, "હું સામેના ગામમાંથી ભિક્ષા માગી લાવું છું. પછી લાકડાં કાપીશ. મારી કુહાડીનો અવાજ સંભળાય ત્યારે તું આવજે." આમ કહીને બાપ ચાલતો થયો. બપોર ઢળ્યો, સાંજ પડી. તુળસીને ન તો કુહાડીનો અવાજ સંભળાયો કે ન તો કોઈનાં પગલાંનો અવાજ. છોડી જંગલમાં રોતી રોતી ભટકવા લાગી. ચાલતાં ચાલતાં તે જંગલને છેડે આવી પહોંચી. ત્યાં એક વૃદ્ધ બાઈ ખેતરમાં કામ કરતી હતી. તુળસીએ તેને ગદ્‌ગદ કંઠે કહ્યું, "દાદીમા, મને મારા બાપે તગી દીધી છે. એક રાત મને તમારા ઘરમાં આશરો આપો. સવારે ચાલી જઈશ."

બ્રાહ્મણની છોડી શા કામની? વૃદ્ધાએ તેને નસાડી મેલી. દૂર એક પથ્થર પર બેઠી બેઠી તુળસી રોવા લાગી. પેલી તરફથી વિઠોબા (વિઠ્ઠલ) આવતા હતા. તુળસીની પાસે જઈ તેની પીઠ પર હાથ ફેરવીને તેમણે પૂછ્યું, "તું કોણ છે? કેમ રડે છે?"

તુળસી ગભરાઈને કહેવા લાગી, "મહારાજ, હું એક ગરીબ છોડી છું. મારું નામ તુળસી છે. મારા બાપ મને પોષી શકતા નથી, તેથી તેમણે મને જંગલમાં મૂકી દીધી છે."

"ડરીશ નહિ, મારી સાથે ચાલ," વિઠોબાએ કહ્યું. આંખો લૂછી નાખી વિઠોબાની આંગળી પકડીને તુળસી ચાલવા લાગી. જંગલને છેડે એક ભર્યાભાદર્યા ઘરમાં વિઠોબા તેને લઈ આવ્યા. તુળસીના દિવસો સુખમાં પસાર થવા લાગ્યા. એક દિવસ વિઠોબાએ કહ્યું, "તુળસી, મારે હવે ઘેર જવું છે. રુક્મિણી મારી વાટ જોતી હશે. થોડા દહાડામાં પંઢરપુરથી હું પાછો આવતો રહીશ. સંભાળીને રહેજે. બારણું ખોલીશ નહિ. તેમાંય પાછલું બારણું તો બિલકુલ ન ખોલતી. રાતે કોઈને આશરો ના આપીશ."

પંઢરપુર જઈને વિઠોબાએ રુક્મિણીને તુળસીની વાત કરી, તો રુક્મિણીના મનમાં સંશય પેદા થયો. એક દિવસ વિઠોબા ફળફૂલની કંઠી બનાવડાવીને તુળસી પાસે જવા નીકળ્યા. તેમને જતા જોઈને રુક્મિણી બોલી, "તમે શું કરવા જાઓ છો? હું જ પહોંચાડી દઈશ. તમે ઘેર રહો." વિઠોબા ઘેર રહ્યા અને રુક્મિણી ચાલી નીકળી. અડધે રસ્તે ટોપલીનાં ફળફૂલ ફેંકી દઈને તેમાં જંગલના ઝેરી નાગ પકડીને રુક્મિણીએ પૂર્યા. તુળસીને ઘેર પહોંચી તો મધરાત થઈ હતી. રુક્મિણીએ બારણું ખખડાવ્યું, "તુળસી, તુળસી, દરવાજો ખોલ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"નહિ ખોલું. તું કોણ છે?"

"હું વિઠોબા!"

"આ વિઠોબાનો ઘાંટો નથી જણાતો. આ તો સ્ત્રીનો ઘાંટો જણાય છે. તું કોણ છે?"

"હું વિઠોબાની પત્ની રુક્મિણી છું. વિઠોબાએ તારે માટે ભેટ મોકલી છે. દરવાજો ઉઘાડ."

"ભેટ બહાર મૂકી દે. હું દરવાજો નહિ ઉઘાડું."

ટોપલી ખીંટીએ ભેરવીને રુક્મિણી ચાલી ગઈ.

રાતના પ્રસંગથી તુળસી ડરી ગઈ હતી, તેથી ત્રણ દિવસ સુધી તેણે બારણાં ન ખોલ્યાં. ચોથે દિવસે ખોલ્યાં તેવી જ ટોપલી નીચે પડી. તેમાંથી કૂદી કૂદીને નાગ ઘરમાં પેસી ગયા અને ફરવા લાગ્યા. ગભરાયલી તુળસીએ ઘૂમો પાડી પાડીને પડોશીઓને બોલાવ્યા. પડોશીઓએ સાપને મારી નાખ્યા. તુળસી હવે રોઈ રોઈને સુકાવા લાગી.

અહીં રુક્મિણી મલકાતી ઘેર પહોંચી. તેને જલદી પાછી આવેલી જોઈને વિઠોબાને ઠીક ન લાગ્યું. તેમને થયું કે રુક્મિણી મારી તુળસીને ત્યાં બે દિવસ પણ ન રહી? પણ રુક્મિણી તો તુળસીનાં વખાણ કરવા લાગી. તેણે બહાનું કાઢ્યું કે તમારા વિના હું તો અકળાઈ ગઈ હતી. પણ વિઠોબાનું મન માનતું નહોતું. તેઓ તરત તુળસી પાસે આવ્યા. જોયું તો તુળસીનું મોં પડી ગયું હતું. વિઠોબાએ પૂછ્યું, "અરે તુળસી, તને આ શું થઈ ગયું?" વારંવાર મનાવવા છતાં તુળસીએ કાંઈ જવાબ ન વાળ્યો. છેવટે એક દિવસ વિઠોબાએ તુળસીને કહ્યું, "ચાલ તુળસી, આજે મંદિરમાં નાટક થાય છે તે જોવા જઈએ." તુળસી રાજી થઈ ગઈ.

તુળસીને લઈને વિઠોબા તેના બાપની ઝૂંપડી પાસે આવીને કહેવા લાગ્યા, "ભટજી, અમે યાત્રાળુ છીએ. અમને આશરો આપો."

"મારા ઘરમાં મારે જ ખાવાપીવાના વાખા છે ત્યાં તમને શું આપું? બીજી જગ્યાએ જાઓ." બ્રાહ્મણે કહ્યું.

વિઠોબાએ કહ્યું, "હું મારી સાથે બધું લઈને આવ્યો છું. ફક્ત આજુબાજુમાંથી કેટલાંક વાસણ લાવી આપો."

બ્રાહ્મણ ખુશ થયો. વાસણ આવ્યાં. તુળસીએ રાંધ્યું. બાબાએ ન તો તુળસીને ઓળખી, ન તો તુળસીએ ઓળખાણ કાઢી. બાઈપીને એહાં વાસણ આંગણામાં મૂકી તુળસી મંદિરે જવા લાગી. પણ બ્રાહ્મણે વિઠોબાને કહ્યું, "આપણે મંદિરે જઈએ. આ છોડી વાસણોની તપાસ રાખશે."

આ વાતનો તુળસીએ કાંઈ જવાબ ન આપ્યો. વિઠોબાએ પૂછ્યું તોય ના બોલી. બ્રાહ્મણ અને વિઠોબા મંદિરે ગયા. તુળસી આંગણામાં બેસી વાસણની ચોકી કરવા લાગી. પણ તેનું ધ્યાન કશામમાં નહોતું. મંદિરમાં વિઠોબાનું મન ચોટ્યું નહિ. કોઈ પણ રીતે તુળસીને બોલાવવા તેમણે કૂતરાનું રૂપ લીધું. કૂતરું એક એક વાસણ મોંમાં લઈને બહાર જવા લાગ્યું. તોપણ તુળસીએ તેને 'હટ' પણ ન કહ્યું, કૂતરું બધાં વાસણ જંગલમાં નાખી આવ્યું.

આ યુક્તિ પણ સફળ ન થતી જોઈને વિઠોબાએ બિલાડીનું રૂપ લીધું અને 'મ્યાઉં મ્યાઉં' કરીને તુળસીને શરીર ઘસવા છતાંય તુળસી તો મૂર્તિની માફક બેસી રહી.

સવારે આવીને બ્રાહ્મણે જોયું તો એક પણ વાસણ ન મળે. આ છોડીએ ચોર્યાં હશે એમ ધારીને તે તુળસીને મારવા લાગ્યો. તોપણ તુળસી મોંએથી કંઈ ન બોલી. વિઠોબાએ છાનામાના બધાં વાસણ લાવીને આંગણામાં મૂકી દીધાં. માર ખાવા છતાંય તુળસી ચૂપ રહી. પછી તુળસીને લઈને વિઠોબા ઘેર પાછા આવ્યા.

ઘેર આવીને તુળસી ચોધાર આંસુએ રોવા લાગી. બાપ પણ એવાં, વિઠોબા પણ એવા. શું બધા પુરુષો આવા જ હોય છે? તુળસીએ હાથ જોડીને પ્રાર્થના કરી, "ધરતીમાતા! મને તારી અંદર સમાવી લે." ધરતી ફાટી અને તુળસી તેમાં સમાઈ ગઈ.

વિઠોબાએ તુળસીના વાળ પકડીને ખેંચવા માંડ્યા. પણ જુએ છે તો તુળસી નથી. એક નાનો છોડ છે. વિઠોબાએ તે છોડને છાતી સરસો ચાંપ્યો. ત્યારથી વિઠોબાના ઉર ઉપર અખંડ તુળસીનાં માળા દેખાય છે.

આને જ મળતી સૂર્યદેવ એપોલો અને અપ્સરા ડેફ્નેની પ્રેમકથા ગ્રીક સાહિત્યમાં છે. એક વખત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમદેવ કયુપિડ પોતાનાં ધનુષબાણથી રમતો હતો. તે બાળકને જોઈને બળવાન ઍપોલોને હસવું આવ્યું. તેણે કહ્યું, "છોકરા, તને વીરનાં હથિયાર શોભતાં નથી. એ કંઈ રમકડાં નથી." કયુપિડે ગુસ્સામાં એક સોનાનું બાણ ઍપોલો પર છોડ્યું. તેને પ્રેમવ્યથા થવા માંડી. કયુપિડે બીજું એક સીસાનું બાણ ડેફ્ને પર છોડ્યું. પરિણામે તેને પ્રેમનો વિચાર સુધ્ધાં દુઃખદાયક લાગવા લાગ્યો.

એક દિવસ ઍપોલોએ ડેફ્નેને જોઈ. ઍપોલો તેના પર મોહિત થઈ ગયો અને તેને મેળવવા તલપાપડ થઈ ગયો. ડેફ્ને તો તેને જોઈને ભાગવા લાગી. ઍપોલોએ પોતાની ગતિ વધારી અને તેને પકડી પાડી. ત્યારે ડેફ્ને મોટે સાદે કહેવા લાગી, "પનુઅસ બાપા, જમીન ફાડીને મને અંદર લઈ લો. નહિ તો મને કષ્ટ આપનારું આ રૂપ બદલવા દો." તત્ક્ષણ ડેફ્નેનું રૂપ બદલાઈને તેનું ઝાડ બની ગયું — સુંદર લૉરેલનું ઝાડ. ઍપોલોએ તે ઝાડને જ ચાહવા માંડ્યું. તેણે કહ્યું, "તું મારી પત્ની ન બની તો તું મારી લતા બન. તારો મુગટ બનાવી હું મારે માથે ધારણ કરીશ. મારી વીણા અને ધનુષને તારાં નવપલ્લવોથી સુશોભિત બનાવીશ."

લૉરેલના ઝાડની માફક તુળસીનો છોડ પણ બારે માસ લીલો રહે છે. પાણી ન મળે તો જ સુકાઈ જાય છે.

મહાભારત, જાતક કે કથાસરિત્સાગરમાં વૃંદા કે તુળસીને મળતી કોઈ કથા નથી. ધરતીનું ફાટવું સીતાની વાતમાં પણ છે. પરંતુ પ્રતીક છોડનું ધરતીમાંથી ઉપર આવવું તો ગ્રીક અને રોમન કથાઓમાં જ મળે છે.

[હિંદી 'आजकल' ઑગસ્ટ, ૧૯૫૨ના લેખ ઉપરથી. મૂળ મરાઠીમાં લખનાર શ્રી દુર્ગા ભાગવત]

અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદ

[અમદાવાદમાં મળનારું સત્તરમું અધિવેશન. તેના મંત્રી તરફથી જાહેર કરવા મોકલી પત્રિકામાંથી આ ઉતાર્યું છે.

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ઍજ્યુકેશન સોસાયટી અને ગુજરાત વિદ્યાસભાના સંયુક્ત આશ્રયે આવતા ઑક્ટોબર મહિનામાં અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદનું સત્તરમું અધિવેશન સુવિખ્યાત ભાષાશાસ્ત્રી, પ્રાચ્યવિદ્યા-વિશારદ અને પશ્ચિમ બંગાળની રાજ્યસભાના પ્રમુખ ડૉ. સુનીતિકુમાર ચૅટરજીના પ્રમુખ-પદ હેઠળ અમદાવાદમાં થવાનું છે.

અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદ જે ઑલ ઇન્ડિયા ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂના નામે પ્રસિદ્ધ છે, તે આપણા દેશની એક સંમાન્ય વિદ્વત્સંસ્થા છે. એની સ્થાપના ૧૯૧૯ના વર્ષમાં થઈ હતી, જોકે એવી એક સંસ્થાની આવશ્યકતા તો ઠેઠ ૧૯મી સદીમાં વરતાઈ હતી. પશ્ચિમની સંસ્કૃતિનો આપણી સંસ્કૃતિ સાથે યોગ થતાં પશ્ચિમના વિદ્વાનોનું ધ્યાન ભારતીય અથવા આર્યવિદ્યાઓ પ્રત્યે સહેજે ખેંચાયું હતું અને એ દિશામાં સંશોધનકાર્યને તેમણે પુષ્કળ વેગ આપ્યો હતો. પરિણામે પ્રાચ્યવિદ્યાના અભ્યાસીઓની એક આંતરરાષ્ટ્રીય પરિષદ ૧૮૭૩માં પૅરિસ ખાતે મળી હતી. એને બીજે વર્ષે લંડનમાં પ્રાચ્યવિદ્યા-વિદોની બીજી આંતરરાષ્ટ્રીય પરિષદ મળી હતી. જેમાં ભાગ લેવા માટે આપણા દેશમાંથી સર રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર, ડૉ. જે. જે. મોદી, કે. બી. પાઠક વગેરે વિદ્વાનો ગયા હતા અને આ પ્રકારની સંસ્થા આપણા દેશમાં પણ ઊભી કરવાની જરૂર એમને સમજાઈ હતી. પોતપોતાના વિશિષ્ટ ક્ષેત્રમાં કામ કરનારા પ્રાચ્યવિદ્યાવિદો એકઠા મળે, વિચારવિનિમય કરે અને પોતાનાં સંશોધનોનું સરવૈયું કાઢે, તો એ મિલન સમસ્ત પ્રવૃત્તિને ખૂબ ઉપકારક નીવડે, એ દૃષ્ટિથી આપણા દેશમાં આ પ્રકારની સંસ્થા શરૂ કરવાનો વિચાર વહેતો થયો હતો. પણ એ ફળ્યો ઠીક ઠીક મોડો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૧૯ના જુલાઈમાં સર હાઇકોર્ટ બટલરે સિમલા મુકામે પ્રાચ્યવિદ્યા વિશારદોની એક પરિષદ નિમંત્રી હતી, તેમાં ડૉ. વોગેલે ઓરિયેન્ટલ કૉંગ્રેસની રચનાના મહત્ત્વ સંબંધી એક નોંધ રજૂ કરી હતી; પણ ૧૯૧૮ સુધી એ સૂચન ફક્ત સૂચન જ રહ્યું. પણ એ વર્ષમાં પૂનાનું ભાંડારકર ઓરિયેન્ટલ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ આ કાર્યમાં અગ્રેસર થયું અને પ્રાચ્યવિદ્યાવિદોની આંતરરાષ્ટ્રીય સંસ્થા આ દેશમાં રચવા એ સંસ્થાના કાર્યકરો પ્રવૃત્ત થયા. ૧૯૧૯ના નવેમ્બરમાં આ સંસ્થાની તેમણે સ્થાપના કરી અને પહેલા અધિવેશનમાં હિંદ, બ્રહ્મદેશ અને સિલોનમાંથી તેમણે વિદ્વાનોને નોતર્યા. પહેલા અધિવેશનના પ્રમુખ સર રામકૃષ્ણ ભાંડારકર હતા. તે પછી ઉત્તરોત્તર ઉત્તમોત્તમ વિદ્વાનોએ પરિષદના અધિવેશનનું પ્રમુખપદ શોભાવ્યું છે. પ્રો. સિલ્વાં લેવી, ડૉ. ગંગાનાથ ઝા, ડૉ. જે. જે. મોદી, પંડિત મદનમોહન માલવિયા વગેરેએ આ સંસ્થાનાં અધિવેશનોનું પ્રમુખપદ સ્વીકારી એના કાર્યને ઉત્તમ દોરવણી આપેલી.

આ સંસ્થાની સ્થાપના પછી ઘણું કરીને દર ત્રીજે વર્ષે ભારતના કોઈ ને કોઈ નગરમાં કે વિદ્યાધામમાં એનાં અધિવેશનો થતાં રહ્યાં છે અને એ રીતે પરિષદે ભારતના પ્રાચ્યવિદ્યાવિશારદોના એક સમાગમસ્થાન તરીકે મહત્ત્વનું કાર્ય કર્યું છે. પ્રાચ્યવિદ્યાને લગતી સંશોધનપ્રવૃત્તિને તેણે પુષ્કળ વેગ આપ્યો છે અને સંશોધનનાં પરિણામોને સુગ્રથિત કરવામાં પણ તેણે ફાળો આપ્યો છે. અધિવેશન પ્રસંગે વિદ્વાનો જે નિબંધો તૈયાર કરે, જે ચર્ચાઓ થાય અને વિદ્વત્સભાઓ થાય, તેનું ધોરણ પણ ખૂબ ઊંચું રહ્યું છે અને ભારતીય વિદ્વાનોના હૃદયમાં આ સંસ્થાએ આદરયુક્ત સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ગુજરાતમાં આ મહાન સંસ્થાનું અધિવેશન આ બીજી વાર મળી રહ્યું છે. ૧૯૩૩ની સાલમાં વડોદરાના મહારાજા શ્રીમંત સર સયાજીરાવ ગાયકવાડના નિમંત્રણથી વડોદરામાં પરિષદનું સાતમું અધિવેશન પ્રસિદ્ધ વિદ્વાન ડૉ. કાશીપ્રસાદ જયસ્વાલના પ્રમુખપદે મળ્યું હતું. તે પછી વીસ વર્ષે ગુજરાતના પાટનગર અમદાવાદમાં એનું સત્તરમું અધિવેશન મળી રહ્યું છે.

પરિષદના કામકાજને જુદા જુદા પંદર વિભાગોમાં વહેંચી નાખવામાં આવ્યું છે અને દરેક વિભાગ માટે યોગ્ય વિદ્વાનની વિભાગીય પ્રમુખ તરીકે પસંદગી કરવામાં આવી છે.

વિભાગો અને વિભાગીય પ્રમુખોનાં નામ નીચે દર્શાવ્યા પ્રમાણે છે:

વિભાગ	પ્રમુખ
૧. વૈદિક	ડૉ. રઘુવીર
૨. ઈરાન	ડૉ. એમ. એફ. કાંગા
૩. સંસ્કૃત	પ્રો. આર. ડી. કરમરકર
૪. ઇસ્લામી સંસ્કૃતિ	પ્રો. એન. એ. નદવી
૫. અરબી અને ફારસી	પ્રો. એમ. જી. ઝુબેર
૬. પાલી અને બૌદ્ધધર્મ	પ્રો. એન. કે. ભાગવત
૭. પ્રાકૃત અને જૈન ધર્મ	શ્રી. કાન્તાપ્રસાદ જૈન
૮. ઇતિહાસ	ડૉ. યુ. એન. ઘોષાલ
૯. પુરાતત્ત્વ	શ્રી. અમલાનંદ ઘોષ
૧૦. ભારતીય ભાષાશાસ્ત્ર	પ્રો. સી. આર. સંકરન્
૧૧. દ્રાવિડી સંસ્કૃતિ	ડૉ. ટી. વી. મહાલિંગમ
૧૨. તત્ત્વજ્ઞાન અને ધર્મ	ડૉ. મોહનસિંગ
૧૩. હુન્નરવિદ્યા અને લલિત કલા	ડૉ. એચ. ગોએત્ઝ
૧૪. રાજસ્થાનનાં ઇતિહાસ અને સંસ્કૃતિ	આચાર્ય મુનિશ્રી જિનવિજયજી
૧૫. ગુજરાતનાં ઇતિહાસ અને સંસ્કૃતિ	પ્રો. રામનારાયણ વિ. પાઠક

ઉપર પ્રમાણેના વિભાગો હેઠળ જે બેઠકો થશે તે ઉપરાંત ચર્ચાસભાઓ, વિદ્વત્સભાઓ, પુસ્તકાલયો અને ઐતિહાસિક સ્થાનોની મુલાકાતો તેમ જ મનોરંજનના કાર્યક્રમો વગેરેની યોજના સ્થાનિક સમિતિએ રાખી છે. અધિવેશનનાં મુખ્ય આકર્ષણોમાંનું એક તે પ્રસંગે યોજનારું પ્રદર્શન છે. જેની વિગતો હવે પછી પ્રસિદ્ધ થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બમ્બઈ હિન્દી-હિન્દુસ્તાની પ્રચાર સંમેલન

[મુંબઈમાં તા. ૪-૧૨-'૫૩ ના રોજ મળેલી સંમેલનમાં પસાર થયેલા ઠરાવો મૂળ હિંદીમાં જ નીચે આપ્યા છે.]

પ્રસ્તાવ : ૧

ભારતકે સંવિધાનકી ધારા ૩૪૩ ઔર ૩૫૧ કો ખ્યાલમેં રખકર બમ્બઈ સરકારને રાજ્યકે સ્કૂલોમેં હિન્દીકી પઢાઈ લાજમી તૌર પર શુરૂ કરનેકી દૃષ્ટિસે પાઠ્યક્રમ આદિ તૈયાર કરનેકે લિયે જો હિન્દી શિક્ષા – સમિતિ (પોતદાર – સમિતિ) નિયુક્ત કી થી, ઉસકી યહ સમ્મેલન કદ્ર કરતા હૈ ઔર આશા રખતા હૈ કિ સરકાર સમિતિકી સભી સિફારિશોં પર જલ્દ-સે જલ્દ અમલ કરેગી. ઇસ સમ્મેલનકી રાયમેં યહ બહુત જરૂરી હૈ કિ પોતદાર – સમિતિકી રિપોર્ટમેં એક હિન્દી સલાહકાર સમિતિ કાયમ કરનેકે બારેમેં જો સિફારિશ કી ગઈ હૈ, ઉસ પર સરકાર જલ્દસે જલ્દ અમલ કરેં જિસસે હિન્દીકે બારેમેં જિતના ભી કામ સરકારકો કરના હૈ ઉસમેં બલ ઔર સહાયતા મિલે.

પ્રસ્તાવ : ૨

યહ સમ્મેલન માનતા હૈ કિ, રાષ્ટ્રભાષા હિન્દીકી પઢાઈ કોલિજોંમેં પદવી પરીક્ષા તક અનિવાર્ય બનાઈ જાય ઔર ઇસકે લિએ રાજ્યકી યુનિવર્સિટિયોં-મેં યથાશીઘ્ર ઇન્તજામ કિયા જાય.

પ્રસ્તાવ : ૩

હિન્દીકી પઢાઈ અચ્છી હો, ઇસ દૃષ્ટિસે અહિન્દી-ભાષી પ્રદેશોંમેં શિક્ષાકા માધ્યમ હિન્દી રખનેકા જો વિચાર પેશ કિયા જાતા હૈ, ઉસકા યહ સમ્મેલન સખ્ત વિરોધ કરતા હૈ. યહ સંમેલન માનતા હૈ કિ ઇસસે વહી નુકસાન હોગા, જો અંગ્રેજીકા માધ્યમ બનાનેસે હુઆ હૈ. યહ વિચાર પ્રાદેશિક ભાષાઓંકી પ્રગતિકે લિએ બાધક હૈ ઔર ઉનકી ઉન્નતિમેં રોડા બનકર રહેગા. સભી કક્ષાઓંકી પઢાઈ – યહાં તક કિ ઉચ્ચ ઔર સંશોધન તકકે લિએ શિક્ષાકા માધ્યમ બનના પ્રાદેશિક ભાષાકા સ્વાભાવિક હક હૈ ઔર દૂસરી કિસી ભાષાકો યહ સ્થાન દેના પ્રાદેશિક ભાષાકે ઇસ સ્વાભાવિક અધિકારકો દબા દેના હૈ.

પ્રસ્તાવ : ૪

સંવિધાનકી ધારા ૩૫૧મેં રાષ્ટ્રભાષા હિન્દીકે સ્વરૂપકા જો બયાન કિયા ગયા હૈ, ઉસકો ખ્યાલમેં રખકર યહ સમ્મેલન માનતા હૈ કિ, હિન્દીકા વિકાસ, પ્રચાર ઔર શિક્ષણ પ્રાંતીયતા ઔર સામ્પ્રદાયિકતાસે પરે હોના ચાહિયે. ઔર યહ કામ ઇસ ઢંગસે હોના ચાહિયે કિ ઇસસે દૂસરી પ્રાદેશિક ભાષાઓંમેં બાધા ન હો ઔર પ્રાદેશિક ભાષા ઔર હિંદી દોનોં એક દૂસરેકી પૂરક ઔર પોષક બને. અગર ઐસા ન હુઆ તો ભારતકી મિલીજુલી સંસ્કૃતિકે સબ તત્વોંકો વ્યક્ત કરનેકા સાધન રાષ્ટ્રભાષા હિન્દી નહીં બન સકતી ઔર સબ પ્રદેશોંકે અલગ અલગ ભાષા બોલનેવાલે લોગ ઉસકે સાથ પૂરા અપનાપન મહસૂસ નહીં કર સકતે. ઇસલિએ ઇસ સમ્મેલનકી રાયમેં યહ જરૂરી હો જાતા હૈ કિ, હિન્દીકે શિક્ષણ, વિકાસ ઔર પ્રચારકા કામ અહિન્દી પ્રદેશોંમેં કામ કરનેવાલી સંસ્થાઓંકે દ્વારા હો. ચૂંકિ પ્રાદેશિક હિન્દી ઔર રાષ્ટ્રભાષા હિન્દી દોનોં ભિન્ન હૈં, યહ સાફ હૈ કિ અગર હિન્દીકે પ્રચારમેં ગલતફહમી દૂર કરની હો તો યહ આવશ્યક હૈ કિ અહિન્દી પ્રદેશોંમેં હિન્દી પ્રચારકા કામ કરનેવાલી સંસ્થાઓંકા સંબંધ ઐસી કિસી સંસ્થાસે ન હોના ચાહિયે, જો પ્રાદેશિક હિન્દીકા પ્રચાર કરતી આઈ હો ઔર અબ ભી કરતી હો.

પ્રસ્તાવ : ૫

બમ્બઈ સરકારને પ્રાથમિક સ્કૂલોંકે દર્જે ૫, ૬, ૭સે અંગ્રેજીકો હટાકર દર્જા ૮સે શુરૂ કરનેકા સિદ્ધાંત જો જાહિર કિયા હૈ, ઇસકા યહ સમ્મેલન સ્વાગત કરતા હૈ. લેકિન બાદમેં અંગ્રેજીકો ૭વેં દર્જેમેં ઐચ્છિક રૂપસે પઢાનેકી જો છૂટ દી ગઈ હૈ, ઉસકો યહ સમ્મેલન નાપસંદ કરતા હૈ. અબ તો ઇસસે ભી આગે જાકર ૫ ઔર ૬ કક્ષાઓંમેં ભી અંગ્રેજી શુરૂ કરનેકી ઔર એસ. એસ. સી. મેં વૈકલ્પિક અંગ્રેજીકો હટાનેકી સૂચના આઈ હૈ. યહ સમ્મેલન ઇસ સૂચનાકો બડી ચિન્તાભરી નજરસે દેખતા હૈ, ક્યોંકિ ઇસસે ન કેવલ હિન્દીકી પઢાઈ કો ધક્કા લગેગા, પરંતુ પ્રાથમિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાત કક્ષાઓંકે અભ્યાસમેં આધા આયેગી ઔર બુનિ-માદી તાલીમ જૈસી કોઈ ચીજ નહીં રહેગી.

સમ્મેલનકી યહ મજબૂત રાય હૈ કિ, અંગ્રેજીકા દર્જા સ્વભાષા ઔર રાષ્ટ્રભાષા હિન્દીકે બાદ હી આ સકતા હૈ. ઇસ વજહસે ઔર ઇસ ખ્યાલસે કિ અંગ્રેજી લાજમી હોનેકે કારણ હમારે દેશકે કિતને હી બચ્ચે ઉચ્ચ શિક્ષાસે વંચિત રહે હૈં, યહ સમ્મેલન સિફારિશ કરતા હૈ કિ, બમ્બઈ સરકાર અપની પહલી નીતિ પર ન કેવલ કાયમ રહે બલ્કિ અંગ્રેજીકા ૮વેં દર્જેમેં ઐચ્છિક રૂપસે હી શુરૂ કરે.

પ્રસ્તાવ : ૬

હિન્દીકે લિએ લિપિકા સવાલ અબ સંવિધાન સભાકે દ્વારા હલ હો ગયા હૈ ઔર અબ યહ માની હુઈ બાત હૈ કિ હિન્દીકી લિપિ દેવનાગરી હોગી. લેકિન સમ્મેલનકી રાય હૈ કિ, વિધાનકી ધારા ૩૫૧મેં બતાયે મુતાબિક હિન્દીકો અગર ભારતકી મિલીજુલી સંસ્કૃતિકે સબ તત્ત્વોંકો વ્યક્ત કરનેકા સાધન બનાના હૈ ઔર અગર "હિન્દુસ્તાનીકે રૂપ, શૈલી ઔર પદાવલિકો આત્મસાત્ કરના" હૈ, તો યહ સાફ હૈ કિ ઉર્દૂ લિપિકો ન સિર્ફ ઐચ્છિક તૌર પર અપનાના ચાહિયે બલ્કિ ઉસકો ઉત્તેજન દેના ચાહિયે. રાષ્ટ્રભાષા હિન્દીકા વિકાસ તભી પૂરા હોગા, જબકિ દોનોં લિપિયોં જાનનેવાલે લોગ કાફી તાદાદમેં હોંગે.

પ્રસ્તાવ : ૭

સંવિધાનકી ધારા ૩૫૧કો સામને રખતે હુએ યહ સમ્મેલન હિન્દીકે વિકાસકે લિએ યહ જરૂરી સમઝતા હૈ કિ અહિન્દી-ભાષી લેખકોંકો હિન્દીમેં કિતાબેં લિખનેકે લિએ સરકાર ઔર રાષ્ટ્રીય સંસ્થાએં ઉત્તેજન દે.

દરિદ્રનારાયણ

[વિક્ટર હ્યૂગો કૃત 'લે મિઝેરાબ્લ']

[**ટૂંક સાર**: માર્ચ માસના અંકમાં આપેલા ટૂંક સાર પછી વાર્તા આટલી આગળ વધી છે: ઇન્સ્પેક્ટર જાવર્ટથી બચીને ફોસેટ સાથે નાસી છૂટેલો જીન વાલજિન છેવટે એક ગલીમાં અંતરાઈ જાય છે. પણ પછી હાથ અને પગની તાકાતથી પી૦-ના મઠની બહારની દીવાલના ખૂણાને આધારે અધ્ધર ચડી, ફોસેટ સાથે અંદર ઊતરી જાય છે. અંદર તેને માળી તરીકે કામ કરતો બુઢ્ઢો ફેશલવેં મળે છે. પોતે મ૦ શહેરનો નગરપતિ મોં. મેડલીન હતો ત્યારે જીન વાલજિને જ તેને ગાડા નીચેથી બચાવીને આ મઠમાં નોકરી અપાવી હતી. પી૦-નો મઠ સાધ્વીઓનો મઠ હોઈ, તેમાં એ ડોસા સિવાય બીજો કોઈ પુરુષ રહેતો નથી.]

૩૨

ફેશલવેંની મૂંઝવણ

ફેશલવેં સૂતો સૂતો પોતાનું માથું ખંજવાળવા લાગ્યો. મઠની આવી ઊંચી સીધી ભીંતો કૂદીને એક બાળક સાથે બહારનો કોઈ પણ જીવતો માણસ અંદર શી રીતે આવી શકે, એ તેના માથામાં ઊતરતું જ ન હતું.

ફેશલવેંનું માથું જેમ જેમ વધુ ગૂંચવાતું ગયું, તેમ તેમ તે માત્ર એક જ નિર્ણય ઉપર જોરથી આવવા લાગ્યો: "મેડલીન બાપુએ મારો જીવ બચાવ્યો છે, હવે બદલો વાળવાનો મારો વારો છે. ભલેને તે ખૂન કરીને નાસી આવ્યા હોય - મારે શી પંચાત? ભલે ને તે ધાડ પાડીને નાસી આવ્યા હોય - મારે શી પંચાત?"

પણ સવાલ એ હતો કે બાપુને મઠમાં રાખવા શી રીતે? આ મૂંઝવણથી પણ ફેશલવેં ડોસો છેક હતાશ થયો નહિ. આખી જિંદગી તેણે પોતાના સ્વાર્થ સિવાય બીજી કશી વાતનો વિચાર કર્યો ન હતો; અને હવે તેની લંગડી-અપંગ જિંદગીના છેવટના દિવસોમાં તેને જ્યારે દુનિયામાં કશો રસ જ બાકી રહ્યો ન હતો, ત્યારે કૃતજ્ઞતા દાખવવાનો, અને એક ઉપયોગી સારું કામ કરવાનો આનંદ અચાનક તેની સામે આવીને ઊભો રહ્યો હતો. ફેશલવેં તેને હાથમાંથી જવા દઈ શકે તેમ ન હતું.

સવાર થતાં થતામાં અચાનક આંખ ઊઘડતાં જ, મેડલીન બાપુને પથારીમા બેઠેલા તથા ઊંઘતી ફોસેટ તરફ જોતા જોઈને ફેશલવેં પણ બેઠો થઈ ગયો, અને માથું હલાવતો બોલી ઊઠ્યો:

"મેડલીન બાપુ, તમે આવ્યા છો એક ભારે નસીબદાર ઘડીએ; જોકે મારે કહેવું તો જોઈએ - 'કમનસીબ ઘડીએ.' કારણ કે, અમારી સાધ્વીઓમાંથી એક આજે મરણપથારીએ પડેલી છે; અને તેથી ચાલીસ કલાકની પ્રાર્થના તેને માટે ચાલે છે. તે મરી જશે તો પાછી મરણ પછીની લાંબી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાર્થના ચાલશે. એટલે આજે તો આ તરફ કોઈ આવવાનું નથી એ નક્કી."

"પણ આ ઝૂંપડી ખૂણામાં છે, અને ખંડેરની અને ઝાડોની પાછળ આવેલી છે; એટલે મઠમાંથી અહીંનું કશું દેખાય તેવું નથી."

"પણ પેલાં નાનાં ભૂતડાં છે ખરાં ને?"

"ક્યાં નાનાં ભૂતડાં?"

ફેશલવેં તેનો જવાબ આપવા મોં ઉઘાડે ત્યાં પહેલાં તો ઘંટ વાગ્યો.

"જુઓ, પેલી સાધ્વી મરી ગઈ, તેનો આ ઘંટ વાગ્યો. તેનું મડદું દેવળની બહાર જશે ત્યાં સુધી ૨૪ કલાક લગી આ ઘંટ હવે મિનિટે મિનિટે વાગ્યા કરશે. અરે, રાતનાં કલાકમાં એ બધાં રમવા નીકળે છે; અને એકાદ દડો સહેજ ન જડ્યો, એટલે મનાઈ હોવા છતાં તેઓ અહીં સુધી અમસ્તાં પણ દોડી આવવાનાં અને બધે ભોળાભોળા કરવાનાં. એ ભૂતડાંથી તો તોબા."

"ક્યાં ભૂતડાં?"

"અરે પેલી ભણનારી ડીમચીઓ. હું ખાતરીથી કહું છું કે, તેઓ તરત તમને જોઈ કાઢશે અને પછી ખૂમો પાડવા માંડશે, 'અરે બાપરે, અહીં કોઈ માણસ છે!' પણ આજે તો નિરાંત છે. આજે પ્રાર્થનાઓ ચાલશે એટલે નાનાં છોકરાંને પણ રાત પડવાની નથી."

"હવે સમજ્યો; તું નિશાળનાં છાત્રોની વાત કરે છે, ખરું ને?"

અને પછી અચાનક જીન વાલજિન પોતાના મનમાં વિચારવા લાગ્યો કે, "કોસેટને ભણવાની કેવી સારી સગવડ છે!"

પણ ફેશલવેં પોતાની અકળામણ વ્યક્ત કરતો આગળ બોલવા લાગ્યો, "અરે, એમને છાત્રો કોણ કહે વળી! તેઓ તો ડાકણોની પેઠે તમને જમીનમાંથી પણ સૂંઘી કાઢશે, અને પછી દોટ મૂકશે. અહીં કોઈ પુરુષ હોવો એટલે જાણે કે પ્લેગ આવ્યો. જોતા નથી મને જ બળદિયાની પેઠે ધૂધરા બાંધી રાખ્યા છે તે!"

જીન વાલજિને થોડી વાર ઊંડો વિચાર કર્યો. પછી તે ગણગણ્યો, "આ મઠ જરૂર મને જીવતદાન આપશે." પછી તે મોટેથી બોલ્યો, "હા, પણ મુશ્કેલી અંદર રહેવાની છે."

"ના," ફેશલવેં બોલ્યો, "મુશ્કેલી બહાર જવાની છે."

જીન વાલજિનના હૃદયમાં લોહી ધસી આવ્યું.

"બહાર જવાની?"

"હા, મેડલીન બાપુ. પાછા અંદર આવવા માટે તમારે એક વાર બહાર તો જવું જ પડશે. તમે જે રસ્તે થઈને અંદર આવ્યા તે રસ્તે થઈને ફરી બહાર ન જઈ શકો?"

"અશક્ય."

એટલામાં જ બીજી જાતનો ઘંટ વાગવાનો અવાજ આવ્યો. ફેશલવેં મઠના ઘંટની ભાષા બરાબર સમજતો હતો. તે બોલ્યો, "જુઓ સુધરાઈના અમલદારોને ખબર મોકલાય છે કે તેમનો ડોકટર આવીને મોતનું સર્ટિફિકેટ કાઢી આપે. પણ આ વખતે આ લોકો આટલી ઉતાવળ કેમ કરે છે? પણ ઠીક, આ બચીનું નામ શું?"

"કોસેટ."

"તેને બહાર લઈ જવી એ તો સહેલું છે. હું તેને મારી પીઠ ઉપરના થેલામાં ઘાલીને લઈ જઈશ. તેને તમે ચૂપ રહેવાનું કહી દેજો. બહાર મારી એક નૂની ઓળખીતી ફળવાળી બુઢ્ઢી રહે છે. તે બહેરી છે, અને તેના ઘરમાં બીજું કોઈ નથી. તેના કાનમાં બરાડો પાડીને હું તેને સમજાવી દઈશ કે, બચીને કાલ સુધી તેના ઘરમાં રાખે. પછી તમારી સાથે બચી પણ મઠમાં પાછી આવશે; કારણ કે હું તમને પાછા મઠમાં જ લાવવા માગું છું. પણ તે માટે તમારે પ્રથમ બહાર નીકળવું જોઈએ, એનું શું?"

જીન વાલજિન ડોકું ધુણાવવા લાગ્યો. ફેશલવેં પણ પોતાની કાનપટ્ટી આમળવા લાગ્યો. તેવામાં ત્રીજી જાતનો ઘંટનાદ થયો.

"લો, ડોકટર પાછો જાય છે. હવે મડદાપેટી સરકાર તરફથી આવશે. તે પેટીમાં મડદું મુકાઈ જશે એટલે પછી મારે જઈને ખીલીઓ ઠોકી તેનું ઢાંકણ જડી દેવાનું. પછી તે પેટીને બીજે દિવસે અવલમંજલ પણ મારે પહોંચાડી આવવાની."

સૂર્યનું એક ત્રાંસું કિરણ હવે આવીને ઊંધતી કોસેટના મોં ઉપર ખેલી રહ્યું હતું. કોસેટના હોઠ સહેજ ઊઘડ્યા હતા, અને પ્રકાશ ઝીલતા દેવદૂત જેવી તે શોભી રહી હતી. જીન વાલજિન તે દર્શનથી પોતાના વિક્ષુબ્ધ ચિત્તમાં કંઈક શાંતિ મેળવવા લાગ્યો. ફેશલવેં ડોસો પોતાનું સ્મશાનપુરાણ આગળ ચલાવતો બોલ્યો:

"સાધ્વીઓ માટેની કબર વૉગી૰ ના કબ્રસ્તાનમાં જ ખોદવામાં આવે છે. મારો મિત્ર મેસ્ટ્રીન બાપુ ત્યાં ઘોરખોદુનું કામ કરે છે. અહીંની સાધ્વીઓને રાત પડ્યે ત્યાં દાટવા લઈ જવાની ખાસ પરવાનગી છે—"

એટલામાં ચોથી જાતનો ઘંટ વાગ્યો. ફેશલવેં તરત ઊભો થઈ ગયો અને બોલ્યો:

"આ વખતે ઘંટ મારે માટે વાગે છે. અધ્યક્ષ-માતા મને બોલાવી રહ્યાં છે. હું જાઉં છું. મેડલીન બાપુ, જરા પણ આધાપાછા ન થતા; હું પાછો આવું ત્યાં સુધી ચોભજો. કંઈક અવનવું બનતું હોય એમ લાગે છે. ભૂખ લાગે, તો પેલી રોટી, અને પેલું પનીર છે."

અને, "આવ્યો, આવ્યો" બોલતો તે ખોડંગતો ખોડંગતો ઝૂંપડીની બહાર દોડી ગયો.

દશ મિનિટ બાદ અધ્યક્ષ-માતાની સમક્ષ પહોંચી તેણે નીચું નમન કર્યું. તે માળા ફેરવતાં હતાં.

"ઓહો, ફેવેં ડોસા કે?"

'ફેવેં' એ ટૂંકા નામથી મઠમાં તેને સૌ કોઈ બોલાવતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા, માતાજી."

"મેં તમને બોલાવ્યા હતા; મારે કંઈ વાત કરવી છે."

"ભલે માતાજી, હું આપની સેવામાં હાજર છું. પરંતુ આપની પરવાનગી હોય તો મારે પણ એક વાત આપને કરવાની છે."

"ઠીક, પહેલી તમારી વાત કહો."

ફ્રેાશલવેં ડોસો 'ઠંડા મિજાજ'વાળો માણસ હતો. મઠમાં ગાળેલાં બે વર્ષ દરમ્યાન તેણે પોતાની રીતે પોતાના કામમાં ભારે સફળતા પ્રાપ્ત કરી હતી. મઠના આ બધા બુરખાધારી ઓળાઓ તેનાથી અતિ દૂર હતા; છતાં સતત લક્ષ આપીને તથા નિરીક્ષણ કરીને તેણે એ ઓળાઓની પૂરતી ઓળખ પ્રાપ્ત કરી લીધી હતી. જુદા જુદા બધા ઘંટાનાદનો અર્થ તે સમજી ગયો હતો, એટલે મઠની નાની મોટી બધી પ્રવૃત્તિઓ તેની નજર સમક્ષ ચાલતી હોય તેવી તેને સ્પષ્ટ થઈ ગઈ હતી. ફ્રેાશલવેં બધું જાણવા છતાં, બધું પેટમાં રાખી શકતો; અને એ એની ખાસ ખૂબી હતી. વળી તે બહુ નિયમિત હતો, અને બાગબગીચાના કામસર જવું પડે તેટલા પૂરતો જ એ મઠની દીવાલોની બહાર નીકળતો. આવો મૂંગો તથા એકલવાયો માણસ મઠની સાધ્વીઓને ભરોસાલાયક બની રહે એમાં નવાઈ નથી.

ફ્રેાશલવેંએ પોતાની કિંમત સમજનારા નોકરની ગામઠી અદાથી અધ્યક્ષ-માતા આગળ પોતાની વૃદ્ધાવસ્થાની, પોતાની અશક્તિની, આગામી વર્ષોની, વધતા જતા કામકાજની, ઠંડી હિમભરી રાતોની કે જે દરમ્યાન બધાં કોળાંને ઢાંકી દેવાં પડે છે,– વગેરે વાતો કાઢી અને અંતે જણાવ્યું કે, "મારો એક ભાઈ છે (અધ્યક્ષ-માતા અહીં આગળ ચમકી ઊઠ્યાં), જે જુવાન નથી (બીજી ચમક, પણ પહેલી જેવી ભયભરી નહિ), અને તેને જો પરવાનગી મળે તો તે મઠમાં આવીને મારી સાથે રહે અને કામકાજમાં મને મદદ કરે. મારો ભાઈ બાગકામ બહુ સારું જાણે છે, અને મારા કરતાં પણ મઠને વધુ ઉપયોગી થાય તેવો છે; અને તેને જો હવે મારી મદદે નહિ લાવવામાં આવે, તો પછી મારે નાછૂટકે મઠની આ ઉત્તમ નોકરી જતી કરવી પડશે. કારણ કે, આ મઠમાં પૂરતી સેવા ન બજાવી શકે તેવા માણસે પોતે જ રહેવું ન જોઈએ. મારા ભાઈને વળી એક નાની દીકરી છે, જે અહીં જ ભણશે; અને સંભવ છે કે, ભવિષ્યમાં તે સાધ્વી પણ બને." ફ્રેાશલવેંનું બોલવાનું પૂરું થયું કે તરત અધ્યક્ષ-માતા હાથમાંની માળા થોભાવીને બોલ્યાં:

"આજ સાંજ સુધીમાં તમે એક લાંબી મજબૂત કોશ મેળવી શકશો?"

"શું કરવા માટે?"

"ભોંયતળમાંથી એક મોટો પથરો ઊંચો કરવા માટે."

"હા, માતાજી."

અધ્યક્ષ-માતા એ જવાબ સાંભળી તરત જ ઊઠીને એક શબ્દ પણ બોલ્યા વિના સીધાં પાસેના ઓરડામાં ચાલ્યાં ગયાં; જ્યાં સાધ્વીમંડળ એકઠું થયું હતું.

૩૩

ફ્રૂસી૦માતાની અંતિમ ઇચ્છા

પાએક કલાક પછી અધ્યક્ષ-માતા ફ્રેાશલવેં ઊભો હતો તે ઓરડામાં પાછાં આવ્યાં અને પોતાને આસને બેઠાં. બંને જણ પોતપોતાના વિચારમાં મશગૂલ હતાં.

"ફ્રેાવેં ડોસા, તમને મંદિરગૃહની તો ખબર છે ને?

"હા જી, પ્રાર્થના વખતે ત્યાં મારે બેસવા માટે પાંજરું છે."

"ત્યાં વેદી પાસેનો એક પથ્થર ઉપાડવો પડશે."

"નીચેના ભોંયરાના મોં ઉપરનો? એ માટે તો બે માણસ જોઈએ."

"એસે૦માતા પુરુષ જેટલાં જબરાં છે; તે મદદમાં રહેશે."

"ભલે, હું ભોંયરું ઉઘાડીશ; પછી શું કરવાનું?"

"ફ્રેાવેં, અમે તમારા ઉપર વિશ્વાસ મૂકીએ છીએ."

"હું પણ મઠનું કામ કરવા ખડે પગે તૈયાર છું."

"અને દરેક કામ બાબત જીભ બંધ રાખવા પણ."

"જી."

"તો પછી, ભોંયરું ઉઘાડ્યા બાદ, બંધ કરતા પહેલાં તેમાં તમારે કશું ઉતારવાનું છે."

થોડી વાર ચુપકીદી છવાઈ રહી. પછી કંઈક આનાકાની સાથે બોલતાં હોય તેમ હોઠ ફરકાવી, અધ્યક્ષ-માતા બોલ્યાં—

"ફ્રેાવેં ડોસા, તમે કદાચ જાણતા હશો કે, એક સાધ્વી-માતા આજ સવારે ગુજરી ગયાં છે; અને તે બીજાં કોઈ નહિ પણ ફ્રૂસી૦માતા. ત્રણ વર્ષ પહેલાં જ તેમને પ્રાર્થના કરતાં જોઈને જ મેડમ બેથુ૦ જેવીનો હૃદયપલટો થઈ ગયો હતો. મૃત્યુ બાદ પણ ફ્રૂસી૦માતા એવા અનેક ચમત્કાર કરશે, એમ અમે સૌ માનીએ છીએ."

"જરૂર કરશે."

"ફ્રેાવેં ડોસા, ફ્રૂસી૦માતા રોજ જે કોફીનમાં પથારી કરીને સૂતાં, તે કોફીનમાં જ તેમને દાટવાનાં છે."

"એમ જ ઘટે."

"પ્રાર્થના કરનારી ચાર બહેનો તમારી મદદમાં રહેશે."

"કોફીનને ખીલા ઠોકવામાં? મારે તેમની જરૂર નથી."

"ના, ના, તે કોફીનને નીચે ઉતારવામાં."

"ક્યાં?"

"ભોંયરામાં?"

"કયા ભોંયરામાં?"

"વેદી નીચેના."

ફ્રેાશલવેં ચોંકા ઊઠ્યો.

"આપણે મરેલાના હુકમનું પાલન કરવું જોઈએ. ફ્રૂસી૦ માતાની એ છેલ્લી ઇચ્છા હતી. જીવતોજીવત જ્યાં તેમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાર્થના કર્યા કરી હતી, ત્યાં જ મૂઆ બાદ કાયમના સૂવાની તેમણે ઇચ્છા બતાવી છે — અમને તેમણે એ મુજબ આદેશ જ આપ્યો છે."

"પણ સરકારની મના છે ને?"

"માણસની મના છે, ઈશ્વરની પરવાનગી છે."

"પણ એ વાત બહાર પડી જાય તો?"

"અમને તમારામાં વિશ્વાસ છે."

"ભલે, મને મઠની દીવાલનો એક પથ્થર જ ગણી લેજો."

"તો, એ વાત નક્કી?"

"હા, માતાજી."

"અમે તમારા ઉપર ભરોંસો રાખીએ?"

"હું આપનો હુકમ માથે ચડાવીશ."

"તમે કોફીનને ખીલા ઠોકી લેશો, એટલે બહેનો તેને મંદિરમાં લઈ જશે. પછી બીજે વિધિ પૂરો થતાં અમે બધાં મઠમાં ચાલ્યાં જઈશું. ત્યાર બાદ રાતના અગિયાર અને બારની વચ્ચે તમે કોશ લઈને આવજો અને પછીનું બધું પૂરેપૂરી ગુપ્તતાથી પતવી દેવાશે. પ્રાર્થના કરનારી ચાર બહેનો, એસે૦માતા, તથા તમે એટલાં જણ જ ત્યાં હાજર હશો."

"ભલે, હું આપના હુકમ મુજબ બધું કરીશ; કોફીન નીચે ઉતાર્યા બાદ પથરો પાછો બરાબર ગોઠવી દઈશ. એટલું જ ને?"

"ના."

"પછી શું?"

"પેલું સરકારી કોફીન!"

એ એક મુશ્કેલી ખરી. બંને જણ વિચારમાં પડી ગયાં.

"ફેવે ડોસા, એ બીજા કોફીનનું શું થાય?"

"તેને તો સ્મશાનમાં લઈ જઈ દાટવું જ જોઈએ."

"હા, પણ કોફીન ઊંચકનારા તે ખાલી છે એમ જાણી જાય તો?"

"હું તેમાં માટી ભરી કાઢીશ; એટલે ઊંચકનારાઓને તે ખાલી નહિ લાગે."

"ખરી વાત; માણસનું શરીર પણ માટી જ છે. તો ખાલી કોફીન સ્મશાનમાં જાય અને દટાય ત્યાં સુધીનું બધું તમારે બરાબર પતવવાનું."

"હા જી, એ મારે માથે."

અધ્યક્ષ-માતાનું મોં હવે કંઈક પ્રસન્ન થયું. તેમણે થોડી વાર બાદ ફેશલવેને ચાલ્યા જવાની નિશાની કરી. તે ચાલવા લાગ્યો, એટલે અધ્યક્ષ-માતાએ પોતાનો સૂર જરા ઊંચો કરીને કહ્યું —

"ફેવે ડોસા, મને તમારી વર્તણૂકથી સંતોષ થયો છે. કાલે દફનક્રિયા પૂરી થયા બાદ તમે તમારા ભાઈને મારી પાસે લાવજો, અને તે તેની દીકરીને પણ સાથે લાવે એમ કહેજો."

૩૪

બચવાને માર્ગે!

ફેશલવેં પોતાની ઝૂંપડીએ પાછો આવ્યો ત્યારે જીન વાલજિન કોસેટને સમજાવતો હતો કે, "થેનારડિયર બાનુ ફરી કદી આપણને શોધી ન કાઢે તે માટે આપણે આ મઠમાં જ કાયમ રહેવાનું છે; પરંતુ તે માટે એક વખત આપણે છાનામાના બહાર જવું પડે તેમ છે. આ ફેશલવેં કાકા તને પીઠ ઉપરના થેલામાં ઊંચકીને બહાર લઈ જશે, અને એક બુઢ્ઢી કાકીને ત્યાં રાખશે. તું થેલામાં જરા પણ હાલીશ નહિ કે અવાજ કરીશ નહિ; પછી હું તરત તને અહીં પાછી લઈ આવીશ."

કોસેટે ગંભીરતાથી ડોકું હલાવ્યું. પછી ફેશલવેંના આવવાનો અવાજ સાંભળી, જીન વાલજિને તેના સામું ફરીને પૂછ્યું —

"કેમ, શું થયું?"

"બધું એવું બરાબર ગોઠવાયું છે કે ન પૂછો વાત. તમને આ બચી સાથે મઠમાં લાવવાની પરવાનગી પણ મને મળી ચૂકી છે. પણ અંદર આવવા માટે તમારે બહાર તો હોવું જોઈએ ને! આ બચીની વાતની તો કશી મુશ્કેલી નથી."

"તમે તેને ઊંચકી જશો ને?"

"તે બરાબર ચૂપ રહેશે?"

"એની જવાબદારી મારે માથે."

"તો પછી તમારું શું, મેડલીન બાપુ?"

ઇતેજારીભરી ચુપકીદી બાદ ફેશલવેં બોલ્યો:

"તમે અંદર આવ્યા એ રસ્તે એક વાર બહાર ન જઈ શકો?"

"અશક્ય."

ફેશલવેં હવે જીન વાલજિનને કહેતો હોવાને બદલે પોતાની જાતને કહેતો હોય એમ બબડવા લાગ્યો —

"અને બીજી પીડા પણ છે. મેં કહ્યું કે હું અંદર માટી ભરીશ. પણ હવે વિચાર કરતાં મને લાગે છે કે, શરીરને બદલે માટી ભરવાથી કામ ન ચાલે. કારણ કે, માટી એક-બાજુથી બીજી બાજુ સરકયા કરે, અને ઊંચકનારા જાણી જાય. સમજ્યાને, મેડલીન બાપુ! સરકારને એ કાવતરાની ખબર પડી જ જાય."

જીન વાલજિન કશું ન સમજવાથી તેના મોં સામું જોઈ રહ્યો. પછી ફેશલવેં ડોસાએ બધી વાત માંડીને કહેવા માંડી. સરકારના હુકમનો ભંગ કરી ફૂસી૦ માતાની અંતિમ ઇચ્છા પાર પાડી આપવા બદલ અધ્યક્ષ-માતા તેના ભાઈને અને તેની ભત્રીજીને મઠમાં રાખવા કબૂલ થયાં છે. પણ મેડલીન બાપુ બહાર જ ન હોય તો પછી તેમને અંદર લાવવા શી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે? એ થઈ પહેલી મુશ્કેલી; અને બીજી મુશ્કેલી બાલી કૉફીનની પણ ખરી.

"એમાં કશુંક મૂકી દો ને?

"મરેલું માણસ? મારી પાસે એવી કોઈ વસ્તુ નથી."

"તો પછી, જીવતું માણસ!"

"કોને?"

"મને, વળી!"

ફેશલવેં ઊછળીને ઊભો થઈ ગયો.

"તમને?"

"શા માટે નહિ? મારે અહીંથી બહાર તો જવું જ જોઈએ ને?"

"અલબત્ત!"

"રાને એ કૉફીનના ઓરડામાં છાનામાના મને લઈ જવાય એવું છે કે નહિ?"

"છે."

"એમાં મને સુવાડ્યા પછી કૉફીનનું ઢાંકણ ખીલા વડે બંધ થઈ શકે કે નહિ?"

"થઈ શકે; પણ કાલ બપોરે ત્રણ વાગ્યે એ કૉફીન ઉપાડનારા આવે અને છેક રાત પડ્યે એ કૉફીન સ્મશાનમાં પહોંચે; ત્યાં સુધી તમે શ્વાસ લીધા વિના જીવતા રહો શી રીતે?"

"મોંના ભાગ આગળ પાટિયામાં ઘોડાં કાણાં પાડી રાખવાં; અને પાટિયું જડતી વખતે જરા ઊંચું રહેવા દેવું."

"પણ તમને ખાંસી આવે કે છીંક આવે તો?"

"નાસી છૂટવા માગતા માણસને એવું કશું ન થાય." પછી જીન વાલજિને ઉમેર્યું —

"ફેશલવેં બાપુ, આપણે કંઈક કરવું જ પડશે. અહીં પકડાઈને મરવું એના કરતાં કૉફીનમાં બહાર જવું શું ખોટું?"

"હા, એ સિવાય બીજો કશો રસ્તો પણ દેખાતો નથી."

"મને ચિંતા એક જ વાતની છે; સ્મશાનમાં પહોંચ્યા પછીનું શું?"

"એ વાતની મને જરા પણ ચિંતા નથી. ઘોરખોદિયો ડોસો મારો દોસ્ત છે, અને પાકો ગરાડી છે. હું તેને કહીશ: 'પીઠું બંધ થાય તે પહેલાં ચાલ જરા ગળું ભીંજવી આવીએ.' એ જરૂર પીઠામાં આવશે જ. હું તેને દારૂથી તરબોળ કરી દઈને ટૂંણકું બનાવી દઈશ; અને પછી એકાદ ટેબલ નીચે સરકાવી દઈશ. ત્યાર બાદ તેના બીસામાંથી કબ્રસ્તાનનો પરવાનો કાઢી લઈ, એકલો કબ્રસ્તાનમાં આવી પહોંચીશ. મારી પાસે તો મારો પરવાનો હશે જ. પછી, એ પરવાનાઓથી આપણે બે જણ ચપટીમાં કબ્રસ્તાનની બહાર નીકળી જઈશું."

જીન વાલજિને પોતાનો હાથ લાંબો કર્યો; ફેશલવેં ડોસાએ ભક્તિભાવથી ગદ્‌ગદ થઈ, તે હાથ પોતાના હાથમાં લીધો અને દબાવ્યો.

બીજે દિવસે સૂરજ આથમવા આવ્યો તે અરસામાં સ્મશાનને રસ્તે એક કૉફીન-ગાડી ધીમે ધીમે આગળ વધતી હતી. રસ્તે જનારાઓ તેને ટોપો ઉતારી સલામ કરતા હતા. પાછળની ગાડીમાં પાદરી બેઠેલો હતો અને બાકીના સરઘસની પાછળ છેવટે એક માણસ ખોડંગતો ચાલતો હતો.

સરઘસ વૉગી૦ ના કબ્રસ્તાન તરફ આગળ વધ્યું. અગાઉ જણાવ્યા પ્રમાણે પી૦ —ના મઠની સાધ્વીઓને માટે આ કબ્રસ્તાનમાં એક જુદો ખૂણો અનામત રાખવામાં આવ્યો હતો, અને ત્યાં તેમનાં શબ રાતે દાટવાની ખાસ પરવાનગી હતી. પોલીસ-ધારા હેઠળ પૅરીસનાં બીજાં કબ્રસ્તાનોની પેઠે આ કબ્રસ્તાનના દરવાજા પણ રાત પડ્યે બંધ જ થઈ જતા. સાધ્વીઓના શબ માટે જે ઘોરખોદુઓ ખાસ પરવાનગીથી અંદર રહેતા, તેમને પછી બહાર નીકળવા માટે એક જ માર્ગ રહેતો — તેમના પરવાનાનો. એ પરવાના તેમને સુધરાઈ તરફથી ખાસ કાઢી આપવામાં આવતા. દરવાનની ઓરડી દરવાજાને જ અડીને જ હતી; તથા તેની બારીમાં ટપાલ-પેટીના મોં જેવું બાકું હતું. જે ઘોરખોદુ અંદર રહ્યો હોય તે બહાર જવાનો થાય, ત્યારે એ બાકામાંથી પોતાનો પરવાનો અંદર નાખે. દરવાન ટપાલપેટીમાં કાર્ડ પડતું સાંભળે એટલે દોરી ખેંચે અને દરવાજાની એક નાની બારી ઊઘડે, જેમાં થઈને પેલો બહાર નીકળી જાય. જો કોઈ ઘોર-ખોદુ પાસે કાર્ડ ન હોય, તો તે પોતાનું નામ બોલે એટલે દરવાન બહાર નીકળી તેને ઓળખી જુએ, અને પછી કૂંચી વડે દરવાજો ઉઘાડી તેને બહાર જવા દે; પણ એ ઘોરખોદુને ૧૫ ફ્રાંક દંડ થાય.

સૂર્ય હજી આથમ્યો નહોતો, અને કૉફીન-ગાડી કબ્રસ્તાનના દરવાજાવાળા લત્તામાં દાખલ થઈ. પેલો ખોડંગતો માણસ બુઢ્ઢો ફેશલવેં જ હતો. ફૂસી૦માતાના શબને વેદી નીચેના ભોંયરામાં ઉતારી દેવું, કોસેટને ભોંયરામાં બહાર મૂકી આવવી, જીન વાલજિનને કૉફીનમાં ગુપચુપ પૂરી દેવો વગેરે બાબતો જરા પણ મુશ્કેલી વિના પતી ગઈ હતી. એટલે બુઢ્ઢો ફેશલવેં કૉફીન-ગાડી પાછળ ભારે સંતોષપૂર્વક ખોડંગતો હતો.

૩૫

માણસ ધારે કંઈ —

અચાનક કૉફીન-ગાડી ઊભી. દરવાજે આવી ગયો હતો. સાધ્વીઓના ખૂણામાં શબ દાટવાનો પરવાનો બતાવવામાં આવ્યો. દરવાન જોડે આ બધી વાટાઘાટ ચાલતી હતી, તેવામાં એક અજાણ્યો માણસ કૉફીન-ગાડી પાછળ આવીને ફેશલવેંની બાજુએ આવીને ઊભો રહ્યો. તે મજૂર જેવો લાગતો હતો. તેણે પહોળાં ખિસ્સાંવાળું જાકીટ પહેર્યું હતું અને તેની બગલમાં એક પાવડો હતો.

ફેશલવેં એ અજાણ્યા તરફ જોઈને બોલ્યો —

"તું ભાઈ કોણ છે?"

"ઘોરખોદુ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો કોઈ માણસની છાતીની વચ્ચે તોપનો ગોળો વાગે અને તે જીવતો રહે, તો તેનું મોં બુઢ્ઢા ફ્રેાશલવેંના મોં જેવું થાય.

"પણ ધોરખોદુ તો મૅસ્ટ્રીન બાપુ છે."

"હતો."

"કેમ, હતો?"

"તે મરી ગયો, એટલે."

ધોરખોદુ પણ મરી જાય, એ બાબત સિવાય બીજી કોઈ પણ બાબત માટે બુઢ્ઢો ફ્રેાશલવેં તૈયાર હતો. મહા-પ્રયત્ને તોતડાતો એ એટલું જ બોલી શક્યો —

"વાહ, એ તે કંઈ બને?"

"કેમ વળી? નેપોલિયન પછી લુઈ અઢારમો; અને મૅસ્ટ્રીન પછી ગ્રીબિયર. ડોસા, મારું નામ ગ્રીબિયર છે."

ફ્રેાશલવેં ફીકો પડી ગયો હતો. તે ગ્રીબિયર તરફ જોઈ રહ્યો અને પછી અચાનક હસી પડીને બોલ્યો,

"લે, કેવી નવાઈની વાતો બને છે! મૅસ્ટ્રીન બાપુ મરી ગયા; ભલે મૅસ્ટ્રીન બાપુ ગયા. તે મારા દિલોજાન દોસ્ત હતા; પણ તુંય મારો દોસ્ત જ છે ને! ચાલ આપણી દોસ્તી આજથી જ લાલ પાણી વડે પાકી કરીએ."

પેલાએ જવાબ આપ્યો, "બુઢ્ઢા, હું તો ભણેલો છું, હું દારૂ પીતો નથી."

કોફીન-ગાડી હવે આગળ વધવા લાગી હતી. ફ્રેાશલવેં છેક જ બોડંગવા લાગી ગયો. ધીમેથી ચાલતાં તેણે ગ્રીબિયરને પગથી માથા સુધી નીરખી લીધો; અને પછી ઘૂમ પાડીને કહ્યું, "દોસ્ત, હું મઠનો ધોરખોદુ છું."

"મારો સાથીદાર," પેલાએ જવાબ આપ્યો.

"તો, મૅસ્ટ્રીન બાપુ ગુજરી ગયા?"

"પૂરેપૂરા," પેલાએ જવાબ આપ્યો. "ભગવાને પોતાનો ચોપડો ઉઘાડ્યો અને મૅસ્ટ્રીન ડોસાનું ખાતું પનેલું જોયું એટલે તરત ફાડી નાખ્યું."

"પણ, આપણે દોસ્તી કરવાની છે કે નહિ?"

"દોસ્તી તો થઈ ગઈ; તું છે ગામડા ગામનો અને હું છું તળ પૅરીસનો."

"પણ જ્યાં સુધી સાથે બેસીને પીએ નહીં, ત્યાં સુધી એકબીજાની ઓળખાણ થઈ જ ન કહેવાય. માણસ પ્યાલો પ્યાલો કરે ત્યારે જ દિલ પણ ખાલી થાય. તારે મારી સાથે આવવું જ પડશે; આ માગણી પાછી ઠેલાય જ નહિ."

"કામ પહેલું, બીજી વાત પછી."

ફ્રેાશલવેં સમજી ગયો કે, હવે આવી બન્યું. સાધ્વીઓના ખૂણામાં પહોંચવાને હવે થોડાં ડગલાં જ બાકી રહ્યાં હતાં. પેલા ધોરખોદુએ ઉમેર્યું —

"ડોસા, મારે સાત છોકરાં ખવરાવવાનાં છે; તેમની ભૂખ જ મારી તરસને સૂકવી નાખે છે."

ફ્રેાશલવેંએ પોતાની ઝડપ ઘટાડી હતી; પણ તેથી કોફીન-ગાડીની ઝડપ શી રીતે ઘટે? ફ્રેાશલવેં પેલા ધોરખોદુની નજીક જઈને બોલ્યો —

"એવો સરસ દારૂ સામેની વીશીમાં મળે છે!"

અહીં એક વાત કહી દેવી જરૂરી છે. અત્યાર સુધી દારૂ પીવાની દરખાસ્ત ફ્રેાશલવેંએ કરી હતી, પણ પૈસા કોણ ચૂકવે એ તેણે જણાવ્યું ન હતું. હંમેશાં દારૂ પીવાની વાત ફ્રેાશલવેં જ ઉપાડતો, પણ પૈસા તો બુઢ્ઢો મૅસ્ટ્રીન ચૂકવતો.

બોદેલી કબરના ઢગલા પાસે જઈને હવે ગાડી ઊભી રહી. ફ્રેાશલવેંના કપાળેથી પરસેવાના ટીપાં સર્યે જતાં હતાં. કોફીનની પેટીને દોરડું બાંધી અંદર ધોરમાં ઉતારવામાં આવી; પાદરીએ પ્રાર્થનાના છેલ્લા બોલ ઉચ્ચાર્યા અને પછી સૌ વિદાય થયા. પેલા ધોરખોદુએ હવે પાવડો ઊંચો કર્યો અને માટીના ઢગલામાં જોરથી ખૂંપાવીને માટી સરકાવી. ફ્રેાશલવેંએ હવે છેવટનો મહાન નિર્ણય કરી લીધો, અને કબર તથા ધોરખોદુની વચ્ચે આવીને તે બોલી ઊઠ્યો —

"પૈસા હું ચૂકવીશ."

ધોરખોદુ નવાઈ પામી તેની સામે જોઈ રહ્યો અને બોલ્યો,

"શું છે, બુઢ્ઢા?"

"દારૂના પૈસા હું ચૂકવીશ."

"હવે છાનો મર, કામ કરવા દે." અમ કહીને ધોર-ખોદુએ બીજો પાવડો ભરીને માટી સરકાવી. એ બીજા પાવડાની માટીના અવાજે ફ્રેાશલવેંના પગ ધ્રૂજી ગયા અને તે અંદર પડતો પડતો રહી ગયો. તેણે મોતની ચીસ જેવા અવાજે કહ્યું, "ભાઈ, વીશી બંધ થાય ત્યાર પહેલાં ચાલ; પૈસા હું આપીશ." પરંતુ સાથે સાથે ફ્રેાશલવેંને મનમાં ખાતરી થવા લાગી હતી કે, એ દારૂ પીવા આવશે તોપણ ભાન ભૂલે એટલું હરગિજ પીવાનો નથી.

પેલાએ જવાબ આપ્યો, "ડોસા, તું આટલો આગ્રહ કરે છે, તો હું આવીશ; પણ કામ પૂરું કર્યા પછી, પહેલાં નહિ." એમ કહી તેણે ત્રીજો પાવડો ભર્યો.

ફ્રેાશલવેંએ તેનો હાથ પકડી લઈને કહ્યું, "અરે યાર ખરો આરજંટી દારૂ મળે છે."

"અલ્યા, તું તો ઘંટની પેઠે એક ને એક વાત રણકયા કરે છે. જા, તું તારી મેળે જઈને પી આવ."

ફ્રેાશલવેં હવે એવી સ્થિતિએ આવી પહોંચ્યો હતો કે જ્યાં પોતે શું બોલે છે તેનું ભાન માણસને હોતું નથી.

"પણ તું ચાલ; કારણ કે હું પૈસા આપવાનો છું."

"આ માતાને પોઢાડી દઈએ ત્યાર પછી; કારણ કે આજ ઠંડી વધારે છે, અને પૂરતું ઓઢાડ્યા વિના આપણે ચાલ્યા જઈએ, તો તે આપણી પાછળ દોડતાં આવે!"

આમ કહી તેણે ત્રીજો પાવડો સરકાવ્યો. તેનાથી કોફીનનું એક વધુ કાણું બંધ થતાં, અત્યાર સુધી હોશમાં રહેલો જીન વાલજીન અંદર બેહોશ બની ગયો.

—ચાલુ] ગો૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસિક વિવેચન

શેઠશ્રી વાલચંદ હીરાચંદ

હિંદના એક જાણીતા અને સાહસિક ઉદ્યોગપતિ શેઠશ્રી વાલચંદ હીરાચંદ ૭૧ વર્ષની વયે થોડા વખત પર ગુજરી ગયાના દુઃખદ સમાચારની નોંધ લેવી ઘટે છે. તે સિદ્ધપુર જાત્રાએ ગયેલા અને ઓચિંતા ત્યાં જ ઢળી પડ્યા.

એક મિત્રે આ ખબર જાણીને કહ્યું, સરદાર પટેલનો જમાનો ખરતો જવા લાગ્યો. શેઠ વાલચંદ સરદાર સાહેબના મિત્ર હતા. ઉદ્યોગપતિઓમાં પણ સરદાર સાહેબને અનેક મિત્રો હતા. સરદાર સાહેબના મૈત્રી સંબંધમાં એક વસ્તુ એ રહેલી જોવા મળે છે કે, એમના મિત્રો સાહસિક, બહાદુર અને મોટા કરવૈયા હોય છે. આ ગુણોની તે સહજ ભાવે તારીફ કરતા ને તેમને દેશનાં કામોમાં ખેંચવા તત્પર થતા. શેઠ વાલચંદ એ ગુણો સારી પેઠે ધરાવતા હતા. જે જમાનામાં વહાણવટાનો ઉદ્યોગ બ્રિટિશ વહાણવટાની હરીફાઈમાં ઊભો પણ ન થઈ શકે, તે યુગમાં શેઠે તે સાહસ ખેડ્યું અને સામે વહેણે જઈને પણ દેશનો એ નાશ પામેલો ધંધો ખીલવ્યો અને આગળ લીધો. આપણા કાપડના પ્રાચીન ધંધા પેઠે જ વહાણવટાનો ધંધો પણ જગજાહેર હતો. તે તૂટ્યો અને તેની જગ્યા યુરોપના ઉદ્યોગે લીધી, એ જાણીતી વાત છે. એને પાછો ઊભો કરવામાં શેઠ વાલચંદે આગેવાની કરી. એની કદર રાષ્ટ્રે એ રીતે કરી કે, સ્વતંત્રતાના સાર રૂપે દેશે ૧૯૩૦માં અંગ્રેજ સરકાર આગળ જે અગિયાર શરતો મૂકી, તેમાં દેશના વહાણવટાને ઉત્તેજન અને રાહત આપવાની એક શરત રાખવામાં આવી હતી. આ જાતની હામ ભીડીને શ્રી વાલચંદ શેઠે દેશની આગેકૂચમાં કીમતી ફાળો આપ્યો હતો, એ આપણે કૃતજ્ઞતાપૂર્વક યાદ કરીએ.

સ્વતંત્રતાની લડતના એ યુગમાં આપણા ઉદ્યોગપતિઓ આ રીતે પોતાની દેશભક્તિ અને સાહસશક્તિ બતાવી શકતા હતા. આજે યુગ બદલાયો છે. હવે આપણે ઉદ્યોગપતિઓ પાસે એ આશા રાખીએ છીએ કે, આમ પ્રજાના નાનામોટા ગૃહોદ્યોગો અને ગ્રામોદ્યોગોની રક્ષા કરવાનું સાહસ તેઓ ખેડે અને એમના વિકેન્દ્રિત ઢબના સંગઠનમાં પોતાની આવડત વાળે. ખાસ કરીને તો એ કે, તેવા ઉદ્યોગોની સામે તેઓ પોતાના યંત્રોદ્યોગને હવે સાચવવા ન તાકે. ગાંધીજી ઉદ્યોગપતિઓને આ વસ્તુ પોતાના ટ્રસ્ટીપણાના સિદ્ધાંત દ્વારા યાદ કરાવતા. તે સિદ્ધાંત પાળી બતાવવાનો યુગ હવે શરૂ થાય છે. તેમાં પણ ઉદ્યોગપતિઓ, શેઠ વાલચંદનો ધરો લઈ, સાહસ અને દેશભક્તિ નવા યુગની જરૂર મુજબ નવી ઢબે પ્રગટાવે, તો આપણા આ સદ્‌ગત ઉદ્યોગપતિને આપણે સાચી અંજલિ આપી લેખાય, કેમ કે યુગને શોભે એવી ઉદ્યોગનીતિ પેદા કરવી એ શેઠ વાલચંદનાં કામોમાંથી મોટો પાઠ લેવા જેવી વસ્તુ હતી. પ્રભુ તેમને શાંતિ બક્ષો.

૧૩-૪-'૫૩

પાકિસ્તાનમાં રાજ્યપલટો

પાકિસ્તાનના ગવર્નર જનરલે તેના વડા પ્રધાન શ્રી નિઝામુદ્દીનને બરતરફ કર્યા અને નવું પ્રધાનમંડળ નીમ્યું, એ બનાવ તે દેશમાં શ્રી લિયાકતઅલીના ખૂન પછી બીજો મોટો બનાવ ગણાય. આ મોટા રાજ્યપલટાની પાછળ શું હશે એ તો કાળે કરીને સમજાય. પરંતુ એક વાત સાફ છે કે, શ્રી નિઝામુદ્દીનનો રાજ્યવહીવટ બરોબર નહોતો અને દેશ બરબાદ થતો હતો, એમ જાહેર કહેવામાં આવ્યું. આ ફરિયાદમાં તેમના વહીવટની કઈ કઈ બાબતો આવે, એ નથી કહી શકાતું. જેમ કે, તેમાં કાશ્મીરનો ઝઘડો, હિંદ જોડેની નીતિ ને વ્યવહાર, વગેરે આવે છે કે કેમ? એ બાબતમાં અત્યાર સુધી જે ચાલ્યું તે અનુભવે ખોટું લાગ્યું કે શું? આ વિષે પણ કદાચ સારો પલટો આવે. હિંદ જોડે મેળ અને મીઠાશના પડોશી ધર્મથી વર્તવામાં સુખ છે એ હવે તેને સમજાય એવી આશા રાખીએ. તો બંને દેશને લશ્કરી ખર્ચના ખાડામાં નાખવું પડતું ધન લોકોનાં પેટનો ખાડો પૂરતું થઈ શકે.

૨૪-૪-'૫૩

"પાનીમેં મીન પિયાસી"

ભક્તકવિએ જગતની લીલા જોઈ ગાયું – 'પાનીમેં મીન પિયાસી'; એ જોઈ તે કહે છે, 'આવત હાંસી'.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું જ આજના સમાજમાં પણ નથી? શ્રમપૂર્વક મજૂરી કરનાર ભૂખે મરે; તેના પરસેવાથી બધે અન્ન પેદા થાય, પણ તેને પૂરતું ન મળે! પણ મને ઉપરની કડી બીજા સંબંધમાં યાદ આવી અને તે આફ્રિકામાં આજે કાળા–ગોરા વચ્ચે જે ચાલે છે તે પરથી. કેનિયામાં વસ્તી શા પ્રમાણે છે? હમણાં એ આંકડા જોવા મળ્યા તે મુજબ,– ૩૫૦૦૦ ગોરા; ૫૨,૫૦,૦૦૦ વતનીઓ; ૧૧૦૦૦ હિંદીઓ – આમ છે. અને તેવું જ દક્ષિણ આફ્રિકામાં જુઓ તો છે: ૩૦ લાખ વતનીઓ છે; બીજાની સંખ્યા હજારોમાં જ છે. છતાં ત્યાંય 'પાનીમેં મીન પિયાસી' જ છે! જગતની લીલાનો જ આવો ન્યાય છે કે શું? એ માની નથી શકાતું. એમ માનીએ તો તેમાં અજ્ઞાન છે; અને એ રીતે તો પાછા આપણે આ વિશ્વરૂપી સાક્ષાત્ જ્ઞાનસાગરમાં જ્ઞાન વગર તરસ્યે મરીએ અને ભક્તની ઉક્તિ જ સાચી પાડીએ!

હમણાં દ૰ આફ્રિકામાં ચૂંટણી થઈ તેમાં ડો. મલાનના પક્ષની જીત થઈ. આ પક્ષ રંગદ્વેષ પર ઊભો છે. એ જીતને 'ન્યૂ યૉર્ક ટાઇમ્સ' પત્રે 'અનિષ્ટની જીત' કહી. જગતમાં તેવી જીતો પણ થાય છે; તેનાથી સત્યે ડરવું ન જોઈએ. છેવટે સત્ય જ ઉપર આવે છે અને જીતે છે. આ રંગદ્વેષનો ખ્યાલ એક બહાનું છે; મૂળ તો ગોરાઓનો સ્વાર્થ જ છે. તે સ્વાર્થ શસ્ત્રબળ ઉર્ફે રાજ્યબળથી ડો. મલાન કાયમ કરવા માગે છે. પણ કોના જોરે, કોની મજૂરીએ, – એ સ્વાર્થ સધાશે? આ મૂળ વાત એ ભૂલી જાય છે. ખેતી, ખાણો, અને બીજા મૂળ ધંધામાં ગોરાઓ કાળી પ્રજાને જોરે રળી ખાય છે. તેઓ જો શાંત અસહકાર કરે તો? અને તે માર્ગ જગતને ગાંધીજીએ રંગદ્વેષી સ્વાર્થની સામે જ લડતાં શોધી આપ્યો છે. સત્ય અને અહિંસાથી ચાલીએ તો, આધ્યાત્મિક ક્ષેત્ર જેમ સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પણ, આપણા હાલ 'પાનીમેં મીન પિયાસી' જેવા રહેવાની જરૂર નથી, એ સત્યાગ્રહનો અર્થ છે. તે દ્વારા દ૰ આ૰ ની પ્રજા જે વર્તે તો ગોરાઓનો ગર્વ ઉતારવામાં કાંઈ વાંધો નહિ આવે. તેમાં જગતની માનવ સંસ્કૃતિનો પણ સારો વિકાસ અને પ્રગતિ રહેલાં છે.

૨૫–૪–'૫૩ મ૰

સારું થયું

થોડા માસ ઉપર આ પત્રમાં વડી સરકારના યુનિવર્સિટી બિલની ચર્ચા કરી હતી. તે બિલ સામે દેશની યુનિવર્સિટીઓનો વિરોધ હતો. તે પરથી મૌ૰ આઝાદે બધાં રાજ્યોના શિક્ષણ–પ્રધાનો તથા વાઇસ ચાન્સેલરોની સભા હમણાં થોડા દિવસ પર દિલ્હીમાં બોલાવી હતી અને તેમાં આ વિષય ચર્ચાયો હતો. મૌલાના સાહેબે શરૂમાં કહ્યું કે, દેશની બધી યુનિવર્સિટીઓના કામકાજમાં સમધોરણ રહે અને ઘટતી ઊંચી કક્ષા સચવાય, એ કામ બંધારણે વડી સરકારને સોંપ્યું છે. આજે આ બાબતમાં આપણા દેશમાં ઘણી પડતી થઈ છે, તેથી સુધારો કરવાની જરૂર ઊભી થઈ છે. આ દૃષ્ટિથી સરકારે આ બિલ તૈયાર કર્યું છે. "સમાજના વતી કામ કરતા તેના સંગઠિત કારભારી તરીકે રાજ્યને હક જ નહિ, તેની ફરજ છે કે, સમાજ યુનિવર્સિટીઓ પાસેથી તેના હેતુઓની પૂર્તિ થવા વિષે જે અપેક્ષા રાખે છે, તે થાય છે કે કેમ તેની ખાતરી મેળવવી." આ ખાતરી મેળવવા જતાં છતાં, છેવટે એ ભૂલવું ન જોઈએ કે, તે કામ યુનિવર્સિટીઓ પાસેથી જ થઈ શકશે, એટલે એમના અતિનિયમનની ભૂલ ન કરવી જોઈએ. સદરહુ સભાએ એવો વિચાર કર્યો કે, જે બિલ રજૂ થયું છે તે બરોબર નથી. એ પરથી વડી સરકાર એ બિલ પડતું મૂકશે એમ જાહેર થયું છે. વડી સરકારે આ સારું કર્યું. શિક્ષણમાં પણ કેન્દ્રીકરણ પેસત તે મટ્યું.

૨૪–૪–'૫૩ મ૰

નોકરી અને ડિગ્રી

મૌલાના આઝાદે ઉપરની સભામાં એક બીજી વાત કરી તે ખાસ નોંધવા જેવી છે. તેમણે કહ્યું, "ડિગ્રી ગમે ત્યાં નોકરી મેળવવાનો પરવાનો ગણાય છે. પણ કેટલાય દેશોમાં ડિગ્રીની એવી જરૂર નથી મનાતી. આપણે ત્યાં એ ફેરફાર કરવા વિષે અમે વિચાર કરીએ છીએ. ખાસ અમુક જગાએ કે જ્યાં અમુક ઉચ્ચ અભ્યાસ જોઈએ જ એમ લાગે, તે છોડીને બીજી નોકરીઓમાં બધે ડિગ્રીનો આગ્રહ ન રાખવા વિષે વિચાર ચાલે છે."

આવો જ વિચાર મુંબઈ સરકાર પણ કરતી હતી અને તેની એક સમિતિએ એ સૂચવેલું. પણ જેમનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ જ હજી તો ધસડાયે જાય છે. નોકરીના પરવાના આપવા એ યુનિવર્સિટીઓને માટે એક ઇજારો બની ગયો છે. સરકારી કાયદાથી તેનો પટો મળી ગયો, એટલે તેના કામની કક્ષા કે ધોરણ યા ગુણ તરફ ન જોવાનું વલણ પેસી ગયું અને ઇજારાની આવક ભ્રષ્ટતાનું મોટું કારણ બન્યું. સરકારે આખા દેશમાં સુધારો કરવા જેવો હોય તો શિક્ષણને કપાળે લખાયેલો આ નોકરી પરવાનાનો ઇજારો દૂર કરવા જેવો છે. વડી સરકારે આ કરવું જોઈએ, અને એનાં પગલાં ભરવા માંડવાં જોઈએ. આખા દેશમાં એક શિક્ષણી સુધારા રૂપે એ ઉપાડવું જોઈએ.

૨૪-૪-'૫૩ મ૦

અંગ્રેજી અને યુનિવર્સિટીની પંક્તિ

શ્રી કનૈયાલાલ મુનશી તેમના એક "કુલપતિ" પત્રમાં નીચે મુજબ લખે છે તે એપ્રિલ ૧૯, '૫૩ના 'ભારત જ્યોતિ'માંથી નીચે પ્રદેશભાષામાં ઉતારું છું:

> "હિંદની જે યુનિવર્સિટી પ્રદેશભાષાને માધ્યમ તરીકે વાપરે અને અંગ્રેજીને ભૂલે તે પ્રથમ પંક્તિની ન થઈ શકે." . . . વગેરે.

સ્વરાજમાં શિક્ષણના માધ્યમ વિષે જ નહિ, તેના અમલદારો, પ્રધાનો, તથા ગવર્નરો વિષે પણ એમ જ કેટલાક વર્ગોમાં કહેવાય છે કે, અંગ્રેજ રાજ્યમાં હતું તે જ ખરું; આજે તો બધું નાનું થઈ ગયું. કદાચ ગયા રાજ્યમાં વધારેપડતા રંગાયેલાનો એ સ્વાભાવિક ભાવ હશે. કોણ જાણે? પરંતુ શ્રી મુનશીજીને પૂછીએ કે, અંગ્રેજી માધ્યમ વાપરી વાપરીને વરસો ખોનારી હિંદની મોજૂદ યુનિવર્સિટીમાંથી કઈ પ્રથમ વર્ગની થઈ? હજી માધ્યમ તો અંગ્રેજી જ ચાલુ છે; તેને બદલવાની વાતો જ હજી તો થાય છે, ત્યાં કયા અનુભવ ઉપરથી આવાં ગાણાં શરૂ થાય છે? પણ જે અનુભવ છે તે તો જુઓ. અંગ્રેજીએ હિંદની યુનિવર્સિટીઓમાં વિદ્યાઓ ન સમજાય એ કામ માધ્યમ તરીકે રહીને કર્યું છે. તેમાં વાંક અંગ્રેજીનો નથી, પણ શ્રી મુનશી જેવા હજી નથી સમજતા તેમનો છે. અને યુનિવર્સિટીઓ આમ અસ્વાભાવિક રીતે અંગ્રેજી માધ્યમથી કામ કરે તો જે પંક્તિ તેમને ઘટે ત્યાં તે કચારની પહોંચી જ છે. તેમને ત્યાં પહોંચવાનું બાકી નથી રહ્યું. ત્યાંથી ઉગારવાનો રસ્તો ન સૂઝે એ બનવા જોગ છે. પરંતુ અંગ્રેજીથી કામ કરતી યુનિર્સિટીઓ કઈ પંક્તિએ હિંદમાં પહોંચે એ તો જણાઈ ગયું છે. એમાંથી તેમને સ્વતંત્ર યુગની જીવંત સ્વભાષાઓ દ્વારા જ્ઞાન મેળવવાનો માર્ગ જ હવે તો બચાવી શકે. એમાં અંગ્રેજી કે કોઈ કામની ભાષાને ભૂલવાપણું છે જ નહિ, એ કહેવું પડે છે તે દુઃખની વાત છે.

૨૦-૪-'૫૩ મ૦

એક ભૂલભરેલો વિચાર

યુ૦ પી૦માંથી ભાતભાતના વિચારો હમણાં હમણાં દેશ પર ફેંકાવા લાગ્યા છે, તેમાં બીજો એક વિચાર હવે સ્પષ્ટતાથી આવવા લાગ્યો તે એક રીતે જોતાં સારું છે. અલ્હાબાદમાં આ૦ નરેંદ્રદેવ તથા બીજા કેટલાક વિદ્વાનોએ કહ્યું કે, દેશભરની યુનિવર્સિટીઓના શિક્ષણનું માધ્યમ હિંદી થાય એ સારું છે. જોકે, સાથે સાથે પ્રદેશભાષાઓની પ્રતિષ્ઠાની વાત નાખે છે ખરા. પણ તેમની ઇચ્છા હિંદી થાય તો સારું એમ છે તે હવે સ્પષ્ટ કહી શકાય. બીજી બાજુથી આ જ લોકો હિંદી રાષ્ટ્રભાષા બધે પહેલી આવે એમ કહેતા જાય છે. આ બે ભેગાં કરીએ તો સાર એ થાય કે, રાષ્ટ્રભાષા પ્રદેશભાષાઓના માધ્યમ બનવાના હકને દૂર કરે. રાષ્ટ્રભાષા આ કામ કરે એવી તો કલ્પના કોઈએ કરી નથી. એ રાષ્ટ્રભાષાનું કામ કે પ્રયોજન પણ નથી વિચારાયું. અને જ્યારે પોતાની પ્રદેશભાષા હિંદી જેમની છે તે લોકો આવું કહે છે, ત્યારે એમના રાષ્ટ્રભાષાપ્રચાર વિષે પણ વાજબી અંદેશો અહિંદી પ્રાંતોમાં ઊઠે, એ ઉઘાડું છે. આ૦ નરેંદ્રદેવ જેવા શિક્ષણકાર યુનિવર્સિટી શિક્ષણના માધ્યમની બાબતમાં હિંદીની હિમાયત કરે, એ દુઃખદ બીના છે. અને શ્રી મુનશીને પૂછવા જેવું છે કે, હિંદી માધ્યમ લેવાય તો યુનિ૦ની કક્ષા પડે કે ચડે?

૨૪-૪-'૫૩ મ૦

કાળની બલિહારી!

શ્રી સી. પી. રામસ્વામી આયરે થોડા વખત પર દિલ્હીમાં એક ભાષણ કરતાં આજની યુનિવર્સિટીઓ શા હેતુથી સ્થપાયેલી અને ચાલી તે વિષે કહ્યું તે એમના જેવાને માટે નોંધપાત્ર ગણાય. તેનો હેવાલ 'હિંદુસ્તાન ટાઇમ્સ'માં વાંચ્યો તેમાંથી એ ભાગ નીચે ઉતારું છું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"લૉર્ડ મેકૉલેએ રચેલી યોજના મુજબ ગઈ કાલ સુધી આપણું શિક્ષણતંત્ર ચાલતું આવ્યું. તે યોજના એ ગણતરી પર હતી કે, તેમાંથી ઈસ્ટ ઇંડિયા કંપનીને કારકુનો મળી રહે કે 'જેઓ લોકોનાં મગજમાંથી તેમનું અજ્ઞાન દૂર કરે;' અને કાયદા જાણનારા માણસોનો વર્ગ પેદા કરે."

હવે એ બદલાઈને ગુરુકુળ પદ્ધતિ પર જવું જોઈએ, જેથી જ્ઞાન મેળવવાનું કામ ખરેખર થઈ શકે, એમ તેમણે જણાવ્યું હતું.

અસહકારના જમાનામાં રાષ્ટ્રવાદી લોક સરકારી યુનિવર્સિટીઓ વિષે આમ કહેતા, ત્યારે શ્રી રામસ્વામી જેવા ચૂપ રહેતા લોક હવે પોતે એ કહેવા લાગ્યા, એ સૂચક છે. પણ ઊલટી સૂચકતા પણ છે અને તે એ કે, તે રાષ્ટ્રવાદી દળના કેટલાક લોક આ યુનિવર્સિટીઓનાં આજે બીજી રીતે વર્ણન કરે છે! કાલબળની બલિહારી જ આ તો ગણાય. કહો કે, આજે હવે બંને પક્ષ મળે છે. તો તેમણે હવે ભેગા મળીને નક્કર સુધારાના રસ્તા યોજવા જોઈએ. તેમને સૂઝતા નથી અથવા તો સામે જે પડેલા છે તે એમને ગમતા નથી. જેમ કે, મોટામાં મોટો ફેરફાર માધ્યમનો; પરીક્ષાપદ્ધતિનો. દેખાય છે તો એમ કે, કાળબળ જ એમને પાછું આ બાબતો પર ખેંચી લાવશે. આશા રાખીએ કે સુધારણાનાં આવાં કામો હવે ઝટ ઊઘડે.

૨૪-૪-'૫૩

રાજ્ય અને સાહિત્ય

થોડા વખત ઉપર અલ્હાબાદમાં ભારતીય હિંદી પરિષદ નામે સંસ્થાની સભા મળી તેમાં હિંદીને રાજવહીવટની ભાષા તરીકે આગળ કેમ લેવી તેની ચર્ચા થઈ. તેમાં ઉત્તર પ્રદેશના ગૃહમંત્રી શ્રી સંપૂર્ણાનંદે એક બાબત કહી તે મહત્ત્વની હતી. તેમણે કહ્યું કે, પ્રજાના સર્વાંગીણ વિકાસના કામમાં રાજ્યે પોતા તરફથી ભાગ ભજવવો જોઈએ; અને તેમાં ભાષા-અને-સાહિત્ય-ક્ષેત્ર પણ આવે. પરંતુ જ્યારે 'સાહિત્યનાં સર્જન પર અંકુશ રાખવો, અને અમુક ધાટી તે પકડે એમ તેને દોરવું, ખાસ કરીને પાઠ્યપુસ્તકો અંગે, એ ભારે અયોગ્ય થાય. સાહિત્ય સમૃદ્ધ કરવાનું અને પાઠ્યપુસ્તક રચવાનું કામ સ્વતંત્ર સંસ્થાઓ પર છોડવું જોઈએ. માગ અને ખપતના કાયદા એની ઉપર સ્વાભાવિક અંકુશ મૂકશે જ."

પાઠ્યપુસ્તકો નક્કી કરવામાં બાનગી સંસ્થાઓની હરીફાઈ, અઘટિત લાગવગ અને લાંચરુશવત વગેરે અનેક ઉપદ્રવો પેદા થાય છે. તેમાંથી ઊગરવા કેટલાક એમ કહે છે કે, સરકાર જ ચોપડી રચાવે, છપાવે અને વેચે. આમ જોતાં કૂપાળો લાગતો આ ઉગારો ઉગારો જ નહિ, ખરાબી થાય, એ ડૉ. સંપૂર્ણાનંદના કહેવાનો ભાવ યાદ રાખવા જેવો છે. તે આગળ ચર્ચા કરતાં કહે છે એમ, એમાંથી તો નાઝી જર્મની પેઠે, ચોપડીઓ મારફત રાજ્ય પોતાના વિચારો ફેલાવવાના દૂષણમાં ગબડી પડે. અને અહીંયાં રાજ્ય એટલે શું? તેનો શિક્ષણ બાતાનો વડો કે તેનું બાતું ને? શિક્ષણ અને સાહિત્યની બાબતોમાં આવી એકહથ્થુ ઢબે કામ લેવાની રીત જ સારી નથી, એમ સ્વીકારીને લોકશાહી તંત્રે ચાલવામાં તેની અને સૌની સલામતી રહેલી છે.

૨૪-૪-'૫૩ મ૦

જીવદયા

જીવમાત્રને માટે કરુણાભાવ એ માનવસહજ લાગણી છે. એ જ બીજીને હિંદુધર્મે માંસત્યાગને એક ધાર્મિક વ્રત જેટલી મહત્તા આપી. ગાંધીજીએ હિંદુધર્મની આ વસ્તુને તેની અદ્વિતીય શોધ અને અને જગતને ભેટરૂપ કહી છે.

આ વૃત્તિ માંસાહારીમાં પણ નથી હોતી, એમ કોઈ ન માને. તેઓ પણ પોતાનાં પાળેલાં પ્રાણીઓ પ્રત્યે પૂરો વાત્સલ્યભાવ ધરાવે છે. અને આગળ જઈને એમ પણ જોવામાં આવે છે કે, તેઓ જીવદયા નિમિત્તે અનેક રીતે વિચારમય જીવન કરવા મથે છે. જેમ કે, 'વિવિસેક્શન'—પશુઓ પર ઝેર ને દવાઓના પ્રયોગો કરવામાં જે ઘાતકીપણું રહેલું છે, તેનો વિરોધ કરે છે. સિલોનથી એક ભાઈ પોતાની આવી એક જીવદયા પ્રવૃત્તિની ખબર મોકલે છે તેમાં કહે છે કે ૨૮ વરસથી તેમણે મે માસનું પહેલું અઠવાડિયું 'અહિંસા સપ્તાહ' તરીકે ઊજવવા માંડ્યું છે. તેમાં તેમને સારી સફળતા મળી છે. તે વિચારને તે આંતરરાષ્ટ્રીય ઢબે ખીલવી રહ્યા છે. તે અઠવાડિયામાં નીચેની ત્રણ બાબતો પાળવી જોઈએ:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. વધ કે કતલ ન કરવી ;

૨. કેવળ શાકાહાર લેવો ;

૩. પશુ પાસેથી ૧૧॥ થી ૧ સુધી કાંઈ કામ ન લેવું. તેના વાહનમાં ન બેસવું.

તથા માંસાહાર કમી કરી શકાય ને અન્નાહારની છત વધે તે માટે ફળઝાડો બને તેટલાં આ માસમાં વાવવાં. આપણા દેશમાં પણ આ ઢબે કામ કરીને લોકોમાં જીવદયા અને શાકાહારપ્રેમ પેદા કરવા જેવાં છે. માંસાહારી જ નહિ, શાકાહારીઓએ પણ પશુઓ પ્રત્યે ક્રૂરતા દૂર કરવા જાગ્રત પ્રયત્ન કરવા જોઈએ, અને એ રીતે જૂના જડ થઈ ગયેલા ધર્મ-ભાવોને પાછા જાગ્રત અને જીવંત કરવા ઘટે છે. આ કામ જાતિ, ધર્મ કે પંથો પર થઈને કરીએ તો એક નવા માનવધર્મનો ઉદય થવા લાગે, કે જેની આજના જગતને બહુ મોટી જરૂર છે. આપણા દેશનું રાજ્ય ધર્મસંપ્રદાયોથી પર એવું હશે એનો અર્થ આ જ છે કે, તે માનવધર્મપરાયણ રાજ્ય અને સમાજ હશે. આ ભાવના પર જગતનાં રાજ્યો વળે, તો તેમાંથી કાળાંતરે યુદ્ધનિષેધ અને શાંતિ પણ સંભવે.

૨૪-૪-૫૩ મ૦

પ્રૌઢશિક્ષણ વિષે મિ. ચર્ચિલનું મંતવ્ય

ઇંગ્લંડના કેળવણી ખાતાએ પ્રૌઢશિક્ષણ પાછળ ખર્ચાની રકમમાં આ વર્ષે થોડો કાપ મૂકવા વિચાર્યું છે. તેની સામે ટ્રેડ યુનિયન કૉંગ્રેસે ૨૫મી ફેબ્રુઆરીએ એક હરાવ પસાર કરીને જણાવ્યું કે, આ કામનું અનિવાર્ય પરિણામ એ આવશે કે, અત્યારે ચાલી રહેલા આ અતિ ઉત્તમ કાર્યમાં ઘટાડો થશે; કેળવણીના બીજા કોઈ ક્ષેત્રમાં પ્રજાને ખર્ચેલા પૈસાનું આટલું સારું વળતર નથી મળતું; ઉપરાંત સરકારે ખર્ચેલા એક પાઉંડ દીઠ મરજિયાત બીજી કેટલીય રકમો તથા સેવાઓ તેમાં ઉમેરાય છે; એટલે આ પ્રત્યાઘાતી નિર્ણય કેળવણી પ્રધાને પડતો મૂકવો જોઈએ, ઇ૦

ટ્રે. યુ. કૉંગ્રેસના મહામંત્રીએ આ હરાવ વડા પ્રધાન મિ. ચર્ચિલને મોકલી આપ્યો. મિ. ચર્ચિલે જણાવ્યું કે, આ કાપ મૂકવા પાછળનો હેતુ નાણાંનો કોઈ દુર્વ્યય થતો હોય તો તે તપાસી કાઢવાનો જ છે. આ કામમાં ઘટાડો થાય એવું કોઈ પગલું ભરવાનો સરકારનો વિચાર નથી. પરંતુ ખર્ચેલાં નાણાંનું સારું વળતર મળે છે કે નહિ એ જોવાનો તથા જાણવા માગવાનો તો કેળવણી પ્રધાનનો ધર્મ છે. એટલું જણાવીને પછી પ્રૌઢશિક્ષણના મહત્ત્વ અંગે પોતાનું મંતવ્ય રજૂ કરતાં મિ. ચર્ચિલે ઉમેર્યું કે,

"આપણા વિશાળ કેળવણી તંત્રમાં રાજ્ય તરફની મદદ અને ઉત્તેજનને પોતાના વિશિષ્ટ ક્ષેત્રમાં વધુ આકર્ષે એવું આ પ્રૌઢશિક્ષણ જેવું બીજું કોઈ અંગ નથી. બે વિનાશક મહાયુદ્ધોના રમખાણ બાદ, આપણા દેશમાં એવા કેટલાય માણસો હશે, જેઓને પોતાના પાછલા દિવસોમાં જૂના મહાગ્રંથો વિષે, પોતાના દેશના ઇતિહાસ વિષે, માનવજાતે વિચારેલી ફિલસૂફીઓ વિષે, અને સદા-વિજયી અંગ્રેજી ભાષાને પુષ્ટ કરતા અને તેની વડે આગળ વધતા સાહિત્ય અંગે જાણવાની પિપાસા જાગતી હશે. વિજ્ઞાન અને યંત્રવિદ્યાના શિક્ષણને આપણી આધુનિક પદ્ધતિમાં યોગ્ય સ્થાન મળેલું છે અને તેનો બદલો પણ ઠીક ઠીક મળે છે; પરંતુ મારે મતે ઉપર જણાવેલ પ્રૌઢશિક્ષણનું સ્થાન તેના કરતાં કયાંય ઊંચું છે. ભવિષ્યને આંકવા માટે ભૂતકાળનો સ્વતંત્ર મન વડે અભ્યાસ કરતા સ્વતંત્ર લોકોની માનસિક અને નૈતિક કેળવણી તો આપણા અતિશય ભીડમાં રહેતા નાણાતંત્ર પાસે પણ તે ઉપાડી શકે તેવાં મોટામાં મોટાં પગલાં માગી લે છે. મને પોતાને તો જરાય શંકા નથી કે, ઝુમરાણ અને કલબલાટ, તથા મોં વકાસીને કે ભૂખ્યા નજરે તાકી રહેવાના આ જમાનામાં, પ્રૌઢ ઉંમરે જે કોઈ સ્ત્રી કે પુરુષ વિશાળ અને પ્રેરક જ્ઞાનને તેના સૌથી મહાન અને ઉચ્ચ ક્ષેત્રમાં પ્રાપ્ત કરવાની દોરવણી તત્પરતાથી ઇચ્છે છે, તેઓ તો બધામાં શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ છે વિચારનાં મૂળ અને પ્રક્રિયાઓ જાણવા માટેની પ્રૌઢોની ભૂખને આપણા આ ટાપુ-જીવનનું સાતત્ય ઇચ્છતું કોઈ અંગ્રેજ તંત્ર નકારી નહિ શકે.

"પરંતુ તેથી કરીને એ બાબતના હિસાબો તપાસવાની તથા આપણે જે કાંઈ ખર્ચીએ છીએ તેનો ખરો ઉપયોગ થાય છે કે નહિ એની ખાતરી કરી લેવાની કદી ના ન પાડી શકાય."

(ધી ટાઇમ્સ એજ્યુ૦ એપ્લી. માર્ચ ૨૧, '૫૩) ગો૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારાં કેટલાંક શાળોપયોગી પુસ્તકો

અચલાયતન	૧-૦-૦	બાપુની સેવામાં	૨-૦-૦
અપંગની પ્રતિભા	૧-૮-૦	બાપુની પ્રસાદી	૨-૦-૦
અમારાં બા	૧-૮-૦	બાપુ — મારી મા	૦-૮-૦
અર્થશાસ્ત્રની પરિભાષા	૦-૧૪-૦	બુદ્ધલીલા	૦-૧૨-૦
આત્મકથા	૨-૦-૦	બે ખુદાઈ ખિદમતગાર	૦-૧૨-૦
સંક્ષિપ્ત આત્મકથા	૧-૦-૦	બ્રહ્મદેશનો પ્રવાસ	૦-૧૦-૦
આત્મરચના અથવા આશ્રમી કેળવણી	૪-૮-૦	ભાઈ અને વેરી	૦-૮-૦
આરોગ્યની ચાવી	૦-૧૦-૦	મધપૂડો	૧-૪-૦
આહાર અને પોષણ – ૧	૦-૧૦-૦	મલેરિયા	૦-૭-૦
આહાર અને પોષણ – ૨	૦-૧૨-૦	મહાદેવભાઈની ડાયરી – ૧	૪-૮-૦
આંધળાનું ગાડું	૦-૪-૦	મહાદેવભાઈની ડાયરી – ૨	૫-૮-૦
ઇદુને પત્રો	૧-૦-૦	મહાદેવભાઈની ડાયરી – ૩	૫-૦-૦
ઉર્દૂ લિપિ શિક્ષિકા	૦-૧૦-૦	મહાદેવભાઈની ડાયરી – ૪	૩-૦-૦
ઉધઈનું જીવન	૧-૦-૦	મહાદેવભાઈની ડાયરી – ૫	૭-૦-૦
ઓતરાતી દીવાલો	૦-૧૨-૦	માનવી ખંડિયેરો	૨-૮-૦
કન્યાને પત્રો	૧-૦-૦	મારી જીવનકથા — જવાહરલાલ નેહરુ	૬-૦-૦
કરંડિયો	૧-૪-૦	મારી જીવનકથા — રાજેન્દ્રપ્રસાદ	૮-૦-૦
કાવ્યપરિચય – ૧, ૨	દરેકની ૧-૮-૦	મારું ગામડું	૧-૪-૦
કુંવરબાઈનું મામેરું	૧-૦-૦	યંત્રની મર્યાદા	૧-૦-૦
કેળવણીવિકાસ	૧-૪-૦	રચનાત્મક કાર્યક્રમ — કેટલીક સૂચનાઓ	૦-૩-૦
કેળવણીવિવેક	૧-૪-૦	રચનાત્મક કાર્યક્રમ — તેનું રહસ્ય અને સ્થાન	૦-૫-૦
કૌશિકાખ્યાન	૦-૩-૦	રાષ્ટ્રભાષાનો સવાલ	૦-૭-૦
ખાદીવિદ્યાપ્રવેશિકા	૧-૪-૦	રાષ્ટ્રીય મહાસભા અને વિદ્યાર્થી પ્રવૃત્તિ	૦-૬-૦
ખિસ્સાકોશ	૧-૦-૦	વિદાય વેળાએ	૧-૦-૦
ખેડૂતનો શિકારી	૦-૬-૦	વિદ્યાર્થી ગ્રીષ્મપ્રવૃત્તિ	૦-૬-૦
ગાંધીજી	૦-૧૦-૦	વિરાજવહુ	૧-૪-૦
ગાંધીજીની સાધના	૨-૪-૦	વિશ્વશાંતિ	૦-૪-૦
ગીતાધ્વનિ	૦-૬-૦	વૈજ્ઞાનિક શબ્દસંગ્રહ	૬-૦-૦
ગ્રામસેવાના દસ કાર્યક્રમો	૧-૦-૦	શિક્ષણ અને સંસ્કૃતિ	૧-૪-૦
જમનાલાલજી	૦-૬-૦	શ્રાદ્ધના તેર દિવસ	૦-૭-૦
જીવતા તહેવારો	૨-૦-૦	શ્રી નેત્રમણિભાઈને	૦-૧૪-૦
જીવન દ્વારા શિક્ષણ	૧-૮-૦	સંકલિતા ભગવદ્‌ગીતા	૧-૪-૦
જીવનનું પરોઢ	૮-૦-૦	સંક્ષિપ્ત કરણઘેલો	૧-૦-૦
જોડણીકોશ	૧૨-૦-૦	સંત ફ્રાન્સિસ	૦-૬-૦
ત્રણ વાર્તાઓ	૧-૪-૦	સુદામાચરિત	૦-૧૪-૦
દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ	૩-૦-૦	સુદામાના કેદારા	૦-૧-૬
પ્રહ્લાદ નાટક તથા સહનવીરનાં ગીતો	૦-૧૦-૦	સીતાહરણ	૧-૦-૦
પ્રાકૃતિક ભૂગોળ	૦-૧૨-૦	સ્ત્રી-પુરુષ-મર્યાદા	૧-૮-૦
પ્રાચીન સાહિત્ય	૧-૦-૦	સ્મરણયાત્રા	૨-૦-૦
પ્રેમપત્ર – ૧, ૨, ૩, ૪	દરેકની ૦-૪-૦	હિમાલયનો પ્રવાસ	૧-૮-૦
બહેનોને	૦-૬-૦	હિંદની અંગ્રેજ વેપારશાહી	૪-૦-૦

નવજીવન કાર્યાલય, પોસ્ટ બૉક્સ ૧૦૫, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવતાને શૂળી દેવાય છે

[છાપાંના તંત્રીઓના અમેરિકન સમાજ સમક્ષ પ્રેસિડંટ આઈઝનહુવરે તા. ૧૬ એપ્રિલ ૧૯૫૩ને રોજ આપેલા ભાષણમાંથી]

....."ભય અને હિંસાના માર્ગે ચડીને દુનિયાએ છેલ્લાં આઠ વર્ષ દરમ્યાન પોતાને માટે આવો જીવનમાર્ગ ઘડી કાઢ્યો છે.

"આ ભયંકર માર્ગેથી પાછા ફરવાનો કોઈ ઉપાય નહીં શોધી કાઢવામાં આવે, તો જગત કે તેની કોઈ પણ પ્રજા શાની આશા રાખી શકશે?

"એમાંથી ખરાબમાં ખરાબ જે પરિણામની બીક રાખી શકાય, તથા સારામાં સારા જે પરિણામની આશા રાખી શકાય, તે બહુ સાદા શબ્દોમાં વર્ણવાય તેમ છે.

"ખરાબમાં ખરાબ પરિણામ એટલે અણુયુદ્ધ.

"અને સારામાં સારું પરિણામ એટલે કાયમ ઝઝૂમ્યા કરતાં ભય અને કટોકટી હેઠળનું જીવન; બધા લોકોની સંપત્તિ તથા મજૂરીને ભરખી જતો શસ્ત્રાસ્ત્રોનો બોજો; અને આ જગતના લોકો માટે સારી સમૃદ્ધિ અને સુખ હાંસલ કરવામાં અમેરિકાની, સોવિયેટ યુનિયનની કે બીજી કોઈ પદ્ધતિને પણ વિફળ બનાવી મૂકે એવો શક્તિનો નિરર્થક વ્યય.

"બનાવવામાં આવતી દરેક બંદૂક, દરિયે તરતું મુકાતું દરેક યુદ્ધજહાજ, તથા ફોડવામાં આવતું દરેક રૉકેટ – એનો અર્થ અંતે જઈને તો – ભૂખે મરતા પણ અન્ન ન પામતા, અને ટાઢે મરતા પરંતુ વસ્ત્ર ન પામતા એવા લોકો પાસેથી કરેલી ચોરી જ છે.

"શસ્ત્રસજ્જતાની હરીફાઈમાં ઊતરેલું આ જગત માત્ર પૈસાનો વ્યય નથી કરતું.

"તે તો તેના મજૂરોના પરસેવાનો પણ વ્યય કરી રહ્યું છે, તેના વૈજ્ઞાનિકોની પ્રજ્ઞાનો પણ વ્યય કરી રહ્યું છે, અને તેનાં બાળકોની આશાઓનો પણ વ્યય કરી રહ્યું છે.

"આજના મોટા બૉંબર વિમાનની કિંમત ત્રીસ કરતાં વધુ શહેરોમાં નિશાળના એક એક આધુનિક ઈંટેરી મકાન જેટલી છે.

અથવા

"વીજળી ઉત્પન્ન કરતાં બે કારખાનાં જેટલી છે, જેમાંનું દરેક ૬૦,૦૦૦ ની વસ્તીવાળા શહેરને વીજળી પૂરી પાડે.

અથવા

"બે પૂરેપૂરી સુસજ્જિત હૉસ્પિટલો જેટલી છે.

અથવા

"સિમેન્ટ કૉન્ક્રીટના ૫૦ માઈલ લાંબા ઘોરી રસ્તા જેટલી છે.

"એક લડાયક વિમાન પાછળ આપણે પાંચ લાખ બુશલ ઘઉં જેટલું ખર્ચ કરીએ છીએ.

"એક વિનાશિકા પાછળ આપણે ૮૦૦૦ માણસોને વસાવવા પૂરતાં થઈ પડે તેટલાં નવાં મકાન જેટલું ખર્ચ કરીએ છીએ.

"અને હું ફરીથી જણાવું છું કે આ તો – અત્યારે જગત જે માર્ગ લઈ રહ્યું છે તે માર્ગે શક્ય હોઈ શકે એવા સારામાં સારા જીવનમાર્ગનું ચિત્ર છે. પણ એને કોઈ સાચા અર્થમાં જીવનમાર્ગ ન કહી શકાય. ઝઝૂમી રહેલા યુદ્ધના ઘેરા વાદળ હેઠળ એ તો આખી માનવજાત શૂળીએ અધ્ધર લટકતી રહેવા બરાબર છે."

['ન્યૂ યૉર્ક ટાઇમ્સ' એપ્રિલ ૧૭, ૧૯૫૩]

મુદ્રક અને પ્રકાશક: જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

गुरुकुल कांगड़ी

સંપાદકમંડળ

જુગતરામ દવે
ગોપાલદાસ પટેલ
ઠાકોરભાઈ દેસાઈ
મણિભાઈ દેસાઈ
મગનભાઈ દેસાઈ (તંત્રી)
જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)



વર્ષ ૧૨ અંક ૧૧

નવેમ્બર નવજીવન, અમદાવાદ ૧૯૫૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

નવેમ્બર, ૧૯૫૩

વર્ષ ૧૨ અંક ૧૧

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
પવિત્ર ચરિત્ર	કાકા કાલેલકર	૩૨૧
મહાદેવથી નાનેરા	સ્વામી આનંદ	૩૨૪
શ્રી ચંદ્રશંકર શુક્લ	મગનભાઈ દેસાઈ	૩૨૬
શ્રી કિશોરલાલભાઈની પુણ્યતિથિએ	કેદારનાથજી	૩૨૭
એક સ્વજનની વિદાય	મણિભાઈ દેસાઈ	૩૩૧
વિદ્યાપીઠમાં શ્રી હોરેસ એલેક્ઝાંડર	મુ૦ ક૦	૩૩૧
ગાંધીજીનું ગૃહજીવન	પ્રભુદાસ ગાંધી	૩૩૩
સાભાર સ્વીકાર		૩૩૮
લેખકનો વ્યવસાય		૩૩૯
મલયાલમ સાહિત્યની રૂપરેખા	સુભદ્રા તંપુરાન	૩૪૦
કેનોપનિષદનો સ્વાધ્યાય — ૧૦	મગનભાઈ દેસાઈ	૩૪૩
કચ્છમાં હિંદીપ્રચાર કામ	મગનભાઈ દેસાઈ	૩૪૫
માસિક વિવેચન		
મુંબઈ રાજ્યમાં અંગ્રેજી	મ૦	૩૪૭
જાણીજોઈને ગેરસમજ ?	મ૦	૩૪૮
આ પાછું શું કામ ?	મ૦	૩૪૮
ભાષાવાર પ્રાંતરચના	મ૦	૩૪૮
પ્રાથમિક અધ્યાપન મંદિરોમાં ફેરફાર	મ૦	૩૪૯
પદવીદાનની ભાષા	મ૦	૩૫૦
નવું વાચન		
પર્યેષણા	મુ૦ ક૦	૩૫૧
કોન-ટિકિ	શાં૦ ગાં૦	૩૫૧
પૂર્વ ભારતની જૈન તીર્થભૂમિઓ	શાં૦ ગાં૦	૩૫૨અ

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતી છે.

સરનામાનો ફેરફાર અમને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોને પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં મુંબઈ (૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બજાર); રાજકોટ (લાખાજીરાજ રોડ); દિલ્હી (ઍર ઇંડિયા ઑફિસ સામે, કોનોટ સરકસ, નવી દિલ્હી); ઇંદોર (ગાંધી-ભવન, યશવંત રોડ) અને વડોદરા (કોઠી સામે, રાવપુરા) ભરી શકશે.

લવાજમના દર

દેશમાં રૂા. ૪); પરદેશમાં રૂા. ૬) અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. બૉક્સ ૧૦૫, **અમદાવાદ**

અમારાં નવાં પ્રકાશનો

સાધુચરિત ત્રિવેદીસાહેબ : સં૦પા૦ મગનભાઈ પ્ર૦ દેસાઈ અને પાંડુરંગ ગણેશ દેશપાંડે; કિં. રૂ. ૨–૮–૦; ટપાલરવાનગી ૧–૦–૦.

શ્રેયાર્થીની સાધના [સદ્‌ગત કિશોરલાલભાઈનું જીવન-ચરિત્ર] : લે૦ નરહરિ પરીખ; કિં. રૂ. ૩–૦–૦; ટપાલરવાનગી ૧–૦–૦.

ભૂદાનયજ્ઞ : લે૦ વિનોબા ભાવે; કિં. રૂ. ૧–૪–૦; ટપાલરવાનગી ૦–૫–૦.

ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ : લે૦ જે. સી. કુમારપ્પા; અનુ૦ નગીનદાસ પારેખ; કિં. રૂ. ૧–૮–૦; ટપાલરવાનગી ૦–૮–૦.

આત્મનિરીક્ષણ : લે૦ મથુરાદાસ ત્રિકમજી; કિં. રૂ. ૧–૦–૦; ટપાલરવાનગી ૦–૪–૦.

ભૂદાનયજ્ઞ : વિનોબા ભાવે; કી. રુ. ૧–૪–૦; ડાકખર્ચ ૦–૫–૦.

Sardar Vallabhbhai Patel Vol. 1 : Narhari D. Parikh; Price Rs. 6–0–0; Postage etc. 1–5–0.

The Diary of Mahadev Desai Vol. I : Trans. and Ed. By Valji G. Desai; Price Rs. 5–0–0; Postage etc. 1–3–0.

Bhoodan Yajna : By Vinoba Bhave; Price Re. 1–8–0; Postage etc. 0–5–0.

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

વર્ષ ૧૨–અંક ૧૧] અમદાવાદ [નવેમ્બર, ૧૯૫૩

પવિત્ર ચરિત્ર*

ગાંધીયુગને શોભાવે એવા ગૃહસ્થાશ્રમી લોકોમાં પ્રો. ત્રિવેદી સાહેબનું નામ સહેજે મોખરે આવી શકે છે. જરા સરખો સ્વાર્થ રાખ્યા વગર પોતાની જાતને ખપાવી કુટુંબની અખંડ સેવા કરનારા ધન્ય પુરુષો આપણા આ દેશમાં એટલા બધા મળશે કે તેમનું ચારિત્રકીર્તન કરવાની આવશ્યકતા કોઈને જણાતી નથી; પણ કુટુંબ, જાતિ, પ્રાંત કે ધર્મથી પર થઈ વ્યાપક સમાજધર્મને અર્થે પોતાના કુટુંબને વાપરનારા અને પોતાની જાતને હોમી દેનારા લોકો આપણા દેશમાં કેટલા મળશે ? ગાંધીયુગમાં એવા લોકોનો કાલ વિશેષ રીતે દેખાય તો તેમાં આશ્ચર્ય નહીં. એમાં પણ શ્રી જમનાલાલજી કે ત્રિવેદીસાહેબ જેવા વિશેષ શોભી નીકળે છે. સંત કબીરે કહ્યું છે કે, ત્યાગ ત્યારે જ શોભે જ્યારે એ શીતળ હોય. ત્રિવેદીસાહેબની સેવા, એમનો ત્યાગ, એમની જાતમહેનત, બધું જ —તેઓ એવી સહજ લીલાથી પાર પાડતા કે જાણે એની પાછળ કશી મહેનત કે સાધના છે જ નહીં. આ જ કારણે એમના જીવનની સુવાસ આટલી બધી ફેલાઈ હતી.

આર્યતા એ એમનો સર્વોપરી સદ્‌ગુણ હતો. કોઈનો ઉપકાર લઉં તો આવતે ભવે મારે બળદનો જન્મ લઈ એ ઋણ પાછું આપવું પડશે, એમ તેઓ માનતા અને કહેતા. અને છતાં ઉપકાર કરતા જ રહેવું એ એમનો સ્વભાવ હતો.

તમારે ત્યાં આટલા બધા રાજદ્વારી કાર્યકર્તાઓ કેમ આવે છે એમ જ્યારે સરકાર તરફથી એક વાર એમને પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે કહ્યું કે, સરકારી નોકરી કરી પગાર મેળવું છું તે એટલા જ ખાતર કે મારે હાથે સમાજની કંઈ પણ સેવા થાય. એ જો ન કરી શકું તો હું કમાઉં શા માટે ? જો હું સમાજની સેવા ન કરી શકું તો મને પોતા માટે તિરસ્કાર છૂટશે અને એ અસહ્ય થશે.

મેં એક વાર એમને પૂછ્યું કે, તિલક રોડ પર જ્યાં તમે રહો છો એ સ્થાન તમારે માટે અનુકૂળ નથી. તમે ભાણુર્ડા તરફ કે બીજે કયાંય સારું ઘર લઈને કેમ નથી રહેતા ? ત્યારે તેમણે સહજ ભાવે કહ્યું કે, તેમ કરું તો મારે ત્યાં કોઈ મહેમાનો આવે નહીં; આજે જે ઠેકાણે રહું છું એ સ્થાન મહેમાનોને માટે બધી રીતે અનુકૂળ છે.

એક વાર મહાત્મા ગાંધીએ જેલમાં ઉપવાસ શરૂ કર્યા હતા અને સરકારે એમને ઇસ્પિતાલમાં ખસેડ્યા હતા, તે અરસામાં મિ. એન્ડ્રૂઝ પરદેશથી આવીને મને મળ્યા. હું ત્રિવેદીસાહેબને ત્યાં રહેતો હતો. એન્ડ્રૂઝને રહેવાની બીજે સગવડ હતી, પણ તે એમને માફક ન આવી, એટલે ત્રિવેદીસાહેબ એમને પોતાને ત્યાં લઈ આવ્યા. મિ. એન્ડ્રૂઝ સરકારને ગાંધીજી વિષે કાગળો લખે ત્યારે સરનામું ત્રિવેદી-સાહેબનું આપે, એટલે સરકારને ત્યાં તપાસ શરૂ થઈ કે આ પ્રો. ત્રિવેદી કોણ ? એ સરકારી નોકરીમાં છે એમ ખબર પડતાં એમને પૂછવામાં આવ્યું કે, તમે એન્ડ્રૂઝને તમારે ત્યાં કેમ રાખો છો ? ત્યારે પ્રો. ત્રિવેદીએ જે જવાબ આપ્યો તે નોંધપાત્ર છે. એમણે કહ્યું કે, મિ. એન્ડ્રૂઝ જેવા સંત પુરુષ મારે ત્યાં આવીને રહે એ મારું અહોભાગ્ય માનું છું.

* 'સાધુચરિત ત્રિવેદીસાહેબ' (નવજીવન કાર્યાલય તરફથી તાજેતરમાં પ્રગટ થયેલ સ્વ. પ્રો૦ જયશંકર પીતાંબર ત્રિવેદીનું જીવનચરિત્ર અને સંસ્મરણો, સંપા૦ મગનભાઈ પ્ર૦ દેસાઈ અને પાંડુરંગ ગણેશ દેશપાંડે, કિં રૂ. ૨–૮–૦, ટપાલરવાનગી ૧–૦–૦) એ પુસ્તકનો શ્રી કાકાસાહેબે લખેલો ઉપોદ્‌ઘાત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમના જેવાને મારે ત્યાં રાખવા બદલ મારી નોકરી જાય તો મને દુઃખ થવાનું નથી. પણ મારી સરકારને ભલામણ છે કે મિ. એન્ડ્રૂઝ મારે ત્યાં રહે છે એ કારણે સરકારે મારી સામે કશું પગલું ન ભરવું એ જ સરકારના હિતમાં છે. એન્ડ્રૂઝ મારે ત્યાં રહ્યા માટે સરકારે મને નોકરી પરથી રજા આપી એવું જો દુનિયામાં જાહેર થશે, તો સરકારનું નામ એટલું બધું વગોવાશે કે મને તે અસહ્ય થશે. એટલે મારી ભલામણ છે કે, આ વખતે સરકારે ડહાપણ વાપરવું જોઈએ.

આના પહેલાં પણ એક વાર સરકારે પ્રો. ત્રિવેદી એમની જાહેર જીવન પ્રત્યેની સહાનુભૂતિ માટે સમજૂતી આપે એવો પ્રયત્ન કરેલો, પણ એમના પ્રિન્સિપાલ મિ. બર્ન્સે સરકારને લખ્યું કે, આવા માણસને સજા કરવી એ તો ઉચ્ચ ચારિત્ર્ય માટે દંડવા જેવું થશે; હું નથી માનતો કે આવા સાથીને બોઈને હું કૉલેજ ચલાવી શકું.

એક વાર ત્રિવેદીસાહેબને ત્યાં હું રહેતો હતો ત્યારે શ્રી પાંડુરંગ દેશપાંડેની તપાસ કરતાં પોલીસો ત્રિવેદીસાહેબને ત્યાં ઝડતી લઈ આવ્યા. પોલીસ અમલદારો ત્રિવેદીસાહેબ સાથે જ્યારે મારી આગળ આવીને ઊભા રહ્યા ત્યારે ત્રિવેદીસાહેબના મોઢા ઉપર ભારે ગ્લાનિ દેખાઈ. પોતાને ત્યાંથી પોતાના મહેમાનને ઊંચકીને લઈ જાય તો એવી સ્થિતિમાં પોતાનું કર્તવ્ય શું એનો તેઓ વિચાર કરતા હશે. મેં એ અમલદારને કહ્યું કે, તમે જાણો છો કે રાજદ્વારી હિલચાલમાં ભાગ લેનાર હું ક્રાન્તિકારી માણસ છું. મારા જેવો માણસ ત્રિવેદીસાહેબને ત્યાં રહે ત્યારે પોતાનો ધર્મ ઓળખીને જ રહે. ત્રિવેદીસાહેબને ત્યાં છું ત્યાં સુધી મારે હાથે કશું રાજદ્વારી કામ થવાનું નથી એટલું તમારે સમજી લેવું જોઈએ. આવા તેજસ્વી અને ચારિત્ર્યવાન માણસની મહેમાનગીરીનો હું ગેરલાભ લઈ શકું છું એમ તમને લાગતું હોય તો જ અહીંની ઝડતી લો.

અમલદારે કહ્યું, તમારી વાત અમે સમજીએ છીએ. પણ હુકમ પ્રમાણે ઝડતી લીધે જ છૂટકો. એટલે અમે આમા ઘરની ઝડતી નથી લેવાના. જે ઓરડીમાં તમે રહો છો તેની અને તેમાંય ફક્ત તમારી પેટીઓની ઝડતી લઈશું અને તમારા ગજવામાં જે કાગળિયાં હોય તેટલાં જ અમારે જોવાનાં. મેં તે જોવા આપ્યાં. સાથે સાથે મેં તેમને જણાવ્યું કે, અમુક પેટીમાંનો પત્રવહેવાર તમે ન જુઓ તો સારું; કેમ કે એમાં એક યુવાન અને યુવતીનો પત્રવહેવાર છે કે જે ગાંધીજીના કહેવાથી એમણે મને જોવા આપ્યો છે. એ અમલદારને ન્યાય આપવા ખાતર મારે ઉમેરવું જોઈએ કે, તેણે પેટીમાંથી એ પડીકું પોતાના હાથમાં લઈ વગર બોલ્યે પાછું મૂકી દીધું અને પોલીસો પાછા ગયા. ગાંધીયુગના લોકો પ્રત્યે આદર રાખતાં પોલીસો પણ શીખ્યા હતા.

અને આપણા લોકો? ત્રિવેદીસાહેબ નિર્ભય છે, સરકારી નોકર હોવા છતાં છડેચોક જેલને ખારણે જઈ બધા લોકોને ટૂથપાઉડર, સાબુ, ચશ્માં, ચોપડીઓ ઇ૦ જરૂરી વસ્તુઓ પૂરી પાડે છે એટલું જાણ્યા પછી એમના ઉપર ઓજો નાખતાં સંકોચ તો નહીં જ કરે; પણ એ પણ હિલચાલના જ એક કાર્યકર્તા હોય એવી રીતે વર્તે અને એમની સ્થિતિ કફોડી કરી મૂકે!

આપણાં કેટલાંક જૂનાં શાસ્ત્રોમાં લખ્યું છે કે, ગુરુગૃહમાં રહેનાર શિષ્યે ગુરુની સેવાને મુખ્ય ગણવી. ગુરુસેવા કર્યા પછી જો વખત બચે તો તેમાં ભણવું. ત્રિવેદીસાહેબ જાણે આતિથ્યધર્મને એવું પ્રધાનપદ આપતા હતા. આવેલા મહેમાનોની બધી જાતની સેવા કરી રાત્રે તેઓ સૂઈ જાય ત્યાર પછી ત્રિવેદીસાહેબને પોતાની સૂવાની ઓરડીમાં કૉલેજનું કામ કરતાં અથવા પરીક્ષાનાં પેપર તપાસતાં મેં જોયા છે. સવારે ઊઠીને મહેમાનોની સેવામાં ફરી તત્પર. કર્ણને જેમ આપણે દાનશૂર કહીએ છીએ તેમ ત્રિવેદીસાહેબને આતિથ્યશૂર કહેવા જોઈએ.

ત્રિવેદીસાહેબમાં મેં ઉચ્ચ પ્રાન્તાભિમાન ઠીક પ્રમાણમાં જોયું છે. ગુજરાતીઓએ અન્ય પ્રાન્તો પાસેથી શીખવા જેવું નમ્રતાથી શીખવું જોઈએ; બધાની સેવા કરીને ગુજરાતની સારી છાપ પાડવી જોઈએ; કોઈ પણ સદ્‌ગુણમાં આપણે ઊતરતા ન દેખાઈએ એ જાતનો એમનો ખાસ પ્રયત્ન રહેતો. એમની એ ખાસિયતને કારણે જ મહારાષ્ટ્રીઓ એમના પર ખુશ રહેતા. હું એમને ત્યાં મહિનાઓ સુધી રહ્યો છું અને મને મળવા આવનારા મહારાષ્ટ્રીઓની સંખ્યા ઓછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન હતી. તે બધા પ્રત્યે ત્રિવેદીસાહેબની મીઠાશ એટલી બધી રહેતી કે જે આવે તે એમની મધમધતી સુવાસ લઈને જ જાય. એમના ઘરની સવારની પ્રાર્થનામાં રામદાસના 'મનોબોધ'ના શ્લોકો મુખ્ય રહેતા. એ શ્લોકોની વીસપચ્ચીસ નકલો રાખી દરેક મહેમાન આગળ એક એક ચોપડી મૂકતા. રોજ અમુક શ્લોકો વંચાય એવી પરંપરા એમને ત્યાં હતી. એમની એ પરંપરાને લીધે જ મેં 'મનોબોધ'ની એક ખાસ આવૃત્તિ તૈયાર કરી હતી.

ત્રિવેદીસાહેબના આતિથ્યના સ્મારક તરીકે એક અતિથિગૃહ પૂનામાં ચલાવવું એ મિત્રોએ નક્કી કર્યું ત્યારે પૂ. મહાત્માજીએ ત્રિવેદીસાહેબના સ્વભાવને અનુરૂપ એવી એક સૂચના કરી કે, ગુજરાતી એટલે ફક્ત હિન્દુ જ નહીં, પણ એમાં પારસી, ખ્રિસ્તી, યહૂદી અને મુસલમાન ગુજરાતીઓનો પણ સમાવેશ થવો જોઈએ.

ત્રિવેદીસાહેબનું આતિથ્ય કેવળ ખાવાપીવાની અને રહેવા કરવાની સગવડપૂરતું મર્યાદિત નહોતું. દરેક માણસની મૂંઝવણ સમજી લઈ એ દૂર કરવા માટે પોતાનાથી બનતું કરવાનો એમનો પ્રયત્ન હતો. વિદ્યાર્થીઓને નાણાંની મદદ કરવા ઉપરાંત ચોપડીઓની મદદ પણ કરતા, યોગ્ય સલાહ આપતા, અને પોતાની લાગવગ વાપરી તમામ વિદ્યાર્થીઓનું જીવન અગવડ-મુક્ત કરી આપતા.

એમની મીઠાશનો અખંડ અનુભવ કરનારા બધા જ લોકોને એમની તેજસ્વિતાનો પરિચય નહીં મળ્યો હોય. પણ મેં જોયું છે કે, યોગ્ય સમયે ગમે તેવા મોટા માણસને પણ સંભળાવતાં તેઓ સંકોચ કરતા નહીં. એમ જ એવા પુણ્યપ્રકોપના કેટલાય દાખલાઓ મેં જોયા છે. ઉદારતાને કારણે બધાનું ખમી લે ખરા. પણ એની પાછળ પોચાપણું જરાયે રહેતું નહીં.

અનેક વિદ્યાર્થીઓને નાણાંની અને લાગવગની મદદ આપવા ઉપરાંત યોગ્ય વખતે એમને સલાહ આપવાનું અને ચારિત્ર્યની દૃઢતા કેળવાય એવી શિખામણ આપવાનું કામ પણ ત્રિવેદીસાહેબ ઘણી કનેહથી કરતા. આજકાલના કેટલાક જુવાન વિદ્યાર્થીઓ ગમે તેવા માણસ આગળ પોતાની લાગણીઓ અને પ્રેમકથાઓ વ્યક્ત કરી આવાં કન્ફેશન્સમાંથી સહાનુભૂતિ મેળવવાનો પ્રયત્ન કરે છે. એવા લોકો પ્રત્યે અને એમની પ્રેમકથા સાંભળીને પીગળી જનાર લોકો પ્રત્યે ત્રિવેદીસાહેબની જરાય સહાનુભૂતિ ન હતી. એઓ કહેતા કે, જે વસ્તુ સ્વાભાવિકપણે ખાનગી રાખવી જોઈએ તે દરેક આગળ વ્યક્ત કરીને સહાનુભૂતિ ઉઘરાવવાનો સ્વભાવ મને જરાય ગમતો નથી. જે ઉંમરે યુવાનોમાં પરાક્રમ અને સેવાનાં સ્વપ્નાં ખીલવાં જોઈએ તે જ વખતે પ્રેમના ગાળામાં ફસાઈ જવું એ વસ્તુ સારી નથી. અને કેટલાય લોકો આવી વાતો રસપૂર્વક સાંભળે છે અને સહાનુભૂતિ વરસાવે છે. એ રીતે તેઓ યુવાનોનું ચારિત્ર્ય ઘડવામાં મદદ નથી કરતા. હું તો આવી વસ્તુને જરાય કોરું ન આપું.

અને છતાં ત્રિવેદીસાહેબ આવી બાબતમાં રૂઢિવાદી ન હતા. નવા આદર્શો તેઓ સમજી શકતા, અને એ વિષે અમુક હદ સુધી તેઓનું મન અનુકૂળ પણ હતું.

ઘરમાં મહેમાનો હોય કે ન હોય, પણ અવાર-નવાર મિષ્ટાન્નો તૈયાર કરી અનેક મિત્રોને જમવા બોલાવવાનો અને વાર્તાલાપ દ્વારા મૈત્રીનું વાતાવરણ પરિપૂર્ણ કરવાનો એમનો રિવાજ જોઈ મેં માન્યું હતું કે, ત્રિવેદીસાહેબ જે ઢબે રહે છે એના કરતાં તેઓ અનેકગણા ધની હોવા જોઈએ. કેમ કે એમનામાં કોઈ જાતનો સંકોચ દેખાતો જ નહીં. પાછળથી જ્યારે મેં જાણ્યું કે, નાણાંની દૃષ્ટિએ એમની સ્થિતિ હું માનતો એવી નથી, ત્યારે એમના સેવાભાવી અને આતિથ્યશીલ સ્વભાવ વિષે મારો આદર ઘણો વધ્યો અને છતાં મને લાગવા માંડ્યું કે આમાં કંઈક અતિરેક થાય છે. જેલમાંથી છૂટેલા એક ગોરા ગુનેગાર કેદીને દાંતનું નવું ચોકઠું તૈયાર કરાવી આપવાનું ગાંધીજીએ જ્યારે એમના ઉપર સોંપ્યું, ત્યારે મને એ બિલકુલ ગમ્યું નહીં. કેમ કે હું જાણતો હતો કે, એ ભાઈસાહેબ રીતસર ભામટો હતો. પણ ગાંધી-જીએ સોંપેલું કામ કરવામાં ત્રિવેદીસાહેબને ઉમળકો આવતો. એટલે એમને તો એ એક સેવાની મોટી તક છે એમ જ લાગેલું.

આતિથ્યનો આટલો ઊંચો આદર્શ રાખનાર વ્યક્તિમાં કુટુંબભાવના એટલી જ ઊંચી હોવી એ સ્વાભાવિક હોવા છતાં, સમાજમાં જોવા મળતી નથી. ત્રિવેદીસાહેબનું મન એટલું કોમળ હતું અને કર્તવ્યબુદ્ધિ એટલી તીવ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી કે એમણે કુટુંબીઓ પ્રત્યે રાખેલી વૃત્તિ આર્યવૃત્તિ કરતાં પણ કંઈક વધારે હતી એમ જ કહેવાય.

મહારાષ્ટ્રના અનેક નેતાઓની અખંડ સેવાવૃત્તિ અને એમને અત્યંત ગરીબીમાં રહેવું પડે છે એ પરિસ્થિતને જોઈને તેઓ એમના પ્રત્યે વિશેષ આદર બતાવતા. અને કેટલાક મહારાષ્ટ્રીય લોકો જ્યારે એવા નેતાઓ પર પણ નિંદા–ટીકાનો પ્રહાર કરતા ત્યારે ત્રિવેદીસાહેબ ચિડાઈ જતા કે, 'કેમ આ લોકોમાં કદર કરવાની શક્તિ જ રહી નથી?'

સમાજહિતનું અખંડ ચિંતન કરનાર, પોતાની શક્તિ કરતાં વધારે સેવા કરીને તેમાં તલ્લીન થનાર, સ્વમાની આદર્શો ઊંચા રાખવા માટે અખંડ મહેનત કરનાર ત્રિવેદીસાહેબ જેવા સત્પુરુષોથી જ સમાજનું ચારિત્ર્ય રહે છે અને ખીલે છે. એવા લોકોના જીવનની વિગતોનું સ્મરણ કરવું એ તીર્થના જળમાં સ્નાન કરવા જેટલું પાવન છે. જૂના વખતમાં જેમ સંતલીલામૃત જેવી ચોપડીઓ આબાલવૃદ્ધ વાંચતા, તેવી જ રીતે આવાં જીવનચરિત્રો નવી પેઢીને વાંચવા આપવાં જોઈએ. કેમ કે એ આપણી સાંસ્કૃતિક મૂડી છે.

નવી દિલ્હી, ૧૩–૧૨–'૫૨ કાકા કાલેલકર

મહાદેવથી નાનેરા

'નવજીવન' અને 'હરિજન' પત્રોની વાચક આલમના ગાઢ પરિચિત અને અક્ષરદેહે સ્વ૦ મહાદેવભાઈના અનુજ સમા શ્રી ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ તા. ૧૬મી ઑક્ટોબરને દિને મુંબઈ ખાતે અકાળ અવસાન પામ્યા. જન્મમરણનાં રોજિંદાં આવાગમનોમાં સરતચૂકથી ખપી જાય એવી આ નાનકડી ઘટનાના ખબર 'હરિજન' પત્રોના વિશાળ વાચકવર્ગ ઉપરાંત ઠેઠ હિંદી પ્રજાના પ્રમુખ ઉપપ્રમુખથી માંડીને આ દેશના જાહેર જીવનક્ષેત્રના અસંખ્ય નાનામોટા કાર્યકર્તાઓમાં અને અનેક વિદેશવાસી મિત્રોમાં ઊંડી ગમગીનીની લાગણી ફેલાવશે.

એમની ગંભીર અંતમાંદગીમાં ભાઈ દેવદાસ ગાંધી અને હું, તેમનાં આપ્તજનો તેમ જ વિશાળ મિત્રવૃંદ સાથે, દિવસો લગી હાજર હતા. સજ્જનો, સંતો કે રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ સમા દિવ્ય પુરુષોને પણ શરીરના આધિવ્યાધિ અથવા દેહના દંડ છોડતા નથી અને એની આગળ ભલા ભટસુભટોને પણ રાંક અને અર્ભક સમા લાચાર બનવું પડે છે, એ સત્યનું અમને સૌને જીવનમાં ફરી એક વાર મોઢામોઢ દર્શન થયું.

મારાથી લગભગ તેર વર્ષે નાના, જેમને વિદ્યાર્થી દશામાં અમે સૌએ જોયેલા જાણેલા એવા, એમને આમ મારા અગાઉ ઊઠી ચાલી જતા જોવા, એ વિદુર્વિલાસ મને બહુ વસમો થઈ પડ્યો છે. પણ ઈશ્વરેચ્છા આગળ માથું નમાવ્યા વગર માણસને છૂટકો ન મળે.

આવન વર્ષ જેટલી ટૂંકી જિંદગીમાં ભાઈ ચંદ્રશંકરની સિદ્ધિઓ હરકોઈને આશ્ચર્ય પમાડે અને મગરૂબ બનાવે તેવી હતી. ગાંધીજીએ સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠે પોતાની ૩૩ વર્ષની કારકિર્દીમાં જે પાક ઉતાર્યો તેનો સર્વશ્રેષ્ઠ નમૂનો ભાઈ ચંદ્રશંકર હતા એવું મારું માનવું છે. સ્વ. મહાદેવભાઈને પોતાની આદર્શ મૂર્તિ બનાવીને એકધારી ભક્તિથી એમણે પોતાનું જીવતરઘડતર કર્યું અને વિદ્યાની સાધનામાં અનુપમ સિદ્ધિ મેળવવા ઉપરાંત ઘણી વધારે જીવનસમૃદ્ધિ પ્રાપ્ત કરી અને લગભગ મહાદેવભાઈની જ ઉમ્મરે ચાલ્યા ગયા.

ગૂજરાત વિદ્યાપીઠના પણ પૂરા પદવીધર નહીં છતાં જીવનસાધનામાં મહાદેવભાઈને પોતાની ધ્યાનમૂર્તિ બનાવીને ઊંચું શિષ્ટ ગુજરાતી અંગ્રેજી લખવાની કળા એમણે સિદ્ધ કરી. અક્ષર પણ ગુજરાતી અંગ્રેજી બેઉ આબેહૂબ મહાદેવભાઈના જ જોઈ લો. અમે સૌ જ નહીં, ખુદ ગાંધીજી ને મહાદેવભાઈ પોતે પણ ઘણી વાર થાપ ખાઈ જતા. એવી જ એકસરખી મોતીની સેરો. કાપીને કોટે પહેરવાનું મન થાય.

અજિંઠાના કલાધરોની કલાને યાદ દેવડાવે એવું શિષ્ટ સંસ્કારી કંડારેલ 'ક્લાસિક' ગુજરાતી લખવામાં, અધરામાં અધરી તાત્ત્વિક કે સંસ્કૃતિવિષયક ચર્ચા-વિચારણાઓ કે ગ્રંથોને 'ક્લાસિક' ગુજરાતીમાં ઉતારવાની હથોટીમાં ગાંધીજીના અંતેવાસી અમારા મંડળમાં — કદાચ આખા ગુજરાતમાં — મહાદેવભાઈ પછી ભાઈ ચંદ્રશંકરની બરાબરી કરે એવું બીજું કોઈ નહોતું. મારી પાછળ 'નવજીવન' અને 'હરિજન' સાપ્તાહિકોમાં ગાંધીજીનાં લખાણોના અનુવાદ મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં ઘણી વધુ યોગ્યતાપૂર્વક વર્ષો સુધી મહાદેવભાઈની અમીદૃષ્ટિ હેઠળ રહીને એમણે કર્યા, અને અનુવાદની કળામાં અજબ નિપુણતા સંપાદન કરી. ભાષા ઉપર પ્રભુત્વ પણ તેવું જ મેળવ્યું. વિદ્યાપીઠના વિદ્યાર્થી અને ઊગતા જુવાન લેખક સંપાદક તરીકે પોતાનાં પહેલ-વહેલાં લખાણો મારી-પાસે સુધરાવવા મહારવા લાવનાર અને ખાસી મુદત સુધી મારી હેઠળ લખવા છાપવાના કામની તાલીમ લેનાર એમની પાસે પાછલાં વર્ષોમાં મારાં અંગ્રેજી ગુજરાતી કાચાં લખાણો સુધરાવવા સમરાવવામાં હું ગૌરવ અનુભવતો. પોતે પણ પુત્રની લીનતાથી સો કામ કોરે મૂકીને એ બધું કરતા. એમના અકાળ અવસાન-થી ગુજરાત આજે બચીત ગરીબ બન્યું છે.

મહાદેવભાઈના કારાવાસ દરમ્યાન સને૧૯૩૩–૩૪માં ગાંધીજીનું મંત્રીપદું પણ એમણે ટૂંક મુદત સુધી કરેલું. તે દરમ્યાન મહાદેવભાઈની જ ઢબે 'હરિજન' પત્રોમાં સાપ્તાહિક પત્રો અને બીજાં લખાણો કરતા તેમ જ રોજરોજના બનાવો, મુલાકાતો ઇ૦ની ડાયરી રાખતા. આનાં મીઠાં ફળ ગાંધીજીના જીવનપ્રસંગો ઇ૦ વર્ણનારા સંખ્યાબંધ અંગ્રેજી ગુજરાતી ગ્રંથોના રૂપમાં એમણે પ્રજાને આપ્યાં. પૂનેથી પ્રગટ થતાં ત્યારે અંગ્રેજી ગુજરાતી 'હરિજન' પત્રોનું સંપાદન પણ ગાંધીજી તથા મહાદેવ-ભાઈના આશરા હેઠળ ઉપતંત્રીને નાતે વર્ષો સુધી એમણે કર્યું અને એ કામમાં બેઉનો સંપૂર્ણ સંતોષ મેળવેલો.

એમની વિદ્વત્તા તકલાદી કે ટૂંકપૂંજિયા નહોતી. ધર્મવિચાર, દેશપરદેશોની સંસ્કૃતિ, ગાંધીવિચારણા, ગાંધીજીવન આદિ વિષયો પર એમણે કરેલાં લખાણો તેમ જ મૂળ અને અનુવાદિત મળીને ૨૫–૩૦ જેટલા. એમના ગુજરાતી અંગ્રેજી ગ્રંથો હિંદના અને ગુજરાતના ચિરંતન 'ક્લાસિક' સાહિત્યમાં કાયમનો ઉમેરો કરનારા છે. આમાંનાં ઘણાં પુસ્તકો આપણી યુનિવર્સિટીઓના પાઠ્યક્રમોમાં સ્થાયી સ્થાન લઈ શકે એવાં છે. સંસ્કૃત ગ્રંથોનું એમનું પરિશીલન એમના અંગ્રેજી વાંચન જેટલું જ બહોળું અને ઊંડું હતું. ગીતા, વાલ્મીકિ રામાયણ અને શ્રીમદ્ ભાગવત પ્રતિ એમને અગાધ ભક્તિ હતી. પાછલાં એના શ્લોકો, વચનામૃતો, અને ગહન અવલોકનોના ફકરા એમને જિહ્વાગ્રે રહેતા. એ ટાંકતાં કદી ન થાકતા. બાઇબલનો એમનો અભ્યાસ પણ તેવો જ તલસ્પર્શી હતો. હિંદુ સંસ્કૃતિ અને વિચારણાની શ્રી રાધાકૃષ્ણનની રજૂઆતે એમના ચિંતન અને લેખન ઉપર લગભગ ગાંધીજીના જેટલી જ અસર કરી હતી. શ્રી રાધાકૃષ્ણનના અનેક ગ્રંથોના અનુપમ અનુવાદો એમણે ગુજરાતને ભેટ કર્યા છે.

એમની સારમાણસાઈ, ભલાઈ, વિનય, નમ્રતા બધું અનુપમ હતું. મહાદેવભાઈની વિભૂતિ ઉપાસના કરી કરીને કીટ-ભ્રમરન્યાયે એમના અનેક ગુણ પોતાનામાં ઉતારવામાં તે સફળ થયા હતા. અને જોકે જિંદગીના ક્ષેત્રમાં નાનાં કહેવાતાં માણસોને પોતાના કરતાં ઘણી ઓછી યોગ્યતાવાળા માણસોને હાથે ઘણી વાર ખમવું પડે છે એવું એમને પણ ઠીક ઠીક ખમવું વેઠવું પડેલું, છતાં એમણે એની ફરિયાદ કદી કોઈ ને સંભળાવી નહીં.

છેલ્લાં ૧૦–૧૨ વર્ષોમાં એમની વિદ્વત્તા તેમ જ સંસ્કારિતાની સુગંધ દેશપરદેશ બધે પહોંચી હતી. ગાંધીજીના એક કાળના મંત્રી અને અન્તેવાસી તરીકે પ્રાંતેપ્રાંતના રાજદ્વારી આગેવાનો, મુત્સદ્દીઓ, હાકેમો અને વડામાં વડા દેશનેતાઓ જોડે અંગત સંપર્ક સંબંધ ધરાવતા, છતાં તેવી ઓળખાણોથી કશો અંગત લાભ મેળવવાની સ્પૃહા એમણે કદી ન ધરી. અંગ્રેજી સલ્તનતના મોટમોટા મુત્સદ્દીઓ, માજી વાઇસરૉયો, આંતરરાષ્ટ્રીય નામના ધરાવનારા ગ્રંથકારો કે મિશનરીઓ, સૌ જોડે એક ગ્રંથકાર કે સંપાદકને નાતે અગર તો વ્યક્તિગત નાતે પૂરા આત્મવિશ્વાસપૂર્વક સાવ સ્વાભાવિકપણે પત્રવહેવાર ચલાવતા અને ભલા ચમરબંધી અંગ્રેજ અમેરિકન મુત્સદ્દી કે મિશનરીનું મોકલેલું લખાણ પોતાની માગણી કે ગ્રંથયોજનાને બંધબેસતું ન હોવાને સબબે રદ કરતાં અચકાતા નહીં.

ગૃહજીવનમાં સુખી હતા. અશરાફ પત્ની અને ચંપાકળી સમી બે નાનકડી દીકરીઓ કિરતારે એમને બક્ષી હતી. વર્ષો અગાઉ આ ટચૂકડા પરિવારને મહાદેવભાઈ એ ગાંધીજી આગળ એમનો જ વિનોદ ટાંકીને 'ચંદ્રશંકરનાં "Them" મળવા આવ્યાં છે' કહીને ઓળખાવેલો! એ જ સંબોધને ઘણી વાર પોતાના પરિવારને સંબોધતા કે મિત્રો આગળ ઉલ્લેખ કરતા. બિચારાં "Them"નું છત્ર આજે ઊડી ગયું!

પણ એમની હાનિમાં દેશનાં અસંખ્ય મિત્રો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિત્રકુટુંબો આજે ભાગીદાર છે, એ વિચાર એમને સૌને સાંત્વન આપનાર નીવડો.

એમની ટૂંકી જિંદગીનું છેલ્લું વર્ષ દોઢ-વર્ષ એમણે ગાંધીજીના જીવનપ્રસંગોની તે તે કાળે લેવાયેલી ફિલ્મોના સમન્વય દ્વારા તૈયાર કરવામાં આવતી 'ડૉકયુમેન્ટરી' જીવનકથા અંગે મુંબઈમાં ગાંધી સ્મારક નિધિના આશરા હેઠળ ચાલી રહેલી પ્રવૃત્તિમાં ગાળ્યું. જીવનમાં સ્થિરતા આવ્યા છતાં શરીર જોડેની લેણાદેણીમાં ભાઈ ચંદ્રશંકર મરહૂમ કિશોરલાલભાઈની હરોળમાં કરનારા હતા. એવા જ દમિયલ અને સુકલકડી. પણ કિશોરલાલભાઈમાં નહોતું એવું કમજોરોનું ઝનૂન દુર્ભાગ્યે એમનામાં હતું. ક્ષીણ વ્યાધિગ્રસ્ત તબિયતે દમના હુમલાઓ સામે ઝઝૂમીને લીધેલું કામ પૂરું કરવાને લોભે એફિડ્રિન (ધંતૂરો)ની ટીકડીઓ, એવી જ જાલિમ દવાઓના નાસ અને બીજી પેટંટ દવાઓ ઝનૂનીના આગ્રહથી લઈ લઈને આ શાણા પુરુષે પોતાના હૃદયને બૂરી રીતે જોખમાવ્યું, એવું નિષ્ણાત દાક્તરોનું એમની અંતમાંદગીનું નિદાન હતું.

ઈશ્વરની અગમ યોજનામાં અંતે તો માણસ અલ્પજ્ઞ જ છે. દાક્તરી ખુલાસાનું ઔચિત્ય ચાહે તેવડું હોય તોયે માનવીએ માનવીની ભૂલો કે નબળાઈઓના કાજી બનવાના પ્રયાસ વૃથા છે. માણસમાત્ર શાણપણ અને ગાંડપણનું, ખામીઓ અને ખૂબીઓનું પોટલું બનીને જીવે છે ને એકની કમાણી જીવન ખાતે જમે કરાવીને પોતાની યાત્રા પૂરી કરે છે. સુસંગતિ-વિસંગતિ પણ જીવનનાં એવાં જ અવિભાજ્ય જોડકાં છે, જેવાં સુખદુઃખ, જશઅપજશ અને હારજીત. ડાહ્યામાં ડાહ્યાં લેખાતાં માણસોનાં જીવનમાં પણ કયાંક ને કયાંક એકાદ નબળાઈ—એકાદ સ્ક્રૂ ઢીલો—હોય જ છે, એવો સાર્વત્રિક અનુભવ છે. માનવ જીવનની આ નબળાઈમાં જ કદાચ એની માનવતાની ભવ્યતા ને ગૌરવ છૂપાં છે.

પણ માણસની ખામીઓ, ક્ષતિઓ અને અવગુણ એના 'મસ્માન્ત ૪ શરીરં' જોડે નાશ પામે છે અને એના ગુણોની સુગંધ અને સ્મૃતિ એ પોતાની પાછળ પોતાની પ્રજ્ઞા અને સંસારના ઉપકાર અર્થે મૂકી જાય છે.

મહાબળેશ્વર, **સ્વામી આનંદ**
૧૭-૧૦-'૫૩

શ્રી ચંદ્રશંકર શુકલ

ભાઈ ચંદ્રશંકરને માટે આ લીટીઓ મારે લખવી પડશે, એવી સ્વપ્ને પણ કલ્પના નહોતી. તે મારાથી નાના હતા. ઈ. સ. ૧૯૨૩-૪થી હું અને તે લગભગ દસબાર વરસ સત્યાગ્રહાશ્રમ, સાબરમતી, તથા વિદ્યાપીઠમાં સાથે કામ કરતા હતા. તે ૫૨ વરસની વયે વહેલા ચાલ્યા ગયા, તેથી દુઃખ થાય છે. સદ્‌ગતનાં પત્ની શ્રી રામુબહેન તથા બે દીકરીઓ તથા તેમનાં ભાઈબહેનોને અને વૃદ્ધ માતાને દિલસોજી પાઠવું છું.

ગાંધીજીએ ૧૯૨૧માં શાળા-કૉલેજોનો અસહકાર જાહેર કર્યો તેને લઈને બહાર પડનાર નવજુવાનોમાં ચંદ્રશંકર હતા. તે વખતે તે ગુજરાત કૉલેજમાં ઇંટર વર્ગમાં હતા. તે છોડીને એ વિદ્યાપીઠમાં આવ્યા. ત્યાં એમને શ્રી કાકાસાહેબનો સમાગમ મળ્યો; સ્વ. શ્રી મહાદેવભાઈ તથા સ્વામી આનંદનો સમાગમ મળ્યો. અને તેમાંથી તેમણે પોતાની સાહિત્યિક શક્તિ સારી રીતે ખીલવી. એ સમાગમના આનંદમાં તેમણે સ્નાતકનો વિધિસરનો અભ્યાસ છોડી, શ્રી કાકાસાહેબનું મંત્રીપદ સંભાળ્યું અને તે વરસો સુધી કર્યું. ૧૯૩૩-૪માં 'હરિજન' પત્રો પૂનામાં શરૂ થયાં; તેનું બધું કામ તે પૂનામાં રહીને સંભાળતા હતા, અને દરમિયાન તે 'હરિજનબંધુ'ના તંત્રી તરીકે પણ હતા. બાદ ૧૯૪૨માં પત્રો અમદાવાદ આવ્યાં, તે સાથે અમદાવાદ તે આવ્યા. વરસેક દહાડા પછી તે એ કામમાંથી છૂટા થયા અને કલમને ખોળે જઈ પોતાનો બધો વખત લેખનકાર્યમાં આપ્યો. તે વાર્તા કે નવલ લેખક નહોતા; તે ઉમદા અનુવાદક હતા અને સુંદર નિબંધલેખક હતા. તેમની લેખનકળા 'સીતાહરણ'માં જોવા મળે છે, જે આજે અનેક શાળાઓમાં બાળકો ભણે છે. આર્ય વિદ્યાનો તેમનો પ્રિય અભ્યાસ હતો. તે અંગે એમણે શ્રી રાધાકૃષ્ણનના કેટલાક ગ્રંથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણને ગુજરાતીમાં આપ્યા છે. ગાંધીજીનાં સંસ્મરણો રૂપે બે એક અચ્છાં સંપાદનો તેમણે જગતને આપ્યાં છે. છેલ્લા કેટલાક વખતથી તે ગાંધી સ્મારક નિધિના તરફથી તૈયાર થતી ગાંધી-ફિલ્મમાં કામ કરતા હતા, તે અંગે મુંબઈ રહેતા હતા. દમનો રોગ તેમને લગભગ છેલ્લાં ૨૨-૩ વરસથી હતો. છેવટે તેનાથી તે પૂરા થયા. થોડા દિવસ ઉપર ઓચિંતો રોગે હલ્લો કર્યો અને તેમને દવાખાનામાં લઈ જવા પડ્યા. ત્યાં થોડા દિવસના ઇલાજ પછી તે હરી ગયા. પ્રભુ તેમને શાંતિ આપો. હિંદની આઝાદી અર્થે બહાર પડનારા ગુજરાતના નવયુવકોમાં ભાઈ ચંદ્રશંકરનું નામ સૌ યાદ કરશે. તેમનાં કુટુંબીજનોને એમની ખોટ ઝરવવા પ્રભુ વૈર્ય આપે.

૨૦-૬૦-'૫૩ **મગનભાઈ દેસાઈ**

શ્રી કિશોરલાલભાઈની પુણ્યતિથિએ

[તા. ૯-૯-'૫૩ ને દિને શ્રી કિશોરલાલભાઈ ઘ૦ મશરૂવાળાની પ્રથમ પુણ્યતિથિ હતી. એ પુણ્ય દિને ગૂજરાત વિદ્યાપીઠમાં સવારે નવ વાગ્યે પ્રાર્થના રાખવામાં આવી હતી, અને પૂ. કેદારનાથજીને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. પ્રાર્થના બાદ શ્રી મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયના મહામંત્રી શ્રી ગોવિંદભાઈ રાવળે પૂ. નાથજીનું ગૂજરાત વિદ્યાપીઠ તથા શ્રી મ૦ દે૦ સમાજસેવા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ વતી સ્વાગત કરતાં કહ્યું હતું કે, '.....જે શ્રેયાર્થીઓ આપને ચરણે બેસી અને પૂ. ગાંધીજીની પાસે રહીને સાધના કરેલી, એ શ્રેયાર્થીની સાધનાની આ (ગૂજરાત વિદ્યાપીઠ) આચારભૂમિ છે. . . . વિદ્યાપીઠ એ તો શ્રી કિશોરલાલભાઈનું સ્વગૃહ ગણાય. એ પૂજ્ય પુરુષ આપણા સ્વજન હતા. આપ એ સ્વજનગૃહે પધાર્યા છો, ત્યારે એ સ્વજનનાં અમે અનુજ્ઞે આપનું હાર્દિક સ્વાગત કરીએ છીએ અને આપને વિનંતી કરીએ છીએ કે, આજના પુણ્ય દિને એ વડીલ વિશે કંઈક કહો . . . ' ત્યાર પછી પૂ. નાથજીએ પ્રસંગને અનુરૂપ પ્રવચન કર્યું હતું એ અહીં આપવામાં આવ્યું છે. —**સુ૦ ક૦**]

ભાઈઓ અને બહેનો,

હમણાં આ ભાઈએ જે કંઈ કહ્યું તે એટલા ભાવપૂર્વક કહ્યું છે કે તેને યોગ્ય જવાબ આપવો મારે માટે મુશ્કેલ છે. મને કલ્પના નહોતી કે, હમી સપ્ટેમ્બરને દિને કિશોરલાલભાઈના આ કાર્યક્ષેત્રમાં મારે આવવાનું થશે. ખૂબ સ્વસ્થપણે હું અહીં આવ્યો. પરંતુ આપ સૌનો કિશોરલાલભાઈ પ્રત્યેનો અત્યંત ભાવ જોઈને મારા પર પણ એની અસર થયા વિના રહે ખરી?

હવે મારે ઉત્તર આપવો મુશ્કેલ તો છે. ભાવ મનુષ્યને પ્રેરણા આપે છે ખરો. પરંતુ એ જ્યારે ખૂબ ઉત્કટ હોય છે ત્યારે તેને વ્યક્ત કરવાનો માર્ગ સૂઝતો નથી. તે વખતે માણસ વ્યાકુળ થઈ જાય છે. અહીં મર્યાદિત સમયમાં મારો એવો ઉત્કટ ભાવ દર્શાવતાં મારી પણ એવી જ સ્થિતિ થઈ છે. ભાવની પણ ભરતી હોય છે. તેમાંથી જ્યારે માણસ સ્વસ્થ થાય છે ત્યારે ધીરે ધીરે તે કહી શકે છે. આજનો પ્રસંગ લાગણીનો છે, ભાવનાનો છે. તોયે આપ સૌનો કિશોરલાલભાઈ પ્રત્યે પ્રેમ છે, સદ્‌ભાવ છે, એ જોઈને મારે કંઈક તો કહેવું રહ્યું.

એમને વિષે મેં થોડુંક 'શ્રેયાર્થીની સાધના' માં લખ્યું છે. હું એક વિશિષ્ટ પ્રકારનો માણસ છું. જેની સાથે મારો નિકટ સંબંધ આવે છે તેનું વર્ણન બીજાની આગળ હું કરતો નથી, બીજાને એમના વિષે કહેતો નથી. સંબંધ પ્રકટ કરવાની શી જરૂરત? ગુણ પ્રકટ કરવાની જરૂર હોતી નથી. તે તો આપણા આચરણથી પ્રકટ થવા જોઈએ; બોલવાની જરૂર હોતી નથી.

તોયે કિશોરલાલભાઈ સાથે મારી પરસ્પર એટલી લાગણી, ભાવના હતી કે, તે જો હું પ્રકટ ન કરું તો આજનો પ્રસંગ ઝાંખો પડી જાય. એ નિમિત્તે તો આપણે સૌ ભેગાં થયાં છીએ. એટલે મારે કિશોરલાલભાઈ વિષે થોડુંઘણું કહેવું જ રહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમના સ્વભાવ પરથી, આચરણ પરથી મને જે કંઈ લાગ્યું છે તે હું આપ સૌની સામે કહીશ. કેટલાય જણ તેમના વિદ્યાર્થી, ચાહક, અભ્યાસી છે. મારો એમની સાથે સંબંધ પ્રથમ આશ્રમમાં થયો. કાકા-સાહેબ મારા મિત્ર હતા. એમની પાસે હું અવારનવાર જતો. આપુજી પણ ઇચ્છતા કે, હું આશ્રમમાં આવતો રહું. તે દરમિયાન મારો સંબંધ કિશોરલાલભાઈ સાથે બંધાયો. હું હમણાં બીજી બધી વાતમાં ઊતરવા માગતો નથી. મુદ્દાની વાત જ કહીશ.

કિશોરલાલભાઈ સાથે સંબંધ થવાનું કારણ તેમનામાં રહેલી ઈશ્વરનિષ્ઠા, સત્યનિષ્ઠા, મનુષ્યસેવા, સ્વાર્પણની ભાવના હતી. ઘણા મોટા મોટા માણસો સાથે મારો નિકટ સંબંધ થયો છે, પણ કિશોરલાલભાઈના જેવી નિષ્ઠા બીજામાં જોવા ન મળી. કિશોરલાલભાઈ સત્યનિષ્ઠ હતા. અસત્ય તે ચલાવી લેતા નહોતા, પરંતુ તે નમ્રતાથી કહેતા. કદી કોઈનો દ્વેષ કે ધિક્કાર કરતા નહીં. તેમણે કદી નમ્રતા છોડી નથી. તેઓ સત્યના શોધક હતા. સદ્‌ગુણોના ઉપાસક હતા. મનુષ્યને નમ્રતાની આવશ્યકતા છે. ભલે બીજાની સાથે કોઈ વાતમાં મતભેદ હોય, પરંતુ નમ્રતા તો જાળવવી જ.

કિશોરલાલભાઈ કેટલા મોટા કાર્યકર હતા, તોયે તેમના હૃદયમાં કોઈને વિષે દ્વેષ આવવા જ ન દીધો. ગમે તેટલો જટિલ પ્રસંગ હોય, તોય તે પ્રસંગે એમની સત્યશોધનની વૃત્તિ, સમતોલપણું અદ્‌ભુત હતાં. મેં ઘણા લોકોને જોયા છે, પણ આટલો પ્રેમ, આટલો સદ્‌ભાવ તો એમનો જ. માણસોમાં સામાન્ય રીતે બીજાના મતને સહન કરવાની વૃત્તિ હોતી નથી. તેમનામાં અત્યંત પ્રેમ હોય અથવા અત્યંત દ્વેષ હોય. પ્રેમને કારણે તેઓ અંધ પણ બની જાય છે; સત્યદૃષ્ટિ જતી રહે છે. જ્યારે બીજી બાજુએ મત્સર, દ્વેષ, તિરસ્કારથી માણસો અંધ બની જાય છે. વિવેકબુદ્ધિ જાગ્રત રહેવી જોઈએ. બધાની સાથે પ્રેમથી વર્તવું જોઈએ, ન્યાયથી રહેવું જોઈએ; આવી સમભાવના કેળવવી કઠિન છે. બધા પ્રસંગોમાં જીવન સમતોલ રાખવું, સત્ય માર્ગે ચલાવવું કઠિન છે. સાચો કપ્તાન પવનને ધ્યાનમાં રાખીને વહાણને ચલાવે છે. જે દિશામાં જવાનું હોય તે દિશામાં પવનનો ઉપયોગ કરે છે; વહાણને કાબૂમાં રાખવાની શક્તિ જાગ્રત રાખવી જોઈએ. કદાચ સાધારણ પ્રસંગમાં એ શક્ય હોય, પરંતુ જ્યારે કટોકટીનો વખત આવે ત્યારે, હૃદયમાં ખળભળાટ જાગે ત્યારે, સમતા જાળવવી, નૌકાનું સુકાન બરોબર જાળવવું મુશ્કેલ છે.

આપણા જીવનમાં આવા પ્રસંગો આવે છે ત્યારે તેમાં સમતોલપણું રાખવું કઠિન થઈ પડે છે. સદ્‌ગુણો પર પણ મનુષ્યનો અંકુશ ન રહે તો એનાથી નુકસાન થાય છે. તે વખતે ભાવના પર કાબૂ રાખવાથી લાભ થશે. સત્યનિષ્ઠા, સત્ય આગ્રહ, સમતોલપણું એ માટે જરૂરી છે.

હું કિશોરલાલભાઈ ને જાણું છું એટલા તેમને બીજા જાણતા નથી એવું કંઈ નથી. એમના પરિચયમાં આવેલા કેટલાય લોકો તેમના ઘરના, રાજકારણના, જીવનના, સમાજના નાના નાના પ્રસંગો જાણે છે. મારે તો એમની બીજી જ વાત કહેવી છે.

૧૯૨૧નો અરસો આપણા દેશમાં તોફાનનો સમય હતો. કિશોરલાલભાઈ ને ઇચ્છા થઈ કે, આત્મિક સ્વરાજ ન મળે ત્યાં સુધી બહારનું સ્વરાજ શા બપનું? બધા લોકોએ લડતમાં ઝંપલાવ્યું હતું. પણ કિશોરલાલભાઈ તો એથી અલિપ્ત જ રહ્યા. ગાંધીજીએ એમને સમજાવ્યા, બીજા લોકોએ પણ સમજાવ્યા. પરંતુ તેઓ તો પોતાના નિશ્ચયને મક્કમપણે વળગી રહ્યા. જેમ જેમ લોકો એમને સમજાવવા લાગ્યા, તેમ તેમ એમનો આગ્રહ વધારે ને વધારે દૃઢ થતો ગયો. બધા લોકોને આશ્ચર્ય થયું. તેઓને લાગ્યું કે, કિશોરલાલભાઈ એક હઠ પકડીને બેઠા છે! હું કિશોરલાલભાઈની સ્થિતિ સમજતો હતો. ઘણા માણસોને એવી કોઈ પ્રબળ જિજ્ઞાસા થાય છે ત્યારે તેને દૃઢતાથી પકડી રાખે છે. તેનસિંગની જિજ્ઞાસા એવરેસ્ટ પર ચડવાની તીવ્ર હતી અને છેવટે તે ચડી પણ શક્યો. પણ અહીં પવિત્ર જિજ્ઞાસાની વાત છે. એનો સંબંધ ઉચ્ચ જીવનની સાથે હતો. જે માણસ સત્યની પાછળ પડે છે, ઈશ્વરની પાછળ પડે છે, તે માણસ કોઈ પણ ભયને ગણકારતો નથી. જેમ જેમ સંકટો આવતાં જાય, તેમ તેમ નિશ્ચય દૃઢ થતો જાય છે. તેથી મને લાગ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે, તેમને વધુ આગ્રહ ન કરવો, એમને જે સાધના કરવી હોય તે ભલે કરે. તેઓ બાપુજી પાસે આવ્યા હતા. વકીલાત, પૈસો બધું છોડીને. પણ તેમને એથી શાંતિ મળી ન હતી. હું સમજ્યો કે, સત્ય જાણવાની તેમની અભિલાષા જબરજસ્ત છે, ભવ્ય છે. તેમણે પછી પોતાની શક્તિ અનુસાર સાધના કરી સમાધાન મેળવ્યું. સત્ય માટેની તાલાવેલી, વ્યાકુળતા એમનામાં ભારે. આવી અભિલાષા આપણા સમાજના લોકોમાં કેટલી છે? આપણું જીવન ઉદાત્ત કર્મ માટે છે તેથી સાધારણ કર્મથી એવા મનુષ્યને શાંતિ મળતી નથી, એનાથી તેની સાંત્વના થતી નથી.

કિશોરલાલભાઈમાં આવી તીવ્ર જિજ્ઞાસા હતી. પરંતુ સમાધાન મેળવ્યા પછી પોતાની સાધના હવે પૂરી થઈ ગઈ એમ તેમણે માન્યું નહોતું. તેઓ સતત પુરુષાર્થ કરતા જ રહ્યા; સૌ પર સમભાવ રાખતા રહ્યા. તેઓ અજાતશત્રુ હતા. કોઈની સાથે એમને વિરોધ નહોતો. અમુક બાબતમાં તેમને સત્યને ખાતર ખંડન કરવું પડતું, પણ એ તેઓ પ્રેમભાવે કરતા. સમાજના વિચારોનું ખંડન કરવું પડયું, એ પણ સમાજને ટકાવી રાખવા માટે જ.

સેવાધર્મ એ સમષ્ટિ તેમ જ વ્યક્તિગત ભાવ છે. આપણે સૌના ઋણી છીએ. જો આપણે માત્ર પોતાનો જ વિચાર કરીએ તો સમાજનાં કામોમાં બળ નહીં આવે. આપણે સૌએ મળીને પ્રયત્ન કર્યો, ત્યારે સ્વરાજ્ય મળ્યું, અથવા એવા સંજોગો ઊભા થયા જેને લઈને અંગ્રેજોને આપણો દેશ છોડીને જવું પડયું. પણ સ્વરાજ્ય મળતાં આપણામાંથી સેવાવૃત્તિ ચાલી ગઈ. આપણે તપભ્રષ્ટ થયા. સત્તા, સામર્થ્યની પાછળ પડયા. આપણી આસપાસ સેવાનું કેટલું ક્ષેત્ર પડેલું છે? પરંતુ આપણે તો પોતપોતાનું પકડી રાખવા પાછળ પડી ગયા છીએ.

આપણામાં ઉદાત્ત ભાવોની ઘણી જરૂર છે. હિંદુસ્તાનમાં દરેકને લાગવું જોઈએ કે, મારું જીવન દેશને માટે છે. આજે બધા — ગરીબ કે તવંગર — એ સૌની વૃત્તિ થોડું કરીને વધારે પ્રાપ્ત કરવાની છે. જે કશું કરતો નથી તે લહેરથી ખાય છે, તે સુખી છે એમ મનાય છે. સાચી રીતે તો સમાજ માટે પરિશ્રમ કર્યા પછી થોડું લેવું એ ધર્મ છે. જ્યારે આજકાલ સમાજમાં ડાક્ટર, વકીલ, શિક્ષક, પ્રોફેસર એ બધા લોકો ઊલટી રીતનું વર્તન કરે છે. ડાક્ટરને ફીની પડી છે. દરદી જીવે કે મરે એની તેને પરવા નથી.

ખરી રીતે માણસે પોતાનો હિસ્સો કર્તવ્ય પર રાખવો જોઈએ. બીજાની મુશ્કેલીનો લાભ લેવો, દુર્બળનો લાભ ઉઠાવવો, એમાં માણસાઈ નથી. આપણામાં માનવ-ધર્મની જરૂર છે. જ્યારે આપણો દેશ સમૃદ્ધ હતો ત્યારે બધા ગૃહસ્થો પંચયજ્ઞ કરતા હતા; ત્યાર પછી જ ખાતા હતા. પોતાનું પેટ ભરવા માટે જ પેદા કરવું એ ભાવ ગલત છે. આજે તો કામ ઓછું કરવું અને પૈસા વધારે કમાવા, એ જ વલણ સૌનું દેખાય છે. એમ કરનાર માણસ જ હોશિયાર ગણાય છે. આ આસુરી ધર્મ છે. આજે તો બધી કલ્પના બદલાઈ ગઈ છે. શિબિ, દધીચિનો આદર્શ આજે વીસરાઈ ગયો છે. પોતાના સર્વસ્વનું સમર્પણ કરનારા પણ આપણે ત્યાં થઈ ગયા છે, એ જાણે આપણે ભૂલી ગયા છીએ. આજે તો કોઈના ઉપર કોઈને ભરોસો નથી. આ સારી વાત નથી.

તમે (વિદ્યાર્થીઓ) ભાગ્યશાળી છો. મહાત્માજીનું આ (વિદ્યાપીઠ) કર્મક્ષેત્ર છે; કિશોરલાલભાઈ, મહા-દેવભાઈ, કાકાસાહેબ વગેરેનું કર્મક્ષેત્ર છે. તમે સૌ અહીં વિદ્યા પ્રાપ્ત કરવા આવ્યા છો, ધનિક બનવાને માટે નહીં. મહાદેવ વિદ્યાલયમાં તમે ભણો છો. અહીં સારા અધ્યાપકો છે, એમનો સદુપયોગ કરજો. અહીં મોટા-ઓની પરંપરા છે, એ તમે સાક્ષાત્ જોઈ શકો છો; તેમનું જીવન અને કાર્ય તમને તાજગી આપે એવાં છે. આમ તો એક દિવસ સૌને જવાનું તો છે જ. ગાંધીજી ગયા; રામ, બુદ્ધ, મહાવીર વગેરે મહાપુરુષો ગયા. પણ એ સૌના જીવનમાંથી પ્રેરણા લેવી એ આપણું કાર્ય છે. તમે આ સ્થાનમાં આવ્યાં છો. આવાં સ્થાનો બહુ ઓછાં છે. જીવનમાં સેવા એ મુખ્ય છે. માનવમાત્રની સેવા તમારે કરવાની છે, સૌની સેવા કરવાની છે. આ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીખવા માટે તમે અહીં આવ્યાં છો. કિશોરલાલભાઈ, ગાંધીજી એ સૌ તમારા પૂર્વજો છે, એમના જીવન-પરિચયથી તમે પ્રેરણા લેજો.

બીજી વાત એ કે, એ બધા લોકોએ પરાધીનતામાં શિક્ષણ લીધું હતું. વિદેશી સરકાર પોતાનું રાજ્ય ચલાવવાને શિક્ષણ આપતી હતી. એ લોકોને તો કારકુનો જોઈતા હતા, અને તે એ શિક્ષણ દ્વારા મળી રહેતા. એવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ કિશોરલાલભાઈ, ગાંધીજી વગેરે લોકોએ દેશનું કાર્ય કર્યું; ધર્મ સમજીને કાર્ય કર્યું. એ આદર્શ તમે પકડીને ચાલજો. હવે તો આપણો દેશ સ્વતંત્ર છે. તમે એ રીતે ભાગ્યશાળી છો. આ સ્થાનમાં શિક્ષણ મેળવીને તેનો તમારે સદુપયોગ કરવો એ તમારું કર્તવ્ય છે.

મેં તમને અહીં ઘણી વાતો કહી છે, એ બધી કિશોરલાલભાઈને લક્ષમાં રાખીને જ કહી છે. એ બધી વસ્તુઓ એમના હૃદયમાં પડેલી હતી. છેવટ ઘડી સુધી તે પોતાનું કાર્ય કરતા જ રહ્યા. તેમને લખેલા કેટલાય પત્રો એમના અવસાન પછી જ બીજાને પહોંચ્યા. આમ અંત સુધી તેઓ કાર્યરત રહ્યા. 'હરિજન' પત્રોનું કામ તેમણે એટલી જ કાર્યક્ષમતાથી કર્યું. આપણા દેશના મરાઠા-રજપૂત ઇતિહાસનું અધ્યયન કરશો તો એવી જ કર્તવ્યપરાયણતાનાં અનેક ઉદાહરણો જોવા મળશે. એ જ પરંપરા કિશોરલાલભાઈએ ચાલુ રાખી હતી. છેલ્લા દમ સુધી તેઓ કામ કરતા રહ્યા. છેવટ સુધી સમતોલપણે તેમની કલમ ચાલ્યા કરી. છેવટના લેખો એ વાતની સાક્ષી પૂરે છે. અહીં એમના ગુણ ગાવા એ આપણું કામ નથી; એમનું અનુકરણ કરવું જોઈએ. 'હરિજન' પત્રો જે વૃત્તિથી એમણે ચલાવ્યાં એ લક્ષમાં રાખવી જોઈએ. પોતાની તબિયત નાજુક હતી, લખતાં લખતાં આંગળીઓ થાકી જતી, તોય તેઓ પોતાનું કાર્ય કરતા જ રહ્યા. ત્યારે આપણા લોકોમાં એથી ઊલટી જ રીત જોવા મળે છે. કોઈને પૂછીએ કે, 'કાંતો છો કે?' તો તે કહેશે, 'સમય જ ક્યાં મળે છે!' આ સાંભળીને નવાઈ લાગે છે. આયુષ્યને કેટલુંય કામ રહેતું તોયે તેઓ કાંતતા. કિશોરલાલભાઈ પણ કાંતતા. તેમનામાં શારીરિક શક્તિ જ ક્યાં હતી? લખતાં લખતાં એમની આંગળીઓ પણ થાકી જતી! પણ જે વસ્તુમાં એમને શ્રદ્ધા હતી તે તેઓ કરતા. શ્રદ્ધામાં એવું બળ રહેલું છે.

કિશોરલાલભાઈને જોઈને જે લેવાનું છે તે એમના સદ્‌ગુણ. તેમના શરીર તરફ આપણે ન જોઈએ. તેઓ શરીરે તો અશક્ત જ હતા. એ તેમનો લેવા જેવો ગુણ નથી. આપણે શરીર તરફ બહુ બેદરકાર હોઈએ છીએ. નાનપણથી શરીર તરફ ધ્યાન અપાવું જોઈએ. આપણે કહીએ છીએ કે, 'શરીર ક્યાં રહેવાનું છે?' પણ જ્યાં સુધી તે છે ત્યાં સુધી તો એને બરાબર રાખો. આપણે ભાવી પેઢી બનાવવાની છે. શરીર નીરોગી, ચપળ, સ્ફૂર્તિવાન જોઈએ. બુદ્ધિ નિર્મળ જોઈએ. દુર્ગુણોને કાઢી નાખવા જોઈએ.

તમે સૌ કિશોરલાલભાઈના જીવનચરિત પર વિચાર કરજો. તેઓ કઈ રીતે વિકાસ કરતા રહ્યા એ જોજો. એલ એલ. બી. તેઓ થયા હતા. આમ તો ઘણા લોકો ભણે છે. પણ જ્યારે તેમણે ડિગ્રીથી મળતા લાભનો ત્યાગ કરી સેવક થયા, ત્યારે જ તેઓ આવા મહાન થઈ શક્યા. કિશોરલાલભાઈ મારા પરમ મિત્ર હતા. તમે બધાં આજે તેમને અંજલિ આપવા એકત્ર થયાં છો. શ્રદ્ધા અને પ્રેમથી હું પણ તમારી સાથે આજે એમને અંજલિ આપું છું.

હું આપ સૌનો ઋણી છું. આ પ્રસંગે મને બોલવાની તક આપી, એ આપનો સદ્‌ભાવ જ છે. એ સદ્‌ભાવ દાખવીને તમે તમારું કલ્યાણ સાધ્યું, પણ એમાં મારું કલ્યાણ શી રીતે થાય? હું આપ સૌને આત્મવત્ માનીને, આપ સૌની સેવા કરીને જ મારું કલ્યાણ સાધી શકું. પરમાત્માને મારી પ્રાર્થના છે કે સૌને શુદ્ધ મતિ આપો.

કેદારનાથજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક સ્વજનની વિદાય

એક ગરીબ બ્રાહ્મણ વિદ્યાર્થી, ડોશીનો દીકરો ૧૯૨૦ની સાલમાં અમદાવાદ ખાતે ગુજરાત કૉલેજમાં અભ્યાસ કરતો હતો. તેજસ્વી અને આશાસ્પદ તરુણ હતો અને ભારતના ઇતિહાસની યુગપ્રવર્તક ઘડીએ તેના જીવને જુદી દિશામાં વળાંક ન લીધો હોત તો જીવનમાં જેને 'સફળતા' કહેવામાં આવે છે તે તેણે સારા પ્રમાણમાં મેળવી હોત.

પણ વિધિએ તેને માટે કંઈક જુદું જ નિર્મ્યું હતું. ગાંધીજીએ ભારતની આઝાદી માટે બ્રિટિશ સલ્તનત સામે લડત ઉપાડી અને સૌ ભારતવાસીઓને, ખાસ કરીને, ભારતના તરુણોને એ મુક્તિયજ્ઞની વેદી પર પોતાનું સર્વસ્વ હોમી દેવાની હાકલ કરી.

એ પ્રબળ, મર્મભેદી અને દાવાનળ સમી સર્વસ્પર્શી હાકલની અસરથી મુક્ત રહેવાની કોની મગદૂર હતી? અને તેમાંયે ભાવનાશીલ તરુણ વિદ્યાર્થીઓ માટે તો એ અશક્ય જ હતું. પણ એ હાકલનો જવાબ વાળનારા થોડા જ નીકળ્યા. અંવા જ એ હાકલથી પ્રભાવિત તો થયા, પણ પગલું ભરવાની ઘડી આવી ત્યારે નાદાર નીકળ્યા.

યોગક્ષેમની ચિંતા કર્યા વિના, ભાવિ કારકિર્દીને ઠોકરે મારીને શ્રેયને બદલે શ્રેયને અદકું લેખી તેને વરનારા અને પોતાનું સર્વસ્વ માતૃભૂમિની વેદી પર હોમી દેનારા જે થોડા વિદ્યાર્થીઓ તે વખતે નીકળ્યા તેમાં શ્રી ચંદ્રશંકર શુકલ પહેલા હતા.

ભાઈ ચંદ્રશંકરે એ પછી સાહિત્ય અને વિદ્યાના ક્ષેત્રમાં સારી સરખી અને ઈર્ષાપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી; પરંતુ એ પ્રસંગે તેમણે ત્યાગની જે પરમ સિદ્ધિ દર્શાવી હતી તેના તેજ આગળ એ બધુંય ઝાંખું પડે છે.

તેમણે અણુધારી અને વહેલી વિદાય લીધી. તેમનો દેહ તો નષ્ટ થયો, પણ તેમની અપાર મમતા અને સ્વભાવની અનેરી મીઠાશનું પુણ્યસ્મરણ કેવી રીતે નષ્ટ થનાર હતું? તેમનો પંથ સરળ થાઓ.

૨૭–૧૦–'૫૩ **મણિભાઈ દેસાઈ**

વિદ્યાપીઠમાં શ્રી હૉરેસ એલેક્ઝાંડર

ગઈ તા. ૧૬મી ઑક્ટોબરને દિને બપોર પછી ઇંગ્લેન્ડના જાણીતા ક્વેકર શ્રી હૉરેસ એલેક્ઝાંડરે ગુજરાત વિદ્યાપીઠની મુલાકાત લીધી હતી. શ્રી મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયનાં વિદ્યાર્થી ભાઈબહેનો તથા અધ્યાપકો સાથે તેમનો વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો હતો. પ્રારંભમાં ગુજરાત વિદ્યાપીઠના મહામાત્ર શ્રી મગનભાઈ પ્ર૦ દેસાઈએ શ્રી હૉરેસ એલેક્ઝાંડરનો સંક્ષેપમાં પરિચય આપ્યો હતો, પછી તેમને સભાને બે બોલ કહેવાની વિનંતી કરવામાં આવી હતી. શ્રી હૉરેસ એલેક્ઝાંડર એક જાણીતા શાંતિવાદી છે; દીનબંધુ એન્ડ્રૂઝના મિત્ર હતા. ગાંધીજી જોડે છેલ્લાં ૨૫ વરસથી મિત્રસંબંધ ધરાવતા હતા.

શ્રી હૉરેસ એલેક્ઝાંડરે કહ્યું હતું કે, આજે તમારી સમક્ષ મારે એક પ્રશ્ન મૂકવો છે. ઘણા દિવસથી એ મારા મનમાં ઘોળાયા કરે છે. હું એ પ્રશ્નનો મને જેવો ઉકેલ સૂઝ્યો છે એ તમારી આગળ કહીશ ખરો; પણ તમે એ પ્રશ્ન પર વિચાર કરી એનો તમે શી રીતે નિકાલ લાવી શકો એમ છો, એ બને તો કહેજો.

હમણાં જ શ્રી રાજકુમારી અમૃતકુંવર તથા શ્રી ઇંદિરાબહેન ગાંધી રશિયાથી આવ્યાં. તે વખતે હું દિલ્હીમાં જ હતો. તેઓએ રશિયા વિષે જે ઉદ્‌ગારો કાઢ્યા તે મેં ધ્યાનપૂર્વક સાંભળ્યા. ઘણું કરીને એવું જોવા મળે છે કે, કેટલાક લોકો રશિયાથી આવ્યા પછી ત્યાંની પરિસ્થિતિથી એટલા મુગ્ધ બની જાય છે કે તેનાં વખાણ કરતાં ધરાતા નથી, જ્યારે કેટલાક લોકો રશિયાના વિરુદ્ધમાં જ બોલવા મંડી પડે છે. આથી રશિયાનો સાચો ખ્યાલ મળવો મુશ્કેલ થાય છે. આ બે બહેનોની વાતો પરથી મને એટલું લાગ્યું કે, ત્યાંનું તંત્ર અમુક વસ્તુઓ જાળવીને જ પોતાનો વ્યવહાર ચલાવે છે. એ પરથી મારા મનમાં આ પ્રશ્ન ઊઠ્યો કે, વિચારસ્વાતંત્ર્ય કે વાણીસ્વાતંત્ર્ય સંપૂર્ણતઃ કયાંય હોય છે ખરું? આપણા અંતરને જે કંઈ સત્ય કે અસત્ય લાગતું હોય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે એના એ જ રૂપે વ્યક્ત કરવાની આપણને સ્વતંત્રતા હોવી જોઈએ ખરી? રશિયાનું જ ઉદાહરણ લો. ધારો કે, ત્યાં કોઈ માર્ક્સ કે લેનિનના આદર્શોને અવૈજ્ઞાનિક કે ભ્રમભરેલા છે એમ પુરવાર કરવા તૈયાર થાય, તો એની શી વલે થાય? એવા માણસને રશિયામાં રહેવું ભારે થઈ પડે અથવા તેને મારી જ નાખવામાં આવે. આ પરથી એટલું લાગે છે કે, દરેક સ્થળે પોતપોતાની મર્યાદા આંકીને જ વાણી કે વિચારનું સ્વાતંત્ર્ય આપવામાં આવે છે. ખ્રિસ્તી જગતનો ચારસો વર્ષ પહેલાંનો ઇતિહાસ તપાસો. તે કાળમાં જે કોઈ વ્યક્તિ ઈશ્વરના અસ્તિત્વ વિષે શંકા કરે કે તેના આદેશ સામે પુકાર ઉઠાવે તો તેવા માણસને કાં તો જેલમાં સબડવું પડે, કાં તો ઠાર મારવામાં આવે.

હવે આપણે અમારા ક્વેકર્સ મિત્રોનો ઇતિહાસ જોઈએ. શ્રી વિલિયમ પેને પેન્સિલ્વેનિયામાં સત્તરમી સદીમાં ક્વેકર્સ લોકોની વસાહત સ્થાપી હતી. ત્યાં તેમણે પણ એવું જાહેર કર્યું હતું કે, જે કોઈ અમે જે રીતે ઈશ્વરને માનીએ છીએ એ રીતે માનવા તૈયાર ન હોય એવા લોકોને અહીં મતનો અધિકાર નથી.

આમ જ્યાં જોઈએ ત્યાં વાણી કે સ્વાતંત્ર્ય પર અમુક પ્રકારની મર્યાદા સૌએ આંકી છે. પણ મને પોતાને વિચાર કરતાં એવી પ્રતીતિ થઈ છે કે, જો કોઈ પણ માણસ આગળ સત્ય અને અસત્ય એ બે વસ્તુઓ આવીને ઊભી રહે તો તે અવશ્ય સત્યને જ અપનાવશે, અસત્યનો તે ત્યાગ કરશે. માનવહૃદયની પ્રકૃતિ જ એવી છે. તો પછી માનવીને પોતાને જે સત્ય કે અસત્ય લાગતું હોય એ વ્યક્ત કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા શા માટે ન આપવી જોઈએ? હું માનું છું કે, ગાંધીજી પણ આ બાબતમાં મારી સાથે સંમત થાય એમ લાગે છે; પણ એ વાત જવા દઈએ. હું તો માનું છું કે, માણસને પોતાને જે સત્ય કે અસત્ય લાગે તે વ્યક્ત કરવાનું સંપૂર્ણ સ્વાતંત્ર્ય હોવું જોઈએ; એમાં બંધન ન હોવું જોઈએ. હું તો સંપૂર્ણ વાણી કે વિચાર-સ્વાતંત્ર્ય માણસને હોવું જોઈએ એમ માનું છું. તમે એ બાબતમાં શું માનો છો એ મને હવે કહો.

ત્યાર પછી થોડી પ્રશ્નોત્તરી જેવું થતાં એક ભાઈએ પ્રશ્ન પૂછ્યો હતો કે, 'જો કોઈ માણસ પૂરેપૂરો વિવેક કે સમજણ વાપર્યા વિના તેને જે કંઈ સત્ય કે અસત્ય જેવું લાગતું હોય તે કહેવા માગે તો શું એવા માણસને પણ સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપવું હિતાવહ છે ખરું?'

આ પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રી હોરેસ એલેક્ઝાંડર બોલ્યા કે, 'હું જે સંપૂર્ણ સ્વાતંત્ર્યની વાત કરું છું એ માટે સાચા શિક્ષણ દ્વારા કેળવાયેલી જનતા હોવી જરૂરી છે. જો માણસો બરોબર કેળવાયેલા હોય તો ત્યાં અવિવેક કે અસાવધપણાને વશ થઈને બોલવાનો પ્રસંગ જ ન ઊભો થાય. પણ પ્રજા જો તૈયાર ન હોય તો અવિવેક કે અસાવધતાની વાત જરા બાજુએ મૂકો તોયે જે ઉચ્ચ સત્ય કહે તો તે પણ માણસો સાંખી શકતા નથી. ઈશુ ખ્રિસ્તનું જ ઉદાહરણ લો. જ્યારે ઈશુને વધસ્તંભ પર ચડાવવામાં આવ્યા હતા, ત્યારે તેમના મુખમાંથી એ ઉદ્‌ગારો નીકળ્યા હતા કે, "હે પ્રભુ! આ લોકોને તું માફ કરજે, કારણ કે એ લોકો શું કરી રહ્યા છે એનું તેઓને ભાન નથી!" આમ ઈશુની દૃષ્ટિએ સામા પક્ષના માણસો અસત્યાચરણ કરતા દેખાય છે. એ વાત સાચી પણ છે. પરંતુ સામા પક્ષને મન તો ઈશુ જ મોટો ગુનેગાર હતો. એવાનું નિકંદન કાઢવામાં જ એ લોકોને પોતાનું હિત દેખાતું હતું. એટલે કે, એ લોકોને પોતાની રીતે જુદું જ સત્ય દેખાતું હતું! આમ સત્યાસત્યનો વિવેક કરવો મુશ્કેલ તો છે જ; પણ એટલું તો સાચું જ છે કે, જે ઉચ્ચ સત્ય છે એ જ આખરે ટકી રહે છે, એનો જ આખરે જય થાય છે.'

પછી એમની વાતનો ઉપસંહાર કરતાં શ્રી મગનભાઈ દેસાઈએ કહ્યું કે, 'આપની વાત પરથી એટલું તો તારણ કાઢી શકાય છે કે, માણસ સામે સત્ય અને અસત્ય એ બે વસ્તુ મૂકો તો તેમાંથી તેને જે સત્ય લાગશે તે જ તે લેશે; અસત્ય નહીં જ. એથી આ પ્રકારની સત્ય પ્રત્યે નૈષ્ઠિક ભક્તિની પ્રકૃતિ મનુષ્યની છે એમ જરૂર કહી શકાય. માત્ર એમ ખરું કે, તેને જે સત્ય લાગે તે બીજાને ન લાગે. મને એમ પણ કોઈ વાર બને કે, સત્ય શું તેનો એ નિર્ણય ન કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે. પણ તેને સત્ય લાગે તો તે જ એ પકડે. એટલે માણસને જે વાર્તની પ્રતીતિ થઈ હોય તેને જ તે પ્રમાણ ગણે છે. તેને બીજાથી સંતોષ થતો નથી. મતલબ કે, મનુષ્યને પોતાની પ્રતીતિ અનુસાર જ સત્યાસત્યની તારવણી કરવી રહી. પણ હું હવે આપની સમક્ષ એક પ્રશ્ન મૂકું છું. આપને જવાનો વખત થઈ ગયો છે અને વધારે આપ અમદાવાદમાં રહેવાના નથી, એટલે આ વખતે ભલે એનો ઉત્તર ન આપશો, પણ બીજી વાર આપ અહીં એનો ઉત્તર આપવા કૃપા કરજો, એવું આમંત્રણ આપું છું. ધારો કે, કોઈ માણસને સત્ય શું અને અસત્ય શું એ સમજાયું હોય, તોયે પોતાના અમુક અંગત હિતને કારણે કે અન્ય કોઈ એવા જ કારણે તે સત્યને જાતું કરી અસત્યનું આચરણ કરવા લાગે. પોતે એમ આચરે છે એનું તેને ભાન હોય, તોયે તે એમ જ વર્તે. આવો માણસ કલ્પી શકાય તેમ છે, તો એનું શું?

ત્યાર પછી શ્રી હોરેસ એલેક્ઝાંડરનો આભાર માની સૌ વિખેરાયાં હતાં.

સુ૦ ક૦

ગાંધીજીનું ગૃહજીવન

[શ્રી મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય વિદ્યાર્થી મંડળ તરફથી ઊજવાયેલા ગાંધીજયંતી સપ્તાહમાં તા. ૩૦-૯-'૫૩ને રોજ 'ગાંધીજીનું ગૃહજીવન' પર નિબંધ વંચાયો, ત્યારે પ્રમુખ તરીકે શ્રી પ્રભુદાસ ગાંધીએ આપેલું વ્યાખ્યાન.]

બાપુજીનું ગૃહજીવન — કૌટુંબિક જીવન — કેવું હતું એ પ્રશ્ન સ્વાભાવિકપણે સૌના મનમાં ઊઠે એવો છે. કેમ કે એમની અપૂર્વ જીવનસિદ્ધિ તેમ જ વિશ્વવ્યાપી પ્રભાવ જોઈને આશ્ચર્યચકિત થઈ જવાય છે અને આપણા મુખમાંથી ઉદ્‌ગાર સરી પડે છે કે, "આવું ઊંચું વ્યક્તિત્વ ઊપજ્યું કેવી રીતે! આ હીરો તે વળી કઈ ખાણનો!" સાધારણ દૃષ્ટિએ જોતાં એવું દેખાય છે કે, નથી બાપુજી સંન્યાસી, નથી હિમગિરિ શૃંગોના વસનારા, નથી કુંભક પ્રાણાયામ કરી સમાધિ લગાવનારા યોગી, કે નથી પંડિતાઈના મહાસાગરમાં ઊંડે ને ઊંડે ઊતરતા જવાની રાતદિવસ મથામણ કરનારા કોઈ અસાધારણ મહામતિ. ત્યારે એમની મહત્તા વિષે વધુ આશ્ચર્ય થાય છે. સમાજમાં સૌ હરેફરે, કામ કરે, વાતચીત કરે, ઊઠે બેસે એવી રીતે બાપુજીને હરતા ફરતા વાતો કરતા લોકોએ અનુભવ્યા છે. તેઓએ પોતાના જીવનમાં, મજૂર, વણકર, કારીગર વગેરેની સરખામણીમાં ઓછી ન ઊતરે એટલી કાળજીતૂટ મહેનત કરવાનો આગ્રહ રાખેલો. સોદો પતાવવા ટાણે તેઓ હાડોહાડ વાણિયા બની જતા. બાળકોને પાઠ શીખવતી વખતે માથે ઊભનારા ચીકણા પંતૂજી એ બની જતા. સૌની જેમ સર્વસાધારણ જીવનનો એમને એટલો બધો આગ્રહ હતો કે, પોતાને સારુ અધ્યયન મનન માટેના ઇષ્ટ ધર્મગ્રંથ પણ ગીતા-રામાયણ સમા જ એમણે પસંદ કર્યા. સ્ત્રીઓ, વૈશ્યો અને શૂદ્રોને પણ જે ધર્મગ્રંથ કામ આવે એ ગ્રંથોમાંથી જ એમણે પોતાને સારુ વધુમાં વધુ આધ્યાત્મિક પોષણ અને શાંતિ મેળવ્યાં.

જાહેરમાં બધી રીતે આવું સાવ સાધારણ જીવન જીવનારા બાપુ ઘરને ખૂણે, ખાનગીમાં કંઈક વિશેષ જીવન ગાળતા હશે, એવી કેટલાક લોકોની કલ્પના હોય છે. હિમાલયમાં વિચરનારા એક બંગાળી ગૃહસ્થ મને અલમોડામાં મળ્યા હતા. કેટલાયે દિવસ સુધી રોજ સાંજે તેઓ મારી ઝૂંપડીએ આવતા. અને ફેરવી ફેરવીને એક જ વાત પૂછતા કે, "ગાંધીની સાધના વિધિ શું છે? તારો એની જોડે લોહીનો સંબંધ છે એટલે એના ઘરના ખૂણાની વાત તારાથી અજાણી ન જ હોય. આટલી વિશાળ જાહેર પ્રવૃત્તિમાં ગળાડૂબ રહેતો ગાંધી, અને તેયે પાછો જાતનો વાણિયો પોતાનું જીવન આટલું પવિત્ર અને ઊંચું કેમ રાખી શકે છે અને એની વાણીમાં આટલો બધો પ્રભાવ કેમ અનુભવાય છે, એ ખરેખર ન સમજાય એવો કોયડો છે. ગાંધીને મેં જોયો નથી છતાં એનો ફોટો જોઉં છું ત્યારે તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખ પર અજબ શાંતિ દેખાય છે. જાણે એ મુખનું ધ્યાન ધર્યા જ કરીએ. મને લાગે છે કે, ગાંધી સવાર સાંજ લોકોને ખબર પડે એ રીતે નહીં તો મધરાતે તો જરૂર આસન જમાવી સમાધિના પ્રયોગો કરતો જ હશે."

ઉંમરમાં એ ગૃહસ્થ બાપુ કરતાં બે ચાર વરસ મોટા દેખાતા હતા અને શાસ્ત્રો વગેરેના વાચનમાં પણ પાકા વિદ્વાન જણાતા હતા. એટલે ગાંધી માટે તુંકાર તેમને શોભતો હતો. મેં જ્યારે એમને કહ્યું કે, બાપુજી કશી વિશેષ સાધના નથી કરતા, ત્યારે એમના માન્યામાં એ વાત આવતી જ નહીં. કેટલાં વરસ સુધી હું બાપુજી પાસે રહ્યો છું એની એમણે ઊલટ-તપાસ કરી. અને જ્યારે મેં બાપુની અંગત સેવામાં ચોવીસે કલાક મહિનાઓ સુધી ગાળ્યાની વિગત એમને જણાવી, ત્યારે તેઓના મનનું આશ્ચર્ય અનેક ગણું વધી ગયું કે, એક સાધારણ જીવન જીવનારો વાણિયો આવી ઊંચી સાધુતાને કઈ રીતે પહોંચ્યો હશે!

અને ખરું કહું તો મારા પોતાના મનને પણ આ પ્રશ્ન અનેક વાર પજવતો રહ્યો છે. નાનો હતો ત્યારથી જ હું બોપુની પડખે કલાકો સુધી બેસીને નિહાળ્યા કરતો કે, ઘરના બીજાઓ કરતાં બાપુજી પાસે શી વિશેષતા છે? મારા દાદા — ખુશાલબાપાની અને બાપુજીની બોલવા ચાલવાની રીત, એમના ઉદ્‌ગાર, ઝીણી ઝીણી વિગતોમાં ઊતરવાનો એમનો ખંત, ભાષાની મૃદુતા, વગેરે મને એકસરખાં જણાતાં. હજુ આઠેક મહિના પહેલાં હું બાપુજીનાં મોટાં બહેન રળિયાત ફઈબા પાસે ગયો હતો. ચાર પાંચ કલાક સુધી મેં બાપુજીનાં સ્મરણો બાબત એમને પૂછ્યું. દાદીમાં પાસે બાળક જેટલી નિકટતા અનુભવે એટલી મેં અનુભવી. અને આખો વખત ફઈબાની મુખાકૃતિ, ઉદ્‌ગાર વગેરે બાપુજીની જ પ્રતિકૃતિ હોય એમ મને જણાયું. મને એમ જ થયું કે, પાછા બાપુજી જ જીવતા થયા છે અને પોતાનાં વહાલભર્યાં અમૃતવચનો મને સંભળાવી રહ્યા છે.

ફઈબાએ પોતાની, કસ્તૂરબાની, પૂતળીબાની, મારાં દાદીમાની ઘણી વાતો મને કરી. કબાબાપાનું, મેઘજીમામાનું, તુલસી રામાયણ કંઠાગ્ર કરનારા પરમાનંદ બાપાનું સ્મરણ ફઈબાને મારા પ્રશ્નો પરથી તાજું થતું હતું; અને ગઈ કાલની જ વાત પોતાની નજર સામે જોતાં હોય તેમ તેઓ બધું વર્ણન કર્યે જતાં હતાં. મારી કલમમાં એટલું બળ ન હતું કે એટલા વેગથી બધું લખી લઉં. પણ એ બધું સાંભળ્યા પછી હું મારા અંતરના ઊંડાણમાં ખોવાઈ ગયો ને હું ખૂબ જ વિચારવમળે ચડ્યો કે, જે બાહ્ય જીવન બાપુના કુટુંબના અનેક વૃદ્ધોનું એકસરખું હતું, એમનાં સત્ત્વ અને શીલ, એમની તપસ્યા અને ત્યાગ, એમની પ્રામાણિકતા અને ભક્તિ મોળાં ન હતાં, તો કેવળ બાપુનું વ્યક્તિત્વ એકાએક આમ ગગનચુંબી કેમ બની ગયું ને બીજાઓ વામન કેમ રહી ગયા! ફઈબાએ પોતે પણ તપ અને શ્રમ કરવામાં બાકી કયાં રાખી છે! વિધવા એટલે બાપુના શબ્દોમાં સાક્ષાત્ ત્યાગમૂર્તિ- અને વળી ફઈબા તો પ્રખર પૂજારી. અનુષ્ઠાન, વ્રત અને પરિશ્રમની શૃંખલાથી એમનું જીવન ભરેલું. છતાં કયાં આ મોટાં બહેન અને કયાં એ નાનો ભાઈ!

ફઈબા અભણ રહ્યાં અને બાપુજી ખૂબ ભણ્યા ગણ્યા, એટલે એ બંનેના જીવનમાં મોટો ફેર પડી ગયો એમ કહી શકાય ખરું. પણ પાછો પ્રશ્ન થાય છે કે, અભણ છતાં કસ્તૂરબાએ જે વિકાસ સાધ્યો અને ભણેલા છતાં ને ધર્મિષ્ઠ છતાં બાપુજીના મોટાભાઈ કે મારા દાદાજી પણ બાપુજીની જેમ બહુ આગળ ન વધી શકયા એનું મૂળ કયાં છે?

વિનોબાની પેઠે સાવ નાનપણથી જ ઘરના બધા સંબંધોનો વિચ્છેદ કરીને ઘરના કાતરિયામાં જ પુસ્તકો વચ્ચે બાપુ પુરાઈ રહ્યા હોત અને ઘરમાં બહેનનું લગન થાય ત્યારે બનેવીને જોવા મળવાની કે એનું નામ સુધ્ધાં જાણવાની પરવાયે બાપુજીએ ન રાખી હોત, તો તો આપણે એમ કહી શકત કે, મૂળથી જ ઘરના જીવનથી બાપુજી નિરાળા રહ્યા હતા, તથા જનમના જ તેઓ કોઈક અવધૂત હતા. અથવા જો કાકાસાહેબ કાલેલકરની પેઠે ભર જુવાનીમાં ઘેરથી પત્ની તથા બાળકોની વિદાય લઈને હિમાલયમાં બાપુ પહોંચી ગયા હોત અને પૂર્વજીવનને તિલાંજલિ આપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવેંસરથી બ્રહ્મચર્યાશ્રમમાં પ્રવેશ કરવાનો સંકલ્પ કરી દત્તુ બ્રહ્મચારીની જેમ હથેળીમાં એક વાર મળેલી ભિક્ષા પર તથા હિમશૃંગો પર એકલા ધોતિયા ને ઉપરણાને આધારે બાપુજીએ પોતાના જીવનને ગાળ્યું હોત, તો ઘરની માયાને વેગળી મૂકી દેનારા ત્યાગી તરીકે આપણે એમને ઓળખત. પણ બાપુજી તો ઘરની માયા મમતામાં સાધારણથીયે વધુ ઘેરાયેલા રહ્યા અને ઘરનાં બંધનો ઉલાળી દેવાને બદલે ઘરની નાની મોટી વાતોને આગ્રહપૂર્વક સંભાળતા હતા.

બનેવી માંદા પડ્યા ત્યારે મોટાં બહેન પાસે પહોંચી ગયા. ફઈબા કહે છે કે, "ઘરમાં પરસોતમ પટાવાળો હતો એ માંદા સાજાને દવા આપવા કરવાનું કરતો. પણ બાપુએ તો જાતે ઊભે પગે પોતાના બનેવીની સેવા કરી. ખાટલો જાતે ફેરવ્યો, પોતાની બાસ જગ્યામાં એમને સુવાડ્યા. કોઈને હાથ જ ન લગાડવા દે. પોતે જ બધું કરે. બૅરિસ્ટર થઈને તાજા જ આવ્યા હતા પણ મને કહે, "બહેન, તમે ધીરજ રાખો. ઊંઘ ન બગાડશો. માવજતનું કામ મને કરવા દો."

ઘરમાં મુરબ્બીઓની સેવા કરી તેમ બાળસંગોપનનું કામ પણ બાપુએ જાતે કર્યું. મણિલાલ ગાંધીને શીતળા નીકળ્યા તો એમાં બહુ પુષ્કળ મહેનત કરી. રાતદિવસ એમાં પોતાનો જીવ પરોવી રાખ્યો. અને જેમ ભરજુવાનીમાં તેમ મોટી ઉંમરે અને છેક વૃદ્ધાવસ્થા લગી પણ ઘરનાં માણસોની માંદગી વખતે પૂરી મમતાપૂર્વક ઉપચાર ને સંભાળ રાખવાનું બાપુએ ચાલુ રાખેલું. પૂજ્ય બાની માંદગી વખતે જે રાંધવા કરવાનું હોય તે પણ પોતે જ કર્યું. સાર એ કે, ઘરમાં બહુ ઓતપ્રોત રહેવા છતાં અને કુટુંબીઓ વચ્ચે સોળે આના કુટુંબી જન બની રહેવા છતાં બાપુજી પોતાના જીવનને અસાધારણ ઊંચાઈએ લઈ ગયા. અને ઘરકામના ભારે દબાણમાં અને ઘરની જંજાળના પૂરા વળગાડમાંયે એમણે પ્રગતિ સાધી.

આ ઉપરથી એમ અનુમાન તારવવું અયોગ્ય નહીં ગણાય કે, બાપુજીની વિશેષતાને પોષનારાં તત્ત્વો ઘરના વાતાવરણમાં હતાં જ.

એમ કહેવું તો બહુ ગણાશે અને એમાં મિથ્યાભિમાન લેખાશે કે, અમારા કુટુંબમાં એવું કંઈક વિશેષ હતું જે બીજે ન હતું. અમારા કુટુંબના ઇતિહાસનું ગમે એટલું દોહન કરવામાં આવે તો એટલું તો ચોક્કસ છે કે, આપણા ભારત દેશમાં ઠેકઠેકાણે અવિભાજિત કુટુંબોની અંદર જે સંસ્કારિતા અને પરંપરા ચાલી આવે છે એથી કંઈ બહુ અનોખી વાત ગાંધી કુટુંબમાં ન હતી. પણ વિશ્લેષણ કરતાં હું એ સમજ્યો પર આવ્યો છું કે, કુટુંબના રીતરિવાજો અને રહેણીકરણી કરતાં કુટુંબમાં ચાલી આવતી પરંપરાગત જીવનફિલસૂફીની અસર બાપુજી ઉપર ઘણી વધારે પડી છે. પૂજ્ય બા પણ પોતાની અંતઃપ્રેરણાથી એ ફિલસૂફીને ઘણી દૃઢતાપૂર્વક વળગેલાં રહ્યાં છે. બાપુજી પોતાની અતિસૂક્ષ્મ અને સ્વચ્છ બુદ્ધિથી ચાલી ચાલીને પગલું ભરે, પણ બા ભણેલાં નહીં એટલે શાસ્ત્રીય વિચારસરણી એમની પાસે હોય નહીં. છતાં એમના હૃદયમાંથી જે બળ રેલાતું તે બાપુના બળની તોલે આવીને ઊભતું. સતારમાં મુખ્ય તાર ઉપર કળાકારની આંગળી ફરે તેમ તેમ નીચેની તરાફીના તાર સૂર પ્રમાણે ઝણઝણી ઊઠે, એ રીતે બાનાં પગલાં પણ બાપુને પગલે પગલે આગળ ને આગળ વધ્યે જ જતાં.

"વડ તેવા ટેટા અને બાપ તેવા બેટા" એ મુદ્દો કાઢી નાખવા જેવો કે બહુ મહત્ત્વનો નથી. બાપદાદાથી લોહીમાં ઊતરી આવેલો વારસો માણસનું વ્યક્તિત્વ પ્રકટ કરવામાં બહુ મોટો ભાગ ભજવે છે, એ વિજ્ઞાનની છણાવટથી સિદ્ધ થયેલી અને અનુભવે નક્કી થયેલી હકીકત છે. નાનામાં નાનો અલ્પપ્રાણ માણસ અને મોટામાં મોટો મહાપ્રાણ માણસ પણ પોતાની નસોમાં વહેતા રુધિરની વારસાગત અસરમાંથી મુક્ત રહી શકતો નથી. છતાં બાપુજીનું ઘડતર જોતાં એમ કહી શકાય કે, એમની નસોમાં વહેતા રુધિરના પ્રભાવ કરતાં ઘણો વધારે પ્રભાવ એમના ઉપર કુળની સમક્ષ રહેલા જીવન આદર્શનો પડ્યો છે.

આ આદર્શ તે પુષ્ટિમાર્ગી વૈષ્ણવનો આદર્શ. મારા દાદાજી વારે વારે કહેતા, "આપણે પુષ્ટિમાર્ગી વલ્લભ સંપ્રદાયના; પુષ્ટિમાર્ગી વૈષ્ણવને ન શોભે એવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણાથી કંઈ થાય જ નહીં. વૈષ્ણવના આચાર ન જાળવે એ તો આપણા કુળમાં કપૂત જન્મ્યો કહેવાય." જે રીતે દાદાજી મારા જેવા બાળકને દિવસમાં દસ વાર યાદ દેવડાવતા કે, આ વૈષ્ણવને છાજે, આ વૈષ્ણવને ન છાજે, એવી રીતે બાપુજી ભાગ્યે જ ચર્ચા કરતા. વૈષ્ણવના આચારવિચાર વિષે શિખામણ આપવા કરતાં એનો જળહળતો નમૂનો પોતાના જીવન વડે સૌની સામે રજૂ કરવાની બાપુજીને ખૂબ જ હોંશ હતી. દીવા વડે દીવો પ્રગટે એમ વૈષ્ણવ વડે વૈષ્ણવ પ્રગટશે એ બાબતમાં રતીભાર પણ એમને શંકા ન હતી. એટલે બાપુજી મનમાંને મનમાં ખરા વૈષ્ણવનું ધ્યાન ધરતા અને એ આદર્શને પોતાની દૃષ્ટિ સમક્ષ કાયમ રાખતા.

પુષ્ટિમાર્ગી વૈષ્ણવપણું સ્થૂળ રૂપે હવેલીનો ધર્મ ગણાય. બ્રાહ્મમુહૂર્તથી માંડીને પહોર રાત વીત્યા લગી આઠ દસ વાર ઠાકોરજીની ઝીણવટભરી પૂજા અને દર્શન કરવાં; સુંદરમાં સુંદર વસ્ત્રો, નવા નવા ચડિયાતા આહાર ઠાકોરજીની સમક્ષ ધરી પ્રસાદ મેળવવો; સ્વચ્છતાની કાળજી રાખવામાં સતત અતિરેક કરવો અને ભજન-કીર્તનની મસ્તી ખીલવવી; તથા ઘરના કામમાં, કુટુંબ-કલેશમાં તથા સંસારના સંઘર્ષમાં ગળાડૂબ રહેવા છતાં સેવાપૂજા અને દર્શન-દાન વગેરેના આંકી રાખેલા કાર્ય-ક્રમમાં ખાંચો ન આવવા દેવો, એ બધું "હવેલી ધર્મ"નું "પુષ્ટિમાર્ગી વૈષ્ણવ"નું કલેવર ગણાય. આ મજબૂત રીતે ઢાળેલા ચોકઠામાં સંસાર સાથેનો સંબંધ પણ ચોક્કસ રીતે ઠરાવેલો. "જીવો અને જીવવા દો." જાત જાતના લોકો અને ભાત ભાતના સંપ્રદાય પ્રત્યે જરાયે અકળામણ નહીં. ભલે સૌ ફાલે ફૂલે; પોતાને રસ્તે કોઈને પરાણે ઢસરડી લાવવાનો મતાગ્રહ મુદ્દલ નહીં. અને છતાંયે પોતાની પૂજનવિધિ, અનુષ્ઠાન, સંકલ્પ તથા દિનક્રમમાં ઢીલ પડવા દેવી કોઈ કાળે ન પોસાય. ભલે પછી મરણ સુધીનું જોખમ વહોરવું પડે.

પુષ્ટિમાર્ગી વૈષ્ણવના આવા સબળ પ્રવાહની તળે એક અંતર પ્રવાહ વહે છે. સૌરાષ્ટ્રની નદીઓમાં ઉપર વહેતું પાણી થંભી જાય, સુકાઈ જાય, વણસી જાય, પણ વેકૂળ તળેના વીરડામાંથી સદાયે અમૃત સમું પાણી મળે. એ જ રીતે આચારધર્મના હારા તળે વૈષ્ણવોની એક જવલંત નિષ્ઠા જાણે અજાણે રહેલી હોય છે અને તે નરસિંહ ભગતે ગાઈ બતાવી છે. બાપુજી તથા બીજા ઘણાના જીવનમાં ડોકિયું કરતાં એ નિષ્ઠા પ્રત્યક્ષ જણાઈ આવે છે. ધર્મને બદલે એ નિષ્ઠાને એમણે વધુ આગ્રહથી અપનાવી છે. લાક્ષણિક નરસિંહ મહેતાએ ટૂંકમાં એ નિષ્ઠાને આ રીતે વર્ણવી છે: "હરિના જન તો મુક્તિ ન માગે, માગે જન્મોજન્મ અવતાર રે" "નિત્ય સેવા નિત્ય કીર્તન ઓછવ, નીરખવા નંદકુમાર રે."

— ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાહીં રે.

પુષ્ટિમાર્ગી વૈષ્ણવનો આ લાક્ષણિક ધ્યાનમંત્ર છે.

આ મંત્રમાં પવિત્રમાં પવિત્ર ભાવના અને ઊંચામાં ઊંચો સંકલ્પ રહેલાં છે. એમાં કવિ પ્રતિજ્ઞાપૂર્વક કહે છે કે, ઈશ્વરની આખી સૃષ્ટિમાં કીર્તન ઉત્સવ અને ભગવત્સેવાથી વધુ કંઈ છે જ નહીં. માણસે પોતાના જીવતરમાં એક જ અભિલાષા રાખવા જેવી છે — સૌ સાથે મળીને આનંદોત્સવ કરવાની. શરત એટલી કે, એ આખા આનંદોત્સવનું કેન્દ્રબિંદુ હોય પળે પળે પરમાત્માની સાક્ષાત્ પ્રતીતિ મેળવવાની ઉત્કંઠા. "છે કામના એક ખપી જવાની પીડિતોનાં દુઃખ નિવારવામાં" એ સંકલ્પનો જ્યારે ઉદ્‌ઘોષ કરવામાં આવે છે, ત્યારે હૃદયમાં ઊંડે ઊંડે ભરેલી વેદના અને નિરાશાનો રણકો કાન પર અથડાતો હોય એવું લાગે છે. એમાંથી એવું ગર્ભિત સૂચન મળે કે, "સંસાર જોઈ જોઈને હું તો અકળાઈ ગયો. સંકટ, દુઃખ, સંઘર્ષ, ત્રાસ, કચ્ચર-ઘાણ, અન્યાય અને કલેશથી જ સઘળી ક્ષિતિજો છવાયેલી છે. એટલે દુખિયા લોકોને જે રીતે થોડી-ઘણીયે ઓથ મળે એ કરી છૂટવા સિવાય બીજા કશામાં મને રસ નથી." ટૂંકામાં આ જ વાતને એમ મૂકી શકાય કે, "આનંદનું કે સુખનું નામ લઈ દાઝ્યા ઉપર ડામ ન દેશો. દુઃખનો દરિયો ખેડતાં ખેડતાં હું હિંમત હારી ન જાઉં અને બીજાઓને એમાં મદદરૂપ બની શકું તો ઘણું થયું. બીજી તરફ જ્યારે નિત્યને માટે આનંદ ઉત્સવમાં મહાલવાની વાત ઉચ્ચારીએ ત્યારે મનમાં રહેલી એ નિષ્ઠાનો પડઘો પડે છે કે, ભગવાનને ત્યાં લીલાલહેર જ છે. ત્યાં આગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદનો તોટો છે જ નહીં. કડવાશ, સંતાપ, દુઃખ વગેરે દેખા દે છે એ બધું ઉપર ઉપરનું છે. મહાસાગરનાં પાણી ઝંઝાવાતથી ગમે એટલાં ખળભળી ઊઠે, પહાડ પહાડ જેવડાં મોજાંઓ ઊછળે અને ચારે દિશાઓમાં હાહાકાર ફેલાવી દે તોપણ, જેમ ઊંડી રીતે તો મહાસાગર પોતાના પેટાળમાં ધીરગંભીરપણે પડેલો હોય છે ને નિરાંત જ અનુભવતો હોય છે, તેમ જગતમાં મનને અધીરાં કરી મૂકનારાં કષ્ટોની હારમાળા પાછળ બધું કલ્યાણમય અને આનંદમય જ વિસ્તરેલું છે એ શંકા વિનાની વાત છે. એવી પાકી પરતીત મનમાં ઘર કરી રહેલી હોય, તો જ જનમોજનમ અવતાર મેળવવાની અને આનંદોત્સવ માણવાની અભિલાષા વૈષ્ણવના હૃદયમાં જાગે.

બાપુજીએ પોતાનું આખું જીવન આનંદમય રહેવાની આ નિષ્ઠા ઉપર ઘડ્યું. પોતે ભેખધારી સંન્યાસી ન બન્યા, ઘર છોડીને ભાગી ન ગયા, ને સમાજ તથા રાજ્યની આસમાની સુલતાની સામે ટટ્ટાર ઊભા રહ્યા, તે જીવનની ખરેખરી પ્રસન્નતા માણવાને ખાતર. "જીવવામાં તે શો રસ છે, સર્વત્ર ક્લેશ જ છે. પડ્યું પાનું નભાવ્યે છૂટકો" એવો કંટાળો એમણે ન સેવ્યો. એ વાત સાચી છે કે, દેશ અને સમાજની આપદાઓ જોઈને બાપુના હૃદયમાં રાતદિવસ હોળી સળગતી હતી. એ વાત પણ સાચી કે, બાપુજીએ ડગલે ને પગલે "ઝેરના પ્યાલા" જાણી જાણીને પીધા. એમ છતાં જીવનને એમણે સતત આનંદ-ઉત્સવની લહાણી જ માન્યું. ઘણા કહે છે કે, બાપુજીની વિનોદશક્તિ અદ્‌ભુત હતી. ભલભલા પ્રતિભાશાળી અને રસજ્ઞ લોકો પણ બાપુની વિનોદશક્તિ તથા એમના મુક્ત હાસ્યથી અંજાઈ જતા. આકરામાં આકરા દુઃખમાંયે બાપુને મુખેથી વિનોદભરી વાણી ઝરતી જ હોય.

આ કંઈ કૃત્રિમ વિનોદ ન હતો. ગણતરીપૂર્વક એમને વિનોદ યોજવો નહોતો પડતો. એમના અંતઃકરણમાંથી આપોઆપ વિનોદની સરવાણીઓ ફૂટ્યા જ કરતી. સંતોષ અને આનંદનો સાગર જેના હૃદયમાં હિલોળા દેતો હોય, એના જ સ્મિતમાં કરોડોનું વશીકરણ કરવાની જાદુઈ શક્તિ ભરી હોય. અત્યંત એકાંત પળે, ખૂબ જ થાક અને ચિંતાથી ઘેરાયેલા હોય ત્યારે બાપુજીને નિસાસા નાખતા મેં સાંભળ્યા છે. એમને પોતાને કાને પણ માંડ સંભળાય એટલો ધીમો એ નિસાસો હોય અને એ નિસાસાનો છેવટનો ભાગ 'રામ' શબ્દનો ઉચ્ચાર જ હોય. પણ એક વાર નિસાસો નીકળી ગયા પછી બીજી વાર બાપુજીને મુખેથી એની પુનરાવૃત્તિ ન થાય. અર્ધી રાત્રે ઝાંખા અજવાળામાં પોતે એકલા પથારીમાં હોય ત્યારેયે એકથી વધુ નિસાસો બાપુજીએ મૂક્યો મેં જોયો નથી.

અણીને સમયે બાપુની 'વૈષ્ણવનિષ્ઠા' જાગી ઊઠતી. એ નિષ્ઠાનો આધાર લીધા પછી દુઃખ અને નિરાશાને કયાંય સ્થાન રહેતું જ નથી. આનંદ લેવો અને આનંદ આપવો એ વાત ઉપર જ આખું ધ્યાન અને આખો સંકલ્પ કેંદ્રિત થાય છે. છેવટની ઘડી સુધી તેઓ એ રીતે જ મથ્યા.

મારું આ વિવેચન કદાચ વિષયાંતર જેવું જણાશે. બાપુજીના ઘરગથ્થુ જીવનની વાત મારે કરવાની હતી. પણ એમની જીવનનિષ્ઠા દેહ હૃદયને ખૂણે કંઈ હતી એ જાણ્યા વગર એમના ઘરગથ્થુ જીવનને સમજવું મુશ્કેલ પડે. પોતે, પોતાનું કુટુંબ અને દુનિયા એમ જુદા ભાવ એમના હૈયામાં હતા જ નહીં, એટલે એમના જીવનના ભાગ પાડી, આ એમનું ઘરગથ્થુ જીવન અને આ જાહેર જીવન એ દર્શાવી શકાય જ નહીં. ઘરનું, કુટુંબનું, આશ્રમનું, સમાજનું, દેશનું અને આંતરરાષ્ટ્રીય જગતનું સઘળુંયે જીવન એમને માટે એક જ કક્ષનું અને એક જ સરખા મહત્ત્વનું હતું.

મગનલાલકાકાના સ્વર્ગવાસ પછી થોડા જ મહિના બાદ બાપુજી અમારા કુટુંબ સંબંધી ગંભીર ચર્ચા કરી રહ્યા હતા. એમની ઇચ્છા હતી કે, મગનકાકાને શ્રદ્ધાંજલિ રૂપે અમે કંઈક મોટું પગલું ભરીએ; વધારે ત્યાગ અને તપ અપનાવી કુટુંબને ઊજળું કરવામાં મગનલાલકાકાની પરંપરાને આગળ વધારીએ. એક આગ્રહ બાપુજીએ એ પણ કર્યો કે, મારા પિતાશ્રી ગામડાના ઊંડાણમાં જઈ વધારે પ્રત્યક્ષ સેવાનું કામ કરે. સાબરમતી આશ્રમમાં ફરવા જતાં એક સવારે આ વાત થયેલી અને ઘણું કરીને એ વેળા બાપુજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે ચાલવામાં મારા ઉપરાંત કોઈ બીજું ન હતું. બાપુના બીજા આગ્રહ સંબંધે વધુ વિચાર કરીને પછી જણાવવાનું મેં સ્વીકાર્યું. પણ પિતાશ્રીને ગામડે મોકલવાનો બાપુજીનો આગ્રહ વધારાપડતો છે એમ મને થયું એટલે મેં કહ્યું: "પિતાશ્રીની હવે ઉંમર થઈ. આટઆટલાં વરસ એમણે આશ્રમનું કામ કર્યું. બીજે હોય તો પેન્શનનો વખત થયો ગણાય. પણ અહીં એમને વધુ નહીં તો જરા આરામ રહે, અને કામનો ભાર વધુ ન થાય એટલું તો થવું જોઈએ ને?" મારી વાત સાંભળી બાપુજીને જરા આઘાત લાગ્યો. તેઓ ગંભીર બની ગયા અને બોલ્યા: "શું મને આરામનું મન નહીં થતું હોય! છગનલાલ કરતાં મારી ઉંમર દશેક વરસ વધારે થઈ. બા તો બિચારી રોજ કહ્યા કરે છે કે, હવે તો આ બધી જંજાળ મૂકો અને માળા લઈને બેસી જાઓ, એટલે બાકીનું જીવન ભગવદ્ ભજન કરી વધુ સફળ તો થાય! પણ હું કેવી રીતે નિવૃત્તિ લઉં? ચોતરફ દાવાનળ લાગ્યો છે, દેશ આખો દરિદ્રતાથી ઘેરાઈ ગયો છે. દરિદ્ર-નારાયણની સેવા એ જ મારી માળા પૂજા. છગનલાલનું શરીર નબળું પડ્યું છે ખરું; પણ ગામડામાંયે શરીર સાચવવાની કળા શીખી લેવી જોઈએ. મલેરિયાનાં સ્થળોમાં મચ્છરદાની વાપરવાની કાળજી રાખવી. જ્યાં દૂધ વગેરેની સગવડ ન હોય તો અહીં આશ્રમની ગાયના દૂધના પેંડા કરીને કાશી (મારાં માતુશ્રી) ટપાલથી મોકલતાં રહે. પણ આપણે આ જમાનામાં આરામથી બેસી રામભજન કરવાનું વિચારીએ એ બરાબર નથી. સાવચેતી રાખ્યા છતાં ગામડામાં માંદગી આવે તોયે છગનલાલે રહેવું તો ત્યાં જ જોઈએ. બહુ બહુ તો શું થશે? દેહ પડી જશે, એટલું જ ને! આપણે કયાં દેહને પૂજવો છે!

હું તો બાપુજીનાં આવાં વચનો સાંભળી સ્તબ્ધ જ થઈ ગયો. મોઢેથી એક શબ્દ બોલી ન શક્યો. અને ત્યાર પછી મને યાદ નથી આવતું કે, મેં કદી પોતાને માટે કે પોતાનાંઓના માટે આરામ વગેરેની સગવડ માગવાની બાપુજી પાસે હિંમત કરી હોય.

અને આટલા આકરા હોવા છતાં બાપુજીએ આશ્રમમાં એટલી સગવડો વધવા દીધી હતી કે તેઓ વિનોદમાં પોતાના અશ્રમને દરબાર ગઢ કહેતા. જીવનની ઝીણી ઝીણી સગવડો આશ્રમમાં મળે એટલી મોટા શ્રીમંતોને ઘેર જોવામાં આવે, બીજે એ ન હોય. મૃત્યુ હથેળીમાં લઈ ફરવું, પણ હતાશ થઈને નહીં. મરણના ઓછાયાથી જીવનને ચીમળાઈ જવા ન દેવું, એને સૂકવી ન નાખવું. પરંતુ જીવનના આનંદમાં વધારો કરવાનો કાયમ પુરુષાર્થ કરવો જ. ગામડાની સેવા કરવી અને તબિયતને માટે મચ્છરદાની તથા તાજું દૂધ ન મળે તો જમાવેલા દૂધની સગવડ મેળવવામાં આળસ ન કરવું. આમ બાપુજીના બે છેડા ન સમજાય એટલી હદ સુધી જુદા દેખાતા, છતાં એમાં એક જ જાતનો સૂર સંભળાતો.

(ચાલુ) **પ્રભુદાસ ગાંધી**

સાભાર સ્વીકાર

ભારતી સાહિત્ય સંઘ લિ૦, અમદાવાદ તરફથી:
પાનેતરના રંગ: લે૦ પન્નાલાલ પટેલ, કિં. રૂ. ૩-૦-૦; **કસુંબીનો રંગ:** લે૦ ભૂપત વડોદરિયા, કિં. રૂ. ૩-૦-૦.

અન્ય પ્રકાશકો તરફથી:
નાગરોત્પત્તિ: લે૦ કૃષ્ણપ્રસાદ ભટ્ટ, પ્રકા૦ દશરથલાલ જહા, નાગર ગ્રંથમાળા, અમદાવાદ, કિં. રૂ. ૦-૩-૦; **માંડવનાથ:** લે૦ ઉપર મુજબ, પ્રકા૦ નવચેતન સાહિત્ય મંદિર, અમદાવાદ, કિં. રૂ. ૪-૦-૦; **આપણા ઇન્દુભાઈ:** સંપા૦ ધનવંત ઓઝા, પ્રકા૦ શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક ષષ્ટિપૂર્તિ અભિનંદન સમિતિ, અમદાવાદ, કિં. રૂ. ૩-૮-૦; **વૃંદાવન:** લે૦ રમણ કોઠારી, પ્રકા૦ વોરા એન્ડ કંપની, મુંબઈ, કિં. રૂ. ૧-૪-૦; **નિર્મલ રાસોત્સવ:** લે૦ દેવીશ્રી કુમારી નિર્મળદેવી, પ્રકા૦ પ્રાણલાલ નંદલાલ વોરા, મુંબઈ, કિં. રૂ. ૦-૮-૦; **કર્તવ્યની કેડી:** લે૦ સ્વ૦ સૌ૦ ચંદ્રકળાબહેન માણેકલાલ શેઠ, પ્રકા૦ માણેકલાલ પુરસોતમ શેઠ, વિલેપાર્લે, મુંબઈ, કિં૦ અમૂલ્ય; **મોટર ડ્રાઇવિંગ મેકેનિક ગાઈડ ભા. ૧લો:** લે૦ એમ. આર. મહીન્દ્ર, પ્રકા૦ ચેમ્પિયન (ઇન્ડિયા) ટ્રેડર્સ, મુંબઈ, કિં. રૂ. ૧-૦-૦; **ઘડિયાળ રિપેરિંગ ગાઈડ ભા. ૧લો:** લે૦ ઉપર મુજબ, પ્રકા૦ ઇન્ડસ્ટ્રિયલ ઇન્સ્ટિટ્યૂટ, મુંબઈ, કિં. રૂ. ૩-૧૨-૦; **ગાતાં ઝરણાં:** લે૦ 'ગની' દહીંવાલા, પ્રકા૦ 'ગની' કાવ્ય-સંગ્રહ પ્રકાશન સમિતિ, સુરત, કિં. રૂ. ૧-૪-૦; **નરમંકા:** લે૦ વજુભાઈ ટાંક, પ્રકા૦ ચંદ્રકાન્ત પુરોહિત, સુરત, કિં. રૂ. ૧-૦-૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખકનો વ્યવસાય

આ સામયિક લેખકોનાં લખાણો — કલ્પનાપ્રધાન કથાના લેખકો તેમ જ અન્ય લેખકોનાં લખાણો — ની સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવતું હોવાથી કેટલાક એમ માને છે કે અમે કંઈ સક્રિય કામ કરવાને બદલે વિચારોને વધારે પ્રાધાન્ય આપીએ છીએ, જીવન કરતાં સાહિત્ય તરફ અમારો ઝોક છે. અવશ્ય કાર્ય અને જીવનવ્યવહાર એ બે અનિવાર્ય ગણાય છે, તેથી માત્ર વિચારની વાતને આપણે ભલે કોરે મૂકી દઈએ; અને આ દૃષ્ટિએ જોઈએ તો અમારા ઉપર થતા આક્ષેપને અમે માન્ય કરીએ છીએ. પરંતુ એથી જરા આગળ જઈને વિચારતાં અમને જણાયું છે કે બીજા માણસો કરતાં લેખકવર્ગ નીતિવિષયક પ્રશ્નોને વધારે વિચારે છે. આર્કિબાલ્ડ મેકલેહે ન્યાયને લગતી લેખકો વિષે કરેલી ટીકામાં ભલે તથ્ય હોય તોયે એ તો સાચી હકીકત છે કે લેખકો અન્યાયને તરત જ પકડી પાડે છે અને એ જોઈને લખવા પ્રેરાય છે. આજની ધણીખરી વાર્તાઓમાં એવા કેટલાય ઉત્તમ ફકરાઓ જોવા મળે છે જેમાં માનવી અન્ય માનવી પ્રત્યે જે અમાનુષી વર્તન કરે છે તેનું - પ્રતિબિંબ પડેલું હોય છે — આ વાતને રાજકારણની ભભકભરી અત્યુક્તિવાળી મોટી મોટી વાતો સાથે કશી લેવાદેવા નથી, આ તો સામાન્ય માણસ પોતાના રોજબરોજના વ્યવહારમાં જે કંઈ અનુભવે છે એને અનુલક્ષીને જ આવું કહેવામાં આવ્યું છે.

લેખકોમાં જે સૂક્ષ્મ દૃષ્ટિ, કલ્પનાશક્તિ અને સમજ હોય છે એ કારણે પણ તેઓ જે માણસો માત્ર શુષ્ક વ્યવસાયો પાછળ પડેલા છે એ લોકો કરતાં વધારે સંવેદનશીલ હોય છે. જે માણસ વધારે નિરીક્ષણ કરે છે તે એ કારણે વધારે જવાબદાર માણસ ગણી શકાય. એની 'સ્વતંત્રતા' આંતરિક, નૈતિક ફરજોને લીધે કુંઠિત બની જાય છે. વેપારીને જે 'સારો સોદો' લાગતો હોય તે જેને વિચારોની સાથે કામ લેવાનું છે એવા માણસને આત્મઘાતી નિર્ણય જેવો થઈ પડે છે. વેપારીને માલની સાથે લેવાદેવા હોય — તે માલ ઉત્પન્ન કરે, વેચાતો લે કે વેચે. વિચારો એ કંઈ વેચાઉ માલ નથી. જો કોઈ લેખકને એના મનની કૃતિને એક 'વેચાઉ માલ' ની પેઠે વેચવાનો વખત આવે તો એ તેની અધોગતિનો પ્રારંભ થયેલો ગણાય. વિચારોનું વેચાણ કદી થવું જ ન જોઈએ. તે સ્વતંત્ર હોવા જોઈએ. અમને એમ લાગે છે કે જ્યારે વિચારોને વેચવામાં આવે છે ત્યારે તે પોતાની સ્વતંત્રતા ગુમાવી બેસે છે. એનું સ્થાન માત્ર ધંધેદારી મૂલ્ય જેટલું જ અંકાય છે, જે ખરી રીતે એનું હોતું નથી.

કોઈ એક વેપારી પોતાના વેપારનો વિચાર કરે અને એક લેખક પોતાના લખાણનો વિચાર કરે એ બેમાં બહુ મોટો તફાવત છે. જો કોઈ લેખક સારું લખી શકતો હોય તો તેને વળતર મળવું તો જોઈએ જ. પરંતુ લખાણ પૈસા મેળવવા ખાતર લખાવું ન જોઈએ; પણ લેખકને જે કંઈ કહેવાનું છે એ જગત આગળ રજૂ કરવાની તીવ્ર ઇચ્છા હોય તો જ લખાણ લખાવું જોઈએ. અમારું માનવું છે કે માત્ર હકીકતોની ભરમારથી અલિપ્ત એવું લખાણ એવા જ માણસને હાથે લખાયેલું હોય છે જેઓ પૈસાની ખાતર લખતા નથી હોતા. લેખકોની આર્થિક મડાગાંઠને ઉકેલવાનો કશો ઉપાય આપણી પાસે મોજૂદ નથી, જેમ 'મનસ' જેવાં સામયિકોની આર્થિક મુશ્કેલીઓ દૂર કરવાનો કશો ઇલાજ આપણી પાસે નથી. એ અત્યંત જટિલ કોયડો છે. એથી વિશેષ શું કહી શકાય?

સાચા લેખકને પોતાની પ્રત્યક્ષ અવલોકવાની તેમ જ સ્પષ્ટ સમજવાની નિર્મળ બુદ્ધિમત્તામાંથી જ આશ્વાસન મેળવવું રહ્યું. તે આ શક્તિ ન્યાય પ્રત્યેની તેની ભક્તિ દ્વારા જાળવી રાખે છે. જ્યારે તેની આ ભક્તિ વિપુલ હોય છે, તેની બુદ્ધિમત્તા વ્યાપક હોય છે, ત્યારે જન-સમાજ તેને સમજી શકે છે તેમ જ તેની કદર કરી માન આપે છે, અને તે બરોબર જીવન વ્યતીત કરી શકે એવી સગવડો પણ કરી આપે છે. સુસંસ્કૃત જન-સમાજ પાસેથી આટલી અપેક્ષા તો અવશ્ય રાખી શકાય. અને જ્યારે માનવસમાજ એટલો સુસંસ્કૃત હોતો નથી ત્યારે સાચા ધર્મોપદેશકો કે શિક્ષકોની પેઠે સાચા લેખકોને પણ પોતાની દૂરગામી વ્યાપક દૃષ્ટિ તથા સવિશેષ સમજશક્તિને લીધે સહન કરવું પડે છે.

(અંગ્રેજી પત્ર 'મનસ' ઑક્ટોબર ૮, ૧૯૫૨માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મલયાલમ સાહિત્યની રૂપરેખા

ભારતની દક્ષિણ-પશ્ચિમે આવેલી સહ્યાદ્રિથી વીંટળાયેલી સસ્ય-શ્યામલા ભૂમિ કેરલ નામથી પ્રખ્યાત છે. પશ્ચિમઘાટ અને અરબી સમુદ્ર વચ્ચે આવેલા આ પ્રદેશની પ્રાકૃતિક શોભા બહુ આકર્ષક છે. કેરલી અથવા મલયાલમ આ પ્રદેશની ભાષા છે.

કેરલ શબ્દ બહુ પ્રાચીન છે. અશોકના શિલાલેખોમાં તથા કેટલાક યુનાની ગ્રંથોમાં 'કેરલ'નો ઉલ્લેખ આવે છે. ભાષાશાસ્ત્રીઓ કહે છે કે 'ચેરલમ્' શબ્દનું જ રૂપાંતર થઈને 'કેરલમ્' શબ્દ બન્યો છે; કારણ, તામિલ, કાનડી આદિ ભાષાઓના 'ચ'કારને સ્થાને મલયાલી લોકો 'ક'કારનો ઉપયોગ કરે છે. કેરલની રસાળ ભૂમિ જ્યાં સર્વત્ર 'કેર વૃક્ષ' એટલે કે નારિયેળીનાં ઝુંડનાં ઝુંડ નજરે પડે છે, તે ખરેખર સારાયે ચેરદેશનો 'અલમ્' એટલે ખજાનો જ હતી.

મલયાલમ દ્રાવિડ ભાષાની એક મુખ્ય શાખા છે. એની ઉત્પત્તિ વિશે વિદ્વાનોમાં ઘણા મતભેદ છે. છતાં, દ્રાવિડ વર્ગની સૌથી મુખ્ય ભાષા તામિલમાંથી જ મલયાલમની ઉત્પત્તિ થઈ છે — એ મત વધારે પ્રમાણભૂત છે. ' 'કુટ્ટમ્', 'કુટમ્', 'કર્ક', 'વણુ', અને 'પૂલી' આ પાંચ પ્રદેશોમાં પ્રચલિત તામિલનું રૂપાંતર એ જ મલયાલમ. એમ કહેવાય છે કે, આજે કેરલમાં જે કેરલીય સંવત પ્રચલિત છે, તેના આરંભ કાળમાં, એટલે કે, ઈસવી સનના આઠમા કે નવમા સૈકામાં મલયાલમે તામિલથી અલગ થઈને પોતાનું સ્વતંત્ર રૂપ ધારણ કર્યું. તે સમય સુધીના કેરલીય કવિઓ પોતાના દેશમાં તે સમયની સામાન્ય ભાષા તામિલમાં જ કાવ્યો રચતા.

અભ્યાસની સગવડ માટે મલયાલમ ભાષાના સાહિત્યને ઇતિહાસના ચાર યુગોમાં વહેંચી શકાય : (૧) પ્રાચીન કાળ : ઈ. સ. ૮૦૦–૧૨૦૦; (૨) પૂર્વ મધ્યકાળ : ઈ. સ. ૧૨૦૦–૧૫૦૦; (૩) ઉત્તર મધ્ય-કાળ : ઈ. સ. ૧૫૦૦–૧૯૦૦; (૪) આધુનિક કાળ : ઈ. સ. ૧૯૦૦.

પ્રાચીન કાળ :— પ્રારંભ કાળમાં મલયાલમ સંસ્કૃતના પ્રભાવથી સર્વથા મુક્ત રહી હતી. સંસ્કૃત તે સમયે પંડિતોની સાહિત્યિક ભાષા હતી. મલયાલમ શુદ્ધ બોલચાલની ભાષા રૂપે પ્રાકૃત લોકો વચ્ચે પોતાના વિકાસનું ક્ષેત્ર શોધતી હતી. આ ભાષા પર તામિલની બહુ અસર હતી. આ ભાષાનું પ્રાચીન કાળનું સાહિત્ય વિવિધ ગીતો રૂપે મળે છે. આ ગીતોમાં ઘણુંખરાં દેવદેવીઓનાં સ્તોત્રો તથા ભજનો છે. દાખલા તરીકે 'ભદ્રકાલિપ્પાટ્ટુ', 'શાસ્તાનપ્પાટ્ટુ', 'બ્રાહ્મણિપ્પાટ્ટુ' વગેરે. આ ગીતોમાં સાહિત્યિક ગુણોનો બહુ વિકાસ જણાતો નથી. 'આટ્ટપાટ્ટુ' એ ગામડી ગીતોનો સંગ્રહ છે, જે ખેડૂત સ્ત્રીઓ ખેતરોમાં કામ કરતાં કરતાં ગાતી. તે સમયે કેરલમાં અનેક નાનાં નાનાં રાજ્યો હતાં. એ રાજ્યોનાં યશોગાન રૂપે કેટલાંક ગીત મળે છે, જે 'તંપુરાન્નપાટ્ટુ' નામે પ્રસિદ્ધ છે.

એ જમાનાના કેટલાક સાહિત્યિક ગ્રંથો પણ મળે છે. 'રામચરિતમ્', 'ઉણ્ણુનીલી સંદેશમ્', 'કણ્ણશ્શ રામાયણમ્' વગેરે એ કોટીના ગ્રંથો છે. પ્રાચીન કાળના સાહિત્યમાં તે વખતનાં ગામડાંની દુનિયાનું વર્ણન તથા સામાજિક પરિસ્થિતિની આલોચના વગેરે મળે છે. તેની ભાષા અને વિષય તે જમાનાના પ્રભાવથી મુક્ત નથી. પદ્યની સાથે સાથે તોલન જેવા હાસ્યરસિક વિદૂષક કવિઓએ પોતાની વિચિત્ર ભાષામાં ચંપૂકાવ્યો પણ રચ્યાં હતાં. એ કાવ્યોનું કથાવસ્તુ પુરાણોમાંથી લીધેલું છે. પરંતુ 'ચાકચાર કૂત્તુ', 'ચાક્યારક્કૂળિ', 'કૂટિયાટ્ટમ' વગેરે અભિનયાત્મક પ્રદર્શનોમાં હાસ્યરસપ્રધાન ચંપૂકાવ્યોમાંથી સમયોચિત ઉતારા કરવામાં આવતા. 'ચાકચારકૂત્તુ' જેવા પ્રાચીન ખેલોમાં સંસ્કૃત ભાષાનાં ચંપૂકાવ્યો સાથે પ્રાચીન મલયાલમ કવિતાનો સમાવેશ કરીને જે કથા-પાઠ કરવામાં આવતા, તેમાંથી એક નવા પ્રકારની ભાષાશૈલી ઉત્પન્ન થવા લાગી. આગળ જતાં કવિઓમાં આ જ શૈલીનો આદર થવા લાગ્યો અને એમણે એને 'મણિપ્રવાળમ્' નામ આપ્યું. મણિપ્રવાળ શૈલી અર્થાત્ સંસ્કૃતરૂપી મણિ (રત્ન) અને મલયાલયમ રૂપી પ્રવાલ (વિદ્રુમ) ના સુંદર સંયોગથી બનેલી શૈલી. સંસ્કૃત અને પ્રાદેશિક મલયાલમના ઉચિત સંયોગથી બનેલી મણિપ્રવાળ શૈલીને અપનાવવામાં તે સમયના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંડિતોએ અને સામાન્ય જનતાએ બંનેએ પૂરો સહકાર આપ્યો. એનું પરિણામ એ આવ્યું કે, સાહિત્યમાં મલયાલમના પ્રાચીન તામિલ મિશ્રિત 'મલયાળમ-તમિલ'વાળી પુરાણી શૈલીને બદલે નવી મણિપ્રવાળમ્ શૈલીનો ઉપયોગ બહુ વધવા લાગ્યો અને તામિલના પ્રભાવથી મુક્ત થઈને સંસ્કૃત માતાના લાલનપાલનમાં મલયાલમ પોતાના નવા રૂપ ને સૌભાગ્યનું દર્શન કરાવવા લાગી.

પૂર્વ મધ્યકાળ:— આ કાળના મલયાલમ સાહિત્યમાં ઉપરોક્ત મણિપ્રવાળ શૈલીનું જ વિશેષ મહત્ત્વ જણાય છે. તે કાળની પ્રારંભિક રચના 'વટક્કન્ પાટ્ટુકળ્'માં જોકે આ શૈલીનો બહુ ઓછો ઉપયોગ કરવામાં આવ્યો છે છતાં એમાં તામિલ ભાષાની અસર ઓછી કરી નાખવા તરફ ધ્યાન દેવામાં આવ્યું છે. 'વટક્કન્ પાટ્ટુકળ્'ની રચના વીરરસ-પ્રધાન છે અને તે સામાજિક કથાવસ્તુ લઈને કરવામાં આવી છે. આ કૃતિઓ મારફતે તે સમયના મલયાલી લોકોની દેશભક્તિ, વીરતા, સ્ત્રીજાતિ પ્રત્યે આદર વગેરે અનેક ગુણોનો પરિચય થાય છે.

એ જ સમયની ચેરુશ્શેરિ નંપૂતિરિની 'કૃષ્ણ-ગાથા', નિરણમ્ કવિઓની રચનાઓ, 'ગુરુદક્ષિણપ્પાટ્ટુ' વગેરે સેંકડો સુંદર રચનાઓ મળે છે. ચંપૂકાવ્યો લખવાનું વધ્યું ને તેનો પ્રચાર પણ વધ્યો. પુનમ નંપૂતિરિના 'રામાયણમ્ ચંપૂ', મહિષમંગલમના 'નૈષધમ્ ચંપૂ' તથા 'ભારતમ્ ચંપૂ', 'સ્યમન્તકમ્', 'રામાર્જુનીયમ્', 'કાલિયમર્દનમ્', 'ગૌરી ચરિતમ્', 'દક્ષયાગમ્' આદિ ચંપૂકાવ્યોનું નામ વિશેષ ઉલ્લેખનીય છે. તે ઉપરાંત અનેક ગીતિકાવ્યો પણ મળે છે જેમાં 'મટ્ટમ પાટ્ટુ', 'રુક્મિણીદ ચરિતમ્', 'એકાદશીમાહાત્મ્યમ્' 'કુચેલ-વૃત્તમ્', 'રામાશ્વમેધમ્', 'કિરાતમ્', 'નાગાનન્દમ્' (અનુવાદ), 'ચંદ્રોત્સવમ્' આદિ મુખ્ય છે. પૂંતાનમ નંપૂતિરિનાં ભક્તિરસપ્રધાન કાવ્યોનું સર્જન પણ આ જ યુગમાં થયું હતું.

પૂર્વ મધ્યકાળની ઘણીખરી રચનાઓ ભક્તિ, વૈરાગ્ય આદિ ભાવોથી ભરેલી છે અને તે પૌરાણિક કથાઓને આધારે રચાયેલી છે. તે કાળમાં ગદ્ય સાહિત્ય લગભગ નહીં જેવું હતું; છતાં ચંપૂકાવ્યોમાં સમાસયુક્ત ને ક્લિષ્ટ શૈલીમાં લખાયેલા ગદ્યનું સ્વરૂપ મળે છે. એ કાળની વિશેષતા કેવળ એટલી જ કે મલયાલમે તામિલનો સાથ છોડીને સંસ્કૃતનો આધાર લેવા માંડ્યો.

ઉત્તર મધ્યકાળ:— મલયાલમ સાહિત્યનો સ્વતંત્ર ને સંગીન વિકાસ આ કાળમાં થયો. મલયાલમના અગ્રગણ્ય કવિ તુંચત્તુ રામાનુજન એષુત્તચ્ચન્ (તુંચન્) તથા કલક્કત્તુ કુંચન નંપિયાર જેવા મહાન સાહિત્ય-કારોએ પોતાની અનેક રચનાઓથી સાહિત્યને સમૃદ્ધ કર્યું હતું. કથકળિના પ્રણેતા કોટ્ટયત્તુ કેરલવર્મા તંપુરાન, ઉણ્ણાયિ વારિયર, કાર્ત્તિક તિરુનાળ્ રામવર્મા તંપુરાન, ઇરવિયમ્મન્ તંપિ વગેરે કવિઓ પણ આ યુગમાં જ થઈ ગયા. તેથી આ યુગને સાહિત્યનો સુવર્ણયુગ પણ કહે છે.

કવિવર તુંચને, જેમને મલયાલમ ભાષાના તુલસી-દાસ કહી શકાય, તેમણે પોતાની ભક્તિરસપ્રધાન વિશિષ્ટ રચનાઓ વડે તથા ભાષાની વ્યાકરણશુદ્ધ સુંદર મણિપ્રવાળ શૈલી અને 'કિળિપ્પાટ્ટુ' નામના સ્વતંત્ર છંદો વડે મલયાલમ સાહિત્યને ગૌરવ અર્પ્યું છે. એમનું નામ આજે પણ મલયાલમના પિતા અથવા ગુરુ તરીકે માનપૂર્વક લેવામાં આવે છે. એમણે 'રામાયણ', 'મહાભારત', 'ભાગવત', 'હરિનામ-સંકીર્તનમ્,' 'શિવપુરાણમ્', 'ઇરુપત્તિનાલુ વૃત્તમ્', 'શતમુખ રામાયણ' આદિ અનેક ઉત્તમ ગ્રંથો લખ્યા છે. તેમનાં આ પૌરાણિક આખ્યાનોનાં વર્ણનોમાં તે સમયના સમાજનું પ્રતિબિંબ પણ દેખાય છે. આજે પણ ઘેર ઘેર રોજ એમના રામાયણનું પારાયણ કરવામાં આવે છે. એમણે સંસ્કૃતમાં પણ ભક્તિરસપૂર્ણ ગ્રંથો રચ્યા છે.

તુંચન્ પછી કુંચન્નું નામ આવે છે. તુંચને જેમ 'કિળિપ્પાટ્ટુ' નામે પોતાના સ્વતંત્ર છંદોમાં કાવ્ય રચ્યાં હતાં, તેમ કુંચને પણ 'તુળલ્લપ્પાટ્ટુ' નામના પોતાના સ્વતંત્ર છંદોમાં સંખ્યાબંધ તુળલ્લ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કથાઓ લખી છે. એમની રચનાઓ અભિનયાત્મક, હાસ્યરસપૂર્ણ પૌરાણિક કૃતિઓ છે, જેમાં તે સમયના કેરલની સામાજિક, રાજનૈતિક અને સાંપ્રદાયિક પરિસ્થિતિઓનો સુંદર ચિતાર મળે છે. આજે પણ એમની તુળ્ળલ કથાઓનાં અભિનયપૂર્ણ પ્રદર્શન ને ગાન વાદ્યો સાથે થાય છે. આ બંને કવિઓને અનુસરનારાઓની સંખ્યા લગાતાર વધતી જાય છે. આ બંને કવિઓને મલયાલમ ભાષાના યુગપ્રવર્તક કવિઓ કહી શકાય.

કેરલની વિશિષ્ટ નૃત્યકળા 'કથકળિ' સાથે જે સંગીત ગાવામાં આવે છે, તેને 'કથકળિપ્પાટ્ટુ' કહે છે. 'કથકળિપ્પાટ્ટુ' રચનાર કોટ્ટયમ્ કેરલવર્મા, કાર્ત્તિકતિરુનાળ્ રામવર્મા, ઉણ્ણાયિવારિયર જેવા કવિઓએ સેંકડો શ્રેષ્ઠ કાવ્યો રચીને આ યુગનું ગૌરવ વધાર્યું છે. આ નાનકડા નિબંધમાં એ બધા ગ્રંથોનું નામ આપવું મુશ્કેલ છે.

જેમ 'કિળિપ્પાટ્ટુ', 'તુળ્ળલપ્પાટ્ટુ' અને 'કથકળિપ્પાટ્ટુ' આ ત્રણે પ્રકારનાં ગીતકાવ્યોનો આવિષ્કાર આ યુગમાં થયો હતો, તેમ 'વંચિપ્પાટ્ટુ' નો જન્મ પણ આ યુગમાં જ થયો હતો એમ મનાય છે. રામપુરત્તુ વારિયર નામના કવિએ પોતાના આશ્રયદાતા માર્તણ્ડવર્મા મહારાજા સાથે વૈક્કમથી નાવમાં બેસીને જતી વખતે 'કુચેલવૃત્તમ્' નામની પોતાની અમર કૃતિ સૌથી પહેલાં વંચિપ્પાટ્ટુ છંદમાં રચી હતી. એમના પછી એ છંદમાં લખનારા કવિઓની સંખ્યા ઝડપથી વધવા લાગી.

આ યુગમાં ઉપરોક્ત ચારે પ્રકારના નવા છંદોમાં સેંકડો રચનાઓ મળે છે. એ ઉપરાંત પૂન્તોટ્ટમ્ નંપૂતિરિ, ચેલપ્પુરમ્ નંપૂતિરિ, શિવેળિળિ નંપૂતિરિ, વેણમણિ નંપૂતિરિ આદિ ઘણા કવિઓનાં નામ અને એમણે રચેલા ગ્રંથોનો પરિચય પણ અહીં આપી શકાય.

આ યુગ ઘણી દૃષ્ટિએ મહત્ત્વનો હતો. એમાં સાહિત્યનો અનિયંત્રિત વિકાસ, નવા છંદોની રચના, સંસ્કૃત કાવ્યોનો સ્વતંત્ર અનુવાદ, ગામડાંની દુનિયાનું વાસ્તવિક ચિત્રાલેખન વગેરે પ્રવૃત્તિઓ મુખ્ય હતી. મલયાલમ સાહિત્યના શ્રેષ્ઠ કવિઓએ આ યુગને ખરેખર સુવર્ણયુગ બનાવ્યો છે.

આધુનિક કાળ – પદ્યસાહિત્ય :— આ કાળમાં મલયાલમ સાહિત્ય પહેલવહેલું અંગ્રેજીના સંપર્કમાં આવ્યું અને એ વિદેશી સાહિત્યની અસરથી એમાં કેટલાંક સમયોચિત પરિવર્તન થયાં. જેમ હિન્દી સાહિત્યનો આધુનિક કાળ ભારતેન્દુથી શરૂ થાય છે, તેમ મલયાલમમાં પણ કેરલવર્મા કોયિત્તમ્પુરાનથી આધુનિક પદ્ય ને ગદ્યનો આરંભ થાય છે. એમને આ આધુનિક યુગના પ્રવર્તક માનવામાં આવે છે. એમના સમયમાં તિરુવિતાંકૂર રાજ્યમાં નવો અભ્યાસક્રમ અનુસાર ઘણી શાળાઓ ખૂલી. કેરલવર્માએ આ શાળાઓ માટે ઘણાં પાઠ્યપુસ્તકો રચ્યાં. તેઓ પોતે પુસ્તકો લખતા અને બીજાઓને પ્રોત્સાહન આપીને લખાવતા પણ ખરા. એમના પોતાના અને એમના અનુયાયીઓના પરિશ્રમથી મલયાલમ સાહિત્યનાં વિવિધ અંગોનો વિકાસ થયો.

'અભિજ્ઞાનશાકુન્તલમ્', 'મયૂર–સન્દેશમ્', 'શ્રી પદ્મનાભપદપદ્મશતકમ્' આદિ કેરલવર્માના મુખ્ય પદ્ય–ગ્રંથો છે. 'અભિજ્ઞાનશાકુન્તલમ્'માં એમણે કાલિદાસના એ પ્રસિદ્ધ નાટકનો એવો સુંદર અનુવાદ કર્યો છે કે એથી એમને 'કેરલ કાલિદાસ'ની ઉપાધિ મળી છે. કેરલવર્માની સૌથી મુખ્ય રચના 'મયૂરસંદેશમ્' છે. આ એક મૌલિક ખંડકાવ્ય છે. મલયાલમનાં સંદેશ-કાવ્યોમાં એનું પ્રથમ સ્થાન છે. કાલિદાસના મેઘદૂતનું અનુકરણ કરીને એની રચના કરવામાં આવી છે. એમાં ભાવોની અભિવ્યક્તિ અને અલંકારોની સુંદર છટા અદ્વિતીય છે. 'વિજ્ઞાન મંજરી', 'અકબર', 'મહચ્ચરિતમ્' આદિ એમની મુખ્ય ગદ્ય રચનાઓ છે. એમના ગદ્યની વેગવાન શૈલી અને સંસ્કૃતપ્રચૂર ભાષા ભવિષ્યના અનેક લેખકોને માટે માર્ગદર્શક બની. આ ગ્રંથો ઉપરાંત કેરલવર્માએ 'હનુમદ્દુત્ભવમ્', 'ધ્રુવચરિતમ્' આદિ કથકળિપ્પાટ્ટુ પણ લખ્યાં છે.

(હિન્દી પ્રચાર સમાચારના ઑગસ્ટ '૫૩ના અંકમાંથી) **સુભદ્રા તંપુરાન**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેનોપનિષદનો સ્વાધ્યાય—૧૦

આ સૃષ્ટિ કોનો મહિમા છે, એ તપાસવા જતાં દેવોને 'આ વળી કયું યક્ષ છે' — એ શંકા જાગી. તેના નિવારણ માટે દેવોએ અગ્નિને જઈ ને તપાસ કરવા કહ્યું. તે પાછો પડ્યો એટલે તેમણે મહાન વાયુદેવને કહ્યું —

૩

વાયુ તપાસ કરે છે

अथ वायुमब्रुवन् वायवेतद् विजानीहि किमेतद् यक्षमिति। तथेति ॥ ७ ॥

પદાર્થ

अथ = એટલે, પછી वायुम् = વાયુને अब्रुवन् = (દેવો) બોલ્યા; કહ્યું, वायो = હે વાયુ! (एतद् . . . વગેરે પછીનાં બધાં પદોના અર્થો માટે જુઓ મંત્ર ૩ ના પદાર્થમાં)

અન્વય

अथ (देवा) वायुम् अब्रुवन्, (हे) वायो, एतद् किम् यक्षम् इति एतद् विजानीहि। (वायुः उवाच) तथा इति ॥

અર્થ

તેઓએ (દેવોએ) વાયુને કહ્યું, હે વાયુ, એ યક્ષ કોણ છે, (આ વળી શું છે?), તે તમે જાણી આવો — તપાસ કરો.

(વાયુએ જવાબ આપ્યો,) ભલે, તેમ (હું કરું છું.)

[અને તે તપાસ કરવા વાયુ જાય છે.]

तदभ्यद्रवत् तमभ्यवदत् कोऽसीति वायुर्वा अहमस्मीत्यब्रवीत् मातरिश्वा वा अहमस्मीति ॥ ८ ॥

પદાર્થ

तद्, अभ्यद्रवत्, तम्, अभ्यवदत् कः, असि, इति આ પદો જુઓ મંત્ર ૪ માં.

वायुः = વાયુ, પવન; वा, अहम्, अस्मि, इति, अब्रवीत्, — આ પદો જુઓ મંત્ર ૪ ના પદાર્થમાં.

मातरिश्वा = અશ્વની પેઠે આકાશમાં વિહરવાની શક્તિવાળો દેવ — वायुः वा, अहम् . . . ૪૦ જુઓ મંત્ર ૪ ના પદાર્થમાં.

અન્વય

(सः वायुः) तद् अभ्यद्रवत्। (तद्) तम् अभ्यवदत् – (त्वम्) कः असि इति।

(सः) अब्रवीत् – अहम् वायुः अस्मि इति वा अहम् मातरिश्वा अस्मि इति वा ॥

અર્થ

તે (યક્ષ) તરફ વાયુ દોડી ગયો. તેને (તે યક્ષે) કહ્યું — પૂછ્યું, 'તું કોણ છે?'

વાયુએ કહ્યું — જવાબ આપ્યો, 'હું વાયુ છું અથવા તો હું માતરિશ્વા છું.'

[એટલે યક્ષે સામેથી આગળ કહ્યું —]

तस्मिंस्त्वयि किं वीर्यमित्यपीदं सर्वमाददीय यदिदं पृथिव्यामिति ॥ ९ ॥

પદાર્થ

तस्मिन्, त्वयि, किं, वीर्यम्, इति, अपि, इदम् सर्वम्, પદોના અર્થો જુઓ મંત્ર ૫ ના પદાર્થમાં. आददीय = લાવું; પકડી આણું. (લાવી કે પકડી આણી શકું છું). यद्, इदम्, पृथिव्याम्, इति — જુઓ મંત્ર ૫ ના પદાર્થમાં.

અન્વય

तस्मिन् त्वयि किं वीर्यम् इति (तम् अभ्यवदत्)।

(सः अब्रवीत्) – यद् इदम् पृथिव्याम् (अस्ति), (तद्) इदम् सर्वम् अपि आददीय इति ॥

અર્થ

એવા — એ પ્રકારના (જબરા) તારામાં કઈ શક્તિ રહેલી છે? – (એમ યક્ષે તેને પૂછ્યું.)

(તેણે જવાબ આપ્યો:) "આ જે પૃથ્વીમાં છે તે આ બધાયને હું પકડી આણી શકું, એ (વીર્ય મારામાં છે.)"

[આવા અભિમાનના જવાબમાં તે યક્ષે કસોટી કરવા આગળ કહ્યું —]

तस्मै तृणं निदधावेतदाददत्स्वेति तदुपप्रेयाय

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सर्वजवेन तन्न शशाकादातुं स तत एव निववृते नैतदशकं विज्ञातुं यदेतद्यक्षमिति ॥ १० ॥

પદાર્થ

આદદત્સ્વ = લાવ, પકડી આણ; આદાતુમ્ = લાવવાને, આણવાને.

આ બે સિવાયનાં બધાં પદોના અર્થ માટે જુઓ મંત્ર ૬ના પદાર્થમાં.

અન્વય

(तद् यक्षम्) तस्मै तृणं निदधौ, एतद् आददत्स्व इति (तम् अभ्यवदत्) ।

(सः) तद् सर्वजवेन उपप्रेयाय । (सः) तद् दग्धुं न शशाक, सः ततः निववृते एव । यद् एतद यक्षम् इति एतद् विज्ञातुम् न अशकम् ।

અર્થ

(તે યક્ષે) તેની સામે એક તરણું મૂકયું (અને તેને કહ્યું કે,) તું એને લઈ આવ જોઈએ.

(વાયુ) તે (તરણા) તરફ પુરજોશથી પહોંચ્યો. (પરંતુ) તે તેને લાવી ન શકયો. (એમ એ ભોંઠો પડયો.)

એ યક્ષ જે કાંઈ હોય તે હું જાણી ન શકયો, એમ (સમજીને) તે ત્યાંથી (એટલે કે, તે યક્ષ આગળથી કે તેને જાણવાના કામમાંથી) નિવૃત્ત જ થઈ ગયો, (અને ત્યાંથી પાછો ફર્યો.)

[એમ વાયુદેવ કે જે માતરિશ્વા છે, તે પણ ન જાણી શકયા કે, આ વળી કયું સત્ત્વ છે?

આ રીતે દેવોએ એકથી બીજી ને ચડિયાતી શક્તિથી તપાસ કરી, પણ ના ફાવ્યા. એમણે હવે પોતાનું છેવટનું બળ અજમાવવા હરાવ્યું અને તેઓએ પોતાના અધિદેવ એવા ઇંદ્રને જ વિનંતી કરી કે, આપ જાતે હવે જાઓ અને જુઓ કે, આમ આપણ દેવ જેવા દેવને હંફાવે એવું તે આ વળી શું આ જગતમાં ટપકી પડયું છે!]

૪

ઇંદ્ર તપાસ કરે છે

अथेन्द्रमब्रुवन् मघवन्नेतद् विजानीहि किमेतद् यक्षमिति तथेति तदभ्यद्रवत् तस्मात् तिरोदधे ॥ ११ ॥

પદાર્થ

અથ = એટલે, પછી इन्द्रम् = ઇંદ્રને अब्रुवन् = બોલ્યા, કહ્યું; मघवन् = હે મઘવા, હે ઇંદ્ર एतद्, विजानीहि, किम्, एतद्, यक्षम्, इति, तथा इति, तद्, अभ्यद्रवत् — આ પદોના અર્થો માટે જુઓ ઉપર મંત્ર ૩, ૪ના પદાર્થમાં.

तस्मात् = તેની પાસેથી; તેની આગળ, तिरोदधे = અદૃશ્ય – અલોપ થઈ ગયું; સંતાઈ ગયું.

અન્વય

अथ (देवाः) इन्द्रम् अब्रुवन्, (हे) मघवन्, एतद् किम् यक्षम् इति एतद् विजानीहि । (इन्द्रः उवाच) तथा इति ॥

(सः इन्द्रः) तद् अभ्यद्रवत् । तस्मात् (तद् यक्षम्) तिरोदधे ॥

અર્થ

એટલે પછી તેઓએ (દેવોએ) ઇંદ્રને કહ્યું, હે મઘવા, એ યક્ષ કોણ છે, (આ વળી શું છે?), તે તમે જાણી આવો — તપાસ કરો.

(ઇંદ્રે જવાબ આપ્યો,) ભલે, તેમ (હું કરું છું.)

તે (યક્ષ) તરફ ઇંદ્ર દોડી ગયો. (તે યક્ષ) તેના આગળ અલોપ થઈ ગયું.

[અને તેની જગ્યાએ તે યક્ષને બદલે બીજું જ રૂપ રજૂ થયું, તે એણે જોયું]

स तस्मिन्नेवाकाशे स्त्रियमाजगाम बहुशोभमानामुमाम् हैमवतीं तां होवाच किमेतद् यक्षमिति ॥ १२ ॥

પદાર્થ

सः = તે, तस्मिन् एव = તે જ आकाशे = આકાશમાં; સ્થાનમાં; स्त्रियम् = સ્ત્રીને; સ્ત્રીની પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજગામ = આવ્યો, પહોંચ્યો બહુશોભમાનામ્ = અતિ શોભીતી; અતિ સુંદર ઉમામ્ = ઉમાને હૈમવતીમ્ = સુવર્ણમયી; (અથવા) હિમાલયની પુત્રીને તામ્ = તેને હ = જ (અથવા નિરર્થક પાદપૂર્તિ), ઉવાચ = બોલ્યો, કહ્યું. (કિમ્ એતદ્, યક્ષમ્, ઇતિ, આ પદોના અર્થ ઉપરના મંત્રોમાં આવી ગયા છે.)

અન્વય

સઃ તસ્મિન્ એવ આકાશે બહુશોભમાનામ્ હૈમવતીમ્ ઉમામ્ આજગામ । (સઃ) તામ્ હ ઉવાચ, એતદ્ યક્ષમ્ કિમ્ ઇતિ ॥

અર્થ

તે જ સ્થાને (જ્યાં અગ્નિ વાયુએ પેલું યક્ષ જોયેલું ત્યાં, તેને બદલે) એક બહુ શોભીતી અને સુવર્ણમયી ઉમા સ્ત્રી હતી, તેની પાસે (ઇંદ્ર) આવ્યો. (ત્યાં તેને એવી સ્ત્રી જોવા મળી.)

તેણે તેને જ પૂછ્યું કે, પેલું યક્ષ (જે અહીં હતું તે) શું છે? (તે કયાં ગયું? તે શું હતું? એ તપાસવા હું આવ્યો છું.)

[બીજા ફાલતુ દેવો આગળ ઊભું રહેતું પેલું વિચિત્ર સત્ત્વ ઇંદ્ર આગળ ન રહ્યું અને અલોપ થઈ ગયું. અને તેની જગાએ ઇંદ્રને બીજું જ સત્ત્વ — એક અતિ રૂપવાન અને સુવર્ણમયી સ્ત્રી — જોવામાં આવી. જે સ્થાને યક્ષની ખોળ કરવાની હતી ત્યાં જ ઇંદ્ર આવ્યો હતો; તેને બીજા દેવોથી નવો જ અનુભવ થયો: તેની કસોટી કરવા યક્ષે કાંઈ ન કર્યું અને બીજે જ રૂપે ઇંદ્રને તેણે દેખા દીધી. ઇંદ્રે ધૈર્ય રાખીને પોતાનું કામ આગળ ચલાવ્યું અને જે સ્ત્રી ત્યાં જોઈ તેને જ પૂછ્યું કે, 'આ સ્થાનમાં અજ્ઞાત એવું પેલું યક્ષ માલૂમ પડે છે તે કયાં?, તે શું છે? તું તે મને કહી શકે તો કહે.'

આમ આ રૂપક-કથા આ ત્રીજા ખંડમાં અટકે છે. આગળના છેલ્લા ખંડમાં તે પૂરી થાય છે. તે હવે પછી જોઈશું.]

૨૧–૧૦–'૫૩ **મગનભાઈ દેસાઈ**

કચ્છમાં હિંદીપ્રચાર કામ

કચ્છમાં હિંદીપ્રચારના કામ બાબત મારી પાસે બે પત્રો આવ્યા છે. એક ત્યાંના એક કાર્યકર્તાનો છે, અને બીજો શ્રી નરેન્દ્ર અંજારિયાનો છે. બીજામાં ત્યાંના પ્રશ્નનો ટૂંકમાં ચિતાર મળે છે, તેમાંથી નીચે ઉતારું છું:

"થોડા દિવસો પહેલાં હિન્દીની મૌખિક પરીક્ષા લેવા કચ્છનાં બે મુખ્ય કેન્દ્રોમાં – અંજાર અને ભૂજ – જવાનું મારે થયેલ. ત્યાંના હિન્દીપ્રચારના કામથી સામાન્ય રીતે હું પરિચિત રહું છું, અને શકય એટલી મદદ પણ કરું છું. આ વખતે મિત્રો સાથેની વાતોમાંથી ત્યાંના કામની પરિસ્થિતિનો વિશેષ ખ્યાલ આવ્યો.

"ગુજરાતના બીજા ભાગોની જેમ કચ્છમાં પણ જુદી જુદી સંસ્થાઓ દ્વારા હિંદીપ્રચારનું કામ થાય છે. બંધારણના આદેશ અનુસાર રાષ્ટ્રભાષા હિંદીનો પ્રચાર કરનારાઓ સામે આજે ત્યાં ભારે મોટી અડચણો ઊભી કરવામાં આવી રહી છે. વર્ધા સમિતિનું કે બીજી કોઈ એવી સમિતિનું કામ કરનારાઓ પોતાના કામના પ્રચાર અંગે જે કંઈ બોલે અને જે કોઈ પદ્ધતિઓ અજમાવે તેની સામે તો આપણે કંઈ વિરોધ નથી. રાષ્ટ્રભાષા અંગેની આપણી પોતાની સાચી સમજ, લોકોમાં એ સમજનો સાચો ફેલાવો કરવો, કોઈની સાથે ઝઘડામાં ઊતર્યા વિના, કોઈનોયે દ્વેષ કે ટીકા કર્યા વિના નિષ્ઠાપૂર્વક શાંતિથી આપણું કામ કરવું અને હિંદીપ્રચારના કામ માટે શુદ્ધ સાધનોનો ઉપયોગ કરવો, આ રીતે આપણે એ અવરોધોને જીતી શકીએ. પણ આજે સૌથી મોટી મુશ્કેલી તો એ છે કે, કચ્છની કોંગ્રેસ તથા સરકારને આ પ્રશ્નનો તલસ્પર્શી અભ્યાસ નથી. રાષ્ટ્રભાષા પ્રચારનું કામ કરતી જુદી જુદી સંસ્થાઓ વચ્ચે જે વિચારભેદ છે તેની સાચી સમજ આજે આ વર્ગોમાં પણ ઓછી છે, એ દુઃખની વાત છે.

"કચ્છમાં સરકાર હિંદીપ્રચારના કામને થોડીક આર્થિક મદદ પણ કરે છે. સરકારે કોઈ પણ સંસ્થાને મદદ આપતા પહેલાં તેના સિદ્ધાંતો, હેતુઓ, કાર્યપદ્ધતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે જોવું જોઈએ. એમાં જે કચાંય પણ ભારતના બંધારણના આદેશનો ભંગ થતો હોય તો તેવી સંસ્થાને તેણે મદદ નહીં કરવી જોઈએ. આ અંગે તેણે ઊંડા ઊતરીને અભ્યાસ કરવો જોઈએ.

"જોકે કચ્છની સરકારની એક વિશિષ્ટ પરિસ્થિતિ છે. તેની લગામ દિલ્હીના હાથમાં છે. એટલે કચ્છની સરકાર કંઈ પણ પગલું ભરતાં પહેલાં દિલ્હી તરફ નજર કરે અને ત્યાં જે રીતે ચાલતું હોય તે પ્રમાણે કરે તો એ સ્વાભાવિક છે. પણ તોય તેમાં બંધારણની નીતિનો ખ્યાલ રાખવો જોઈએ."

બીજા ભાઈ શ્રી જાદવજી હકકર ત્યાંના કાર્યકર્તા છે. તેમણે કચ્છ સરકારના સલાહકાર જોડે આ બાબતમાં જે પત્રવ્યવહાર કરેલો, તે મોકલ્યો છે, અને તે જાહેર કરવામાં વાંધો નથી એમ જણાવે છે. એનો મુદ્દો પણ ઉપર ભાઈ અંજારિયા જણાવે છે તે જ છે; એટલે તે બધો અહીં ઉતારવા જરૂર નથી.

સવાલ એ છે કે, કચ્છ સરકારની નીતિ યોગ્ય છે? એ બાબતમાં કચ્છ સરકારે પૂરતો વિચાર નથી કર્યો, અથવા કર્યો છે તો તે અધૂરો કે ગેરસમજ-ભર્યો છે, એ મને જે પત્રવ્યવહાર મળ્યો છે તે ઉપરથી પણ સ્પષ્ટ દેખાય છે. કચ્છ સરકારના સલાહકારોએ કે તેના અમલદારોએ હિંદીના સવાલને જરા વધારે ઊંડે ઊતરીને જોવો જોઈએ. આ બાબતમાં મુંબઈ સરકારે વડી સરકાર કરતાંય વધારે આગેવાનીભર્યું કામ કર્યું છે. દેશના બંધારણ મુજબ હિંદીના પ્રચારનું કામ હવે સ્વરાજમાં કઈ રીતે થવું જોઈએ, એ ભાષા કયા સ્વરૂપની હોય, તેના મુખ્ય સિદ્ધાંતો કયા છે,—આ બાબતમાં ખૂબ જાગૃતિભેર ચીવટ રાખવાની જરૂર છે. આનો વિચાર કરવા માટે મુંબઈ સરકારે એક ખાસ કમિટી નીમેલી. તેનો રિપોર્ટ કચ્છ સરકારે ન જોયો હોય તો જોવા જેવો ગણાય.

કચ્છના સલાહકાર કાંઈક એવું ને એટલું જ સમજતા લાગે છે કે, આ તો બધા સવાલો ૧૯૪૭ પહેલાંના હતા; હવે તે રહેતા નથી, ને બધું સુગમ થઈ ગયું છે. એમ હોય તો એ ભારે ભૂલ ખાય છે. ગાંધીજીએ રાષ્ટ્રભાષાના સ્વરૂપ વિષે જે ચર્ચા આ દેશમાં ઈ. સ. ૧૯૧૭થી વ્યવસ્થિત રૂપે શરૂ કરેલી, તેના મૂળ મુદ્દા આજેય ઊભા છે. હિન્દની રાષ્ટ્રભાષા ઉત્તર પ્રદેશની હિંદી નહીં હોય; પરંતુ આખા ઉત્તર હિંદમાં બધી કોમોમાં બોલાતી ને ઉર્દૂ નાગરી બે લિપિમાં લખાતી વંચાતી એવી વ્યાપક જે એક ભાષા છે તે હશે. હવે હિંદે જે ભાષાને રાજભાષા બનાવવાનું બંધારણમાં ઠરાવ્યું છે, તે આ છે, અને તેના વિકાસમાં હિંદની બધી ભાષાઓએ ભાગ ભજવવાનો છે. આ વસ્તુ ભૂલવામાં આવે તો દેશને ભારે નુકસાન થશે, એ હવે તો વધારે સ્પષ્ટ દેખાય છે. ઉત્તર પ્રદેશનું હિંદી સાહિત્ય સંમેલન દેશભરમાં પોતાની પ્રદેશ ભાષાનો રાષ્ટ્રભાષા તરીકે પ્રચાર કરવા તાકે, તે આ દૃષ્ટિએ દોષિત છે એટલું જ નહીં, સ્વરાજના નવા યુગમાં ભાષાનો સામ્રાજ્યવાદ એમાં છે, એ કાંઈ નકામું કે ખોટું નથી કહેવાયું. એ જાતની પ્રવૃત્તિમાં પ્રાંતો અને ભાષાઓ વચ્ચેના રાજદ્વારી કોમી વગેરે વિખવાદના ઝઘડા સંતાયેલા છે, એ કચ્છના સરકારી સલાહકારોએ અને કોંગ્રેસના નેતાઓએ તો સાનમાં સમજી લેવું જોઈએ.

શ્રી અંજારિયાએ એક વસ્તુ કહી છે કે, કચ્છ સરકારને વડી સરકાર સામે જોઈને ચાલવું પડે છે. વડી સરકાર હિંદીના પ્રચાર તથા વિકાસ પરત્વેની તેની નીતિ નક્કી કરી શકી નથી, જેવી મુંબઈ સરકારે કરીને જાહેર કરી છે. વડી સરકારને મુંબઈની નીતિ પસંદ આવે છે એમ માનવાને કારણ છે, કેમ કે નવા યુગના પ્રશ્નોનો વિચાર તેમાં જ છે. પરંતુ તેણે ઉત્તર પ્રદેશ અને બીજા હિંદી પ્રદેશો ભણી જોઈને ચાલવાનું રહ્યું, પણ તેથી કરીને તે સાચી વાતનો ઇન્કાર ન કરી શકે. ઉત્તર પ્રદેશમાં હિંદીના વિકાસનું કામ ત્યાંનું સાહિત્ય સંમેલન કે પરિષદ કરે, એ સમજાય એવું છે. પણ તે સંસ્થાઓ આખા હિંદને માટે નીકળી પડે તો તેમાં દોષ છે; તે એવો અધિકાર કમાયાં નથી, કેમ કે તેમની દૃષ્ટિમાં પ્રાંતિક તથા કોમી સંકુચિતતા રહેલાં છે. છતાં તે પ્રાંતની સંસ્થા તરીકે વડી સરકાર તેમની તે પૂરતી ભલે કદર કરે; પણ અહિંદી પ્રદેશો માટે તેમ કરવાનો તેને હક નથી; છતાં કરે તો તેમાં ભૂલ થશે. વડી સરકાર પરીક્ષાઓને માન્યતા આપે તેમાં આ ભૂલ ન કરે એમ તેણે સાવધાન રહેવા જરૂર છે. કચ્છમાં જો હિંદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરકારને કારણે ત્યાંના સલાહકાર ઉપરની ભૂલ કરતા હોય તો તે સુધારવી જોઈએ.

વળી હિંદીનું શિક્ષણ દરેક પ્રદેશ-સરકારે જોવાનું છે; દરેક પ્રદેશમાં તેની રીત પોતે પોતાની ભાષાની તુલનામાં ગોઠવી લેવી જોઈશે. એક વસ્તુ તેમાં સૂત્રરૂપે રહેવી જોઈએ અને તે અંધારણે એને અંગે આપેલો આદેશ. આ આદેશ ગાંધીજીએ જે સિદ્ધાંતો દેશને રાષ્ટ્રભાષાના સ્વરૂપ અંગે આપ્યા છે, તે મુજબ જ છે. અહીં આગળ દુઃખની વાત છે તે એ કે, ઉત્તર પ્રદેશની સાહિત્ય સંમેલન સંસ્થા તે સામે ઘણા વખતથી હતી અને આજે છે.–જેને લઈ ને ગાંધીજીએ ૧૯૪૧માં તેનો ત્યાગ કરેલો. હવે નવા અંધારણમાં ભાષાનું નામ હિંદી ઠરવાથી અને રાષ્ટ્રલિપિ એમાંથી એક નાગરી ઠરવાથી, તેનો ગેરલાભ લઈ, પોતાની પ્રદેશભાષાને જ રાષ્ટ્રભાષા તરીકે અને તેની પાછળની સંકુચિત ભાવનાને ફેલાવવા તાકે, એ દેશને માટે જોખમ રૂપ છે. આ વસ્તુ કચ્છના સરકારી સલાહકારો સમજે એવી વિનંતી છે. આ બાબત ૧૯૪૭ પહેલાંની છે અને એ બધું પૂરું થયું એમ જો તેઓ માને, તો તેમાં ભારે ભૂલ થશે. આ સવાલ આજનો અને મુદ્દાનો છે તેમાં બીજાં અહિંદી રાજ્યો પેઠે કચ્છે પણ હોશિયાર રહેવું ઘટે છે. ખાસ કરીને ત્યાંના કૉંગ્રેસીઓએ, કારણ કે તેમને માટે તો માર્ગ એક જ હતો ને છે, કે જે ગાંધીજીએ બતાવેલો ને જેને કૉંગ્રેસે અપનાવ્યો છે.

૨૨-૧૦-'૫૬ **મગનભાઈ દેસાઈ**

માસિક વિવેચન

મુંબઈ રાજ્યમાં અંગ્રેજી

મુંબઈથી માધ્યમિક શાળાનો એક આચાર્ય પોતાના પત્રમાં લખે છે :—

"મુંબઈ રાજ્યમાં અંગ્રેજીનો પ્રશ્ન તાત્કાલિક તો ઉકેલાઈ ગયો હોય તેમ લાગે છે. ઇંગ્લિશ ટીચિંગ સ્કૂલો પ્રત્યે અત્યારે બાતાની જે નીતિ છે, તેમાં પલટો આવશે તો મુંબઈની શાળાઓનો પણ ઘણો અસંતોષ દૂર થઈ જશે. મારે અનેક પારસી ભાઈઓ સાથે વાત થાય છે. તેમનો પ્રશ્ન આર્થિક છે. માબાપો બેટાં સ્ટેટમેંટો ભરી, તે શાળામાં બાળકોને દાખલ કરી જાય છે, તે નીતિ પ્રત્યે ઘણાનો વાંધો છે.

"'માધ્યમિક શિક્ષણ કમિશન" પ્રજાના પૈસે હિંદભરમાં ફરી આવ્યું. હવે આવ્યું 'સેકન્ડરી એજ્યુકેશન ટીમ.' તે ટીમ ગરીબ ભારતના પૈસે ભારતમાં તથા બહાર—પરદેશ ફરવાનું છે! મધ્યસ્થ સરકાર આવો કેટલો પૈસો ઉડાડતી હશે!"

તેમની બંને ટીકા સાચી છે. "અંગ્રેજ શાળા"ઓ વિષે આ પત્રમાં અગાઉ ચર્ચા થઈ જ છે. આ શાળાઓનો ઉપદ્રવ મુંબઈ શહેરમાં બહુ છે. અમદાવાદમાં પણ બે શાળા ઠીક ઠીક વાતાવરણ કથાળે છે. આ બનવાનું કારણ સરકારી શિક્ષણ બાતાનું તેમની પ્રત્યેનું વલણ છે, એ પણ સાચું લાગે છે.

સરકારની નીતિ અંગ્રેજી વિષે ૧૯૪૮ થી નક્કી થઈ છે કે, ધોરણ પથી ૭માં અંગ્રેજી ન શીખવવું ને હિંદી દાખલ કરવું. આ નીતિને ચોળી નાખવામાં છૂપા પ્રયત્નો ચાલ્યા, જેના ફળ રૂપે ૭ મા ધોરણમાં ઍચ્છિકને નામે પાછું અંગ્રેજી આવ્યું. અને તે દ્વારે જ તેને ૫, ૬, ધોરણમાં આણવાના આગળ પ્રયત્નો થવા લાગ્યા. આ દશામાં "અંગ્રેજ શાળા" પાછી માધ્યમિક શાળાઓના નમૂનારૂપ પદે રહે અને બાતું તેમને સરકારી નીતિ વિરુદ્ધ પણ પંપાળી રાખે, એ સમજાય એવું છે. પણ એ ચલાવી લેવાય એવું નથી જ.

એટલે મુંબઈ રાજ્યની ધારાસભામાં આ નીતિ પરત્વે ફરી ઠરાવ કરીને ચોખવટ આપવામાં આવી છે, તે બહુ સારું થયું. તેને માટે તે સભાને ધન્યવાદ ઘટે છે. તે ઠરાવ નીચે પ્રમાણે છે:—

"૬ થી ૧૪ વરસની ઉંમરનાં બાળકોના શિક્ષણ માટે બાયાની કેળવણીની પદ્ધતિનો સ્વીકાર તાજેતરમાં થોડાં વરસથી થયો છે તે ધ્યાનમાં લઈને, આ ધારાસભા સરકારને ભલામણ કરે છે કે, રાજ્યની પ્રાથમિક તેમ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માધ્યમિક બધી શાળાઓમાં અંગ્રેજીનું શિક્ષણ ફરી પાછું ધો. ૫ તથા ૬ માં દાખલ ન કરવામાં આવે અને ૭મા ધોરણમાં ઐચ્છિક અંગ્રેજી જે દાખલ થયું છે તે તરતોતરત બંધ કરવામાં આવે."

મ૦

જાણીજોઈને ગેરસમજ ?

મુંબઈ રાજ્યમાં અંગ્રેજીના શિક્ષણ વિષે ઉપર મુજબનો યોગ્યતાભર્યો ઠરાવ થયો, તેણે મુદાલિયર–કમિશનના રિપોર્ટને સારો જવાબ આપ્યો એમ કહેવાય. આ કમિશને જે કરવું જોઈતું હતું તે મુંબઈ પ્રદેશ-રાજ્યે કરીને દેશમાં પોતાની આગેવાનીભરી દોરવણી સિદ્ધ કરી છે. ૧૯૫૪થી આ ઠરાવનો અમલ શરૂ થશે અને ખાતું તેમાં નિષ્ઠાપૂર્વક લાગશે એવી આશા છે. આ ઠરાવ પરથી રાજ્યે પોતાનો ઠરાવ હવે વેળાસર જાહેર કરવો જોઈએ. ધારાસભામાં મુખ્ય પ્રધાને એમ થશે એવી આશા આપી છે, તે માટે તેમને મુબારકબાદી ઘટે છે.

આ ઠરાવથી મુંબઈના એક જૂના માજી ડી. પી. આઈ. છંછેડાઈ ગયા ને મુંબઈની રોટરી કે બીજી મંડળીમાં તેવું ભાષણ કર્યું. જાણે અંગ્રેજી સદંતર આ રાજ્યમાંથી ગયું એમ જ એમણે વાત કરી. આમ જાણી જોઈને કરવામાં આવતું હોય તો તે અસત્ય કહેવાય અને લોકોને ગેરરસ્તે ઉશ્કેરણી ગણાય.

પણ ભલભલા એમ આજે કરે છે અને સત્તાનાં સ્થાનો પરથી ! તે બતાવે છે કે, આ સુધારો કેવો જરૂરી છે ને કેવી ઊંડી જડ ઘાલીને અંગ્રેજી પેઠેલું છે કે બીજું સૂઝવા જ નથી દેતું ! હવે વખત આવતો જાય છે કે જ્યારે આ બાબતમાં કાળબળ જ એમાં સુધારો કરશે. એનો લાભ લઈ શિક્ષણજગતે રાષ્ટ્રભાષા હિંદી અને સ્વભાષાઓના અભ્યાસને યોગ્ય સ્થાન આપી તે શોભાવવો જોઈએ. તો જ પ્રજાની સાચી શક્તિ પ્રગટ થશે.

૨૨–૧૦–'૫૩ મ૦

આ પાછું શું કામ ?

સદરહુ પત્રલેખકે જે બીજી વાત કરી છે તે 'માધ્યમિક શિક્ષણ મંડળી' જે અત્યારે દેશભરમાં વડી સરકાર તરફથી ફરે છે, અને પરદેશ ફરવા પણ જશે, તેને વિષે છે. વ્યવસ્થિત મોટું કમિશન બેસાડ્યા પછી શું બાકી રહે કે પાછી આ 'ટીમ'ને ફેરવવા કાઢી, એ પ્રશ્ન સ્વાભાવિક છે. વિશેષ તો એ કે, માધ્યમિક શિક્ષણનું કામ પ્રદેશ-સરકારોનું છે; તે પોતપોતાનો ઘટતો વિચાર કરશે. કમિશને વિચાર કરીને હેવાલ રજૂ કર્યો જ છે, તે સૌને જોવા મળશે. પછી આ ટીમ શું કરવા ? એમ કહેવાય છે કે, કમિશનની ભલામણોનો અમલ કરવા વિષે શું કરવું તે તથા માધ્યમિક શિક્ષકોના અધ્યાપન માટે શું કરવું, તે આ ટીમ વિચારશે, તો શું કમિશને આ વાત નથી કહી? તે પરથી પ્રદેશ સરકારો ઘટતું નહીં કરે ? અને આ ટીમમાં પાછા પરદેશી સભ્યોની શી જરૂર પડી ? આ ટીમને આમ નકામા કે ન સમજ્યા એવા લાગતા કારણે ફેરવવાનું ઉપાસન નીકળે, તેથી પ્રજામાં ખોટા ખર્ચની ભાવના ફેલાય, તે બદલ સરકાર તેને દોષ ન દઈ શકે. વડી સરકારે માધ્યમિક શિક્ષણમાં માથાકૂટ કરવા કરતાં બંધારણમાં કહેલી ૬ થી ૧૪ ઉંમર સુધીની સાર્વત્રિક કેળવણીનું શું કરવાનું છે, તેના વિચારમાં ધ્યાન આપત તો સારું થાત અને તે ઉચિત પણ લેખાત.

૨૨–૧૦–'૫૩ મ૦

ભાષાવાર પ્રાંતરચના

દેશના નકશાની હવે આપણે ભાષાવાર પુનર્રચના કરવી જોઈએ, એ પ્રશ્ન પણ જન્મ્યો છે અને તેને દબાવતાં રહેતાં છતાં તે ઊઠે છે, એ એક નોંધપાત્ર બીના છે. આ પ્રશ્નને બને તો કળે કળે લેવો ને બહુ ઊછળવા ન દેવો, એવું વલણ પોતાનું હતું એમ શ્રી જવાહરલાલજીએ જાહેરમાં કબૂલ કર્યું છે. એમ કરવામાં ભૂલ કે દોષ હતો એમ ન કહેવાય; એમાં અમુક યોગ્યતાભર્યું કારણ રહેલું છે. અને તે આ પ્રશ્નનો ભલતો ઉપયોગ કરવા રાજકીય પક્ષો અને ભાષાવાર પ્રદેશો તાકે છે તે છે, એ ઉઘાડું છે.

રાજદ્વારી પક્ષો આ પ્રશ્નનો ગેરલાભ લેવા ચાહે અથવા ભાષાવાર પ્રદેશો એ નામે જાણે અલગ ભાષાવાર રાજ્ય મેળવી લેવું હોય એવો ભાવ રાખે, એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જરૂરી સવાલને ખોટો દેખાડે છે એટલું જ નહીં, તેની સામે થવા પણ કેટલાયને આજે દેશમાં પ્રેરે છે.

અને કેટલાક લોકો દેશની એકતાના મોટા શાહ થઈને વાત કરે છે અને ભાષાવાર પુનર્રચનામાં જાણે કાંઈ તથ્ય જ નથી, એમ વાત કરીને સામેથી બીજી ભૂલ કરે છે.

અને કેટલાક તો એટલે સુધી ઊંડી પડે છે કે, અંગ્રેજીને રાખો અને સંસ્કૃતને આણો એવી વાતો કરે છે! જેમ કે, પૂના યુનિવર્સિટીમાં ભાષણ આપતાં શ્રી સી. પી. રામસ્વામી આયરે કહ્યું કે, દેશની ચાલુ ભાષાઓની મદદથી, ખાસ કરીને તામિલથી, સંસ્કૃતનો વિકાસ કરો ને તેને રાષ્ટ્રભાષા બનાવો! હો. કાજીને એક અનુયાયી મળ્યા! પરંતુ અહીં પૂછવા જેવું એ છે કે, આ વસ્તુ ચાલુ હિંદી ભાષાથી કેમ ન કરવી? કાંઈ નહીં તો તે ભાષા કરોડો લોક જાણે છે તેનો ફાયદો શું કામ ન લેવો? શ્રી મુનશીએ કોઈકે યુનિવર્સિટીમાં બોલતાં વળી બીજી વાત કરી કે, અંગ્રેજી નહીં રાખો તો ભણુતરને નામે મીંડું વળશે!

હિંદનો ગયા જમાનાનો ભણેલો વર્ગ હજી વિક્ટોરિયા-યુગના ખ્યાલોથી જ ચાલતો તો નથી, એમ શંકા ગયા વગર રહેતી નથી. કોઈ ને કોઈ રીતે, ચપટીક 'એલાઈટ'— ભણેલા સંસ્કાર-વાળા લોકોના હાથમાં શિક્ષણ અને સંસ્કારિતાની લગામ સોંપાય નહીં તો કેમ થશે, એ બીક તેમનામાંથી દૂર થતી જ નથી. દેશની નવરચના આવી બીકથી નહીં થઈ શકે. એક જમાનામાં જેમ સંસ્કૃત-માંથી પાલિ અને પ્રાકૃતને પ્રતિષ્ઠા આપી યુગપ્રવર્તનનું વીરકર્મ થયું, બાદમાં દેશી ભાષાઓને સ્થાન આપી સંતોએ તેમનું સૌમ્ય ક્રાંતિકર્મ કર્યું, તેમ આજે અંગ્રેજી પરત્વે કરવા કાળ છે. તે વખતે બીજી ત્રીજી વાતો ક્રાંતિને પાછી પાડનારી કે અવળે લેનારી ગણાય. અને ભાષાવાર પ્રાંતરચનાના પોકારમાં જો કાંઈ તથ્ય હોય તો તે આ પ્રકારની ક્રાંતિની માગમાં છુપાયેલું છે. એ તથ્યનો સામનો કરી ન શકાય. દેશની મહાન ભાષાઓ બોલનારા પ્રદેશોનું શિક્ષણ-સંસ્કાર-કાર્ય, રાજવહીવટનું કાર્ય, તથા અદાલતનું ન્યાયકાર્ય તેમની ભાષાઓમાં તરતોતરત થવા માંડવું જોઈએ, એ તે તથ્યનો સારાંશ છે. જો એમ કરવાને માટે રાજકીય પ્રદેશ વિસ્તાર અલગ અલગ કરવા જરૂરી લાગે તો કરવા; પણ એ અનિવાર્ય છે? એક હિંદીભાષી વિસ્તારનું એક જ પ્રદેશરાજ્ય કરવા જરૂર ખરી? એક જ મરાઠીભાષી પ્રદેશરાજ્ય થવું જોઈએ, એ ઉપરની દૃષ્ટિએ અનિવાર્ય કહેવાય ખરું? એમ નથી લાગતું. અને કોંગ્રેસ બંધારણના પ્રદેશો જોતાંય આ તો સ્પષ્ટ થાય છે. એટલે ભાષાવાર પ્રાંતરચના કરો એવો શબ્દપ્રયોગ થાય છે ખરો, પણ તેનો અર્થ એ નથી કે, પ્રાંતરચનાનો સિદ્ધાંત ભાષાવારપણું છે. ભાષાવાર રાજ્યવહીવટ તથા શિક્ષણ અને સાહિત્યનાં કામો ચાલે અને તેમને દેશવ્યાપી સાંકળવા માટે રાષ્ટ્રભાષાનો અનુરૂપ વિકાસ કરી તેને ફેલાવો, એ માગ મુખ્ય છે અને સાચી છે. એ કામ દેશ સામે આવીને ઊભું છે, તે આ આપણા વિકાસની મૂર્ત જરૂર છે તેથી એને ઉવેખી ન શકાય.

૨૨-૧૦-'૫૩ મ૦

પ્રાથમિક અધ્યાપન મંદિરોમાં ફેરફાર

તા. ૨૬-૭-'૫૩ ને રવિવારના રોજ ચરોતર એજ્યુકેશન સોસાયટીમાં ગુજરાતનાં બિન-સરકારી અધ્યાપન મંદિરોના આચાર્યોની એક સભાએ ખેડા જિલ્લા શાળા મંડળના અધ્યક્ષ ને વલ્લભ વિદ્યાલયના આચાર્ય શ્રી શિવાભાઈ ગોકળભાઈ પટેલના પ્રમુખપદે અધ્યાપન મંદિરોમાં અભ્યાસક્રમ, પરીક્ષા, તાલીમ લેતા વિદ્યાર્થીની કાર્યક્ષમતા વગેરે મુદ્દાઓની ચર્ચા વિચારણા કરી હતી.

અંતે તેમાં થયેલા ઠરાવોની નકલ તેના મંત્રીએ મોકલી છે. તેમાંના મુખ્ય કેટલાક નીચે પ્રમાણે છે.

૧. પ્રાથમિક શાળામાં કામ કરતા શિક્ષકોનું અભ્યાસનું તેમ જ કાર્યક્ષમતાનું ધોરણ નીચે ઊતરતું જાય છે, એવો અનુભવ છે. આ ધોરણને ઊંચું લાવવાના હેતુથી અધ્યાપન મંદિરમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા સર્વ શિક્ષાર્થીઓ માટે કેળવણી ખાતાએ એક પ્રવેશ-પરીક્ષાની યોજના તૈયાર કરી ચાલુ કરવી, એવી આ સભા ખાસ ભલામણ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. પ્રાથમિક શિક્ષક પ્રમાણપત્ર પરીક્ષાના સંચાલનના તેમના હાલના સ્વરૂપમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઘણી જ સ્પષ્ટ માલૂમ પડે છે. અત્યારના તંત્રને બદલે સરકારે એસ. એસ. સી. બોર્ડના ધોરણે આ તંત્રની નવેસરથી રચના કરવી જોઈએ.

૩. નઈ તાલીમ અધ્યાપન મંદિરોમાં (બેઝિક ટ્રેનિંગ કૉલેજોમાં) સમૂહજીવન અને બુનિયાદી ઉદ્યોગ એ બંને અભ્યાસક્રમમાં મહત્ત્વનાં અને અનિવાર્ય અંગો છે. વળી આ બન્ને અંગોને સફળ બનાવવા અર્થે છાત્રાલયજીવન પણ અનિવાર્ય બને છે. આ મહત્ત્વના ફેરફારને કારણે, બિન-સરકારી અધ્યાપન મંદિરોને સરકાર તરફથી જે આર્થિક સહાય આપવામાં આવે છે, તે આજ સુધીના અનુભવ પ્રમાણે અપૂરતી માલૂમ પડી છે. ગ્રાન્ટનું ધોરણ નઈ તાલીમ અધ્યાપન મંદિરો અસ્તિત્વમાં આવ્યાં તે પહેલાં સામાન્ય ટ્રેનિંગ કૉલેજો માટે જે ઠરાવેલું હતું તેનું તે જ રહ્યું છે.

જ્યારે ખર્ચનાં અંગો ઉપર પ્રમાણે વધ્યાં છે.

આ સંબંધમાં સરકાર પોતાના તરફથી છાત્રાલયવાળી જે બેઝિક ટ્રેનિંગ કૉલેજો ચલાવે છે તેની પાછળ થતા ખર્ચની વિગતો તપાસી ગ્રાન્ટમાં યોગ્ય વધારો કરી આપવાની જરૂર સમજીને સ્વીકારશે. આંકડાની ભાષામાં ભલામણ કરીએ તો કુલ ખર્ચના ૭૫ ટકા જેટલી ગ્રાન્ટ મળે એમ થવું જરૂરી છે.

આ ઉપરાંત પાઠ્યપુસ્તકોમાં તેમ જ અભ્યાસક્રમમાં ને પરીક્ષામાં ફેરફાર કરવા અંગેના પણ વહીવટી ઠરાવો કરવામાં આવ્યા છે.

અધ્યાપન મંદિરોમાં ધરમૂળથી સુધારાની જરૂર છે. એ સરકાર પણ જાણે છે. એટલે આ સભાએ કરેલા વિચારો બાબતમાં સરકારી શિક્ષણખાતું જોશે એવી આશા છે.

૨૨–૧૦–'૫૩ મ૦

પદવીદાનની ભાષા

યુનિવર્સિટીના પદવીદાનના સમારંભની ભાષા વિષે ફેરફાર થવા માંડ્યા છે એ સરસ વાત છે. થોડાં વરસ પર સદ્‌ગત સરદાર સાહેબે તથા શ્રી રાજેન્દ્રબાબુએ અમુક સમારંભમાં હિંદીમાં વ્યાખ્યાન આપેલું. તે અગાઉ કવિશ્રી રવીન્દ્રનાથે કલકત્તામાં એક વાર બંગાળીમાં વ્યાખ્યાન આપેલું યાદ આવે છે. તે તો તે જમાનામાં કમાલ કરી હતી કહેવાય. પરંતુ પદવીદાન તો અંગ્રેજીમાં જ થતું. હવે તેમાંય ફેરફાર થવા લાગ્યા છે. ગુજરાત યુનિવર્સિટીએ હિંદીમાં એ કામ કર્યું. ગુજરાતીમાં કરવાનું તેણે માન્ય કર્યું છે. પણ ચાન્સેલર શ્રી બાજપાઈ તે ન સમજે તેથી રાષ્ટ્રભાષાને લેવામાં આવી. બાકી તે ગુજરાતીમાં જ શોભે અને ઉચિત ગણાય, એ નિર્વિવાદ છે. સમારંભના મુખ્ય મહેમાને તથા વાઇસચાન્સેલરે પોતાનાં વ્યાખ્યાન ગુજરાતીમાં જ આપ્યાં હતાં. પૂના યુનિવર્સિટીએ આ કામ સંસ્કૃતમાં કર્યું! મુખ્ય મહેમાન શ્રી રામસ્વામી આયરે અંગ્રેજીમાં વ્યાખ્યાન આપ્યું. સંસ્કૃત કેમ તે માટે એવી દલીલ સાંભળી કે ઑક્સફર્ડમાં લેટિનમાં નથી થતું? વાત સાચી. પણ અંગ્રેજીમાં પેલો શબ્દપ્રયોગ પણ નથી કે, આ તો બધું સામાન્ય લોકોને 'ગ્રીક અને લેટિન' જ થઈ રહેશે? છતાં અંગ્રેજી બદલાયું એ પણ યુગબળની નિશાની ગણાય.

પદવીદાનનો વિધિ જૂનેથી કૅથલિક પાદરીઓએ યુરોપની યુનિવર્સિટીઓમાં ગોઠવેલો તેનું ઊંધું અનુકરણ થાય છે. અને તે બધું કંઈક નીરસ પણ બની જાય છે તથા વખત બહુ લે છે ને કંટાળો આપે છે. તેમાં પણ ઉચિત સુધારો અને સમયની બચત જોઈ કાઢવાની જરૂર છે.

હિંદની બધી યુનિવર્સિટીઓમાં પદવીદાન વખતે મંગળ પ્રવચનના ઉચ્ચારણમાં આપણી પ્રાચીન પ્રણાલીના સંસ્કૃત મંત્રો બધે સામાન્ય રખાય અને તે તે ભાષામાં એનો અનુવાદ બોલાય, એ એક કરવા જેવું છે. હિંદભરમાં આ વિધિમાં આટલી એકતા સારો સંસ્કાર પણ નિર્માણ કરી શકે.

૨૩–૧૦–'૫૩ મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું વાચન

પર્યેષણા (સાહિત્યવિષયક વિવેચનલેખો): લે૦ મનસુખલાલ ઝવેરી; પ્ર૦ વોરા એન્ડ કંપની, કાલબાદેવી રોડ, મુંબઈ-૨; કિં. રૂા. ૩-૮-૦; પૃ૦ ૨૦૧.

આપણા ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં ગણનાપાત્ર વિવેચક તરીકે અ૦ મનસુખલાલભાઈ પ્રસિદ્ધ છે. પ્રસ્તુત પુસ્તક એમના 'થોડા વિવેચનલેખો' નામક વિવેચનસંગ્રહનો અનુગામી વિવેચનસંગ્રહ છે.

'પર્યેષણા'માં કુલ એકવીસ વિવેચનલેખો સંગૃહીત કરવામાં આવ્યા છે. એમાં માત્ર સાહિત્ય-કૃતિઓનાં જ વિવેચનો નથી; પણ એમાં 'કલાનો ધર્મ', 'શીલ અને સાહિત્ય', 'વૃત્તિમય ભાવાભાસ' જેવા સાહિત્યકલાવિષયક મુદ્દાઓની આમૂલાગ્ર, વિગતપ્રચૂર આલોચના છે; 'આખ્યાન', 'ટૂંકી વાર્તા', 'ઐતિહાસિક નવલકથા' જેવા સાહિત્ય-પ્રકારોનું અભ્યાસપૂર્ણ નિરૂપણ છે; 'આચાર્યશ્રીનું કલાદર્શન', 'પ્રેમાનંદ' જેવા સાહિત્યસ્વામીની સર્જનપ્રતિભાની અમુક બાજુઓના સાહિત્યના અભ્યાસીઓને ઉપયોગી થઈ પડે એવા વિવેચનલેખો છે; પ્રેમાનંદનું 'દશમસ્કંધ' તેમ જ વિષ્ણુદાસ, નાકર અને પ્રેમાનંદ એ ત્રણ પ્રસિદ્ધ આખ્યાનકારોએ રચેલા 'ઓખાહરણ'ની ખૂબીઓ દર્શાવતા આખ્યાનસાહિત્યવિષયક લેખો છે; 'આત્મકથા'માં વ્યક્ત થતી ગાંધીજીની જીવન-દૃષ્ટિનું પરિશીલન છે; 'છેલ્લાં બાર વરસની કવિતા'નું મિતાક્ષરી વિહંગાવલોકન છે; તથા 'ભણકાર', 'શેષનાં કાવ્યો', 'જયા જયંત', 'મુનશીનાં નાટકો' એવા નવ જેટલા વિવેચનલેખોમાં ગોવર્ધનરામભાઈ, નાનાલાલ, ઠાકોર, મુનશી, શેષ જેવા સાહિત્યસર્જકોની મહત્ત્વની કૃતિઓનો તલસ્પર્શી અને સ્વતંત્ર અભ્યાસ કરવામાં આવ્યો છે. એમાંય નાનાલાલ કૃત 'વસન્તોત્સવ' અને 'જયાજયન્ત'ની વિવેચના, મુનશીનાં 'અવિભક્ત આત્મા' તથા 'તર્પણ' એ પૌરાણિક નાટકોનું વસ્તુ કેટલે અંશે પૌરાણિક છે અને કેટલે અંશે કાલ્પનિક છે, એની તલસ્પર્શી અને સમતોલ મુલવણી, તેમ જ 'સુન્દરગિરિને ચિરંજીવશૃંગે' એ વિવેચનલેખમાં સરસ્વતીચંદ્રના ચોથા ભાગના અતિમહત્ત્વના પ્રસંગનું સમગ્ર દૃષ્ટિએ કરેલું નિરૂપણ આ સંગ્રહમાં આપણું ધ્યાન ખેંચે છે.

'કલાનો ધર્મ' એ વિવેચનલેખમાં કલાના ધર્મ વિષેની વિવેચના કરતાં અંતમાં પ્રા૦ મનસુખલાલભાઈ યોગ્ય જ કહે છે: "કલાએ સ્પર્શવાની અને સ્પર્શીને સતેજ બનાવવાની હોય તો તે મનુષ્યભાગની વૃત્તિઓની છે, પશુભાગની વૃત્તિઓની નહિ..... જે કલા મનુષ્યને મનુષ્ય મટાડીને પશુ બનવાને પ્રેરે તે કલા પોતાનો ધર્મ બજાવતી નથી એમ કહેવાય. એટલે નિરતિશય આનંદ આપીને કોઈ પણ કૃતિ કલાકૃતિ ભલે બની શકે, પણ તેની ઉચ્ચતાનો કે અવચતાનો નિર્ણય કરતી વેળા એ કલાકૃતિ ભાવકના હૃદયમાં કયું દૃષ્ટિબિંદુ મૂકે છે ને કઈ જાતની વૃત્તિઓને સ્પર્શે છે તેનો વિચાર કરવો પણ આવશ્યક બની જાય છે."

'શીલ અને સાહિત્ય' એ વિવેચનલેખમાં સાહિત્ય-જગતના "શીલ એવું સાહિત્ય" એ અત્યંત ચર્ચાસ્પદ મુદ્દા પર સારો પ્રકાશ પાડવામાં આવ્યો છે. એ આખા વિષયને સમેટી લેતાં પ્રા૦ મનસુખલાલભાઈ કહે છે: "'શીલ એવું સાહિત્ય' એ સૂત્ર સાચું છે ખરું, પણ અમુક અર્થમાં જ. લેખકનું શીલ એના સાહિત્યમાં ઊતરે અવશ્ય, પણ કયારેક એ સીધેસીધી રીતે પ્રતિબિંબિત થાય, કયારેક અવળી રીતે પ્રતિબિંબિત થાય, તો કયારેક લેખક જે સાહિત્ય સર્જે તેને અને તેના શીલને કશો જ સીધો સંબંધ ન પણ હોય. કાકાસાહેબના શબ્દોમાં કહીએ તો, "કોઈક વાર ગંદું ખાબોચિયું પણ સ્વચ્છ અને તારાજડિત આકાશનું પ્રતિબિંબ પોતાના હૈયામાં ધારણ કરે છે; પણ તેથી એ કંઈ આકાશ બની જતું નથી."

કુદરતનાં મનુષ્યેતર તત્ત્વોમાં પોતાની વૃત્તિનું પ્રતિબિંબ જોવું એટલે 'વૃત્તિમય ભાવાભાસ'. એ વસ્તુને એ નામક વિવેચનલેખમાં પ્રા૦ ઝવેરી સમજાવે છે. પણ એ સાથે થોડાં ઉદાહરણો ઉમેર્યાં હોત તો એ વસ્તુ વધારે સ્પષ્ટ થાત.

એકંદરે આ ત્રણે લેખો આ સંગ્રહમાં મહત્ત્વના ગણી શકાય એવા છે.

આમ આ વિવેચનસંગ્રહ આપણા વિવેચન-સાહિત્યક્ષેત્રમાં ઉપયોગી ફાળો નોંધાવે છે. દિનપ્રતિદિન આપણા સાહિત્યનો અભ્યાસ શાળા-મહાશાળાઓમાં વધતો જાય છે, તે સમયે શ્રી મનસુખલાલભાઈ ઝવેરી જેવા એક અનુભવી અધ્યાપકના આ વિવેચનલેખોનું પ્રકાશન ખરેખર આવકાર્ય છે.

મુ૦ ક૦

કોન-ટિકિ: લે૦ થોર હાયરડાલ; અનુ૦ મહેન્દ્ર મેઘાણી; પ્રકા૦ વોરા એન્ડ કંપની પબ્લિશર્સ લિ૦, ૩ રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબઈ – ૨; પૃ૦ ૧૫૦; કિં. રૂ. ૧-૮-૦

ઉત્તર ધ્રુવના મહાન નૉર્વેજિયન પ્રવાસી નાનસેનનું નામ દુનિયાના મહાન પ્રવાસી તરીકે અંકિત થઈ ચૂકયું છે, તે આપણે જાણીએ છીએ. વીસમી સદીની આ શ્રેષ્ઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહસકથાના લેખક અને નૉર્વેજિયન સાહસિક શ્રી થોર હાયરડાલે પોતાના આ પુસ્તક દ્વારા, પંદરસો વર્ષ પહેલાં વપરાતા હતા તેવા જ વાંસના તરાપા ઉપર ચાર હજાર માઈલની પોતે સફળ સફર પાસિફિક મહાસાગરમાં કરી તેનો પ્રેરણાદાયી વૃત્તાંત આપે છે. આ પુસ્તકમાં પ્રવાસનાં અને પ્રવાસીઓનાં ૭૭ ચિત્રો અને પાસિફિક મહાસાગરનો નકશો પણ આપેલાં છે.

એશિયા-ઑસ્ટ્રેલિયા અને ઉત્તર દક્ષિણ અમેરિકાની વચ્ચે હજારો માઈલ લાંબા પહોળા પથરાયેલા પાસિફિક મહાસાગરના મધ્યના ટાપુઓમાં — એ ટાપુઓના ઇતિહાસ, એમની સંસ્કૃતિ વગેરેમાં — શ્રી હાયરડાલને રસ પડવાથી, તેને એક એવો પ્રશ્ન સ્ફુર્યો કે, આટલા વિશાળ મહાસાગરની મધ્યમાં એ ટાપુવાસી પ્રજા આદિકાળમાં ક્યાંથી આવી વસી હશે? આ વિશે ઇતિહાસના ખેરખાંઓ પણ વાદવિવાદમાં પડેલા જણાય છે. કેટલાક કહે છે કે, સેંકડો વર્ષ પૂર્વે એ પ્રજા આથમણી દિશામાંથી જ ત્યાં આવેલી હશે. તો બીજા પંડિતોનું માનવું છે કે, એ ટાપુવાસીઓનાં બાપદાદા ઉગમણી ધરતીમાંથી ત્યાં આવી વસ્યા હોવા જોઈએ. આ વાદવિવાદ ઉપર વિચાર કરતાં કરતાં શ્રી હાયરડાલ જાતે એક વાર એ ટાપુઓની અને દક્ષિણ અમેરિકાની સફર કરી આવ્યો. એ પ્રવાસ બાદ તેણે કહ્યું કે, મધ્ય પાસિફિકની એ ટાપુવાસી પ્રજાના પૂર્વજો દક્ષિણ અમેરિકાથી જ ત્યાં આવી વસેલા હોવા જોઈએ.

ઇતિહાસમાંથી જાણવા મળે છે કે, આ ટાપુઓમાં આજથી પંદરસો વર્ષ પહેલાં આજની ત્યાંની પ્રજાના પૂર્વજો ગયા હતા. તે જમાનામાં આગબોટો કે મોટાં જહાજો કલ્પ્યું હતું નહીં. તો ચાર હજાર માઈલનો લાંબો પંથ એ સમયે કપાયો શી રીતે શક્ય બન્યો હશે? શ્રી હાયરડાલનો જવાબ છે કે, દક્ષિણ અમેરિકાને આથમણે કાંઠે વસતા આદિવાસી પાસે સેંકડો વર્ષ પૂર્વે વાંસના તરાપા હતા. એવા તરાપામાં બેસીને જ તે લોકોએ મહાસાગર પાર કરેલો હોવો જોઈએ. આવા વાંસના તરાપામાં બેસી મહાસાગરનો પંથ કાપ્યાની વાત કહેવી એને આજે સૌ એક ઉપજની કાટેલો તુક્કો ન માને તો બીજું શું માને? પણ પોતાની કલ્પનાના સમર્થન માટે શ્રી હાયરડાલે આજથી આઠ વર્ષ અગાઉ આવા જ એક વાંસના તરાપા ઉપર ચાર હજાર માઈલનો પંથ પોતાના પાંચ સાથીઓ સાથે કાપી બતાવ્યો.

સેંકડો વર્ષ પૂર્વે એ આદિવાસીઓ વાપરતા હતા તેવો જ વાંસનો તરાપો શ્રી હાયરડાલે બનાવ્યો હતો. તે તરાપામાં લોઢાનાં ખીલા, ખીલી કે સાંકળનો ટુકડો પણ વાપરવાને બદલે જંગલી વેલાઓ વડે બાંધીને એને તૈયાર કરવામાં આવ્યો હતો. કનુટ હાઉગ્લાંડ, એંટ ડાનિયલ્સોન, એરિક હેસલબેર, ટોર્સ્ટન રોબી અને હેર્માન વાલ્બીંગર એ પાંચ શ્રી હાયરડાલના સાથીઓ હતા. પોતાને જે નાનાસરખા સત્યનું દર્શન થયું તેની બીજાઓને પ્રતીતિ કરાવવા માટે આ છયે સાહસિકોએ આવું જીવસટોસટનું ખેડાણ ખેડ્યું.

આ પુસ્તકનો લેખક શ્રી હાયરડાલ પાસિફિકના ટાપુઓમાં પ્રવાસે ગયેલો ત્યારે ત્યાં તેણે સો વર્ષની ઉંમરના એક વૃદ્ધ ડોસા પાસેથી તે ટાપુની વિગતો જાણી હતી. તે મુજબ એ ટાપુઓની આજની પ્રજાના પૂર્વજોને એ ટાપુઓ ઉપર પહેલ-વહેલા લઈ આવનાર આદિપુરુષ તે 'ટિકિ' દેવ. 'ટિકિ' દેવ હતા અને રાજા પણ હતા. એ ટાપુઓના જંગલપ્રદેશમાં દેવરાજા ટિકિની પ્રચંડ મૂર્તિઓ જોવા મળે છે. અને દેવરાજા ટિકિની એ પ્રચંડ મૂર્તિઓ દક્ષિણ અમેરિકાની મૃત સંસ્કૃતિઓનાં શિલ્પોને મળતી આવે છે. વળી પેરુ પ્રદેશની એક દંતકથામાં આવતી પુરાતન ગૌરવર્ણી પ્રજાના સૂર્ય-રાજા વિરાકોચાની વાત વાંચતાં પણ આ કલ્પનાને સમર્થન મળે છે. આ અને આવી બીજી પોતાની કલ્પનાનું સમર્થન કરતી સામગ્રી મળતાં શ્રી હાયરડાલે આ સાહસિક પ્રવાસ કર્યો. આ પુસ્તકમાં તેનું રોમાંચક વર્ણન છે એટલું જ નહીં, પણ જીવસટોસટ ખેલેલા કુદરત સામેના યુદ્ધનું આબેહૂબ વર્ણન પણ છે.

મહાસાગરમાં કેવાં જીવજંતુઓ અને પ્રાણીઓ હોય છે તેની રસપ્રદ અને રહસ્યમય માહિતી આ પુસ્તકમાં મળે છે. દરિયાઈ માછલીની મોટામાં મોટી જાત વ્હેઈલ-શાર્કનું વર્ણન કરતાં લેખક લખે છે કે, "દુનિયાભરમાં આજે જાણીતી તમામ માછલીઓમાં એ સૌથી મોટી છે. એ ભાગ્યે જ ક્યાંય જોવા મળે છે. વ્હેઈલ-શાર્કની સરેરાશ લંબાઈ ૫૦ ફૂટ હોય છે અને પ્રાણીશાસ્ત્રીઓના કહેવા મુજબ એનું વજન ૧૫ ટન જેટલું થાય છે. કહેવાય છે કે એમાં પણ ૬૫-૬૫ ફૂટ લાંબા નમૂના જોવા મળેલા છે. વ્હેઈલ-શાર્કના એક બચ્ચાનો કોઈએ શિકાર કરેલો. તેના નર્યા કાળજાનું વજન જ ૬૦૦ રતલ જેટલું હતું, ને એના એક એક જડબામાં ત્રણ ત્રણ હજાર દાંતની હારમાળા હતી." (પાનું ૬૧.) આવાં કુદરતની ભયંકરતાનાં વર્ણનો તો આ પુસ્તકમાં ઠેર-ઠેર જોવા મળે છે.

આ પ્રવાસને અંતે આ પ્રવાસી જવામર્દ હાયરડાલે તો પાછા ફરીને એટલું જ કહ્યું છે કે, "અમારી સફર સફળ થઈ તેથી કાંઈ મેં રજૂ કરેલી માન્યતા સાબિત થઈ જતી નથી. અમે તો એટલું જ સાબિત કરી બતાવ્યું છે કે દક્ષિણ અમેરિકાના બાલ્સા વૃક્ષના તરાપામાં ખુલ્લા સમુદ્ર ઉપર વિશાળ અંતર કાપવાની શક્તિ રહેલી છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી હાયરડાલનું આ પુસ્તક પ્રથમ ઈ. સ. ૧૯૪૮માં પ્રગટ થયું. તે પછી વિશ્વની બારેક ભાષાઓમાં એનો અનુવાદ પ્રગટ થઈ ચૂક્યો છે. અને એ રીતે આ પુસ્તકની દસ લાખથી વધુ નકલો વેચાઈ ચૂકી છે. માનવ ઇતિહાસમાં અમર થઈ ચૂકેલા મહાન પ્રવાસીઓ અગસ્ત્ય, નાનસેન, માર્કોપોલો, સ્કૉટ વગેરેની સાથે શ્રી હાયરડાલનું નામ પણ સદાને માટે અંકિત થયેલું રહેશે.

આ પુસ્તક વધારે સારા કાગળ ઉપર, મોટા ટાઇપમાં અને સહેજ વધુ સરળ ભાષામાં હોત તો મોટાઓની સાથે સાથે નાના મોટા વિદ્યાર્થીઓ પણ આ પુસ્તક હોંશે હોંશે વાંચી શકે એવું બની શકત. સાહસકથાનું પ્રકાશન કરવા બદલ અનુવાદક–પ્રકાશકને ધન્યવાદ ઘટે છે.

શાં૦ ગાં૦

પૂર્વ ભારતની જૈન તીર્થભૂમિઓ : લે૦ શાંતમૂર્તિ મુનિરાજ શ્રી. જયંતવિજયજી : પ્ર૦ શ્રી. યશોવિજય જૈન ગ્રંથમાળા, ભાવનગર; પૃ૦ ૧૫૨ + ૨૦; કિં. બે રૂપિયા.

'આત્માને તારે એ તીર્થ' એવી સમજ આપણને આપણા પ્રાચીન મહર્ષિઓએ આપી છે. એ મહર્ષિઓએ આપણા દેશનાં નદીપર્વતોનો મહિમા ગાયો છે. હિંદુઓએ મોટે ભાગે નદીઓને મહત્ત્વ આપ્યું છે, જ્યારે જૈન ધર્મના પાયા મોટે ભાગે ગિરિભૂમિ ઉપર પડ્યા છે. જૂના કાળમાં આવી જૈન તીર્થભૂમિઓ પૂર્વ દેશમાં ઘણી હતી, એટલે એમ કહી શકાય કે, જૂના કાળમાં જૈન ધર્મનો વાવટો પૂર્વ દેશમાં ફરકતો.

જૂના કાળમાં તીર્થયાત્રીને દુર્ગમ અને બિહામણાં જંગલો પગપાળા વીંધવાં પડતાં; ચોર, ડાકુ અને હિંસક પ્રાણીઓનો સામનો કરવો પડતો; ભૂખ-તરસ વેઠવાં પડતાં; સગાંવહાલાંને વીસારવાં પડતાં, વગેરે. આજે તો એવા ભક્તની કલ્પના કરીએ તોયે રોમાંચ ખડાં થઈ જાય. આજના વિજ્ઞાને તીર્થયાત્રાને સુગમ બનાવી છે. તેથી આજની યાત્રાનું વાસ્તવિક ફળ જોઈએ તેટલું ઊપજતું નથી. છતાં પણ તીર્થયાત્રામાં ભક્તિ અને સંયમ જળવાય તો યાત્રાનું પુણ્ય તો મળે જ. આજે પણ એ તેજસ્વી તીર્થોનાં દર્શન કરવાં એ જીવનનો અણમૂલ લહાવો છે.

આ પુસ્તકના સ્વર્ગસ્થ લેખક 'શાંતમૂર્તિ'ના સુવિદિત ઉપનામથી જાણીતા છે. તેમણે અનેક નાનામોટા ઇતિહાસ ગ્રંથો જનતાને ભેટ ધર્યા છે.

આ પુસ્તકમાં મુખ્ય ૪૨ અને બીજાં ૧૬ મળી ૫૮ જેટલાં ગામ-નગરોનો પરિચય આપવામાં આવ્યો છે. તીર્થયાત્રાનો ક્રમ, કયા સ્ટેશનેથી કયાં જવાય, વિચ્છેદ ભૂમિઓની વિગત, વગેરે હકીકતો આ પુસ્તકમાં જોવા મળે છે. તીર્થ ન હોય એવાં માર્ગે આવતાં શહેરોનું ક્રમવાર વર્ણન આ પુસ્તકમાં છે, અને જૈન યાત્રાળુને ઉપયોગી થઈ પડે એ રીતે માહિતી આપવામાં આવેલી છે. યાત્રાનો ક્રમ આગ્રા શહેરથી શરૂ થાય છે. કૂંકમાં આખા પુસ્તકમાં જે તે તીર્થભૂમિને લગતી મુખ્ય મુખ્ય હકીકતો આપી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

વળી પુસ્તકને વધુ ઉપયોગી અને આકર્ષક બનાવવાના હેતુથી જુદી જુદી તીર્થભૂમિઓનાં ૧૯ જેટલાં ચિત્રો પુસ્તકને છેડે આર્ટ પેપર ઉપર આપવામાં આવ્યાં છે. પુસ્તકને અંતે બે પરિશિષ્ટો છે. એકમાં શ્રી વિજયધર્મસૂરીશ્વરજીએ રત્નપુરીમાં માંસાહારીઓની દુકાનો દેરાસરથી દૂર કરાવવાનો પ્રયત્ન કર્યો હતો તેની અને તેઓશ્રીએ કલકત્તામાં પાંચ ગૃહસ્થોને દીક્ષા આપી શિષ્યો બનાવ્યા હતા તેની વિગત છે, જ્યારે બીજામાં પૂર્વ ભારતની કલ્યાણક ભૂમિઓની વિગતે માહિતી છે.

આ પુસ્તકમાં તીર્થસ્થળોના પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસનું આધુનિક શૈલીએ વર્ણન આલેખેલું છે. આખું પુસ્તક તીર્થયાત્રા હર્ષભેર વાંચી જાય એવી દૃષ્ટિ લેખકે રાખી છે. કૂંકમાં પૂર્વ દેશની જૈન તીર્થભૂમિઓનો અતિસંક્ષિપ્ત પરિચય આ પુસ્તક આપે છે. એથી આ પુસ્તક બીજું કંઈ નહીં તો યાત્રીઓને ભોમિયાની ગરજ સારે એવું તો છે જ.

શાં૦ ગાં૦

ભાવિ હિંદનું દર્શન

કિશોરલાલ ધ૦ મશરૂવાળા

આ પુસ્તકમાં શ્રી કિશોરલાલભાઈએ પોતાની કલ્પનાના હિંદનું ચિત્ર દોરી બતાવ્યું છે. આયોજનપંચના સભ્ય શ્રી રા૦ કૃ૦ પાટીલના પત્રના જવાબરૂપે એ છે. તે ઉપરાંત પરિશિષ્ટમાં શ્રી નરહરિભાઈનો પત્ર, શ્રી રા૦ કૃ૦ પાટીલનો મૂળ પત્ર, તથા કિશોરલાલભાઈના ત્રણ લેખો પણ આપવામાં આવ્યા છે.

કિં. રૂ. ૦–૧૦–૦ ટપાલખરચાનગી ૦–૪–૦

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ–૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતમહેનત અને પાયાની કેળવણી

હાથ વડે કરેલા સર્જનાત્મક ઉદ્યોગમાં આખું જગત એક સંબંધે જોડાય છે, અને તેથી દરેક જણે પોતાની જાત પ્રત્યે તથા પોતાની જાતિ પ્રત્યેની ફરજ તરીકે તેમાં પોતાનો ફાળો અર્પવો જોઈએ. કોદાળી–પાવડો કે બીજું કોઈ ઓજાર હાથમાં લઈને કામ કરવા જતાં માણસ પોતાની જ્ઞાતિ અને વર્ગના બંદીખાનામાંથી બહાર નીકળી આવે છે અને સમગ્ર માનવજાતિનો એક સભ્ય બની રહે છે. અને ઘણાં વર્ષ પૂર્વે મને દેખાઈ આવ્યું છે કે, એક બગીચો પણ અભ્યાસગૃહ, વિદ્યાપીઠ, ધ્યાનમંડપ, સૌંદર્ય અને પ્રેરણાનું ધામ, અને અન્નભંડાર બની શકે છે. અને કોઈ પણ વસ્તુ પાસેથી એથી વિશેષની શી અપેક્ષા રાખી શકાય? પરંતુ પ્રશ્ન કરવામાં આવે કે, બાગકામ આર્થિક દૃષ્ટિએ લાભદાયક ગણી શકાય? જવાબમાં હું સામો પ્રશ્ન પૂછું છું કે, પ્રેમમાં પડવું એ પણ આર્થિક દૃષ્ટિએ લાભદાયક છે ખરું? લગ્ન કરવું અને કુટુંબી બનવું એને પણ તે રીતે લાભદાયક કહી શકાય? કવિતા અને સંગીત પણ આર્થિક દૃષ્ટિએ લાભદાયક છે ખરાં? આ બધી બાબતો માટે આપણે કિંમત ચૂકવીએ છીએ, અને સારી સરખી કિંમત ચૂકવીએ છીએ; પરંતુ એ કિંમત આપણે રાજીખુશીથી ચૂકવીએ છીએ, કારણ કે એ સુજીવનનો માર્ગ છે.

આ વિચારોના અનુસંધાનમાં ગાંધીજીની છેલ્લી શોધ — 'પાયાની કેળવણી'ને વિચારીએ. બાળકો પોતાનું શિક્ષણ મુખ્યત્વે સર્જનાત્મક રમતમાંથી પ્રાપ્ત કરે છે, અને આ સર્જનાત્મક ઉદ્યોગનું સાંસ્કૃતિક મૂલ્ય ઘણું મોટું છે, — એવા દર્શનમાંથી એ શોધ નીપજેલી છે. તો પછી એ વસ્તુને વ્યવસ્થિત કરીને બાળકોની કેળવણી — અને વસ્તુતાએ તમામ કેળવણીનો જ પાયો કેમ ન બનાવી દેવી? 'પાયાની કેળવણી' એ વસ્તુ જ કરવા માગે છે. પરંતુ જો બાળકોને સર્જનાત્મક ઉદ્યોગ–રમત જ શીખવવાની હોય, તો પછી ઉપયોગિતાની દૃષ્ટિએ જે જરૂરી છે એવી ક્રિયા જ તેઓ કેમ ન કરે? — ખાસ કરીને કેળવણી પાછળ બહુ થોડું ખર્ચ કરી શકે તેવા હિંદુસ્તાન જેવા ગરીબ દેશમાં તો તેમ જ કરવું જોઈએ. એટલે તેઓ રૂ કાંતે એ જ શું ખોટું? કારણ કે દરેક હિંદીને તેનો ઉપયોગ છે અને હિંદના દરેક ભાગમાં તે પેદા થાય છે.

પરિણામે, સૂતર કાંતવાના ઉદ્યોગના પાયા ઉપર પ્રાથમિક કેળવણીની આ યોજના ઊભી થઈ છે. . . . આ પદ્ધતિ સર્વાંગીણ માનસ અને સર્વાંગીણ વ્યક્તિત્વ ઊભાં કરે છે. બાંધકામ કરનારા તેમના પોતાના જ શિલ્પીઓ બને છે; કોતરકામ કરનારા, માટીકામ કરનારા, વણાટકામ કરનારા, વગેરે પોતાના જ નકશીગર બને છે; તથા સૌ કોઈ કળાકાર, વૈજ્ઞાનિક અને સર્જક બની રહે છે. દરેક નવો વિષય કુદરતી રીતે અને અંગાંગિભાવે જોડાતો જાય છે અને એ પ્રમાણે સપ્રયોજન બનીને જીવંત રસ ઊભો કરે છે.

જીવન પણ આથી કેળવણી, ઉદ્યોગ, રમત, ધર્મસાધના વગેરે વિભાગોમાં વિભક્ત થઈ જતું નથી; અને સમગ્ર — સર્વાંગીણ રૂપે રજૂ થાય છે: દરેક પ્રવૃત્તિ ઉદ્યોગની હેતુમત્તા, રમતનો ઉત્સાહ, વિજ્ઞાનનું સંગઠન, અને ધર્મની પવિત્રતા ધારણ કરે છે.

— વિલ્ફ્રેડ વેલોક: ઑર્ચાર્ડ લી પેપર્સ–૯

મુદ્રક અને પ્રકાશક: જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

સંપાદકમંડળ

જુગતરામ દવે
ગોપાલદાસ પટેલ
ઠાકોરભાઈ દેસાઈ
મણિભાઈ દેસાઈ
મગનભાઈ દેસાઈ (તંત્રી)
જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)



વર્ષ ૧૨ અંક ૧૦

ઑક્ટોબર નવજીવન, અમદાવાદ ૧૯૫૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

ઑક્ટોબર, ૧૯૫૩

વર્ષ ૧૨ અંક ૧૦

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
શ્રી કિશોરલાલભાઈની વિનોદશક્તિ	મુકુલભાઈ કલાર્થી	૨૮૯
એમની જીવનસિદ્ધિ	કાકા કાલેલકર	૨૯૧
સત્યાગ્રહી મોરારભાઈ	જુગતરામ દવે	૨૯૨
આપણી વણસતી જતી યુનિવર્સિટીઓ	જવાહરલાલ નેહરુ	૨૯૩
નવી પેઢીની જવાબદારી	દાદા ધર્માધિકારી	૨૯૫
ગુજરાત યુનિવર્સિટીમાં માધ્યમનો ફેરફાર	મગનભાઈ દેસાઈ	૨૯૭
વિનાશક ટાળણ	મગનભાઈ દેસાઈ	૨૯૮
શાળામાં ઉદ્યોગશિક્ષણ	શિવાભાઈ ગો૦ પટેલ	૨૯૯
વ્યાકરણમાં પહેલો પુરુષ જ રાખો	વિ૦ સ૦ ખાંડેકર	૩૦૨
નવી તાલીમ અધ્યયન શિબિરો	જુગતરામ દવે	૩૦૫
દરિદ્રનારાયણ	ગો૦	૩૦૬
બનાસકાંઠાની બોલી —	મનુભાઈ મોહનલાલ ભટ્ટ	૩૧૨
નવું વાચન		
સથવારો	મુ૦ ક૦	૩૧૩
વિશ્વદર્શન	બં૦ ગાં૦	૩૧૩
આરોગ્ય કેમ સાચવશો?	બં૦ ગાં૦	૩૧૪
માસિક વિવેચન		
બાપુની જયંતી	મ૦	૩૧૫
ગાંધીજયંતી માટે વડા પ્રધાનનો સંદેશો	જવાહરલાલ નેહરુ	૩૧૫
હિંદુ સમાજને ચેતવણી	મ૦	૩૧૬
મુદાલિયર કમિશનનો રિપોર્ટ	મ૦	૩૧૬
થૂંકવાની ફુટેવ	મ૦	૩૧૭
પાર્લમેન્ટના સભ્યોની મેચ	મ૦	૩૧૮
એ મેચ સામે વાંધો	મ૦	૩૧૮
મુંબઈ સરકાર અને ક્રિકેટ	મ૦	૩૧૯
શ્રી રાધાકૃષ્ણન અને ક્રિકેટ	મ૦	૩૧૯
કેટલાક નવા શબ્દો	મ૦	૩૧૯
ચરાતિ ચરતો ભગઃ	મ૦	૩૨૦
ટૉલ્સ્ટૉય જયંતી	મ૦	૩૨૦

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતી છે.

સરનામાનો ફેરફાર અમને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોને પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં મુંબઈ (૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બન્દર); રાજકોટ (લાખાજીરાજ રોડ); દિલ્હી (ઍર ઇંડિયા ઑફિસ સામે, કૉનોટ સરકસ, નવી દિલ્હી); ઇંદોર (ગાંધી-ભવન, યશવંત રોડ) અને વડોદરા (કોઠી સામે, રાવપુરા) ભરી શકશે.

લવાજમના દર

દેશમાં રૂા. ૪); પરદેશમાં રૂા. ૬) અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. બૉક્સ ૧૦૫, **અમદાવાદ**

અમારાં નવાં પ્રકાશનો

શ્રેયાર્થીની સાધના [સદ્‌ગત કિશોરલાલભાઈનું જીવન-ચરિત્ર]: લે૦ નરહરિ પરીખ; કિં. રૂ. ૩-૦-૦; ટપાલરવાનગી ૧-૦-૦.

ભૂદાનયજ્ઞ: લે૦ વિનોબા ભાવે; કિં. રૂ. ૧-૪-૦; ટપાલરવાનગી ૦-૫-૦.

ભાવિ હિંદનું દર્શન: લે૦ કિશોરલાલ મશરૂવાળા; કિં. રૂ. ૦-૧૦-૦; ટપાલરવાનગી ૦-૪-૦.

ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ: લે૦ જે. સી. કુમારપ્પા; અનુ૦ નગીનદાસ પારેખ; કિં. રૂ. ૧-૮-૦; ટપાલરવાનગી ૦-૮-૦.

આત્મનિરીક્ષણ: લે૦ મયુરાદાસ ત્રિકમજી; કિં. રૂ. ૧-૦-૦; ટપાલરવાનગી ૦-૪-૦.

ભૂદાનયજ્ઞ: વિનોબા ભાવે; કી. રુ. ૧-૪-૦; ડાકખર્ચ ૦-૫-૦.

Sardar Vallabhbhai Patel Vol. 1: By Narhari D. Parikh; Price Rs. 6-0-0; Postage, etc. 1-5-0.

The Diary of Mahadev Desai Vol. 1: Trans. and Ed. By Valji G. Desai; Price Rs. 5-0-0; Postage etc. 1-3-0.

Bhoodan Yajna: By Vinoba Bhave; Price Re. 1-8-0; Postage etc. 0-5-0.

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

વર્ષ ૧૨–અંક ૧૦] અમદાવાદ [ઑક્ટોબર, ૧૯૫૩

શ્રી કિશોરલાલભાઈની વિનોદશક્તિ

પૂ. કિશોરલાલભાઈને અક્ષરધામમાં ગયે ગઈ ૬ઠ્ઠી સપ્ટેમ્બરને દિને એક વર્ષ જોતજોતામાં પૂરું થઈ ગયું. કિશોરલાલભાઈનું મંગળ સ્મરણ આપણા જીવનને પાવન કરે એવું છે. કિશોરલાલભાઈનું સાન્નિધ્ય અમારા જેવાને માટે ખરેખર પ્રેરણાદાયી થઈ પડ્યું હતું. એમની નાજુક તબિયત અમને આ ક્ષર દેહની આત્યંતિક મોહપરાયણ આસક્તિમાંથી બચાવી લેતી અને એમાંય હંમેશાં તીવ્ર યાતના ભોગવ્યા છતાંયે એમના મુખ પર ઝળકતું પ્રેમાળ સ્મિત 'दुःखेषु अनुद्विग्नमनाः' એવા સ્થિતપ્રજ્ઞનું દર્શન કરાવી જતું. તેઓ દેહનાં દુઃખો જાણે પી ગયા હતા. તેથી જ એવી ચિંતાજનક અવસ્થામાં પણ તેઓ શાંત, સૌમ્ય અને વિનોદપ્રધાન વૃત્તિવાળા રહી શકતા હતા. આવી સ્થિતિ પ્રાપ્ત કરવી એ કંઈ જેવી તેવી સાધના ન કહેવાય. ક્લેશમય દશામાં શાંતિ અને પ્રસન્નતા જાળવવી એ ખરેખર કઠિન છે.

કિશોરલાલભાઈએ દેહકષ્ટ કંઈ ઓછું ભોગવ્યું નથી. દમના ભારે હુમલા વખતે તેમની સ્થિતિ ખરેખર કરુણાજનક થઈ જતી અને જોનાર સ્નેહીજનોનું હૃદય પણ વલોવાઈ જતું. શ્વાસ લેવા માટે એમને કેટલી તકલીફ પડતી એ વાત એમના વિનોદયુક્ત શબ્દોમાં જ જોઈએ: "વિનોબાજીએ કયાંક લખ્યું છે કે, 'હવા લેવાને માટે કયાં કશી મહેનત કરવી પડે છે? નાક ખુલ્લું રાખીએ એટલે હવા તો આવે ને જાય.' આ વાંચીને હું મનમાં જ બોલ્યો કે વિનોબાને શી ખબર હોય કે હવા અંદર લેવા તથા બહાર કાઢવા માટે કેટલા 'હોર્સ–પાવર'નું બળ વાપરવું પડે છે? એટલું કરતા રહેવામાં જ મારે તો શરીરશ્રમના વ્રતનું પાલન થઈ જાય છે. છેવટે બિચારો હોર્સ (હૃદય) થાકી જાય છે અને નીચે પડી જાય છે."

પરંતુ આવી દુઃખદાયક સ્થિતિ હોવા છતાં તેમના મુખ પર જે પ્રસન્નતા જણાતી, અને જે કોઈ હાજર હોય તેની સાથે, અથવા પૂ. ગોમતીબહેન સાથે વિનોદ કર્યા વિના તેઓ રહેતા નહીં, એનું કારણ કદાચ તેમના દુઃખે દુઃખી થતાં સ્નેહીજનોનાં દુઃખને હળવું કરવાની નિર્મળ વૃત્તિ હોય એમ જણાય છે. પોતાને ખાતર બીજાઓને ચિંતા કરવી પડે એ તેમના 'પરમ હિતકારી' હૃદયને નથે રુચતું હોય. તેથી જ તેઓ આવા પારાવાર દેહકષ્ટમાં પણ અપરંપાર વિનોદવૃત્તિ દાખવી શકતા.

એક વાર તેમની તબિયત ઘણી નરમ હતી. ગોમતીબહેન ચિંતાતુર બની એમની નાડ તપાસતાં હતાં. પણ નાડ હાથમાં ન આવતાં તેઓ જરા ગભરાયેલાં જણાયાં. કિશોરલાલભાઈની વિચક્ષણ આંખોએ એ પારખી લીધું. એટલે તેઓ આછું સ્મિત ફરકાવતા બોલ્યા: "જોજો, હાં કે, પેલી વાત જેવું તમારું ન બને! એક દાક્તર હતો. એક દિવસ તેને ત્યાં એક દરદીને લાવવામાં આવ્યો. તેની તબિયત ખૂબ જ ગંભીર હતી. દાક્તરે એની નાડ તપાસવા માંડી. પણ નાડ હાથમાં આવે જ નહીં! દાક્તર સાહેબ ગભરાયા. તેણે એ દરદીનાં સ્વજનોને કહ્યું કે, 'તમે પણ કેવા વિચિત્ર માણસો છો! આવી ગંભીર સ્થિતિમાં દરદીને અહીં કયાં લઈ આવ્યા? તાબડતોબ એને ઘેર લઈ જાઓ. એની જિંદગીનો કશો ભરોસો નથી!' હવે એવું બન્યું કે પેલો દરદી તો ઘેર જતાં સ્વસ્થ થઈ ગયો, પણ આ તરફ પેલા દાક્તર સાહેબની નાડ બંધ પડી ગઈ!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાબરમતી આશ્રમનો એક પ્રસંગ છે. કિશોરલાલભાઈને ન્યુમોનિયાની અસર હતી. દમ પણ એમને પીડી રહ્યો હતો. ઍન્ટિફ્લૉજિસ્ટીનનો લેપ છાતી તેમ જ પડખાની બાજુએ ચોપડવામાં આવ્યો હતો. દમ તો ચડતો જ જતો હતો અને શ્વાસ લેવામાં પણ મુશ્કેલી પડતી હતી. તોયે કિશોરલાલભાઈ આછું સ્મિત ફરકાવતા, દમ લેતા લેતા બોલ્યા : "જુઓ, આપણે ઠીક બખતર સજી લીધું છે. સંગ્રામમાં જવાની કેવી સરસ તૈયારી કરી છે!"

એક વાર વર્ધામાં વિનોબાજી વગેરે 'બ્રેડ-લેબર' (શરીરશ્રમ)ની વાતો કરતા હતા. કિશોરલાલભાઈ હસતા હસતા કહે: "હું પણ 'બ્રેડ-લેબર' કરું જ છું ને! થોડોક જ ખોરાક લઉં છું, પણ તેને પચાવવા માટે તમારા સૌના કરતાં મારે વધારે 'લેબર' કરવી પડે છે."

આમ કિશોરલાલભાઈ પોતાને અનુલક્ષીને જ નિર્દેશ વિનોદ કરવાનું કદી ચૂકતા નહીં. એમની દમની પીડા કેવી અસહ્ય હતી એનો ખ્યાલ એમના જ શબ્દો પરથી જોઈએ: "મને જ્યારે બહુ તકલીફ થાય છે ત્યારે ગમે તેટલો મનોનિગ્રહ રાખવાને ઇચ્છું તોપણ વેદનાની તીવ્રતાથી નિસાસો નંખાઈ જાય છે અથવા બૂમ પાડી જવાય છે. . . . બૂમ પાડવાની મને શરમ પણ આવે છે. પરંતુ વેદનાની તીવ્રતાથી મારાથી બૂમ પડાઈ જાય છે. આસપાસનાં માણસોને જે ચિંતા થાય છે તે થોડે ઘણે અંશે આને જ કારણે થાય છે." પણ એમાંય જરા તક મળતાં તેઓ વિનોદ કર્યા વિના રહેતા જ નહીં.

તેમને અળસીનો લેપ વારે વારે કરવો પડતો. એ પર વિનોદ કરતાં તેઓ એક સ્થળે લખે છે: "હું બારેક વરસનો થયો ત્યાં સુધી અળસીની ખરીદી વખતે અમારે આકોલા આવવાનું થતું. અળસીના પાલામાં કૂદવું એ અમ બંને ભાઈઓની પ્રિય રમત હતી. એટલું બધું અળસીમાં રમ્યા છતાં અળસી સાથેની મારી લેણાદેણી પૂરી થઈ નથી. પોટીસ રૂપે હજુ છાતી સાથે મારે એને ચાંપવી પડે છે."

આવો જ વિનોદ તેઓ મિત્ર-સંબંધીઓના પત્રવ્યવહારમાં પણ કરતા. અમુક શબ્દો પકડી લે અને તે પર તેઓ કલ્પનામાં ન આવે એવો વિનોદ કરતા. પૂ. કાકાસાહેબ અને એમની વચ્ચે મીઠો અને વિનોદભર્યો પત્રવ્યવહાર અવારનવાર થતો. કિશોરલાલભાઈને કાકાસાહેબ પર ખૂબ જ પ્રીતિ હતી. એમને તેઓ પોતાના અતિનિકટના સ્વજન જ માનતા. એટલે એમની સાથે વિનોદ કરવામાં તેઓ એકેય તક ચૂકતા નહીં. એક વાર કાકાસાહેબે વિનોદમાં લખ્યું કે, 'તમારું નામ બહુ લાંબું છે.' કિશોરલાલભાઈએ પણ સામે વિનોદ કરતાં લખ્યું: "આપનું નામ 'કાકાસાહેબ' એમ પાંચ અક્ષરનું બનાવ્યું છે તો મારું નામ 'કિશોર' એમ ત્રણ અક્ષરનું ન બનાવો!" બીજી એક વાર કાકાસાહેબે કાંઈક અકળાટમાં તેમને કાગળ લખ્યો, તેનો કિશોરલાલભાઈએ મીઠો ઉત્તર આપ્યો. કાકાસાહેબને પોતાની અકળામણ મૂંઝવનારી થઈ પડી અને તેમણે વળતો જવાબ આપતાં લખ્યું: "તમારા સ્વભાવની મીઠાશનો વીસમો અંશ મારામાં હોત તો હું કેટલો રાજી થાત!"

મિત્રો સાથે વાતવાતમાં પણ તેઓ વિનોદ કરતા. 'હરિજન' પત્રો બંધ થવાની જાહેરાત કરવામાં આવી હતી તે વખતનો એક પ્રસંગ છે. કિશોરલાલભાઈ એના જ વિચારમાં હતા. ત્યાં એક ભાઈ એમને મળવા આવ્યા. પેલા ભાઈએ સહજ રીતે એમની તબિયત વિષે પૂછ્યું: "હવે દમ કેવો છે?" કિશોરલાલભાઈએ 'દમ' શબ્દ પકડી લીધો અને 'હરિજન' પત્રોના પોતાના કામકાજ સાથે એને લાગુ પાડી તેઓ બોલ્યા: "હવે દમ જ કયાં રહ્યો છે!"

એમની લેખન-પ્રવૃત્તિ આમ તો ગંભીર (Serious) ગણાય. તોયે તેમણે કયાંક કયાંક તક મળતાં હાસ્ય રેલાવ્યું જ છે. 'કાગડાની નજરે'* એ પુસ્તક 'આશ્રમનો ઉલ્લુ' એ તખલ્લુસથી મૂળ હિંદીમાં તેમણે જ લખ્યું છે, એ હવે સુવિદિત છે. એમાં તેમણે પોતાના ઉપર પણ 'કિશોરલાલ મશરૂવાળા' એ પ્રકરણમાં વિનોદ કર્યો છે. વળી ભૂમિકાલેખક તરીકે તેમણે પોતે જ લખ્યું છે: "હું આ ઉલ્લુના વિચારો સાથે સંમત પણ થતો નથી અને અસંમત પણ થતો નથી."

* નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, કિં. રૂ. ૦-૯-૦; ટપાલખરચ ૦-૩-૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી પોતાના જાહેર કામકાજમાંથી નિવૃત્તિ લેવાની સાથોસાથ જાણે આ ક્ષર સંસારમાંથી પણ નિવૃત્તિ લેતા હોય એવી તૈયારી કરતા કિશોરલાલભાઈ પોતાના મૃત્યુ વિષે પણ વિનોદભર્યા ઉલ્લેખો કરવાનું ચૂકતા નહીં. છેવટના દિવસોમાં વિનોબાજીના 'કાંચનમુક્તિ' વગેરે વિશેના વિચારોની ઠીક ઠીક વાતો એમની પાસે થતી. ઘણાખરા કાર્યકરોએ પોતાની આસપાસનો અહોળો પરિગ્રહ છોડીને ગામડાંમાં જવાની તૈયારી બતાવી. કિશોરલાલભાઈ પણ એ વાતને પકડી લઈને બોલ્યા: "આપણે પણ હવે નિવૃત્તિ લઈને આજુના ગામમાં બેસવાનું વિચાર્યું છે." એ ગામમાં હરિજનોની વસ્તી વધારે હતી, એટલે ઘણા સાંભળનારાઓને થયું કે હવે કિશોરલાલભાઈ 'અસ્પૃશ્યતાનિવારણ'ના સેવાકાર્યમાં પડવા ઇચ્છે છે. એના અનુસંધાનમાં કોઈકે પૂછ્યું: "આપે એ ગામનું શા માટે પસંદ કર્યું?" કિશોરલાલભાઈ કહે: "ત્યાંથી સ્મશાન નજીક પડે છે, માટે."

એક વાર વળી વિનોદમાં કહે: "મૃત્યુની પાસે જવા માટે 'કચ્' માં મારો નંબર મોખરે આવ્યો છે."

આવા વિનોદભર્યા પ્રસંગો ટાંકવા બેસીએ તો પાર આવે એમ નથી. આવા પ્રેમાળ કિશોરલાલભાઈનું આજે સ્મરણ કરતાં એમની જબરી ખોટ સાલ્યા વિના રહેતી નથી. ગત સ્વજનોનાં મીઠાં સંસ્મરણો માણસને વ્યાકુળ કરી મૂકે છે અને આંખ તો માઝા મૂકી છલકાવા જ માંડે છે. પણ એ મધુર વિષાદમાં ઊંડે ઊંડે રહેલી આશ્વાસનભરી પ્રેમાળ હૂંફ જ માણસના હૈયાને દુઃખભાર હળવો કરવામાં સહાયરૂપ થતી હોય છે. પૂજ્ય કિશોરલાલભાઈ, આપ તો આપના તપોબળથી જીવન્મુક્ત જેવી દશામાં રહ્યા હતા. આપ તો યોગીની સ્થિતિ પ્રાપ્ત કરીને અક્ષરધામમાં ગયા છો. આપ જેવાને તો મૃત્યુ જ કયાં હોય? આપ અમને સુમાર્ગે સદા પ્રેરતા રહો એ જ અંતરની અભ્યર્થના.

સુકુલભાઈ કલાર્થી

એમની જીવનસિદ્ધિ

શરીર અને મનને ઘાડો સંબંધ છે. મન દુઃખી હોય તો શરીરમાં પણ કંઈક ને કંઈક વિકૃતિ થાય છે. મન પ્રસન્ન હોય તો તે પ્રસન્નતાની પણ શરીર પર અસર જણાય છે.

એ જ પ્રમાણે શરીરમાં રોગ હોય તો મનમાં ગ્લાનિ આવી જાય છે. શરીર તંદુરસ્ત હોય તો મન પણ સુધરી જાય છે. કોઈએ કહ્યું છે કે, 'તંદુરસ્તી સાથે મનદુરસ્તી પણ આવે જ છે.'

આ સિદ્ધાંત સામાન્ય રીતે સાચો છે. પણ જ્યારે કોઈ સાધક પોતાના મન પર સંપૂર્ણ કાબૂ મેળવે છે, ત્યારે તેનું શરીર કમજોર કે રોગી હોય તોપણ તે પોતાના મનને અલિપ્ત અને પ્રસન્ન રાખી શકે છે.

આ સંબંધમાં શ્રી રામકૃષ્ણ પરમહંસ એક સુંદર દૃષ્ટાંત આપતા.

કાચા નારિયેળની અંદરનું કોપરું કાચલી સાથે ચોંટેલું હોય છે. નારિયેળ ફોડીએ એટલે કાચલીની સાથે કોપરાના પણ ટુકડા થાય છે. પણ જ્યારે પરિપક્વ થયેલું નારિયેળ વખત જતાં સુકાઈ જાય છે, ત્યારે અંદરનું કોપરું જેને 'ગોટો' કહે છે તે કાચલીથી છૂટું પડી જાય છે. નારિયેળને હલાવીએ તો ગોટો અંદર છૂટો ખખડતો સંભળાય છે. એવા નારિયેળને 'સિદ્ધ નારિયેળ' કહેવું જોઈએ. હવે એવા નારિયેળ પર પ્રહાર કરીએ તો કાચલી તૂટી જશે, પણ અંદરના ગોટા પર તેની કશી અસર નહીં થાય. તે પ્રહારથી અલિપ્ત રહેશે.

શ્રી કિશોરલાલભાઈએ ઉચ્ચ સાધના દ્વારા પોતાના મનને આ જ રીતે શરીરથી અલિપ્ત બનાવ્યું હતું. શરીરમાં રોગ હોવા છતાં એમનું મન બિલકુલ નીરોગી, અલિપ્ત અને પ્રસન્ન રહેતું. એમની વિનોદશક્તિ કદી ક્ષીણ નહોતી થઈ. તેઓ જીવન જેવા ગંભીર પણ બની શકતા અને વિનોદાર્થે 'બુલ્લૂ' પણ બની શકતા હતા. પણ તેઓ પોતાની સજ્જનતા ને સર્વ-કલ્યાણ-કામના કદી છોડી નહોતા શકતા. વિચારમાં દૃઢતા, સ્વભાવમાં નમ્રતા, સિદ્ધાંતની બાબતમાં અત્યંત આગ્રહ અને સમાજના વ્યવહારમાં નિરાગ્રહ — આ એમની જીવનસિદ્ધિ હતી. જીવનશોધન એ જ એમની સાધના હતી. એમનું જીવન એમના લેખન કરતાં ઓછું પ્રભાવશાળી નહોતું. એમની સ્મૃતિ સૌને માટે આહ્લાદક અને પ્રેરણાદાયી બનશે.

નવી દિલ્હી, ૨-૮-'૫૩ **કાકા કાલેલકર**

(સર્વોદય સપ્ટેમ્બર, ૧૯૫૩માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યાગ્રહી મોરારભાઈ

બારડોલી તાલુકાના ખેડૂતોના શિરોમણિ સત્યાગ્રહી મોરારભાઈના ૫૫ વર્ષની વયે થયેલા અકાળ મૃત્યુની નોંધ લેતાં અત્યંત દુઃખ થાય છે.

હિંદુસ્તાનમાં જેટલું બારડોલીનું નામ પ્રખ્યાત છે, તેટલું જ સુરત જિલ્લામાં સ્યાદલાવાસી શ્રી મોરારભાઈ કસનજી પટેલનું નામ પ્રખ્યાત છે. ૧૯૧૯માં મહાત્મા ગાંધીજીએ અસહકારની લડત માટે બારડોલી તાલુકાને પસંદગી આપી હતી, તે એ તાલુકાના અનેક શ્રદ્ધાળુ, સાચા અને ઠંડી તાકાતવાળા યુવકોની આંખ જોઈને આપી હતી. તેમાં તે વખતના ૨૦ વર્ષની ઉંમરના ઊગતા યુવક મોરારભાઈ મોખરે હતા. તે દિવસોમાં તેમણે જ દારૂની દુકાનનું પિકેટિંગ કરી જેલ જવાનું પહેલું માન મેળવ્યું.

ત્યાર પછી ઉત્તરોત્તર તેમની જાહેર સેવા અને તેમનો ત્યાગ વધતાં જ ગયાં. ગાંધીજીની લડતોમાં સરદાર વલ્લભભાઈ નો મોટો ફાળો, ખેડૂતો પાસે તેમણે જમીનમહેસૂલ ન ભરવાનો સત્યાગ્રહ કરાવ્યો તે હતો. તેવી પ્રથમ લડત ૧૯૨૮માં બારડોલીના ખેડૂતોએ જમીનમહેસૂલના વધારા સામે માંડી, તેમાં મોરારભાઈ જમીનનો ભોગ આપવામાં સૌથી મોખરે હતા. ત્યાર પછી ગાંધીજીએ સ્વરાજ્યસંગ્રામ જેટલી વાર ઉપાડ્યો તેટલી વાર નાકરનો સત્યાગ્રહ કરવામાં, જમીનનો ભોગ આપવામાં, અને લાંબી લાંબી સજાઓ ભોગવવામાં મોરારભાઈ સદા પહેલા હોય જ. તેમની જમીનો ચાર વખત જપ્તીમાં ગઈ, લોકોને ડરાવી મૂકવા માટે વેચી નાખવામાં આવી, પણ આખરે તે પોતાના માલિકને શોધતી પાછી આવી.

આવો ભોગ જેવા હસતા મુખે મોરારભાઈએ અને તેમના કુટુંબીજનોએ આપ્યો તેવો ભાગ્યે જ બીજા કોઈએ આપ્યો હશે. તેમના વૃદ્ધ પિતા કસનકાકા રાજદ્વારી લડતોમાં બહુ જાણીતા નહીં, પણ પોતાના પરાક્રમી પુત્રના અનન્ય ભક્ત હતા. મોરારભાઈને જેલમાં મોકલ્યા પછી એ વૃદ્ધ પર મહેસૂલ ભરી જમીનને બચાવવાનું દબાણ ચલાવવામાં આવ્યું. પણ પુત્રભક્ત કસનકાકાએ પોતાના પુત્રની ટેક તોડાવવા આવનારને તરછોડી નાખ્યો અને તેમ કરવા માટે જેલ મળી તે આનંદથી ભોગવી.

જમીન ગઈ અને લડત લાંબા વખત માટે ઠંડી પડી, ત્યારે પણ મોરારભાઈના મોં પર કદી દીનતા આવી નહીં. ભોગ આપનાર ખેડૂતોને સરદારે ઉદાર મદદો મેળવી આપી ઊભા રાખ્યા, પણ મોરારભાઈએ તેનો લાભ લેવાની ઇચ્છા સરખી કરી નહીં. તેમણે વાંસદા અને નાંદોદનાં જંગલો તોડી ત્યાં ખેતી કરવા માંડી. તેમાં પોતાની સાથે અનેક સાથીદારોનું પણ સંકટ-નિવારણ કર્યું, અને તે રાજ્યોને પણ આબાદ કર્યાં.

મોરારભાઈ ગાંધીજીના અનન્ય ભક્ત હતા અને સરદારના વફાદાર સિપાઈ હતા. તેઓની સંસ્થા — કૉંગ્રેસ, તેની સેવા તેઓ હંમેશાં કરતા રહ્યા. તેમણે પદની કદી ઇચ્છા કરી નહીં. છતાં બારડોલીની પ્રજાએ તેમને વર્ષો સુધી તાલુકા સમિતિના પ્રમુખ રાખ્યા, અને સ્વરાજ્યની ધારાસભાની ખુરશીમાં ગામડાંના ખેડૂતોને બેસાડવાની નીતિ સ્વીકારવામાં આવી ત્યારે મોરારભાઈને સૌથી પહેલાં યાદ કરવામાં આવ્યા.

આમ રાજકારણમાં આગળ આવવા છતાં મોરારભાઈ સ્વભાવે રચનાત્મક કામોમાં ઊંડો રસ ધરાવતા હતા. તાલુકાના આશ્રમોમાં અને રેંટિયા વગેરેનાં કામોમાં હમેશાં તેમની અમલી સહાય રહેતી. જ્ઞાતિના કઢંગા રીતરિવાજો દૂર કરવામાં તેમનો ઘણો મોટો ફાળો હતો.

એક વખતની જેલમાંથી તેઓ બહાર આવ્યા ત્યારે ગામોગામ હજારો કિસાન-જાગૃતિઓ ચાલુ કરાવી ખેડૂતોને ગંદકીમાંથી બચાવી સોનખતનો લાભ લેતા કરવાની ધૂન લઈને આવ્યા અને તે કાર્યક્રમ ઠીક ઠીક અમલમાં મૂકયો. અનેક મિત્રોને તેમણે કૂવા કે નદીનો લાભ લઈ વાડીઓ કરવાની પ્રેરણા આપી. કેટલાયે રાનીપરજ કે હળપતિઓને તેમણે ટેકો અને માર્ગદર્શન આપી ચાકરમાંથી સ્વતંત્ર ખેડૂતો બનાવ્યા. ઋણગ્રાહત અને ગણોતધારાને અંગે તેમને હાથે કેટલાયે ઝઘડાઓનો ઘરમેળે નિકાલ થયો અને ગરીબ ખેડૂતને ન્યાય અપાવી સંતોષ આપવામાં આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોરારભાઈના આનંદી અને પારદર્શક સ્વભાવને લીધે હમેશાં તેમની પાસે સાંસારિક અને ધંધા અંગેના અને જાહેરજીવનને લગતા પોતાના ઝઘડા લઈને લોકો આવ્યા જ કરતા અને તેમને ઊંબરેથી સમાધાન પામ્યા વિના ભાગ્યે જ કોઈ પાછા ગયા છે.

છેલ્લાં પાંચેક વર્ષથી તેમનું શરીર મધુપ્રમેહના વ્યાધિથી કથળ્યું હતું. પગના અંગૂઠાના હાડકાનો સડો લાગવાથી તે કપાવવો પડ્યો હતો. આથી બહુ દોડાદોડ તેમને માટે શક્ય રહી નહોતી. છતાં જાહેર કામો માટે ફરવાનું તેમનું કદી થંભ્યું નહીં. છેલ્લા બે માસ પથારીવશ રહ્યા ત્યારે પણ તે પ્રવૃત્તિ લગભગ છેલ્લી ઘડી સુધી ચાલુ રહી.

મોરારભાઈ બહુ ભણેલા નહોતા. તે કહેતા, "મેં પાંચ ચોપડી પસાર કરી છે, તેથે અમારી આંધળી ભેંસને જ આભારી છે! મારા પિતા પાસે એક આંધળી ભેંસ હતી. તેને રાત દહાડાનો ભેદ ન હોવાથી જ્યારે બેસીએ ત્યારે દોહવા દેતી. પરીક્ષા લેનાર ડિપોટી કોઈ પણ વખતે આવી ચડે ત્યારે આંધળી ભેંસનું દૂધ તૈયાર હોય!" છતાં એમની નિર્મળ બુદ્ધિ એવી હતી કે, ગમે તેવાં કોકડાં તેમની પાસે આવતાં સડસડાટ ઊકલી જતાં; અને તેમનો આનંદી સ્વભાવ એવો હતો કે, ગમે તેવો રડતો માણસ તેમની પાસે હસ્યા વિના ન રહેતો. લાંબા જેલવાસનાં કષ્ટ અને કંટાળો મોરારભાઈના સહવાસને લીધે જરા પણ વરતાયાં નહીં, એવો અનુભવ ગુજરાતના ઘણા કાર્યકર્તાઓને છે.

સ્યાદલા ગામમાં અને બારડોલી તાલુકામાં મોરારભાઈની હાજરી દીવારૂપ હતી. તેમની ગેરહાજરીમાં અંધારું લાગે અને કોઈ કામ રાહે ચડે નહીં, પણ મોરારભાઈ આવતાં નિરાશા ઊડી જતી અને બારડોલીના નામને શોભે તેવાં કામ તુરત થઈ જતાં.

ગયે વર્ષે બારડોલી પ્રદેશમાં કયાંક નેત્રયજ્ઞ કરવાની દરખાસ્ત આવી. સેવાભાવી દાક્તરોનું મંડળ પોતાની ફરતી ઇસ્પિતાલમાં સાધનસરંજામ સાથે આવવા તૈયાર હતું, પણ અમે કાર્યકર્તાઓ અને લોકો એકબીજાની સામે જોયા કરતા હતા. પૈસા કયાંથી લાવશું? છાવણી કયાં નાખશું? સંખ્યાબંધ સ્વયંસેવકો કયાંથી ઊભા કરીશું? મોરારભાઈ તે વખતે લગભગ બાટલાવશ હતા. એવી સ્થિતિમાં તેમને આ કામમાં ખેંચવાની મારી ઇચ્છા નહોતી. છતાં તે કૂદીને ભલ્યા જ. તેમના ઉત્સાહથી તરત હવા ફેરવાઈ ગઈ. જે જે જોઈતું હતું તે બધું આવી મળ્યું અને યજ્ઞ શોભ્યો.

સત્યાગ્રહી મોરારભાઈનું જીવન બારડોલી અને ગુજરાતના વાતાવરણને લાંબો વખત સુધી સુવાસિત કરતું રહેશે.

વેડછી આશ્રમ, **જુગતરામ દવે**
૧૬-૯-'૫૩

આપણી વણુસતી જતી યુનિવર્સિટીઓ

[વડા પ્રધાનનું નિવેદન]

[ભારતના વડા પ્રધાને શનિવાર તા. ૧૨-૯-'૫૩ના રોજ આપણી યુનિવર્સિટીઓ અંગે નીચેનું નિવેદન બહાર પાડ્યું છે.]

આપણી કેટલીક યુનિવર્સિટીઓમાં બની રહેલા તાજેતરના બનાવોને કારણે છેવટના થોડા સમયથી મને તીવ્ર દુઃખ થયું છે. ખાસ કરીને અલ્લાહાબાદ અને લખનૌના તાજેતરના બનેલા બનાવોએ મને ભારે આઘાત પહોંચાડ્યો છે. યુનિવર્સિટીઓ સ્વાયત્ત સંસ્થાઓ છે અને સરકારે તેમના કામકાજમાં ઓછામાં ઓછી દખલ કરવી જોઈએ. કોઈ ખાસ પ્રસંગે સરકારને વધુ લક્ષ આપવાનું થાય તોય તે પ્રદેશ-રાજ્યની સરકાર આપે. પરંતુ, આ અંગે જવાબદારી ગમે તેની હોય, તોપણ હિંદના દરેક બુદ્ધિશાળી અને લાગણી ધરાવતા માણસને એમ લાગવું જોઈએ કે, આપણી યુનિવર્સિટીઓના સંચાલનમાં કેટલીક મૂળભૂત બદી પેઠેલી છે. હું બધી યુનિવર્સિટીઓ વિષે ન બોલી શકું, તથા તેમને છેક જ તુચ્છકારી કાઢવાની કે તેમની ટીકા કરવાની કે તેમના કોઈ ખાસ પ્રશ્ન અંગે વિગતવાર ચર્ચામાં ઊતરવાની સ્થિતિમાં પણ હું નથી. પરંતુ મને એટલું તો સ્પષ્ટ દેખાય છે કે, તેમની બાબતમાં કોઈક ધરમૂળથી વણસેલું છે; તથા જે હેતુથી આ યુનિવર્સિટીઓની સ્થાપના થઈ હતી તે હેતુ પોતે આજે તેમનાથી સિદ્ધ થતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પરિસ્થિતિથી બીજી કેટલાય અગત્યના તથા દૂરગામી મુદ્દાઓ ઊભા થાય છે; અને આ પ્રશ્નને હાથ ધરવો એ આપણા મુખ્ય તથા અનુભવી કેળવણીકારોનું કામ છે. ઘણાંય કમિશનો નિમાયાં છે અને આપણને તેમના અહેવાલો મળ્યા છે. પરંતુ હવે તાકીદે કાંઈ સક્રિય પગલાં ભરવાનો વખત આવી પૂગ્યો છે.

આપણને સૌને આ અંગે લેવાદેવા છે : કાં તો વિદ્યાર્થીઓ તરીકે, અથવા તેમના વાલીઓ તરીકે, કે તેમનાં ભાઈ કે બહેન તરીકે. આપણે શું આપણી યુનિવર્સિટીઓની કેળવણીનો છેક જ અધઃપાત થતો નિષ્ક્રિયપણે જોઈ રહીશું? તથા આપણી યુનિવર્સિટીઓને જાણે તેઓ રાજકીય અખેડા અને ચૂંટણીના અખાડા હોય તેમ સંઘર્ષ અને વાદવિવાદનાં ક્ષેત્ર બનાવી મુકાતાં જોઈ રહીશું? વિદ્યાર્થીઓમાં શિસ્તના છેક જ અભાવને તથા રાજકીય હેતુઓ માટે રાજકીય પક્ષો દ્વારા થતા તેમનાં સંગઠનોના ઉપયોગને આપણે સ્વાભાવિક તથા રોજની સામાન્ય બાબત ગણીને સ્વીકારી લઈશું? ગમે તેમ તોય, આવતી કાલ માટેના હિંદના નેતાઓ આજના વિદ્યાર્થીઓમાંથી જ આવવાના છે. પણ જો આજની તેમની તાલીમ ધૂળધાણી થતી હોય, તો કાલે આપણને કઈ જાતની નેતાગીરી મળવાની છે?

ચાલુ તકરારો અંગે હું કાંઈ અભિપ્રાય દર્શાવવા ઇચ્છા રાખતો નથી; કારણ કે તે માટે મારી પાસે બધી વિગતો નથી. પરંતુ અલ્લાહાબાદ અને લખનૌમાં વિદ્યાર્થીઓની તકરારોનું મુખ્ય કારણ યુનિવર્સિટી વિદ્યાર્થી મંડળો અંગે છે એટલું સમજાય છે. આ મંડળો વિદ્યાર્થી માટે મરજિયાત હોવાં જોઈએ કે ફરજિયાત, એ અંગે કંઈક ચર્ચા ચાલતી હતી. જો એ મંડળો ફરજિયાત હોય, તો તેમના ઉપર કેટલી હદ સુધીનો અંકુશ હોવો જોઈએ, એ પ્રશ્ન ઊભો થાય.

મારા પોતાના યુનિવર્સિટીના દિવસો હવે બહુ દૂરના ભૂતકાળના કહેવાય; અને આજના દિવસની પરિસ્થિતિનું મારું જ્ઞાન મર્યાદિત હોય. પરંતુ ઉત્તર પ્રદેશની કેટલીક યુનિવર્સિટીઓ છોડીને બીજે કયાંય બહાર એવી કોઈ યુનિવર્સિટી મારી જાણમાં નથી કે જ્યાં ફરજિયાત સભ્ય-નોંધણીવાળાં તથા યુનિવર્સિટીના સત્તાધીશો મારફત ફરજિયાત ઉઘરાવાતી ફીવાળાં મંડળો હોય. થોડાં વર્ષ અગાઉ ઉત્તર પ્રદેશની કેટલીક યુનિવર્સિટીઓમાં આ પ્રથા શા માટે દાખલ કરવામાં આવી, તે પણ હું જાણતો નથી. એ પદ્ધતિ મને સદંતર નિરર્થક લાગે છે. યુનિવર્સિટી-મંડળ એ કાંઈ ઔદ્યોગિક કામદારોનું મજૂર-મહાજન નથી; અને છતાં કેટલાક વિદ્યાર્થીઓનું દૃષ્ટિબિંદુ એવું જ હોય એમ લાગે છે અને તેઓ જાણે કોઈ કારખાનાના કામદારો હોય તે પ્રમાણે જ બરાબર વર્તે છે — હડતાળો ઉપર ઊતરે છે, યુદ્ધસમિતિઓ રચે છે તે વિષેનો મારો ખ્યાલ એવો નથી; તથા યુનિવર્સિટીના વિદ્યાર્થીજીવનનો પણ મારો ખ્યાલ એ નથી. હું જ્યારે કોઈ વિદ્યાર્થી-મંડળનો સભ્ય થયો હોઈશ, ત્યારે હું તેમાં મરજિયાત જોડાયો હતો; મને તેમ કરવાની કોઈએ ફરજ પાડી ન હતી. ઘણા વિદ્યાર્થીઓ તે મંડળમાં નહોતા જોડાયા, કારણ કે તેમને તેની પ્રવૃત્તિઓમાં કે તેના દ્વારા પ્રાપ્ત થતી સગવડોમાં રસ ન હતો.

અંગત રીતે, મને સ્પષ્ટ લાગે છે કે, યુનિવર્સિટી મંડળો મરજિયાત હોવાં જોઈએ તથા તેમને તેમના હોદ્દેદારો ચૂંટવાનું તથા તેમની મરજી મુજબ કામ ચલાવવાનું અમુક મર્યાદામાં પૂર્ણ સ્વાતંત્ર્ય હોવું જોઈએ. પણ યુનિવર્સિટી મંડળ એ કાંઈ યુનિવર્સિટીના વહીવટી તંત્રની કે તેના શિક્ષણ-તંત્રની હરીફ સંસ્થા નથી; તથા તેણે યુનિવર્સિટી અંગેની વહીવટી બાબતોમાં દખલગીરી ન કરવી જોઈએ.

વિદ્યાર્થીઓને કે અધ્યાપકોને કપકો આપ્યાથી કશું વળવાનું નથી. આ પરિસ્થિતિ માટે આપણે સૌ કપકાને પાત્ર છીએ અને આપણે આપણી શિક્ષણ-પદ્ધતિને તૂટી પડવા દેવી ન હોય અને તે કારણે જે અનિષ્ટ પરિણામો આવીને ઊભાં રહે એમાંથી બચવું હોય, તો આપણે સૌએ સાથે મળીને કેડ કસવાની જરૂર છે. આ પદ્ધતિને જો ધરમૂળથી બદલી નાખવી આવશ્યક હોય, તો આપણે તેમ કરવા પણ તત્પર થવું જોઈએ. પરંતુ કોઈ પણ કારણે જે વસ્તુ ચારિત્ર, શિસ્ત, સહકારયુક્ત પ્રવૃત્તિ, જ્ઞાન, અને — મને કહેવા દો તો — ચપટીક ડહાપણ માટેનું તાલીમ-ક્ષેત્ર બને એ આશાએ પેદા કરવામાં આવી હતી, તેને ઝડપભેર ધૂળધાણી થતી આપણે નિષ્ક્રિયપણે જોઈ રહી શકીએ નહીં.

જવાહરલાલ નેહરુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવી પેઢીની જવાબદારી

શિવરામપલ્લી મુકામે આચાર્ય વિનોબા ભાવેએ લોકોને કહ્યું કે, દરરોજ ૧૪ હજાર માણસો જન્મે છે અને તેઓની ભૂખ એકસરખી વધતી જાય છે. હમણાં માણસો પુષ્કળ જન્મે છે, પણ મરે છે ઓછા, આજે દુનિયામાં મરણનું પ્રમાણ ઓછું અને જીવનારાંઓનું પ્રમાણ વધારે રહેવાથી ગરદી ખૂબ થઈ છે. આ પ્રસંગે વિનોબા ભાવે બોલ્યા હતા કે, પૃથ્વીને પાપનો ભાર થયો છે એવું આજ સુધી સાંભળતા આવ્યા છીએ, પણ હવે માણસોનો ભાર થયો છે એવું સંભળાય છે. એનો અર્થ એવો કે, આ પાપની પ્રજા હોવી જોઈએ. વિનોબા આ સહજ બોલી ગયા. પણ લોકોએ તેમને પૂછ્યું, "વિનોબા, તમે બ્રહ્મચારી છો. તમે આમ બોલી શકો. પણ અમારા જેવા ગૃહસ્થોની પ્રજા એટલે શું પાપની પ્રજા?"

એટલે વિનોબા બોલ્યા, "દરરોજ ૧૪ હજાર મોઢાં જન્મે છે, એવું બધાં માણસો કહે છે. પણ એની સાથોસાથ ૨૮ હજાર હાથ જન્મે છે, એમ કોઈ કહેતું નથી. એક મોઢાને ભરવા માટે બે હાથ છે, તો પછી તમારી તકરાર શા માટે? બે મોઢાં હોત અને તેને ભરવા માટે એક જ હાથ હોત તો તમારી તકરાર વાજબી પણ ગણાત. પરંતુ બે હાથ હોવા છતાં 'હાથમોંનો સુમેળ' કેમ કરવો એવો પ્રશ્ન તમારી સામે આવીને ઊભો રહે છે, એનો અર્થ એટલો જ કે, તમારા હાથ કામ કરતા નથી. દુનિયામાં લોકોની સંખ્યા વધતી જતી હોવા છતાં ઉત્પાદકોની સંખ્યા ન વધતાં અનુત્પાદકોની સંખ્યામાં વધારો થતો હોવો જોઈએ અને અનુત્પાદકોની પ્રજા એટલે પાપની પ્રજા છે, એવું મારું કહેવું છે."

કામ વિનાના હાથનો અર્થ

મોઢાં બધાં છે, પણ હાથ કશું નિર્માણ કરતા નથી, તેથી 'હાથમોંનો સુમેળ' થવામાં અડચણો આવે છે. હાથ કામ કરશે તો પેટ સહજ ભરાશે. માણસને પોતાના હાથનું શું કરવું એ જ પ્રશ્ન મૂંઝવતો હોય છે. વિજ્ઞાનના વિકાસને લીધે માણસના હાથનું શું કરવું એ મોટો પ્રશ્ન આવીને ખડો થયો છે. ગાયનું દૂધ પીધા પછી બળદોનું શું કરવું એવી મુશ્કેલી ઊભી થઈ, ત્યારે પાશ્ચાત્યોએ બળદોને પેટમાં જગ્યા આપી, પણ માણસોને પેટમાં જગ્યા આપી શકાય નહીં, તેઓને અંતઃકરણમાં જગ્યા આપવી પડે છે. પેટમાં અન્નને જ જગ્યા મળવી શક્ય છે. પણ બેકારી વધવાથી અન્ન મળવું ઘણું કઠિન થઈ પડ્યું છે. પૂર્વે યુદ્ધ માટે માણસોના હાથ ઉપર આધાર રાખવો પડતો. આજે હાથ કરતાં યંત્ર પર આપણો વિશ્વાસ વધારે બેસતો જાય છે. ઉત્પાદનના કામમાં માણસના સજીવ હાથ કરતાં નિર્જીવ યંત્ર પર વધારે વિશ્વાસ મુકાતો જાય છે. હાથ કરતાં યંત્રથી ઉત્પાદન વધારે થયું, અન્ન વધ્યું. પણ તેની સાથે ભૂખ્યાંઓની સંખ્યા પણ વધી. વસ્ત્રનું ઉત્પાદન વધ્યું, પણ માણસો વસ્ત્રહીન જ રહ્યાં. યંત્રને લીધે માણસોને કામ આપી શકાયું નહીં, તેથી તેઓને અન્ન પણ મળ્યું નહીં.

જ્યારે હાથ નવરા પડે છે ત્યારે વિચારોમાં ગોટાળો ઊભો થાય છે, ભાવનામાં ગરબડ ઊભી થાય છે, બુદ્ધિમાં ભ્રષ્ટતા આવે છે. અને આવું થાય એટલે લોકશાહીનો અંત આવીને હુકમશાહીનો ઉદય થાય છે.

અર્થશાસ્ત્ર નહીં પણ વ્યર્થશાસ્ત્ર

વિજ્ઞાને બધી સગવડો આપી. પણ માણસોનાં અંતઃકરણો માત્ર એકબીજાથી ખૂબ દૂર ગયાં. ઉત્પાદનનાં સાધનો યાંત્રિક થયાં. તેથી ઉત્પાદકોની સંખ્યા ઘટી ગઈ. માનવી જીવનના ઉપજીવન માટે અર્થશાસ્ત્ર નિર્માણ થયું. પરંતુ એકનું સુખ એ બીજાનું સુખ ન રહેવાથી આ અર્થશાસ્ત્રમાંથી અનર્થશાસ્ત્ર નિર્માણ થયું. સમાજમાંની વ્યક્તિનું સુખ એ પરસ્પરના સુખ ઉપર અવલંબવાને બદલે પરસ્પરના દુઃખ પર અવલંબવા લાગ્યું. દાક્તરોને સુખ જોઈતું હોય તો વકીલોએ બીમાર પડવું જોઈએ અને વકીલોને સુખ જોઈતું હોય તો દાક્તરોના હાથે ગુના થવા જોઈએ, એવી પરિસ્થિતિ નિર્માણ થઈ. મૂડીવાદ એ પરસ્પરના શોષણ પર અવલંબેલો છે. તેથી મૂડીવાદનું અર્થશાસ્ત્ર એ સંપત્તિશાસ્ત્ર નહીં, પણ વિપત્તિશાસ્ત્ર છે, એમ માર્ક્સે કહ્યું છે. અને આ અર્થશાસ્ત્ર નથી પણ વ્યર્થશાસ્ત્ર છે એમ વિનોબા કહે છે.

આંકડાશાસ્ત્ર પર પણ આજકાલ ખૂબ ભાર મૂકવામાં આવે છે. માણસોને પણ નામને બદલે ક્રમાંકથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓળખવા સુધીની મજલ જાય છે. વધારેમાં વધારે માણસોનું સુખ શોધવું એવો ધ્વનિ આંકડાશાસ્ત્રમાંથી નીકળે છે. વધારેમાં વધારે માણસોનું સુખ એટલે ૧૦૦માંથી ૫૧ માણસોનું સુખ અને ૫૧ માણસોનું સુખ એટલે ૪૯ અને ૫૧ એ બે સંખ્યાના તફાવતનું એટલે બંનેનું સુખ એવો પણ અર્થ કાઢી શકાય; અને એ કારણે જ આંકડાશાસ્ત્ર એ વાંકડું (વાંકું) શાસ્ત્ર* છે, એમ વિનોબાજી કહે છે.

મનમાં ક્રાંતિ થવી જોઈએ

વિજ્ઞાનથી ઉત્પાદન વધ્યું, પણ માણસોના મનમાં ક્રાંતિ થઈ નહીં, માનવોની વૃત્તિમાં ફરક પડ્યો નહીં. આ ફરક પડવા માટે તલવારનો કે કાયદાનો ઉપયોગ ન કરતાં માણસોને શિક્ષણ આપીને તેઓની મનોભૂમિકામાં ક્રાંતિ લાવવાનો સંકલ્પ ભૂદાન-યજ્ઞના પ્રણેતાએ કર્યો છે.

વિદ્યાર્થીઓને જે પ્રમાણે વિદ્યા જોઈએ, પણ સોટી નહીં; તે પ્રમાણે વિનોબાને ક્રાંતિ જોઈએ છે પણ તલવાર નહીં. માથું કાપવાને બદલે મન વાળવાની તેમની વૃત્તિ છે. જે મૂડીવાદી સમાજરચનાને લીધે દાક્તરને માણસ બીમાર પડે તો સારું એમ લાગે છે અને વ્યવસાય-દુષ્ટતા ઉત્પન્ન થાય છે, એ સમાજ-રચના તેમને બદલવી છે. માણસોનાં અંતઃકરણો એકમેકની પાસે લાવવા માટે વિનોબા જેવા યોગીએ ભૂદાન-યજ્ઞનો પ્રયોગ આરંભ્યો છે. ગરીબોની ગરીબી અને શ્રીમંતોની શ્રીમંતાઈ તેમને નષ્ટ કરવી છે.

વર્ગસંઘર્ષની જરૂર નથી

વિનોબાજીને બધા વર્ગોનું હિત સાધવું છે, પણ વર્ગસંઘર્ષ ઉત્પન્ન કરવો નથી. શ્રીમંત અને ગરીબ વચ્ચે ગજબાહ થાય એવી તેમની ઇચ્છા નથી. આ દેશમાં સેંકડે ૯૫ માણસો ગરીબ અને સેંકડે ૫ માણસો શ્રીમંત છે. તેથી વસ્તુતઃ તેઓમાં સંઘર્ષ થઈ શકતો નથી અને થાય તો નિકાલ શો આવશે એ કહેવાની જરૂર નથી. પણ આવા સંઘર્ષમાં ગરીબોના પક્ષમાં રહેલા કેટલાક માણસો શ્રીમંતો તરફ ન જાય એની સાવચેતી આપણે રાખવી પડશે. એ માટે જ ગરીબ-ગરીબ વચ્ચે નાની નાની માલિકી માટે થનારી નાની નાની તકરારોનો નાશ કરવો પડશે. આજે ટાંગાવાળાઓ, હમાલ સુધ્ધાં આપસમાં લડે છે, ચડસાચડસી કરે છે. એકની સંધિ એ બીજાની સંધિ ન હોવાને કારણે તથા એકના સ્વાર્થમાં બીજાનું હિત થતું ન હોવાને કારણે, એટલે કે એકનું હિત એ બીજાનું અહિત એવા પ્રકારનો પરસ્પરવિરોધ હોવાને કારણે તેઓમાં સંઘર્ષ થાય છે. એ સંઘર્ષનું મૂળ જે 'માલિકી' છે તેને જ છોડવાનું વિનોબા કહે છે.

ઈશ્વરની મહેરબાની પૂર્ણ કરવી જોઈએ

આજકાલના વિદ્યાર્થીમાં જીવનનું પ્રયોજન રહેલું ન હોવાને કારણે તેનો ઉત્સાહ વિતંડાવાદમાં ખર્ચાઈ જાય છે. શબ્દજાળ છોડવામાં તે મુખ્ય બની ગયો છે. પહેલું ચેતન કે પહેલું જડ, પહેલું બીજ કે પહેલું વૃક્ષ, પ્રથમ મા કે પ્રથમ બાપ, માથામાં ટોપી છે કે ટોપી-માં માથું છે, એવાં નિરર્થક વાદમાં લક્ષ લગાડવામાં કશો ફાયદો નથી, એ તરુણોએ સમજવું જોઈએ અને ઉત્પાદનનાં સાધનો ઉત્પાદકોની માલિકીના કરવા મથતા ભૂદાન-યજ્ઞના આંદોલનમાં પોતાનો ફાળો આપવો જોઈએ.

આજના યુવકો પાસે અમારી આ જ અપેક્ષા છે. અમારી પેઢી નાદાન હરી, કૌવત વિનાની હરી, અયશસ્વી થઈ, તોયે અમને એ બાબતનો વિષાદ થવાનો નથી. પણ અમારા જેવા જ તમે થાઓ તો તમારા જીવનનું પ્રયોજન શું, એ પ્રશ્ન અમારે વિચારવો પડશે.

પરમેશ્વર દરરોજ નવા માણસોને જન્માવે છે અને જૂના માણસોને બોલાવી લે છે. એમાં 'પરમેશ્વર-નો ખેલ થાય અને આપણે જીવ જાય' એવું કેટલાક લોકો કહેશે. પણ એ વાત પર પરમેશ્વરનું કહેવું એ છે કે, મેં અન્ય પ્રાણીઓમાંથી કોઈને નખ આપ્યા છે તો કોઈને શિંગડાં આપ્યાં છે, કોઈને મજબૂત દાંત આપ્યા છે તો કોઈને ચપળ પગ આપ્યા છે. પણ સર્વ કરતાં શ્રેષ્ઠ એવી બુદ્ધિની બક્ષિસ મેં માનવોને જ આપી છે. મારી આકાંક્ષા પૂર્ણ કરનારો, મારી મહેરબાની પૂર્ણ કરનારો એકાદ 'હરિનો લાલ' જન્મ પામે એવું હું ઇચ્છું છું. પરમેશ્વરની આવી આકાંક્ષા પ્રમાણે તેની મહેરબાની પૂર્ણ કરનારો એકાદ માણસ તમારી પેઢીમાંથી નિર્માણ થાય એ જ મારી અપેક્ષા છે.

[સોલાપુરમાં વિદ્યાર્થીઓની સભામાં
આપેલા મરાઠી ભાષણમાંથી]

દાદા ધર્માધિકારી

* મરાઠી ભાષામાં બરોબર શબ્દો છે: 'आंकडेशास्त्र —वांकडेशास्त्र' અનુ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાત યુનિવર્સિટીમાં માધ્યમનો ફેરફાર

મુંબઈ રાજ્યની યુનિવર્સિટીઓમાં ગુજરાત યુનિ૦નો કાયદો ને બંધારણ એક રીતે અદ્વિતીય અને નોંધપાત્ર છે, તે એ કારણે કે, શિક્ષણના માધ્યમનો ફેરફાર કરવાનું કામ ધારાસભાએ તેના કાયદામાં જ મૂકીને તેને સોંપ્યું છે. અને તેનું કારણ ઉઘાડું છે: ગાંધીજીએ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા જે શિક્ષણનો પ્રયોગ કરી આખા પ્રદેશનું વિચાર-પરિવર્તન કર્યું હતું, તેની વિશેષ અસર ગુજરાત ઉપર છે. પરિણામે, તેના કાયદાની કલમ ૪થીમાં યુનિવર્સિટીની જે સત્તાઓ ગણાવી છે, તેની ૨૭મી પેટાકલમમાં એ સત્તા કહી છે કે,

"ગુજરાતીના તથા દેવનાગરીમાં હિંદીના અભ્યાસના વિકાસને અને શિક્ષણ તથા પરીક્ષણના માધ્યમ તરીકે ગુજરાતીના અથવા દેવનાગરીમાં હિંદીના અથવા બન્નેના ઉપયોગને ઉત્તેજન આપવું:

"અહીંયાં એ ન્હોગવાઈ કરવામાં આવે છે કે, સમય સમય પર સ્ટેટચૂટ (સેનેટના ધારાઓ) કરીને, જે વિષયોમાં તથા, આ કાયદાની ત્રીજી કલમ અમલમાં આવે તે તારીખથી દસ વરસ કરતાં વધુ નહીં એમ જેટલા સમય માટે તે ધારાઓ ફરમાવે, તે વિષયોમાં ને તેટલા સમય માટે શિક્ષણ તથા પરીક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજી ચાલુ રહી શકશે."

આનો અર્થ એ થાય કે, યુનિવર્સિટીની સેનેટે પહેલી તકે ધારાઓ કરીને અંગ્રેજી માધ્યમ કયા કયા વિષયમાં ને ૧૦ વરસની અંદર કેટલો વખત ચાલુ રાખવું તે જણાવે; કેમ કે કલમની ભાષામાંથી ગર્ભિત સૂચના એ નીકળે છે કે, બધું કામ હિંદી અને/અથવા ગુજરાતીમાં કરવાનું છે; માત્ર તેમાંથી જે જે વિષયો જેટલા સમયને સારુ (તે દસ વરસથી વધુ નહીં) અંગ્રેજીમાં રાખવાની સેનેટને જરૂર લાગે, તેટલા વિષયો તેટલો સમય તે અંગ્રેજીમાં ચાલુ રાખી શકે, એવી પરવાનગીની ગુંજાશ કાયદામાં રાખેલી છે.

આ કાયદાની રૂએ સેનેટે તેની તા. ૩૧-૮-૧૯૫૧ની સભામાં ફરમાવ્યું કે, શિક્ષણ અને પરીક્ષણનું માધ્યમ ગુજરાતી અને/અથવા હિંદી રહેશે; તેનો સંપૂર્ણ અમલ સાત વરસમાં કરવામાં આવે; અને તે મુદત દરમિયાન અંગ્રેજી ચાલુ રહી શકશે; પરંતુ ક્રમે ક્રમે કઈ રીતે તે અદલતા જવું તે નક્કી કરવામાં આવે, જેને માટે એક કમિટી નીમી હતી.

આ કમિટીએ તેનો પહેલો રિપોર્ટ સેનેટને આપ્યો, કે જે ઉપર વિચાર કરી સેનેટે તેની તા. ૩-૩-૧૯૫૨-ની બેઠકમાં ફરમાવ્યું કે (૧) આર્ટ્સમાં પહેલાં બે વરસોમાં માધ્યમ ઈ. સ. ૧૯૫૪-૫૫થી બદલવું અને (૨) હિંદીના ફરજિયાત અભ્યાસને અંગે ઈ. સ. ૧૯૫૩થી બધી કૉલેજોમાં પ્રથમ વર્ષથી તે શરૂ કરવો.

ત્યાર પછી પદવીવર્ગનાં વરસો માટે કેમ આગળ વધવું તેનો વિચાર હજી સેનેટના હાથ ઉપર છે.

પરંતુ દરમિયાન સેનેટે તેની તા. ૩૦-૬-૧૯૫૩ની બેઠકમાં એક વિશેષ ઠરાવ કર્યો છે કે, આર્ટ્સના પહેલા વરસની ૧૯૫૪ની પરીક્ષા અને બીજા વરસની ૧૯૫૫-ની પરીક્ષામાં ગુજરાતી કે અંગ્રેજીમાં વિદ્યાર્થી જવાબ આપી શકે એમ કરવું.

મતલબ કે, ઉપરના બંને ઠરાવોથી સેનેટે એવી આજ્ઞા આપી છે કે, ૧૯૫૪થી આર્ટ્સમાં શિક્ષણ તથા પરીક્ષણનું કામ ગુજરાતીમાં શરૂ કરો; અને હિંદીનો ફરજિયાત અભ્યાસ દાખલ કરો.

દુઃખની વાત એ છે કે, આ પ્રમાણે કામ કરવા માટેનાં પગલાં લેવાયાં નથી, અને એક યા બીજે કારણે આ કામમાં ઢીલ થઈ છે. નથી તેને માટે ઘટતા સ્ટેટચૂટ કરાયા; કે નથી તે કામ કરવાને માટે તૈયાર થવા સારુ કૉલેજોને જાણ કરાઈ. તેવું જ હિંદીના અભ્યાસ માટેય થયું છે.

આથી કરીને આ કામમાં આગળ વધવાનું પણ ઢીલમાં પડે એ ઉઘાડું છે. અને એથી નુકસાન તો એ થયું છે કે, જો આ જાતની જાહેરાત થઈ હોત તો ઉત્સાહી પ્રકાશકો અને લેખકો તરફથી પુસ્તકો તૈયાર થવા લાગત, એ પણ રોકાઈ ગયું. આને માટે ઉત્તેજન રૂપે યુનિવર્સિટી ઉત્તમ કૃતિને ઇનામ આપવાનું યોજીને કામ લઈ શકે અને તે રીતે તેને વેગ ને પ્રેરણા આપે.

આશા રાખીએ કે, હવે આટલી પૂર્વતૈયારી પછી યુનિવર્સિટી પોતાનો માર્ગ નક્કી કરી બધી વિદ્યાઓ માટે માધ્યમ ફેરવી લેવાના પોતાના કામને રસ્તે પાડશે.

૨૭-૮-'૫૩ **ભગનભાઈ દેસાઈ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિનાશક ટાળણુ

મુંબઈ યુનિવર્સિટીના વાઇસ ચૅન્સેલરે થોડા દિવસ પર પદવીદાન સમારંભને પ્રસંગે વ્યાખ્યાન આપતાં ભારતના રાજ્યબંધારણની ૩૪૩મી કલમનો ઉલ્લેખ કર્યો હતો. એ કલમમાં એવું જણાવવામાં આવ્યું છે કે ભારતના રાજ્યસંઘની રાજભાષા હિંદી રહેશે. તેમણે કહ્યું કે રાજ્યબંધારણમાં કરવામાં આવેલી એ જોગવાઈ જરૂરી અને હિતાવહ છે અને આપણે તેનો અમલ કરવો જોઈએ.

અંગ્રેજી પરથી સંક્રાંત થઈને હિંદી પર આવવાની આવશ્યકતા આ રીતે વધાવી લીધા પછી તેઓ શંકા-કુશંકા કરવા લાગ્યા. તેમણે કહ્યું કે, 'પણ આપણી કેળવણીની વ્યવસ્થાને ગંભીરપણે કથળાવી મૂકી ન હોય તો, ખાસ કરીને, યુનિવર્સિટીની કેળવણીના ક્ષેત્રમાં તો એ સંક્રાંતિની પ્રક્રિયા બહુ જ ધીમી ગતિથી થવી જોઈએ.'

ધીમે ધીમે સુધારાના આ સિદ્ધાન્તનું પુનરુચ્ચારણ કર્યા પછી તેઓ આપણને એવી સલાહ આપે છે કે આંતરરાષ્ટ્રીય સંપર્કને માટે અંગ્રેજી જરૂરી છે અને હિંદી હજી એટલી વિકસી નથી.

આજે તો આવા પ્રકારનાં નિવેદનો કેળવણીને લગતી જાહેરાતોનું એક સામાન્ય લક્ષણ બની ગયું હોય એમ જણાય છે.

ખરું જોતાં, અંગ્રેજી પરથી હિંદી પર સંક્રાંત થવાના પગલાનો અમલ કરવાની જેમની જવાબદારી છે તે લોકો છાશવારે આ એકની એક વાતનો કંટાળો આવે ત્યાં સુધી પુનરુચ્ચાર કર્યા કરે છે એ, હળવા શબ્દોમાં કહીએ તો, અતિશય અકળાવનારું છે. તેઓ જે એ વાતો કહે છે કે સંક્રાંતિકાળ જરૂરી અને હિતાવહ છે તથા હજી આપણને અંગ્રેજીની જરૂર છે, એ સૌ કોઈ કબૂલ કરે છે. દેખીતી રીતે જ, એ પછીનું પગલું એ છે કે, એ સંક્રાંતિ કેવી રીતે કરવી તે વિચારવા માંડવું જોઈએ તથા તેને અંગે યોજના કરીને તેનો અમલ કરવો જોઈએ. દેશની ઉચ્ચ કેળવણીનું ભાવિ આજે જેમના હાથમાં છે તે લોકો આવી જાતનું રચનાત્મક વલણ અખત્યાર કરે એવી અપેક્ષા તેમની પાસેથી રખાય; પણ દુર્ભાગ્યે, તે સૌની બધી જાહેરાતોમાં એ વસ્તુ પણ એક સરખી રીતે જોવા મળતી નથી. આ સવાલની તપાસ કરીને તેને વિષે હેવાલ તૈયાર કરવા માટે એક કમિશન જરૂરી હોય તો એવા રાધાકૃષ્ણન કમિશનનો હેવાલ પણ કયારનોયે આપણી પાસે પડ્યો છે. પણ દુર્દૈવની વાત એ છે કે, એ બધા પદાધિકારીઓ સ્થિતિચુસ્તતાના વધારેપડતા બોજ નીચે દબાયેલા હોય એમ લાગે છે અને આપણા દેશની આજની બદલાયેલી પરિસ્થિતિમાં એ સ્થિતિચુસ્તતા સર્વથા પ્રત્યાઘાતી છે અને ઉચ્ચ કેળવણીની આજની વ્યવસ્થાને પણ એ સ્થિતિચુસ્તતા ઉપકારક નથી.

શ્રી વાડિયા ધીમાશની હિમાયત એટલા માટે કરે છે કે એ ફેરફાર ધીમી ગતિથી ન થાય તો આપણી કેળવણીની વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ જશે. આપણી પાસે આજે એવી કોઈ અક્ષત વ્યવસ્થા જેવું હોય તો ઉપરનું કથન વજૂદવાળું કહી શકાય. પણ આપણી આજની કેળવણીની વ્યવસ્થામાં તો વેરવિખેર, અંધેર અને અરાજકતાનાં તરી આવે એવાં લક્ષણો કયારનાંયે દેખાવા લાગ્યાં છે અને પરિણામે, આજે જે કંઈ છે તેને ભાગ્યે જ વ્યવસ્થાને નામે ખપાવી શકાય. આપણી ઉચ્ચ કેળવણીની સ્થિતિ આજે સુકાન વિનાના વહાણ જેવી છે અને તે ગઈ સદીમાં તેને મળેલી ગતિને જોરે આજે દિશાશૂન્ય થઈને ચાલે છે. અને સાચા અર્થમાં રાષ્ટ્રીય એવી કેળવણીની વ્યવસ્થા રચવાની આપણી રાષ્ટ્રીય જરૂરિયાતના ખડક સાથે અથડાઈને ભાંગીને ભૂકો થઈ જવા માટે તે પુરઝડપથી દોડી રહી છે. યુનિવર્સિટીના સત્તાવાળાઓ હવે, ઉપર જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેવી સર્વમાન્ય વસ્તુઓનો વારંવાર પુનરુચ્ચાર કર્યા કરવાનું અને એ રીતે સાચી વસ્તુ કરવાનું ટાળવાનું બંધ કરે એવી લોકો અપેક્ષા રાખે છે. તેમણે તો તેમને યોગ્ય લાગે તે રીતે આગળ વધવું જોઈએ અને ભારતનું રાજ્યબંધારણ અમલમા આવ્યું ત્યારથી (૧૯૫૦ની સાલથી), નિયત કરવામાં આવ્યા પ્રમાણેની પંદર વરસની મુદતમાં અંગ્રેજી પરથી હિંદી ભાષાઓ પર આવી જવા માટે ફેરફાર કરી નાખવો જોઈએ.

૨૪-૮-'૫૩ **મગનભાઈ દેસાઈ**

('હરિજનબંધુ'માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળામાં ઉદ્યોગશિક્ષણ

શિક્ષણને પ્રત્યક્ષ કામ સાથે જોડવાથી તે વાસ્તવિક બને છે અને વધારે સારું અને સંગીન થાય છે, એ કેળવણીનો સિદ્ધાન્ત હવે બધા સ્વીકારે છે. તે અનુસાર થોડેઘણે અંશે પ્રાથમિક માધ્યમિક શાળાઓમાં ઉદ્યોગનું શિક્ષણ દાખલ કરવાનો પ્રયત્ન ચાલે છે. ઉદ્યોગમાં વસ્ત્રવિદ્યાનું કામ કેળવણીની દૃષ્ટિએ ઉપયોગી અને વહેવારુ હોવાથી મોટા ભાગની શાળાઓમાં તે દાખલ કરવામાં આવે છે. પણ તેને સારુ જે ચોકસાઈ અને તમન્ના હોવાં જોઈએ, તેનો મોટે ભાગે અભાવ જણાય છે. આથી કામના આંકડા બરાબર તૈયાર થતા નથી અને ઉદ્યોગ-કામ બરાબર નહીં થવાથી કંઈક ઉત્પન્ન થવાને બદલે નુકસાન આવીને ઊભું રહે છે. પરિણામે નવી કેળવણી પર ખોટું આળ આવે છે કે તે ખરચાળ લાગે છે. આવા દોદશ કામથી વિદ્યાર્થીઓને પણ નુકસાન થતું જણાય છે. પરંતુ જો ઉદ્યોગ પદ્ધતિસર, શ્રદ્ધાપૂર્વક અને હોંશથી કરવામાં આવે, તો ઉદ્યોગની કેળવણી ખરચાળ થવા કંઈ કારણ નથી. ઊલટું તે દ્વારા થોડી-ઘણી ચોખ્ખી કમાણી અવશ્ય થાય અને તેમાં અનુ-ભવથી ઉત્તરોત્તર વધારો કરી શકાય.

આ રીતે બોચાસણની અમારી શાળામાં કામ કરતાં જે અનુભવો થયા, તેમનું તારણ નીચે આપ્યું છે. તે પરથી સ્પષ્ટ થશે કે, જો પદ્ધતિસર આખું કામ કરવામાં આવે, તો ઉદ્યોગ દ્વારા બાળકોને ઉત્તમ તાલીમ મળે છે અને ઉપરાંત શાળાને અને સમાજને કંઈક બળતર થાય છે.

અહીં આપેલા અનુભવોમાં કંઈ સુધારવા જેવું જણાય, તો તેના અનુભવીઓ અમને જણાવે એવી વિનંતી છે. એ રીતે પરસ્પર અનુભવની આપ-લેમાંથી ઉદ્યોગશિક્ષણ માટે ચોક્કસ પદ્ધતિ નિર્માણ થઈ શકશે.

ચોક્કસ નોંધની જરૂર

ઉદ્યોગકામ અંગે શાળાઓમાં નીચે પ્રમાણે ચોક્કસ નોંધો રાખવી જોઈએ :

(૧) વિદ્યાર્થીની દૈનિક નોંધ

(પ્રાથમિક શાળાનાં બધાં ત્રણ ધોરણમાં વિદ્યાર્થી પોતે રાખે.)

તારીખ

ઉદ્યોગ કર્યો: —

લોઢાઈ, તણાઈ, કાંતણ, દૂબડવું, સરવાળો

સમય — (ક. મિ.)

માપ — (વજન કે તાર)

વિશેષ નોંધ —

આ બધાનું સગવડ પ્રમાણે પત્રક બનાવીને તેના અઠવાડિક કે માસિક સરવાળા કરાવવા. જુદો જુદો સમય નોંધવાની શક્યતા ન હોય, તો શક્ય હોય તેટલાં બધાનાં રાખવાં. સંયુક્ત કાંતણનો સમય તો નોંધી જ શકાય. તે ઉપરથી નીચે પ્રમાણે તારણ તૈયાર કરાવવું : —

માસિક તારણ

(૧) કુલ કામ કર્યું કલાક (૨) પૂણી થઈ તેનું વજન (૩) સૂતર થયું તેનું વજન — આંટી (૪) સરેરાશ આંક (૫) સરાસરી કલાકની ગતિ (૬) ઘટ — ટકા.

(૨) વર્ગની દૈનિક નોંધ (શિક્ષક રાખે; તેની નકલ વિદ્યાર્થીઓને કરી અનુબંધથી તેનું ગણિત શીખવી શકે.)

તારીખ કપાસ વપરાયો (વજન)

કપાસિયા (વજન) —

પૂણી ,, —

સફાઈ, લોઢાઈ, ઘટ બાદ જણની ,,

(કાટી, કાચો કપાસ ૪૦)

સૂતર ,,

,, (આંટી)

કાંતણ ઘટ ,,

બૂથા ,,

સરવાળો

નોંધ : — કપાસિયા, સૂતર ૪૦ નો સરવાળો લીધેલા કપાસ સાથે મેળવવા માટે કાળકા પરનું સૂતર, તથા વધેલી પૂણીના વજનની ગણતરી કરવી જોઈએ. રોજ એ પ્રમાણે મેળ મેળવવાનું મુશ્કેલ થાય, પણ દરમહિને કપાસના વજન સાથે કપાસિયા, સૂતર, ૪૦ નો સરવાળો મેળવવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) વર્ગની માસિક નોંધ

(દૈનિક નોંધ પેડે શિક્ષક રાખે)

	માસ	વર્ષ
કપાસ વપરાયો	(વજન)	
કપાસિયા	,,	
પૂણી	,,	
સફાઈ-લોઢાઈ-પીંજણની ઘટ	,,	ટકા
સૂતર	,,	આંટી ~ આંક
કાંતણની ઘટ	,,	ટકા
બાકી પૂણી	,,	

વિદ્યાર્થીઓની સરેરાશ હાજરી × ઉદ્યોગના વર્ગના રોજના કલાક = કુલ કામ થયું (કલાક)

કુલ કંતાયું તે ઉપરથી —

વિદ્યાર્થી દીઠ કંતાયું આંટી તાર

,, ,, કલાકની ગતિ

આ ઉપરથી વાર્ષિક નોંધ તૈયાર કરવી.

નોંધ — વિદ્યાર્થી શાળામાં હાજર રહ્યો હોય, પણ કોઈ કારણસર ઉદ્યોગ ન કર્યો હોય, તો તે સમય બાદ કરીને સરેરાશ કાઢવી જોઈએ.

(૪) કામના કલાક ગણવાની રીત

આ ગણતરી માટે નીચે મુજબ માહિતી જોઈએ :

વિદ્યાર્થી સંખ્યા સરેરાશ હાજરી

કામ ચાલ્યું દિવસ

આ ઉપરથી કામના કલાકની ગણતરી નીચે મુજબ કરવી :

અઠવાડિયાના દિવસ બાદ ગણતાં

ઉદ્યોગકામના કલાક રોજના મુકરર કરેલા સમયને હિસાબે (જે સમય હોય તે) દા. ત. ૨॥ કલાક ×

કામ ચાલ્યું દિન

કલાક

ઉજવણી કે પ્રવાસમાં કે એવા કામમાં વપરાયા હોય તે

માસિક કલાક

વિદ્યાર્થીની સદાસરી હાજરી × માસિક ઉદ્યોગના કલાક = માસિક કામ થયું કલાક.

આ ઉપરથી આખા વરસના કામના કલાક ચોક્કસ કાઢી શકાશે.

(૫) ઉત્પન્ન ગણવાની રીત

દા. ત. કપાસ શેર ૩॥ લીધો હોય

તો તેની કિં. રૂ. ૧૫॥

(ભાવ મણના રૂ. ૨૦)

તેમાંથી ૧ શેર સૂતર થાય

૦

૨ ,, કપાસિયા નીકળે

૦॥ ,, ઘટ જાય તેના

(કાંતણ સુધીમાં)

૩॥ શેર ૧॥ રૂની કિંમત

સૂતર આંક ૧૬નું થાય તો ૧ શેર સૂતરની મજૂરી નીચે મુજબ મળે :

લોઢામણ	પીંજમણ	કંતામણ
૦-૦-૬	૦-૪-૬	૦-૧૫-૦ = ૧૫

(મણના ૬ આના)

એટલે રૂના રૂ. ૧૫ મળીને સૂતરની કિં. રૂ. ૨૫॥

નોંધ :— (૧) લોઢામણ ૪૦ ના છૂટક મજૂરીના ભાવ વિશેષ હોય છે. પણ ખાદીનો જેટલો ભાવ ઊપજે છે તે હિસાબે આમાં મજૂરી ગણી છે. (૨) ઘટ વિશેષ પડે અને સૂતર જાડું હોય કે નબળું હોય તો સૂતરની કિંમત ઓછી ગણાય.

ચરખા સંઘના ભાવ સાથે સંબંધ

૧૬ આંકના એક શેર સૂતરનો ચરખા સંઘનો ભાવ રૂ. ૨-૧૫-૦ છે. આ હિસાબે ૬·૪ ટકા ઘટ આવી. આપણે સગવડની દૃષ્ટિએ ચરખા સંઘ કરતાં સામાન્ય રીતે ૧૦ ટકા કિંમત ઓછી ગણવી (આમાં વણાટની ઘટનો સમાવેશ થતો નથી).

સાધનઘસારો કેટલો ગણવો

સાધનો શાળાનાં હોય કે વિદ્યાર્થીઓનાં પોતાનાં હોય, પણ ઉદ્યોગકામની કમાણી ગણતી વખતે સાધનનું ઘસારો કાપીને કમાણી કાઢવી જોઈએ. મજૂરી ઉપર પોતાનાં સાધનો વડે કામ કરનારને સાધનોનો જેટલો ઘસારો વેઠવો પડે છે, તે કરતાં શાળામાં સાધનોનો ઘસારો વિશેષ થતો હોય છે. તે ખ્યાલમાં રાખીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધનઘસારો ગણવો જોઈએ. આ રીતે જોતાં, રેંટિયો, ત્રાક, લોખંડી સાધનો, જાડી પાતળી માળ જેવાં સાધનોનો ઘસારો અને તેલ ઇ૦ નું ખર્ચ ગણતાં ૧ શેર સૂતરે ૭ આના જેટલું ખર્ચ આવે. એટલે સૂતરની કિંમતના લગભગ ૧૩·૬ ટકા થયા. આ ઉપરથી સૂતરની આપણે આંકેલી કિંમતમાંથી સામાન્યપણે ૧૫ ટકા ઘસારો બાદ કરીને કમાણી મૂકવી જોઈએ અને પછી વિદ્યાર્થી દીઠ કે કલાક દીઠ કમાણી કાઢવી જોઈએ.

ચૂથાનું કે કચરાનું જે ઊપજે તે કમાણીમાં ઉમેરી લેવું જોઈએ.

(૬) વિશેષમાં કાર્યક્ષમતાની દૃષ્ટિએ નીચેની બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે :—

૧. એકીસાથે આખા વર્ગમાં તુણાઈ કાંતણ ઇ૦ શીખવવાનું ન રાખવું; પણ શક્તિ મુજબ હોશિયાર બેચાર વિદ્યાર્થીઓથી શરૂઆત કરવી. દરમિયાન બીજાઓને બીજું કામ સોંપવું.

૨. લોઢાઈ, તુણાઈ અને પૂણી કરવાનું જુદા જુદા સમયે નહીં કરતાં એક સમયે કરવું. એટલે કે, કપાસ લોઢીને રાખી મૂકવો નહીં તેમ તુણાઈ કરીને પોલ રાખી મૂકવો નહીં. તૈયાર થયેલી પૂણી તરત કાંતવાનું ન બને તો સારી રીતે બંડલ વાળીને રાખવી જોઈએ.

૩. શાળામાં બહારની તૈયાર પૂણી વાપરવી નહીં. શરૂઆતમાં જરૂર પડે તો શીખેલા વિદ્યાર્થીઓ પાસે તે કરાવી લેવી.

૪. દરેક શાળામાં વિદ્યાર્થી પાસે ત્રાક અને ફાળકો પોતાનાં હોવાં જોઈએ. રેંટિયો દરેકને આપી શકાય તેમ ન હોય તો ટુકડીવાર આપવો.

૫. દરેક બે ત્રાક પોતાની રાખે એ ઇષ્ટ છે.

૬. બે ત્રાક ઉપર સૂતર તૈયાર થાય એટલે તરત સીધું દૂબટવું જોઈએ, જેથી ઉતારવાનો સમય બચે. એક જ ત્રાક હોય તો સૂતરનાં બે કોકડાં કે દડા અલગ અલગ બનાવવાં જોઈએ અને પછી દૂબટવું જોઈએ.

૭. શિખાઉ વિદ્યાર્થીનું શરૂઆતનું સૂતર દુબટાવવું જ જોઈએ. વિદ્યાર્થી કાંતણવિદ્યા શીખીને આવ્યો હોય અને સારું સરખું કાંતી શકતો હોય, તો જ એકતારું ઉતારવા દેવું. વણતી વખતે શિખાઉ વિદ્યાર્થીને દૂબટેલું સૂતર વિશેષ ફાવે. એટલે વિદ્યાર્થીઓ જ સૂતર વણવાના હોય, તો કાંતનાર દૂબટીને આંટી તૈયાર કરે એ ઇષ્ટ છે.

દૂબટેલા સૂતરમાંથી આસ કરીને ચોતારી બાદી કરાવવી. બિસ્તરા પાટી, પાથરણાં અને આસન શાળા કે વિદ્યાર્થીની જરૂર પૂરતાં જ કરાવવાં.

૮. શરૂઆતથી જ સારું સૂતર કંતાવવાનો આગ્રહ રાખવો. સારાપણાને ભોગે ઝડપ વધારવી નહીં.

૯. દૂબટવાની મજૂરી કંઈ જ હાલ ન ગણવી. શાળાઓમાં કાંતણ સહજ થયા પછી અને તેમાંથી તૈયાર થયેલી બાદીના ભાવ બરાબર ઊપજે ત્યાર પછી તેનો વિચાર કરવો.

તે જ પ્રમાણે વિદ્યાર્થી વણાટ કરે તેની વણકરી ન ગણવી. વણકરી ચઢાવીને બાદી વિશેષ ભાવે વેચી શકાય તો તેટલી વણકરી ગણવી.

૧૦. જાડા સૂતર માટે મહિયો કપાસ કે એવો સસ્તો કપાસ વાપરવો વધારે સારો પડે.

૧૧. તદ્દન શરૂઆતમાં હાથથી કપાસના સૂર્ય બનાવીને કપાસનાં બીજ કઢાવવાનું રાખવું. પહેલા ધોરણમાં છરી-તુણાઈ શીખવવી.

૧૨. વણાટ શીખવવા માટે પ્રથમ હાથસાળ ઉપર વણવાનું શીખવવું. પછી ફટકાસાળ આપવી. વણાટને અંગે બીજી ધ્યાનમાં રાખવા જેવી બાબતો વધારે વિગતથી અલગ વિચારવી જોઈએ. અહીં મુખ્યત્વે કાંતણ સુધીનો વિચાર કર્યો છે.

આ રીતે કામ કરતાં, વલ્લભ વિદ્યાલય, બોચાસણમાં વિદ્યાર્થીઓની ગતિ અને કમાણીનું પ્રમાણ નીચે જણાવેલા ધોરણ સુધી પહોંચ્યું છે :*

૧૯૫૨–૫૩ના આંકડા

	ધો. ૫	ધો. ૬	ધો. ૭
૧. વિદ્યાર્થીની સરાસરી ઉંમર	૧૩	૧૪	૧૫

* વિદ્યાપીઠ તરફથી અમદાવાદમાં ચાલતા કુમાર મંદિરના અનુભવ માટે જુઓ 'શિક્ષણ અને સાહિત્ય' જૂન ૧૯૫૩ના અંકમાં 'પ્રયોગનું પાંચમું વર્ષ' એ લેખ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. વરસમાં વિદ્યાર્થી દીઠ ઉદ્યોગકામના કલાક	૫૦૭	૫૧૯	૪૪૦
૩. વરસમાં વિદ્યાર્થી દીઠ કામ થયું			
આંટી	૫૩	૫૮	૩૪૫
વણાટ	૮ ફૂટ	૧૫ ચો.ફૂ.	૨૫૨ ચો.ફૂ.
	હરડીને	ખાદી	ખાદી
	બિસ્ત્રાપાટી	૧૫ ચો.ફૂ.	
		કાથીનાં	
		પગલૂછણાં	
૪. વરસમાં વિદ્યાર્થી દીઠ ચોખ્ખી કમાણી (બગાડ, ઘસારો કાપતાં)	૨. ૨–૧૨–૨	૩–૯–૦	૬–૧–૦
૫. કલાકની સરાસરી ઝડપ —			
સંયુક્ત કાંતણ —			
હરડેલા તાર	૪૪	૧૦૮ તાર	૧૪૪ તાર
વણાટ	—	—	૧ ચો.ફૂ.
૬. કલાકની વધુમાં વધુ ઝડપ —			
સંયુક્ત કાંતણ —			
હરડેલા તાર	૧૦૨	૨૯૭ તાર	૩૫૪ તાર.
વણાટ	—	—	૨૫ ચો.ફૂ.
૭. કલાકની ઓછામાં ઓછી ઝડપ —			
સંયુક્ત કાંતણ —			
હરડેલા તાર	૩૬	૭૧	૧૦૫ તાર
વણાટ	—	—	૫/૬ ચો.ફૂ.
૮. કલાકની સરાસરી કમાણી (પાઈમાં)	૧	૧.૩	૨.૬

વલ્લભ વિદ્યાલય, બોચાસણ

શિવાભાઈ ગો૦ પટેલ

વ્યાકરણમાં પહેલો પુરુષ જ રાખો

આજકાલ દુનિયામાં બધે જૂનાનો નાશ કરી તેની જગ્યાએ નવું સ્થાપન કરવાની હિલચાલો ચાલી રહી છે. નવો સમાજ, નવાં મૂલ્યો, નવો માનવી, નવી સ્ત્રી, આ શબ્દો સવારથી સાંજ સુધી એટલી બધી વાર કાને અથડાય છે કે, જૂનામાંથી કંઈ કે બાકી રહેવાનું છે કે નહીં તેની જ મારા જેવાને શંકા આવવા માંડે છે. આમ જોતાં હું કંઈ જૂનાનો અંધભક્ત નથી, પણ આ નવાનું ગાંડપણ મારા ભાવતા અથાણા સુધી પહોંચી જાય તો ભારે મુશ્કેલી થશે. બાફકસર મીઠું નાખેલું સરસ ઢેમરું તેના પર સારી પેઠે ઘી (કોઈ પણ નાની કે મોટી વનસ્પતિનું નહીં) અને સાથે જૂનું લીંબુનું અથાણું–એ મારા જીવનનો એક મોટો લહાવો છે. જૂનામાત્રનો નાશ થવા માંડે તો હું મારી આ લહેજતથી વંચિત થઈશ એવી ધાસ્તી અવારનવાર મારા મનમાં દેખા દે છે.

જ્યેમ જુઓ તો હું નવાનો જ ઉપાસક છું. અજ્જરમાં જાઉં છું ત્યારે પાકીટમાંથી જૂની નોટ જ દુકાનદારને આપું છું; અને નવી નોટ પાકીટમાં કાળજીપૂર્વક રાખી મૂકું છું. એ નવી નોટ બીજે દિવસે એ જ દુકાનદારને આપવી પડવાની છે, એ મારા ધ્યાનમાં આવતું નથી એમ નથી. બાપ ગમે તેટલો પ્રેમાળ હોય તોય છોકરી મોટી થાય એટલે તેનું લગ્ન કરીને બીજાને સોંપી દેવી પડે છે! પણ એ નવી નોટના સહવાસનું સુખ હજી એક દિવસ આપણને મળશે એ કલ્પનાથી જ હું રાજી થાઉં છું.

આવતી કાલનો નવસમાજ કયારે નિર્માણ થશે તે કહેવાનું કામ ચીનના માઓથી માંડીને સાપ્તાહિક ભવિષ્યનો વર્તારો કરનારા જ્યોતિષી સુધીના બધા તદ્દિલ્લે છે. નવો માનવી ઘડવાનું કાર્ય વિનોબાથી માંડીને કૃષ્ણમૂર્તિ સુધીના અનેક માણસો યથાશક્તિ કરી જ રહ્યા છે. નવી સ્ત્રી નિર્માણ કરવાની કડાકૂટમાં બીજાઓએ પડવાની જરાય જરૂર નથી. આધુનિક સ્ત્રી નવી ફેશનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલા ઝપાટાથી અપનાવે છે કે, કોઈ કોઈ વખત મહિનોમાસ બહાર જઈને આવેલા ધણી માટે પણ પોતાની પત્નીને ઓળખવાનું મુશ્કેલ બની જાય છે! આ બધી હિલચાલો મારા ગજા બહારની હોવાથી, 'જે જે થાય તે તે જોયા કરવું' એ સંત તુકારામના ઉપદેશ અનુસાર, ગઈ કાલ સુધી હું રહેતો આવ્યો. પણ ગઈ કાલે મારી પ્રતિભા કે શું કોણ જાણે એકદમ જાગી ઊઠી! એમ જ કહોને કે, આ નવ-નિર્મિતિના કામમાં મારું પણ કાર્ય છે એનો સાક્ષાત્કાર મને થયો. નવી સ્ત્રી, નવો માનવી, નવો સમાજ વગેરેની જેમ નવું વ્યાકરણ પણ રચવાની જરૂર છે એવો વિચાર ગઈ કાલથી મારા મનમાં સતત ઘોળાયા કરે છે.

નિશાળમાં ભણતો હતો ત્યારે હું વ્યાકરણનો દુશ્મન હતો — બલ્કે, વ્યાકરણ પોતે જ મારી દુશ્મનાવટ કરતું હતું એમ કહેવું વધારે ઉચિત ગણાય — એ હું કબૂલ કરું છું. પણ એ ડંખ મનમાં રાખીને કેવળ વેર લેવાની ભાવનાથી નૂતા વ્યાકરણને જમીનદોસ્ત કરવા હું નીકળી પડ્યો છું એમ મહેરબાની કરીને રખે કોઈ માને. હું ક્રોધી છું ખરો, પણ દીર્ઘદંશી નથી.

નાનપણમાં વ્યાકરણ માટે મારા મનમાં ચીડ હતી તે જુદા જ કારણસર. 'કડવું કારેલું' અને 'મીઠી કેરી' એમાં 'કડવું' એ વિશેષણ અને 'મીઠી' એ પણ વિશેષણ, એમ જ્યારે માસ્તર પોકારી પોકારીને કહેતા, ત્યારે તેઓ ગાંડા તો નથી થયા એવી શંકા મારા મનમાં ડોકિયું કરતી. 'અરેરે' અને 'અહાહા' એ બેઉ કહે કેવળપ્રયોગી અવ્યયો! મારા બાળ અનુભવને એ માન્ય ન હતું! પતંગ આકાશમાં ખૂબ ઊંચે ને ઊંચે ઊડવા માંડે, આથમણી તરફના વિવિધ રંગવાળા વાદળાનો જ એ એક જાણે નાનકડો કકડો છે એવો આભાસ થવા જેટલો એ ઊંચે ચઢ્યો હોય, ત્યારે મારા મોઢામાંથી 'અહાહા' નો ઉદ્‌ગાર બહાર પડતો. કૃષ્ણા કાંઠાની વાડીમાં એક વાર અમે બાળકો તાજાં તાજાં કણસલાં ચૂપકીથી લેવા ગયેલા. બરાબર બણીને વખતે વાડીનો માલિક અમારી સામે આવીને ઊભો! તે અમારી પાછળ પડ્યો ત્યારે દોડતાં દોડતાં નાકે દમ આવ્યો. દોડતાં દોડતાં મારી જરીની ટોપી નીચે પડી ગઈ ત્યારે અજાણમાં 'અરેરે' કરીને મેં ચીસ પાડી!

'અહાહા' અને 'અરેરે' એ વચ્ચેનો આ ભેદ માસ્તરને સમજાવી દેવાનું નિશાળમાં ભણતો ત્યારે ઘણી વાર મન થતું. પણ તેમના ટેબલ પરની આંકણીનો, કાગળ પરની લીટીઓ કરતાં છોકરાઓની પીઠ સાથે જ વધારે નિકટનો સંબંધ છે એ જાણતો હોવાથી, એ મોહ હું રોકતો.

મારી અને વ્યાકરણની પ્રથમ ઓળખાણ થઈ ત્યારે એની સામે મારી ઘણી ફરિયાદો હતી. 'ભૂત'નો ઉચ્ચાર થતાંની સાથે મારા પેટમાં ફ્રાસકો પડતો. આવી સ્થિતિમાં કાળ સમજાવતી વખતે માસ્તર જ્યારે 'ભૂત, ભૂત' કરીને બૂમો પાડતા, ત્યારે વર્ગમાંથી અગિયારા ગણવાનું જ મન થતું. પેંડાનું એકવચન અને તમાચાનું બહુવચન મને મંજૂર ન હતું. ભાત કરતાં ભાખરીમાં વધારે શક્તિ હોય છે એમ કહેનારા લોકો પહેલો શબ્દ નરજાતિનો છે અને બીજો નારીજાતિનો છે એમ કહેવા માંડે, એટલે 'શારદા' નાટકનું એક ગીત મને યાદ આવતું — 'जन खुळावले। सकळ उलट चाललें.' (લોકો ગાંડા થયા છે; બધા ઊંધે રસ્તે ચાલવા લાગ્યા છે).

આપણે શીખીએ છીએ એ વ્યાકરણ જીવનના અનુભવ સાથે સાવ વિસંગત છે, એ વાત આવી રીતે બાળપણમાં જ હું જાણી ગયો હતો. પણ એની સામે બળવો જગાડવાની ઇચ્છા માત્ર કાલે જ મારા મનમાં પેદા થઈ. દરેક વાતનો સમય હોય છે, એમ જે કહેવાય છે એ તદ્દન સાચું છે!

થયું એમ કે, એક મિત્રની સાથે તેના માંદા સ્નેહીને સહેજે મળવા ગયો. એ ભાઈ હતા વકીલ. વાતમાંથી વાત નીકળી. ડૉક્ટર પોતાને રોજ કેટલાં ઇન્જેક્શનો આપે છે, તેઓ બતાવે છે એ દવાઓ કેટલી મોંઘી હોય છે, પહેલી તારીખે તેમનું બિલ આવે એટલે તે જોવાની પણ પોતાની હિંમત ચાલતી નથી, વગેરે વર્ણન વકીલસાહેબ બહુ જ રસપૂર્વક કહેતા હતા. સારું થયું કે, એ જ વખતે તેમને તપાસવા ડૉક્ટર આવી પહોંચ્યા. નહીં તો તેમના વર્ણન પરથી મજદૂર ડૉક્ટર જબરા ડાકુ હશે એવી અમારી ખાતરી જ થઈ જાત.

ડૉક્ટર સાહેબના આગ્રહને વશ થઈ અમે તેમની ગાડીમાં ઘેર પાછા આવવા નીકળ્યા. ગાડી ચાલવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડી કે ડૉક્ટરસાહેબ રંગમાં આવીને ઘર અને દવાખાનાં માટે પોતાને કેટલું ભાડું આપવું પડે છે એ કહેવા લાગ્યા. તેમના ઘરમાલિકની એક સિનેમા કંપની હતી. એના જેવો લક્ષ્મપતિ પણ પોતાને આવી રીતે લૂંટે છે તેથી ડૉક્ટરને બહુ જ દુઃખ થતું હતું. 'લુચ્ચો', 'ચોર' એમ કહીને તેના પર ગાળોનો વરસાદ એ વરસાવવા લાગ્યા. એ ભાઈને કોણ જાણે સો વરસની આવરદા પ્રભુએ બક્ષી હશે કે શું, તેની ગાડી બરાબર આ જ ટાણે સામેથી આવી ચડી. ઘણા દિવસથી અમે તેને મળ્યા ન હતા, તેથી તેનું ચાપાણીનું આમંત્રણ સ્વીકાર્યા સિવાય છૂટકો જ નહોતો!

તેમને બંગલે ફાંકડી ચા અને મસાલેદાર ચેવડાને ન્યાય આપતાં આપતાં તે પોતાનાં રોદણાં રડવા લાગ્યા. ચિત્રપટના નટ અને નટીઓનો ભાવ કેટલો વધી ગયો છે, નટીઓ ગમે તેટલી ગોરી હોય તોપણ કાળાંબન્દર કેવી રીતે કરે છે, પંદર હજારનો મોઢે કરાર થયો હોય તો તેમાંના દસ હજાર શરૂઆતમાં જ ચૂપચાપ કેવી રીતે આપવા પડે છે, આવડી મોટી રકમો હિસાબમાં બીજે કયાંક ઉધારતાં કેવી મુશ્કેલી પડે છે, આટલા પૈસા આપ્યા છતાં ફેપાળા ચહેરા સિવાય બીજી કોઈ જાતની મૂડી આ લોકો પાસે નથી હોતી, છતાં તેઓ કામને કેવી રીતે બોટી કરે છે, એ બધું તેમણે અમને આદિથી અંત સુધી વિગતવાર સંભળાવ્યું.

તેમની રજા લઈને અમે તેમના ઘર બહાર નીકળ્યા. બે ડગલાં માંડ ભર્યાં હશે એટલામાં પાછળથી આવનાર ગાડીમાંથી કોકે અમને બૂમ પાડી. પાછા વળીને જોઈએ છીએ તો એ જ કંપનીના એક પ્રખ્યાત નટ! અમે તેમની ગાડીમાં બેઠા કે તરત તેમણે પોતાની કથની શરૂ કરી. કોર્ટમાં તેમનો કોઈ કેસ હતો. એ કેસમાં તેમના વકીલે એમને એવા નિચોવી કાઢ્યા હતા કે—

એ વકીલ બીજા કોઈ નહીં, પણ જેમની અમે ખબર કાઢવા ગયા હતા તે જ!—

હસવું કે રડવું કશી ખબર નથી પડતી. વકીલ કહે કે, મને દવા આપનાર ડૉક્ટર લુચ્ચો; ડૉક્ટર કહે, મારો ઘરવાળો લબાડ; એ ઘરવાળો કહે કે, મારી કંપનીમાં કામ કરનારા નટ ચોર; અને પેલા નટવર્ય કહે કે, મારો કેસ ચલાવનારો વકીલ બદમાસ! આમાંનો દરેક જણ સાચું બોલતો હતો. પણ એ સાચું બોલવામાં એક બેદ હતો. આ બધા સજ્જનો ફક્ત પોતાના વહેવારની દૃષ્ટિથી સાચું બોલતા હતા. વહેવારની દૃષ્ટિ હંમેશ એકાંગી હોય છે. તે પોતા પૂરતું જુએ છે. "બીજાએ તારી સાથે જેવી રીતે વર્તવું જોઈએ એમ તને લાગે છે, તેવી રીતે તું બીજાની સાથે વર્તન કર," એમ કહેનાર દૃષ્ટિની દૃષ્ટિ સાચી જીવનદૃષ્ટિ કહેવાય. પણ આવી દૃષ્ટિ હજારોમાં એકાદ માણસની જ હોય છે. બાકીના બધા– પણ તેમનું વર્ણન કરવાની જરૂર જ શી? સવારથી એ બધાંનાં પ્રત્યક્ષ દર્શન તો હું કરી જ રહ્યો હતો ને!

આમ શાથી થાય છે એનો હું વિચાર કરવા લાગ્યો અને મને એકદમ એક વિચાર સૂઝી આવ્યો– આનો આખો ટોપલો વ્યાકરણને માથે ઓઢાડવો જોઈએ. આ વ્યાકરણે ત્રણ પુરુષોની ત્રણ નોખી દુનિયાઓ શા માટે નિર્માણ કરી? તેણે જો એકલો પ્રથમ પુરુષ રાખ્યો હોત તો એના બાપનું શું જાત? પણ પોતાની વિદ્વત્તાનું પ્રદર્શન કરવા માટે તેણે બીજા અને ત્રીજા પુરુષની શોધ કરી. એટલે સહેજે જ જે ઊપજ્યો તે 'સાચું બોલો', 'પરોપકાર કરો', 'બાળકોએ માબાપની આજ્ઞાનું પાલન કરવું જોઈએ', 'મૂગાં પ્રાણીઓ પર દયા કરો' એમ ઉપદેશ કરવા લાગ્યો. 'હું સાચું બોલું', 'હું યોગ્ય કામ કરું' એમ કહેવાની જરૂર કોઈને જ જણાતી નથી. બીજાને વહેંચી લેવાનો વખત આવ્યે તેમાંનો ભારે હોય તે હિસ્સો બીજાને માથે લાદવાનો મનુષ્યસ્વભાવ જ છે! વ્યાકરણે ત્રણ પુરુષ કલ્પીને બરાબર આ જ વાતને ઉત્તેજન આપ્યું. પરિણામે દુનિયાને સુધારવાની જવાબદારી બીજા ને ત્રીજા પુરુષને સોંપી દઈને પ્રથમ પુરુષ સાવ આઝાદ રહ્યો! અને તેથી જ માનવીજીવનમાં અનેક દુઃખો નિર્માણ થયાં.

તેથી ગઈ કાલથી મને લાગ્યા કરે છે કે, ગમે તેમ કરીને નવું વ્યાકરણ તૈયાર કરવું જ જોઈએ. આ વ્યાકરણમાં બીજા ને ત્રીજા પુરુષને બાંધી હશે. આવું વ્યાકરણ તૈયાર થાય તો જ નવા સમાજ અને નવા માનવીનાં તમને અમને જે ઝાંખાં સ્વપ્નાં આવે છે તે કયારેક પણ સ્પષ્ટ દેખાવા માંડશે — અંશતઃ ભલે, પણ સત્ય સૃષ્ટિમાં અવતરશે.

વિ૦ સ૦ ખાંડેકર

(મહારાષ્ટ્ર સાહિત્ય પત્રિકા, જૂન ૧૯૫૩, મરાઠી પરથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવી તાલીમ અધ્યયન શિબિરો

પ્રગતિશીલ શિક્ષણસંસ્થાઓ આજકાલ પોતાના કાર્યક્રમને નવી તાલીમમાં ફેરવવા ઇચ્છતી હોય છે. તે માટે સૌથી પ્રથમ એ જરૂરનું છે કે, તેઓ સંસ્થામાં કામ કરતાં શિક્ષક-શિક્ષિકાઓને તે માટેની તાલીમ આપવાનો પ્રબંધ કરે. શિક્ષક-શિક્ષિકાઓ પણ પોતાને નવી તાલીમનું શિક્ષણ લેવાની સગવડ મળી જાય તો તેનો લાભ લેવા જરૂર ઇચ્છશે.

ઘણા શિક્ષકો અધ્યાપનમંદિરોમાં જઈને તાલીમ લઈ આવ્યા હોય છે. પરંતુ ત્યાંના શિક્ષણમાં તેમને નવી તાલીમની દૃષ્ટિ સમજવાની અને તે માટે આવશ્યક ઉદ્યોગ, અનુબંધ આદિનો અનુભવ લેવાની તક મળી હોતી નથી, અથવા જે કંઈ મળ્યું હોય છે તેનાથી તેમને પૂરો સંતોષ મળ્યો હોતો નથી.

નવી તાલીમના કામના વ્યાપક ફેલાવા માટે, આવી જિજ્ઞાસાવાળાઓ સારુ આવશ્યક સગવડો પૂરી પાડવાની યોજના ગૂજરાત નઈ તાલીમ સંઘ તરફથી વિચારવામાં આવી છે. આ માટે શિક્ષણસંસ્થાઓની જરૂરિયાતોનો ખ્યાલ કરીને જુદા જુદા વિષયોના શિબિરો કાઢવાનું યોજવામાં આવ્યું છે. જેને જે વિષયમાં રસ હોય તે તે વિષયના શિબિરમાં જોડાઈ શકશે.

સર્વ શિબિરોમાં નવી તાલીમનું સૈદ્ધાંતિક શિક્ષણ તો સમાન હશે, પરંતુ વિષય પરત્વે ઉદ્યોગો, સેવાકાર્યો વગેરે કાર્યક્રમોમાં મોટો તફાવત રહેશે.

નીચે દર્શાવેલા અભ્યાસક્રમો માટે અનુકૂળ સંસ્થાઓમાં અને અનુકૂળ વખતે અધ્યયન શિબિરો ચલાવવામાં આવશે.

અભ્યાસક્રમો	દિવસ	ક્રમિક શિબિરો
૧. વસ્ત્રવિદ્યા અધ્યયન શિબિર	૧૫	૪
૨. કૃષિવિદ્યા અધ્યયન શિબિર	૧૫	૪
૩. બાલવાડી અધ્યયન શિબિર	૧૫	૪
૪. સમાજ શિક્ષણ અધ્યયન શિબિર	૧૫	૪

ઉદ્યોગ મહાવરા શિબિરો

જે શિક્ષકોને ઉદ્યોગોનો અનુભવ છે, પરંતુ વધારે મહાવરાની જરૂર છે, તેમને માટે ઉદ્યોગોની જુદી જુદી ક્રિયાઓના મહાવરા માટે પણ શિબિરો ચલાવવાની યોજના કરવામાં આવી છે. અનુકૂળ સંસ્થાઓ મારફત અને અનુકૂળ વખતે નીચે દર્શાવેલા મહાવરા શિબિરો ચલાવવામાં આવશે.

શિબિરનું નામ	દિવસ
૧. તુનાઈ શિબિર (મોઢિયા પીંજણ સાથે)	૭
૨. કાંતણ શિબિર	૧૫
૩. વણાટ શિબિર	૬૦
૪. બાગકામ શિબિર	૩૦
૫. ઓજાર-દુરસ્તી શિબિર	૧૫

શિક્ષિકોને અને સંસ્થાઓને લાંબી ગેરહાજરીથી અગવડ ન પડે તે ખાતર કેટલાક લાંબી તાલીમ માગતા અભ્યાસક્રમોને ૧૫-૧૫ દિવસના ચાર ક્રમિક શિબિરોમાં વહેંચી નાખવામાં આવશે. દર વર્ષે એક એક શિબિર કરીને ત્રણ કે ચાર વર્ષે આખો ક્રમિક અભ્યાસક્રમ પૂરો કરી શકાશે.

આ યોજના પ્રમાણેના શિબિરો લાંબી રજાઓ દરમિયાન ન કાઢતાં ચાલુ દિવસોમાં જ ચલાવવામાં આવશે.

બાનગી શિક્ષણ સંસ્થાઓ અને સ્કૂલ બોર્ડો પોતાના શિક્ષકોને ચાલુ ફરજ પર ગણી આવા શિબિરોમાં તાલીમ લેવા મોકલે તેમ જ શિબિરો અંગે જે કાંઈ ખર્ચ થાય તેમાં તેમને યોગ્ય મદદ આપે એવી અમારી વિનંતી છે.

આ યોજનાને અનુસરીને નીચે પ્રમાણેના શિબિરો ચોમાસું પૂરું થયે નીચેની સંસ્થાઓમાં શરૂ કરવાની ગોઠવણ થઈ છે.

૧. કન્યા આશ્રમ, મઢી — બાલશિક્ષણ અધ્યાપનનો અભ્યાસક્રમ, પહેલો શિબિર (૧૫ દિવસ);

૨. સ્વરાજ્ય આશ્રમ, વેડછી—વસ્ત્રવિદ્યા અધ્યાપનનો અભ્યાસક્રમ, પહેલો શિબિર (૧૫ દિવસ);

૩. વલ્લભ વિદ્યાલય, બોચાસણ — ઉપર નં. ૨ પ્રમાણે.

આ શિબિરોનો લાભ લેવા ઇચ્છનારાઓએ અધ્યાપન શિબિરોના અભ્યાસક્રમોનું બોધપત્ર ચાર આનાની ટિકિટ બીડી નીચેને સરનામેથી મંગાવવું.

ગૂજરાત નઈ તાલીમ સંઘ **જુગતરામ દવે**
વેડછી, જિ. સુરત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરિદ્રનારાયણ

[વિક્ટર હ્યૂગો કૃત 'લે મિઝેરાબ્લ']

[ટૂંક સાર: માર્ચ અને જૂન મહિનાના અંકોમાં આ વાર્તાના પ્રથમ ખંડનો સાર અપાઈ ગયો છે. તે મુજબ જીન વાલજિન પી૦-ના મઠમાં માળી તરીકે સ્થિર થયો છે, અને કોસેટ મઠની શાળામાં.

બીજા ખંડમાં, મોટાં શહેરોમાં જોવા મળતા રખડતા છોકરા ગેવ્રોચની વાત ઉપરથી, તેના બાપ જોન્ડ્રેટની સાથે જ બાજુની ઓરડીમાં રહેતા મેરિયસ પોન્ટમર્સી નામના એક દરિદ્ર જુવાનિયાની વાત મંડાય છે. મેરિયસના માતૃપક્ષે દાદા મૉં. જીલેનોર્મન્ડ એક રાજભક્ત ગૃહસ્થ છે. પણ તેમનો જમાઈ—મેરિયસનો પિતા—લોકક્રાંતિ અને નેપોલિયનનાં લશ્કરોમાં યશસ્વી કામગીરી બજાવનારો લોકતંત્રવાદી છે. નમાયા બનેલા મેરિયસને તેના દાદા આંખ બળવાખોર બાપ પાસેથી લઈને પોતાની પાસે રાખીને ઉછેરે છે. મેરિયસનો બાપ, એકલવાયું જીવન વિતાવતો, છેવટે પણ દીકરાની સાથે ભેગો થયા વિના મરણ પામે છે. તેની પુત્ર માટેની વેદનાના સાક્ષી મૉં. મેબ્યૉફને મોંએ પિતાના પોતા માટેના વાત્સલ્યની કથા સાંભળી મેરિયસ પિતાને પિછાને છે; અને દાદા સાથે ઝઘડી, કશું લીધા વિના ઘોડાગાડીમાં બેસી વિદાય થઈ જાય છે.]

૪૪

"એ. બી. સી. મિત્રમંડળ"

ફ્રાંસ દેશમાં આ અરસામાં ક્રાંતિનો ઘેરો ગડગડાટ ફરી સંભળાવા લાગ્યો હતો. ૧૭૮૯ અને ૧૭૯૨ની સાલનાં ઊંડાણોમાંથી ગેબી અવાજો ઊઠતા હતા અને વાતાવરણને પ્રક્ષુબ્ધ કરતા હતા. કાળની અમોઘ ગતિથી જ પ્રેરાતા લોકો, ખબર પણ ન પડે તે રીતે પલટાતા જતા હતા. ઘડિયાળના ચંદા ઉપર ફરતો કાંટો લોકોના અંતરમાં પણ ફરી રહ્યો હોય છે. રાજભક્તો ઉદાર-મતવાદી બની રહ્યા હતા, અને ઉદાર-મતવાદી લોકો લોકતંત્રવાદી બની રહ્યા હતા.

ફ્રાંસમાં તે વખતે હજુ એક કેન્દ્રવર્તી કોઈ ક્રાંતિ-મંડળ ન હતું; પરંતુ ઠેર ઠેર અણછતી સંસ્થાઓ પોતાની શાખાઓ વિસ્તારી રહી હતી. પેરીસમાં ચળવળ ચલાવતાં બીજાં ક્રાંતિવાદી મંડળો જેવું એક "એ. બી. સી. મિત્રમંડળ" પણ હતું.

તેના સભ્યોની સંખ્યા બહુ મોટી ન હતી. તેને એક નાની ટોળકી જ કહી શકાય. તેઓ પેરીસમાં બે જગાએ મળતા—હેલે નજીક 'કોરીન્થ' નામના પીઠામાં, અને પેન્થિયોન નજીક કાફે-મુસાં નામના કૉફી-ઘર માં. પહેલી જગા કારીગર-વર્ગની નજીક હતી; બીજી વિદ્યાર્થીઓની નજીક હતી.

કાફે-મુસાંની પાછળની ઓરડીમાં તેમની ખાસ બેઠકો મળતી. એ. બી. સી. મંડળના મિત્રો મુખ્યત્વે વિદ્યાર્થીઓ જ હતા; પણ કારીગર-વર્ગ સાથે તેમનો બરાબર સંપર્ક હતો. તેઓમાંના મુખ્યનાં નામ નીચે મુજબ છે, અને તે બધાં ઐતિહાસિક છે:—

એન્જોલરસ, કોમ્બીફેર, જીન પ્રુવેર, ફ્યુલી, કોર્ફેરાક, બહોરેલ, લેઈગલ, જોલી, ગ્રેન્ટેર.

એન્જોલરસ તેના બાપનો એકનો એક પુત્ર હતો અને તવંગર હતો. તે એક વહાલસોયો મોટો જુવાનિયો હતો, પરંતુ ઉગ્ર-રુદ્ર બની શકે તેવો હતો. તેની આંખ ઉપરથી એમ લાગે કે, ગયા જન્મમાં તેણે ક્રાંતિનું પ્રત્યક્ષ દર્શન કર્યું છે, અને આ જન્મમાં તે ક્રાંતિનો પેગંબર થઈને આવ્યો છે. તે ગંભીર પ્રકૃતિનો હતો અને પૃથ્વી ઉપર સ્ત્રી નામની કોઈ વસ્તુ છે એની તેને ખબર ન હતી. તેને એક જ કામના હતી—હકની; તેને એક જ વિચાર હતો—મુશ્કેલીઓ તોડી ફોડીને આગળ જવાનો. ગુલાબ તરફ તે ભાગ્યે જ નજર કરતો; વસંત ઋતુ તરફ તેનો ખ્યાલ જ જતો નહોતો; પંખીઓનું ગાન તેને સંભળાતું ન હતું. ફૂલો તેને માટે તરવાર સંતાડવાના ઢાંકણરૂપ હતાં. લોકશાહીની દેવી સિવાય બીજી સર્વ નારીઓ સમક્ષ તેની આંખ ઢળેલી જ રહેતી. તેની વાણી જાણે પ્રેરિત હોય તેવી હતી અને તેમાં મંત્રનો આભાસ થતો.

એન્જોલરસ જો ક્રાંતિનું તર્કશાસ્ત્ર હતો, તો તેનો મિત્ર કોમ્બીફેર ક્રાંતિની ફિલસૂફી હતો. ક્રાંતિના તર્કશાસ્ત્ર અને ફિલસૂફી વચ્ચે આ તફાવત હોય છે: તર્કશાસ્ત્રનો અંત યુદ્ધમાં આવે છે; ફિલસૂફીનો અંત શાંતિમાં જ આવે છે. કોમ્બીફેર એન્જોલરસની પૂર્તિરૂપ તેમ જ સુધારણારૂપ હતો. તેની ઇચ્છા સૌનાં મનમાં સામાન્ય જ્ઞાનના વિશાળ સિદ્ધાંતો રેડવાની હતી. તે કહેતો, "ક્રાંતિ, પરંતુ સંસ્કૃતિ." એન્જોલરસ આગેવાન હતો, તો કોમ્બીફેર ભોમિયો હતો. તમે એકની સોબતમાં લડવાનું ઇચ્છો, તો બીજાની સોબતમાં આગેકૂચ કરવાનું. કોમ્બીફેર લડી શકતો નહીં એમ ન હતું; પરંતુ સિદ્ધાંતોના શિક્ષણથી અને નિયત કાયદાઓના જ્ઞાનથી માનવ-જાતની તેના ભવિષ્ય સાથે ધીમે ધીમે સુસંગતિ રથાપવી, એ તેને વધુ ગમતું. પ્રકાશ તો રોશનીનો પણ હોય છે અને આગનો પણ હોય છે. કોમ્બીફેર રોશનીના પ્રકાશની તરફેણમાં હતો. ૧૭૯૩ની ક્રાંતિની પેઠે લોકો સત્યમાં આંધળા મીંચી ધસી જાય, એ કલ્પનાથી તે ચોંકી ઊઠતો. લોકોની ઠંડી પણ શુદ્ધ પદ્ધતિસર પરંતુ નિર્દોષ પ્રગતિ થાય, એ તેને પસંદ હતું. સારી વસ્તુ નિર્દોષ પણ હોવી જોઈએ, એ તે વારંવાર કહેતો.

જીન પ્રુવેર સાહિત્યપ્રેમી—લગભગ પંડિત હતો. ઘણી ભાષાઓ જાણી, ઘણા પ્રાચીન કવિઓના ગ્રંથોનો આસ્વાદ લેવો, એ તેને ગમતું. ફૂલોનું ફૂંડું ઉછેરવું, વાંસળી વગાડવી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિતા બનાવવી, લોકો ઉપર પ્રેમ રાખવો, સ્ત્રીઓ ઉપર ખેદ કરવો, અથવા બાળપણ ઉપર વિલાપ કરવો—એ તેના વ્યાસંગ હતા. તેના મનમાં બે વૃત્તિઓ પ્રબળ હતી: એક માનવ પ્રત્યે અને બીજી ઈશ્વર પ્રત્યે. કાં તો તે અભ્યાસ-મગ્ન હોય, યા તો ધ્યાનમગ્ન હોય. દિવસે તે મજૂરીના દર, મૂડી, લગ્ન, ધર્મ, વિચારસ્વાતંત્ર્ય, કેળવણી, દંડ, મિલકત, બેદારા અને વહેંચણી જેવા સામાજિક પ્રશ્નોમાં મશગૂલ રહેતો, અને રાતે તારાઓ તરફ નિહાળવામાં. એન્ટેલરસની પેઠે તે તવંગર હતો તથા માબાપનો એકનો એક પુત્ર હતો.

કુટુંબી ધંધા બનાવનારો હતો, અનાથ હતો, અને દિવસના ત્રણ ક્રાંક માંડ કમાતો. તેને માત્ર એક જ તમન્ના હતી — દુનિયાને દુઃખમુક્ત કરવાની. તેને બીજી પણ એક પ્રબળ કામના હતી — આત્મશિક્ષણની. તે જાતે લખતાં-વાંચતાં શીખ્યો હતો, અને તે જે કાંઈ જાણતો હતો તે બધું તેણે જાતે મેળવ્યું હતું. તેનું હૃદય વિશાળ હતું: તેણે પોતાના સમગ્ર દેશબંધુઓને અપનાવ્યા હતા. મા-વિહોણો હોવાથી તે જન્મભૂમિના ખોળા તરફ વળ્યો હતો.

ફ્રેંકેરાક જુવાનીભર્યા ચેતનથી ભરેલો વિદ્યાર્થી હતો. ભૂતની પેઠે નિરંતર કામ માગતી અને કામ દેતી એ એક જાતની અનોખી માનસિક શક્તિ છે. એન્ટેલરસ આગેવાન હતો, ફ્રેમ્બીફેર માર્ગદર્શક ભોમિયો હતો, તો ફ્રેંકેરાક મધ્યવર્તી કેન્દ્ર હતો. બીજાઓ વધુ પ્રકાશ આપતા, ત્યારે તે વધુ ગરમી આપતો. સાચું કહીએ તો તેનામાં કેન્દ્રના બધા ગુણ હતા — ગોળમટોળપણું અને આંજી નાખતો પ્રકાશ.

બહોરેલ સારી મજાક અને ખરાબ સોબતવાળો પ્રાણી હતો. દાનવીર કહી શકાય તેટલી હદે ખરચાળ હતો, પ્રવક્તા કહી શકાય એટલી હદે વાતોડિયો હતો, અને નિર્લજ્જ કહી શકાય એટલી હદે ધૃષ્ટ હતો. તકરાર જેવું બીજું કશું તેને ગમે નહીં, પણ તે હજારો લોકોએ ઉપાડેલો દંગલ હોવો જોઈએ. અને દંગલ જેવું બીજું કશું તેને ગમે નહીં, પણ તે સમૂળી ક્રાંતિ હોવી જોઈએ. રસ્તાનો પથરો તોડવા તે હંમેશાં તૈયાર હોય: તે જ પ્રમાણે આખી શેરી ઉખાડી નાખવા, અને પછી આખી સરકારને તોડી પાડવા. તેણે નક્કી કર્યું હતું કે કદી વકીલ થવું નહીં. તેને મન અભ્યાસક્રમ એટલે જોડકણાં માટેનો મસાલો, અને અધ્યાપકો એટલે કટાક્ષચિત્રો માટેની તકો. કશું ન કરવા બદલ તે વરસે દહાડે ત્રણેક હજાર ક્રાંકની રકમ ખાઈ જતો હતો. તેનાં માબાપ ભૂત હતાં, અને તેમનામાં પુત્ર માટે આદર-ભાવ ઉત્પન્ન કરવામાં તે સફળ નીવડ્યો હતો.

આ આખા મંડળમાં લેઈગલ સંપૂર્ણ સફાચટ ટાલિયો હતો. તેનું જીવન એટલે કમનસીબોની પરંપરા; અને તેમાંથી તેણે ખુશમિજાજપણારૂપી અર્ક નિચોવ્યો હતો. કશામાં સફળ ન નીવડવું એ તેની વિશિષ્ટતા હતી; છતાં દરેક પરિસ્થિતિ પ્રત્યે તે હસી શકતો. ૨૫ વર્ષની ઉંમરે તેને તાલ પડી ગઈ હતી. તેનો પિતા એક ઘર અને થોડી જમીન મૂકીને ગુજરી ગયો હતો, પણ આ ભાઈએ બીજે જ વર્ષે સટ્ટામાં બધું ગુમાવી દીધું હતું. તેની પાસે ઠીક ઠીક જ્ઞાન અને મજબૂત શક્તિ સિવાય બીજું કાંઈ રહ્યું ન હતું. દરેક બાબતમાં તે નિષ્ફળ જતો અને દરેક જણ તેને ઠગી જતું. તે જે કાંઈ બાંધતો તે તેના ઉપર જ તૂટી પડતું; તે લાકડાં કાપતો તો તેની આંગળી જ ચિરાઈ જતી. દરેક ક્ષણે કંઈ ને કંઈ કમનસીબ તેના તરફ ધસ્યા જ કરતું; અને તેથી જ તે આટલો ખુશમિજાજ બની ગયો હતો.

તે ધીમે ધીમે કાયદાની ડિગ્રી તરફ આગળ વધી રહ્યો હતો. તેને નિવાસસ્થાન જેવું કાંઈ ન હતું: આજે એક મિત્રને ત્યાં તો કાલે બીજા મિત્રને ત્યાં. મોટે ભાગે તે પોતાના દોસ્ત જોલીને ત્યાં રહેતો. જોલી ડાક્તરીનો અભ્યાસ કરતો હતો અને તેના કરતાં બે વરસે નાનો હતો.

જોલીને તેના વૈદકના અભ્યાસે પોતામાં જ બધા રોગોનાં સર્વ લક્ષણો જોતો કરી મૂક્યો હતો. તે ડાક્તર થવાનું શીખવાને બદલે દરદી થવાનું જ શીખતો જતો હતો. દિવસનો મોટો ભાગ તે અરીસામાં પોતાની જીભ જોયા કરતો. સહેજ ઋતુ બદલાય કે તે પોતાની નાડી ઝાલીને બેસી જાય. આમ છતાં તે બીજી રીતે આનંદી જીવડો હતો.

આ બધા જુવાનિયાઓ જુદી જુદી ખાસિયતોવાળા હોવા છતાં, તે બધાનો ધર્મ એક હતો: પ્રગતિ!

એ આખા ટોળામાં સૌનાં જુસ્સાદાર અને શ્રદ્ધાળુ માનસની વચ્ચે એક જણ જ નાસ્તિક હતો. તેનું નામ હતું ગ્રેન્ટેર. તેના સંશયવાદે તેના મનમાં એક પણ વિચારને સાબૂતસમો રાખ્યો ન હતો. બધા સંજોગોમાં બધા પ્રકારનાં શ્રદ્ધા-ભક્તિની તે ઠેકડી ઉડાડતો. ભટકેલ, જુગારી અને વ્યભિચારી એવો એ જુવાનિયો મોટે ભાગે પીધેલ સ્થિતિમાં જ રહેતો.

છતાં આ નાસ્તિકને પણ એક સ્થળે ભક્તિભાવ હતો. આ ભક્તિભાવનો વિષય કોઈ સિદ્ધાંત, પંથ, કળા કે વિજ્ઞાન ન હતાં; એ એક માણસ હતો: એન્ટેલરસ. એન્ટેલરસે તેને શાના વડે જીત્યો હતો? ચારિત્ર્ય વડે. આવું દૃશ્ય ઘણી વાર જોવા મળે છે. એક નાસ્તિક છેવટે એક પ્રબળ આસ્તિકને જ વરે છે. આપણામાં જેનો તદ્દન અભાવ હોય છે, તે વસ્તુ આપણને સૌથી વધુ આકર્ષક લાગે છે. ગ્રેન્ટેર કે જેનામાં બધી વસ્તુઓ માટેનો સંદેહ જ વ્યાપેલો હતો, તે એન્ટેલરસમાં ઊછળી પડતી શ્રદ્ધા ઉપર વારી ગયો હતો. કેદ વિનાનું તેનું વિચાર-કલેવર એન્ટેલરસની પાષાણ જેવી કઠોરતા અને અડગતાને આધારે ખડું રહેલું હતું.

૪૫

બ્લૉન્ડો હાજરી પૂરે છે

એક બપોરે લેઈગલ કૉફી-ઘરના બારણાને અઢેલીને આરામથી ઊભો હતો. આગલે દિવસે કૉલેજમાં તેના ઉપર આફત આવી પડી હતી, અને ભવિષ્ય માટેની પોતાની— વ્યક્તિગત યોજનાઓ ઉપર તેની શી અસર પડે છે તેનો તે સુસ્તીથી વિચાર કરતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ વિચારમાં પડી ગયેા હેાવાને કારણે એક ઘેાડાગાડીને તેની પાસે થઈને પસાર થવામાં કાંઈ વાંધેા પડે તેમ નહેાતું. લેઈગલની વિચારમગ્ન નજર પણ એટલું જોયા વિના ન રહી કે, એ ઘેાડાગાડી કયે સ્થળે જવું એ નક્કી ન હેાય તેમ ધીરે ધીરે ખચકાતી ખચકાતી આગળ વધતી હતી. એ ઘેાડાગાડીમાં હાંકનાર ઉપરાંત એક જુવાનિયેા બેઠેલેા હતેા અને તે જુવાનિયાના પગ આગળ કંતાનની ઝેાળી હતી. એ ઝેાળી ઉપર સીવેલી પટીમાં લખેલું માલિકનું નામ પાસેના સૌ કેાઈની નજરે પડે તેવું હતું: 'મેરિયસ પેાન્ટમર્સી'.

લેઈગલની નજરે તે નામ પડતાં જ તેની સુસ્તી જાણે હવામાં ઊડી ગઈ! તરત ટટ્ટાર થઈને ઘેાડાગાડીના પેલા જુવાન પ્રત્યે નવાઈભરી નજરે તે બેાલી ઊઠ્યેા, "મહાશય, મેરિયસ પેાન્ટમર્સી?"

ઘેાડાગાડી આમ હાક પડવાથી ઊભી રહી. પેલેા જુવાન મુસાફર પણ વિચારમાં જ પડી ગયેલેા હતેા. તેણે આંખ ઊંચી કરીને કહ્યું, "કેમ ભાઈ, શું છે?"

"તમે જ મહાશય, મેરિયસ પેાન્ટમર્સી કે?"

"હા, ખરેખર."

"હું તમને મળવા માગતેા હતેા."

"એમ? હું કાંઈ તમને ઓળખતેા હેાઉં એવું મને લાગતું નથી."

"હું પણ તમને ઓળખતેા નથી." લેઈગલ આગળ આવ્યેા. "તમે કાલે કેાલેજમાં ગેરહાજર હતા?"

"તમે લેાકેાલેજના વિદ્યાર્થી છેા?" મેરિયસે સામું પૂછ્યું.

"હા સાહેબ, આપની પેાતાની જેમ જ. પરમ દિવસે હું કેાલેજમાં ગયેા હતેા: તમે જાણેા છેા કે, માણસને એવું કેાઈ કેાઈ વાર વળી થઈ આવે છે. પ્રેાફેસર હાજરી પૂરવાની તૈયારીમાં હતા: તમે જાણેા છેા કે, એ વખતે તેમના જેવા નાસમજદાર લેાક બીજા કેાઈ હેાતા નથી. તે ત્રણ વાર તમારું નામ બેાલે, અને જવાબ ન મળે કે તરત તમારું નામ છેકી કાઢે: તમારા સાડ ક્રાંક ડૂલ!"

મેરિયસ લક્ષ દઈને સાંભળવા લાગ્યેા. "બ્લેાન્ડો કાલે હાજરી પૂરતેા હતેા: પેલેા તીણા અદેખા નાકવાળેા બ્લેાન્ડો! કેાઈની ગેરહાજરી સૂંઘી કાઢવામાં તેને મન પડે છે. તેણે ચાલાકીથી 'પ' અક્ષરથી જ શરૂઆત કરી. મારું ધ્યાન તે તરફ ન હતું; કારણ કે મારું નામ 'લ'માં આવે છે. હાજરી બરાબર ચાલવા લાગી. કેાઈનું નામ છેકાયું નહીં; આખી દુનિયા જ હાજર હતી. બ્લેાન્ડોનું મેાં દિવેલિયું બનવા લાગ્યું. મેં કહ્યું, 'બેટા બ્લેાન્ડો, આજે તારે હાથે કેાઈનું ખૂન થાય તેમ લાગતું નથી!' પણ એટલામાં તેણે મેરિયસ પેાન્ટમર્સીનું નામ દીધું. કેાઈએ જવાબ ન આપ્યેા. બ્લેાન્ડોએ આશાભરેલે અવાજે બીજી વાર મેાટેથી બૂમ પાડી: 'મેરિયસ પેાન્ટમર્સી?' અને પેાતાની કલમ ઉપાડી. પણ મહાશય, મારામાં પણ પાણી છે. મેં તરત જ વિચાર્યું: 'આ કેાઈ બહાદુર જુવાનિયાનું નામ છેકાઈ જવાનું થયું છે. જીવડા વિચાર કર; એ કેાઈ ખરેખરેા સજ્જન માણસ હેાવેા જોઈએ, કે જે શાળામાં રેાજ નથી આવતેા. એ કેાઈ ચેાપડીમાં માથું ઘાલી તેનાં પાનાં કેાતરી ખાનાર કીડેા નહીં હેાય; મારે જરૂર તેને બચાવવેા જોઈએ;—બ્લેાન્ડો મુર્દાબાદ!' એ જ ઘડીએ બ્લેાન્ડોએ કલમ ખડિયામાં બેાળી, પેાતાની ભૂખરી આંખેા ઓરડા ઉપર ફેરવી, અને ત્રીજી વાર બૂમ પાડી: 'મેરિયસ પેાન્ટમર્સી!' મેં જવાબ આપ્યેા, 'હાજર, સાહેબ!' એટલે તમારું નામ છેકાતું રહી ગયું."

"મહાશય!—" મેરિયસ બેાલવા ગયેા.

"પણ મારું નામ છેકાઈ ગયું," લેઈગલે ઉમેર્યું.

"શી રીતે—?" મેરિયસે કહ્યું.

"તદ્દન સહેલી રીતે. કારણ કે, પ્રેાફેસર મારા તરફ સ્થિર નજરે જોઈ રહ્યો હતેા. તેણે તરત 'લ' અક્ષર ઉપાડ્યેા; અને મારું નામ ઉચ્ચાર્યું: 'લેઈગલ!' મેં જવાબ આપ્યેા, 'હાજર, સાહેબ!' એટલે બ્લેાન્ડો વાઘના જેવી મીઠી નજર મારી સામે કરીને જરા હસ્યેા અને બેાલ્યેા, 'જો તમે પેાન્ટમર્સી છેા, તેા લેઈગલ નથી.' આમ કહી તેણે ચટ દઈને મારું નામ છેકી નાખ્યું."

મેરિયસ દુઃખી થઈને બેાલી ઊઠ્યેા, "મહાશય, મને ઘણી દિલગીરી થાય છે—."

"પણ મને ઘણેા આનંદ થાય છે—." લેઈગલ હસી પડીને બેાલ્યેા. "હું વકીલ થઈ બેસવાની તૈયારીમાં હતેા. પણ આ ભંગાણથી હું બચી ગયેા. હું અદાલતના વિજયેાનેા ત્યાગ કરું છું! મારે હવે કેાઈ વિધવાને બચાવવી પડશે નહીં, તથા કેાઈ અનાથ બાળકની મિલકત પડાવી લેવા ઇચ્છનાર માટે દાવેા લડવેા પડશે નહીં. હું સાહેબ, આપનેા વળતેા આભાર માનવા માગું છું; આપનું શુભ નિવાસસ્થાન ક્યાં છે?"

"આ ઘેાડાગાડીમાં."

"ભારે તવંગર સ્થિતિની નિશાની કહેવાય. કારણ કે, એનું ભાડું વરસેદહાડે ૯ હજાર ક્રાંક થાય!" લેઈગલે શાંતિથી જવાબ આપ્યેા.

તે જ ઘડીએ કેાર્ફેરાક હેાટલમાંથી બહાર આવ્યેા.

મેરિયસે ખિન્નતાભર્યું હાસ્ય હસીને જવાબ આપ્યેા, "હું એ ભાડું બે કલાકથી ભરી રહ્યો છું; અને બેાડા વખતમાં જ એનેા ત્યાગ કરવા ઇચ્છું છું! પણ રેાજની કહાણીની જેમ, ક્યાં જવું એ હું જાણતેા નથી."

"મહાશય," કેાર્ફેરાક બેાલ્યેા. "મારે ત્યાં ચાલેા."

"પહેલેા હક મારેા છે," લેઈગલ બેાલ્યેા, "પરંતુ મારે ઘર જ નથી."

"બસ, બસ, ચૂપ રહે; લેઈગલ."

કેાર્ફેરાક ઘેાડાગાડીમાં જ બેસી ગયેા. "'હેાટેલ . . . સેંટ જેકસ' તરફ ડ્રાઈવર!"

અને એ જ રાતે મેરિયસ કેાર્ફેરાકની બેડાબેડ એક ઓરડીમાં ગેાઠવાઈ ગયેા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૬

તમારો રાજકીય મત કયો છે?

થોડા દિવસમાં મેરિયસ કોર્ફેરાકનો મિત્ર બની ગયો. જુવાની એ જલદી ઇશ્ક લાવનારી ઋતુ છે, અને કોર્ફેરાકની સંગતમાં મેરિયસ બહુ છૂટથી શ્વાસ લેવા લાગ્યો. મેરિયસને એ નવો અનુભવ હતો. કોર્ફેરાક તેને કશા પ્રશ્નો પૂછતો નહીં; તે ઉંમરે ચહેરો બધું આપોઆપ કહી દે છે.

એક સવારે, છતાં, કોર્ફેરાકે અચાનક તેને પ્રશ્ન પૂછ્યો: "પણ તમારો કોઈ રાજકીય મત છે?"

"તમે શું કહેવા માગો છો?" મેરિયસે જરા દુભાઈને પૂછ્યું.

"તમારો પક્ષ કયો છે?"

"બોનાપાર્ટી લોકતંત્રવાદી."

બીજે દિવસે કોર્ફેરાક મેરિયસને એ. બી. સી. મંડળની કાફે-મુસાંવાળી ખાસ ઓરડીમાં લઈ ગયો. મેરિયસને તેણે કાનમાં કહી દીધું, "મારે તને ક્રાંતિમંડળમાં દાખલ કરાવવો છે." બીજા સભ્યોને તેણે મેરિયસની રજૂઆત કરતાં જણાવ્યું, "નવો શાગીર્દ."

મેરિયસે અત્યાર સુધી વિચારસ્વાતંત્ર્યનું આવું મુક્ત દર્શન કર્યું ન હતું. આઝાદ તથા કર્મરત એવાં આ નિર્બંધ ચિત્તોના તોફાની અને વેગવંત પ્રવાહમાં તેને પોતાના વિચારો વમળે ચડતા લાગ્યા. ફિલસૂફી, સાહિત્ય, કળા, ઇતિહાસ, ધર્મ એ સર્વ બાબત અંગે આ પદ્ધતિએ કરાતી વિચારણા તેણે કલ્પી નહોતી.

એક દિવસ મંડળની વાતચીતમાં વૉટર્લૂનો ઉલ્લેખ આવ્યો. અને તેમાંથી નેપોલિયન વિષે એકાદ તુચ્છકારભર્યો ઉલ્લેખ થતાં જ મેરિયસ ઊભો થઈ ગયો; અને ભીંતે લટકતા ફ્રાંસના નકશા પાસે જઈ, નીચેના કોર્સિકા ટાપુ[૧] ઉપર આંગળી કરીને બોલી ઊઠ્યો — "આ નાનો ટાપુ, જેણે ફ્રાંસને ખરેખર મહાન બનાવ્યું."

એન્જોલ્રસ જે અત્યાર સુધી જાણે આકાશ તરફ જોતો હોય એમ બેઠો હતો, તેણે મેરિયસ તરફ નજર કર્યા વિના જ જવાબ વાળ્યો, "ફ્રાંસને મહાન બનવા માટે કોઈ કોર્સિકાની જરૂર નથી. ફ્રાંસ મહાન છે, કારણ કે તે ફ્રાંસ છે."

મેરિયસ અત્યારે પીછેહઠ કરી શકે તેવી દશામાં ન હતો. તે થડકારભર્યા અવાજે અને થડકતી નસો સાથે બોલવા લાગ્યો, "ફ્રાંસને નીચું પાડવાનું પાપ મારે હાથે ન થાઓ; પરંતુ નેપોલિયન સાથે તેને જોડવું એ તેને નીચું પાડવા બરાબર નથી. એ મહાપુરુષને તમે ન પૂજી શકતા હો, તો તમારે બીજું વિશેષ શું જોઈએ છે? તેનામાં દરેક વસ્તુ હતી; તે પૂર્ણ પુરુષ હતો. તેનું મગજ મનુષ્યોની સર્વ માનસિક શક્તિઓના સરવાળારૂપ હતું. જસ્ટિનિયનની પેઠે તે કાયદાઓ ઘડતો; સીઝરની પેઠે તે આદેશ આપતો; તે ઇતિહાસ રચતો તેમ જ લખતો; તેનાં બુલેટિનો મહાકાવ્ય હલિયડ જેવાં છે. શાહેનશાહોને તે ગૌરવ શીખવતો; તે બધું જોતો, બધું જાણતો, અને તેમ છતાં તેના નાના બાળકના પારણા પાસે ઊભો રહી તે એક વત્સલ પિતાનું ભલું હાસ્ય હસી શકતો. અને બીજી જ ઘડીએ ચમકેલું યુરોપ સાંભળતું કે તેનાં લશ્કરોએ આગેકૂચ આરંભી છે: તોપખાનાનાં પૈડાં ગડગડાટ કરતાં ધસી રહ્યાં છે, હોઢીઓના પૂલો નદીઓ ઉપર નંખાઈ ગયા છે, વંટોળ જેવી ઘોડેસવાર ટુકડીઓનાં વાદળ ઊમટી રહ્યાં છે, અને પોકારો તથા બ્યૂગલોના રણનાદ વચ્ચે દરેક ડેકાણે રાજસિંહાસનો ડગમગી રહ્યાં છે — રાજ્યોની હદો નકશા પર ભૂંસાવા લાગી છે.

"મારા મિત્રો! ન્યાયી વાત બોલો! આવા મહાન શહેનશાહની શહેનશાહત બનવું એ એક પ્રજા માટે કેવું ભવ્ય ખુશનસીબ કહેવાય; અને તેનાથી વધુ ભવ્ય બીજું શું હોઈ શકે?"

"સ્વતંત્ર બનવું એ!" કોમ્બીફેર બોલ્યો.

હવે મેરિયસનો માથું નમાવવાનો વારો આવ્યો. આ ઠંડા, સાદા શબ્દોએ તેના મહાકાવ્ય જેવા વાવંટોળને પોલાદની તલવાર પેઠે વીંધી નાખ્યો અને તે તેના અંતરમાં ઊભરાની પેઠે શમી ગયો. જ્યારે તેણે આંખ ઊંચી કરી, ત્યારે એન્જોલ્રસ સિવાય બીજા ત્યાંથી ચાલ્યા ગયા હતા.

મેરિયસની સ્થિતિ તદ્દન પ્રક્ષુબ્ધ બની ગઈ. પોતાના અંતરમાં તે એક પ્રકારની અંધકારભરી ખિન્નતા અનુભવવા લાગ્યો: કદાચ પૃથ્વીને બીજ વાવવા હળ વડે ચીરે છે, ત્યારે તેને થતી હશે તે જાતની. કારણ કે, નવા અંકુરના જન્મનો અને ફળ ધારણ કર્યાનો આનંદ તો બહુ મોડેથી આવે છે.

તેણે તાજેતરમાં જ નવી શ્રદ્ધા પ્રાપ્ત કરી હતી. એ શ્રદ્ધાએ તેના બાપને તેની નજીક આણ્યો હતો. હવે ત્યાંથી આગળ ખસીને તે બાપથી વિખૂટો પડવા માગતો ન હતો. પરંતુ ત્યાં ને ત્યાં અટકી રહેવાની ગમે તેટલી પ્રબળ ઇચ્છા હોવા છતાં, તે આગળ ધકેલાયે જતો હતો — એ વસ્તુ તેને ક્યાં લઈ જઈને અટકશે એની તેને ખબર ન હતી. તેણે કાફે-મુસાંમાં જવાનું છોડી દીધું.

આ બધી પંચાત દરમ્યાન જીવનની કેટલીક નક્કર બાબતો તરફ વિચાર કરવાનો તેને વખત મળ્યો ન હતો. પરંતુ એ બાબતો પોતાની જાતને ભૂલવા દેતી નથી: એક દિવસ ઘરધણી સવારમાં મેરિયસની ઓરડીએ આવ્યો અને કહેવા લાગ્યો — "મારે પૈસાની જરૂર છે."

"કોર્ફેરાકને કહો કે અહીં આવીને મારી સાથે વાત કરી જાય."

કોર્ફેરાક આવ્યો. ઘરધણી ચાલ્યો ગયો. મેરિયસે કોર્ફેરાકને પોતે ન કહેવા ધારેલી વાત કહી દીધી કે, હું દુનિયામાં એકલો છું; મારે કોઈ સગાંસંબંધી નથી.

"તમારી પાસે કાંઈ પૈસા છે?" કોર્ફેરાકે પૂછ્યું.

૧. નેપોલિયન કોર્સિકાનો વતની હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"માત્ર પંદર ક્રાંક!"

"હું ઉછીના આપું એવી તમારી ઇચ્છા છે?"

"કદી નહીં."

"તમારી પાસે કંઈ દરદાગીનો છે?"

"એક સોનાનું ઘડિયાળ; અને તમે જુઓ છો તે કપડાં."

"હું એક વેપારીને ઓળખું છું, તે તમારો ઓવરકોટ અને એક પાટલૂન ખરીદી લેશે; અને એક ઘડિયાળીને ઓળખું છું, તે તમારું ઘડિયાળ ખરીદી લેશે. પણ પછી તમે શું કામ કરવા માગો છો?"

"જે કરવું પડે તે; અલબત્ત, એ સારા માણસથી કરી શકાય તેવું હોવું જોઈએ."

"તમને અંગ્રેજી કે જર્મન આવડે છે?"

"ના, કેમ?"

"મારો એક મિત્ર બુકસેલર છે; તે એક વિશ્વકોષ જેવું તૈયાર કરે છે. તેને માટે તમે જર્મન કે અંગ્રેજી ભાષાના લેખોનો અનુવાદ કરી આપી શકો. મહેનતાણું બહુ ઓછું હોય છે, પણ તેનાથી જીવી શકાય ખરું."

"હું એ ભાષાઓ શીખી લઈશ."

"અને દરમ્યાનમાં?"

"મારો કોટ અને મારું ઘડિયાળ ખાઈને જીવીશ."

કપડાંના વીસ ક્રાંક ઊપજ્યા; ઘડિયાળીએ ૪૫ ક્રાંક આપ્યા. ઘેર પાછા ફરતાં મેરિયસે કોર્ફેરાકને કહ્યું— "મારા પંદર ક્રાંક ઉમેરતાં કુલ ૮૦ ક્રાંક થયા; ઘણા છે."

"હોટલવાળાનું બિલ?"

"ઓહ, એ તો હું ભૂલી ગયો હતો."

તે બિલ તરત જ ભરી દેવું પડ્યું; ૭૦ ક્રાંક ઓછા થયા. દશ બાકી રહ્યા.

કોર્ફેરાકે કહ્યું, "પાંચ ક્રાંક ખાઈને તમે અંગ્રેજી ભણજો; અને બીજા પાંચ ક્રાંકે જર્મન. કાં તો એ ભાષાઓ તમે બહુ જલદી ગળે ઉતારી કહેવાય; અથવા તો એ ક્રાંકને બહુ ધીમેથી."

મેરિયસની માસીએ, દરમ્યાનમાં, તેનું રહેઠાણ શોધી કાઢ્યું હતું. એક દિવસ મેરિયસ શાળામાંથી પાછો આવ્યો ત્યારે તેની માસીએ મોકલેલા ૬૦૦ ક્રાંકની એક સીલબંધ પેટી તથા એક કાગળ તેને મળ્યાં. મેરિયસે તે ક્રાંક પાછા મોકલાવી દીધા તથા વિનયભર્યા એક કાગળમાં લખી જણાવ્યું કે, 'મને આજીવિકાનું સાધન મળી ગયું છે, એટલે મારે પૈસાની જરૂર નથી.'

તે વખતે તેની પાસે ત્રણ ક્રાંક બાકી રહ્યા હતા.

૪૭

કસોટીમાંથી

મેરિયસને માટે જીવન અગ્નિપરીક્ષારૂપ થઈ પડ્યું. પોતાનો કોટ અને ઘડિયાળ ચાવી જવાં એ તો કંઈ મુશ્કેલ વાત ન કહેવાય; પણ તેને તો કડવાં તરણાં ચાવવાનાં થયાં. અર્થાત્, 'રોટી વિનાના દિવસો, ઊંઘ વિનાની રાતો, ભક્તી વિનાની સાંજ, આગ વિનાનો ચૂલો, મજૂરી વિનાનાં અઠવાડિયાં, આશા વિનાનું ભવિષ્ય, કોણીએથી કાણો થયેલો કોટ, જોને દેખીને છોકરીઓ હસી પડે તેવો જૂનો ટોપો, ભાડું ન ભર્યું હોવાથી રાતે પાછો આવે ત્યારે બંધ થયું ઘરનું બારણું, ઘરધણી અને તેના નોકરની તુમાખી, પડોશીઓની મજાક, સ્વમાનનો ભંગ, ગમે તે ગધ્ધાવૈતરું, ઘૃણા, કડવાશ, અને દીનતા— મેરિયસને આ બધું શી રીતે ગળે ઉતારી શકાય તે શીખવું પડ્યું; અને મોટે ભાગે તો ગળે ઉતારવા માટે એ વસ્તુઓ જ તેને મળતી!

ગરીબાઈ એ કેવી અદ્‌ભુત અને ભયંકર અગ્નિપરીક્ષા છે, જેમાંથી નબળાઓ તુચ્છ બનીને બહાર પડે છે, અને સબળાઓ ભવ્ય બનીને! ભાગ્યદેવી જ્યારે કોઈ માણસને ઢાળીને અઠંગ બદમાશ કે મહાન દેવાંશી બનાવવા ઇચ્છે છે ત્યારે આ કૂલડીમાં તેને ગાળે છે.

મેરિયસને આ બધી મુશ્કેલીઓ વચ્ચે થઈને માત્ર જીવવાનું ન હતું; પરંતુ વકીલની પરીક્ષા પાસ કરવાની હતી. અને તે તેણે કરી પણ. વકીલની પરીક્ષા પસાર થઈ રહેતાં તેણે પોતાના દાદાને એ ખબર પહોંચાડ્યા. તેમણે તે કાગળ વાંચીને ટુકડેટુકડા કરીને ટોપલીમાં ફેંકી દીધો. તેમની દીકરીએ તેમને સ્વગત એટલું બોલતાં સાંભળ્યા કે, "ગધેડા, તારામાં જો અક્કલનો છાંટો હોત, તો તું સમજી શક્યો હોત કે, એક માણસ બેરન અને વકીલ એકી સાથે કદી ન હોઈ શકે!"

મેરિયસ ધીરજથી, સહનશીલતાથી અને વીરતાથી જીવનના એ સાંકડામાં સાંકડા ભાગમાંથી આગળ નીકળી ગયો. તેનો માર્ગ જરા મોકળો થવા લાગ્યો. સખત પુરિશ્રમ, ખંત અને દૃઢ સંકલ્પના બળે તે વરસે દહાડે સાતસો ક્રાંક કમાતો થયો. તે જર્મન તથા ઇંગ્લિશ બંને ભાષા શીખી ગયો હતો, અને કોર્ફેરાકના મિત્ર બુકસેલરને ત્યાં કામે લાગ્યો હતો.

સાતસો ક્રાંક ઉપર તે શી રીતે જીવતો હતો? બાપ ખરાબ રીતે નહીં. જેમ કે, શરૂઆતમાં જણાવ્યું તેમ એક કંગાળ મકાનમાં એક ઘોલકી તેણે વરસે ૩૦ ક્રાંકને ભાડે રાખી હતી. એ મકાનની સંભાળ રાખતી ડોસીને તે મહિને ત્રણ ક્રાંક ઓરડી વાળવા તથા નાસ્તાની વસ્તુઓ લાવી આપવા બદલ આપતો. બધું મળીને તેનું કુલ ખર્ચ ૬૫૦ ક્રાંક થતું; અર્થાત્ વરસે દહાડે તે ૫૦ ક્રાંક જેટલો તવંગર બનતો. કોઈ મિત્રને જરૂર પડ્યે તે દશેક ક્રાંક ધીરતો. કોર્ફેરાક જ એક વખત ૬૦ ક્રાંક માગી ગયો હતો.

મેરિયસ પાસે બે જોડ કપડાં રહેતાં. એક જોડ 'દરરોજ માટે'; અને બીજી તદ્દન નવી ખાસ પ્રસંગો માટે. અલબત્ત, બંને જોડ પિતાના કાયમી શોકચિહ્ન તરીકે કાળા રંગની હતી.

આ 'સારી' સ્થિતિએ પહોંચતાં તેને વરસો વીત્યાં હતાં: મુશ્કેલીનાં કપરાં વરસો. પણ મેરિયસ એકે પ્રસંગે હિંમત હાર્યો ન હતો. તેણે દરિદ્રતાની એકેએક કોટી પસાર કરી હતી; અને દેવું કરવા સિવાય બીજું એકેએક કામ કર્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. તે માનતો કે માથે લેણદાર હોવો એ તો માથે માલિક હોવા કરતાં પણ ભૂંડું છે. માલિક તો તમારા શરીરનો જ હકદાર છે, પણ લેણદાર તો તમારી ઇજ્જતનો પણ; અને ગમે ત્યારે તેના ઉપર તે હાથ નાખી શકે છે. દેવું કરવા કરતાં તે ખાવાની ટંક જતી કરતો. અને ઉપવાસ વડે જ ઘણાય દિવસો તેણે કાઢ્યા પણ હતા.

આ બધા સમય દરમ્યાન તેના હૃદયમાં તેના પિતાના નામની સાથે બીજું એક નામ પણ કોતરાયેલું રહ્યું હતું — ઘેનારડિયરનું. વૉટર્લૂના રણમેદાન ઉપર ગોળીઓ અને ગોળાઓના વરસાદ વચ્ચે પોતાના પિતાની જિંદગી બચાવનાર આ માણસની આસપાસ તેણે વિચિત્ર ભાવ-ભક્તિ સરજ્યાં હતાં. મેરિયસને ઘેનારડિયરની વીશીની યાયમાલીની ખબર મળ્યા પછી ઘણો અફસોસ થતો હતો કે પોતે જીવતો હોવા છતાં પોતાના પિતાની જિંદગી બચાવનારને તેના દુઃખના દિવસમાં તે જરા પણ મદદ કરી શકતો નથી. મેરિયસે અવારનવાર વખત કાઢીને તથા ખર્ચ કરીને ઘેનારડિયરને શોધવા એ બાનુનો આખો પ્રદેશ તળેઉપર કરી નાખ્યો હતો; પરંતુ તેની જરા સરખી પણ ભાળ તેને હાથ લાગી નહીં.

૪૮

પિતૃઋણ

દાદાને ત્યાંથી નીકળી ગયે મેરિયસને ત્રણ વર્ષ થયાં હતાં, અને તેની ઉમર હવે ૨૦ વર્ષની થઈ હતી. બંને પક્ષે એકબીજાને મળવાનો કે સમાધાન ઉપર આવવાનો જરા પણ પ્રયત્ન કર્યો ન હતો. એનાથી લાભ પણ શો? મૉં. જીલેનોર્મન્ડ જેવો માણસ તૂટી જાય, પણ વળે ખરો?

પરંતુ સાચું કહીએ તો મેરિયસની આ જગાએ ભૂલ થતી હતી. એવા બાપ કદાચ હશે જે પોતાનાં સંતાનોને નહીં ચાહતા હોય; પરંતુ એવો દાદો કોઈ નથી જે પોતાના પૌત્રને ન ચાહતો હોય. વસ્તુતાએ મૉં. જીલેનોર્મન્ડને મેરિયસ ઉપર ભાવ-ભક્તિ હતાં. અલબત એ ભાવભક્તિ વ્યક્ત કરવાની તેમની પદ્ધતિ બખાળા અને ધખ્પા-મુક્કીની હતી; પરંતુ મેરિયસ ચાલ્યો ગયો ત્યારે તેમને પોતાના અંતરમાં એક અંધકારમય શૂન્યતા અનુભવમાં આવવા લાગી. તેમણે ચિડાઈને હુકમ આપ્યો કે, કોઈએ એ બદમાશનું નામ મારી આગળ ન લેવું; પરંતુ બધાએ તે હુકમનું અક્ષરશઃ પાલન કર્યું તેથી તે વળી વધુ ચિડાવા લાગ્યા. પહેલાં તો તે માનતા કે, એ 'ખૂની', 'હત્યારો' થોડા દિવસનાં જ પાછો આવશે; પરંતુ જેમ જેમ દિવસો જતા ગયા અને મેરિયસ પાછો ન જ આવ્યો, તેમ તેમ તે મનને મનાવવા લાગ્યા કે, એ ફાંસીગરાને હું કાઢી ન મૂકું તો બીજું કરું પણ શું? ડોસાને ગમગીનીના લાંબા ગાળા આવી જતા. ઘરડા માણસોને સૂર્યના પ્રકાશ જેટલી જ વહાલની જરૂર રહે છે. બંને વસ્તુઓ તેમને માટે સરખી હૂંફદાયક છે.

મેરિયસે વેઠેલા દુઃખે તેને ફાયદો કર્યો હતો. જુવાનીમાં આવેલું દુઃખ, જો માણસને ભાગી ન નાખે, તો એક ક્રીમિયાની ગરજ સારે છે; અને માણસની સઘળી ઇચ્છાશક્તિને પુરુષાર્થ-મુખી તથા તેના સમગ્ર આત્માને ધ્યેયમુખી બનાવી દે છે. તેમાંથી જ પછી આધ્યાત્મિક જીવનની તૃષ્ણા જાગી થાય છે. પેલા પૈસાદાર જુવાનિયાને જે કંઈક સ્થૂલ તથા મનોહર ભોગો પ્રાપ્ત થાય છે: શરત, શિકાર, સિગાર, જુગાર, મિજબાની અને આરામ. આમ, તેના આત્માના ઉચ્ચ અને સૂક્ષ્મ અંશોને ભોગે તે પોતાના સ્થૂલ અંશોને કામગીરી આપ્યા કરે છે. જુવાન માણસને તો પોતાની રોટી માટે કામ કરવું પડે છે. તે ખાય છે; અને જ્યારે તે ખાઈ રહે છે, ત્યારે તેને ચિંતન સિવાય બીજું કાંઈ કરવાનું રહેતું નથી. ઈશ્વરે મફત આપેલી રમતગમતમાં પછી તે જોડાય છે. અનંત આકાશને, તારાઓને, ફૂલોને કે બાળકોને તે નિહાળે છે; જે માનવતામાં તે દુઃખ વેઠી રહ્યો હોય છે તેને તે નિહાળે છે; તથા જે સૃષ્ટિમાં તે ઝળકી રહ્યો છે તેને તે નિહાળે છે. માનવતાને તે એટલી બધી નિહાળે છે કે તેને આત્મા દેખાય છે; અને સૃષ્ટિને તે એટલી બધી નિહાળે છે કે તેને ઈશ્વર દેખાય છે.

મેરિયસ વકીલ થયો હતો છતાં તે કોર્ટમાં વકીલાત કરવા જવાની ઇચ્છા રાખતો ન હતો. એટર્નીઓ સાથે મળતા રહેવું, કોર્ટોમાં હાજરી આપવી, ફરિયાદો શોધવી — એ બધું કંટાળાભરેલું હતું. તે શા માટે એ બધું કરે? તેનું પોતાનું કામ નિશ્ચિત હતું તથા સરતું હોવા છતાં તેની પોતાની જરૂરિયાતો માટે પૂરતું હતું. બુકસેલરોમાંના એકે તેને મકાનની સગવડ સાથે વર્ષે ૧૫૦૦ ફ્રાંક આપવા જણાવ્યું હતું. પરંતુ પગારથી બંધાઈને કામ કરવું અને એક લેખક-કારકુન બની રહેવું તેના કરતાં સ્વતંત્ર રહીને જે ઓછું મળે તેથી ચલાવવું એ તેને વધુ પસંદ કરવા જેવું લાગ્યું. કારણ કે, સ્થિતિ એકસાથે સુધરે અને બગડે, સુખચેન વચ્ચે પણ સ્વમાન ઓછું થાય, – એ સોદો તેને ખોટનો ધંધો લાગ્યો.

મેરિયસને બહાર ખુલ્લામાં ઓછી અવરજવરવાળા રસ્તાઓ તરફ દૂર સુધી એકલા ફરવા જવાનું બહુ ગમતું. રસ્તે જનારા લોકો તેને કોઈ શાકની વાડી તરફ, કે ઉકરડાના ઢગલા ઉપર રમતાં મરઘાં-બતકાંનાં બચ્ચાં તરફ, કે રેંટ ફેરવતા ઘોડા તરફ લાંબો વખત સ્વપ્નસ્થની જેમ જોયા કરતો જોતા.

મેરિયસનો રાજનૈતિક તાવ હવે ઊતરી ગયો હતો. તેના અભિપ્રાયો તે જ રહ્યા હતા, પણ તેમની પાછળની ગરમી ઠંડી પડી ગઈ હતી. ખરી રીતે તેમને અભિપ્રાયો જ ન કહી શકાય; તેને હવે જુદી જુદી સહાનુભૂતિઓ હતી એમ જ કહેવું જોઈએ. તે કયા પક્ષનો હતો? માનવતાના પક્ષનો! માનવતામાં પણ તે ફ્રાંસને પસંદ કરતો; ફ્રાંસમાં પણ તે લોકોને પસંદ કરતો; અને લોકોમાં પણ તે સ્ત્રીને પસંદ કરતો. તેની કરુણા સૌ કરતાં સ્ત્રી પ્રત્યે જ ઢળતી.

૧૮૩૧ના મધ્ય ભાગમાં તેની ઓરડીનું કામકાજ કરતી ડોસીએ તેને જણાવ્યું કે, તેમની પડોશમાં રહેતા જોન્ડ્રેટ કુટુંબને મકાનમાંથી હાંકી કાઢવાનું છે. મેરિયસ પોતાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટા ભાગનો સમય ઘરની બહાર જ કાઢતો હોવાથી, તેને ખબર પણ ન હતી કે તેને પડોશીઓ હતા.

"તેમને શા માટે હાંકી કાઢવાના છે?"

"કારણ કે તેમણે ભાડું ભર્યું નથી; બે હપ્તા ચડી ગયા છે."

"ભાડું કેટલું ચડેચું છે?"

"૨૦ ફ્રાંક."

મેરિયસના ખાનામાં ૩૦ ફ્રાંક પડેલા હતા.

"લો ડોરીમા, આ ૨૫ ફ્રાંક. તેમનું ભાડું ભરી દેજો; અને તેમને પાંચ ફ્રાંક ખર્ચ માટે આપજો. તેમને કહેશો નહીં કે તે કોણે આપ્યા છે."

—ચાલુ] ગો૦

બનાસકાંઠાની બોલી

[આનો આગળનો હપતો જુઓ 'શિ૦ સા૦'નો ઑગસ્ટ અંક. તેમાં કહ્યા પ્રમાણે આ હપતામાં એ બોલીના કેટલાક શબ્દો કક્કાવારીમાં આપ્યા છે.]

અગોટો = કાનની ઉપરના ભાગમાં પહેરવાનું ચાંદીનું ઘરેણું
અછુબાનો = ઓચિંતાનો, અણધાર્યો
અઢીબટો = ધોતિયાનો પ્રકાર. ત્રણવાર લાંબું, ૭૨" પનાનું વચ્ચેથી સાંધાવાળું. આ પ્રદેશમાં ખાસ પહેરાય છે.
અધવાલી = એક શેરનું માપ (અનાજ ભરવાનું)
અનરશ = હંમેશ
અમલ = અફીણ
આકળત = ઉતાવળ
આકુદું = પોતાની મેળે
ઈયાંને = એને
ઉંઈ = ત્યાં
ઉતવાળ = ઉતાવળ
ઉંદરડો = કોળી ચોર હોય તેને માટે તુચ્છકારના અર્થમાં
ઊડવું = દોડવું
એં = સંબોધન. (ઉદા૦ એં ચમન, એં મહારાજ)
કટાળું = ગામમાં ફરીને ફાળો ઉઘરાવવો
કઢણ = માથું સખત દુખવું, મગજમાં સણકા મારવા
કરેડિયું = બોતડું, ઊંટનું બચ્ચું
કસર = ઝીણો તાવ
કસવી = ગંદી. કસવો = ગંદો [હથિયાર
કાતરી = છૂટું ફેંકવાનું લાકડાનું ઑસ્ટ્રેલિયન બૂમરેંગ જેવું
કાઠા = કોળી
કાસડકૂટિયું = ખટપટિયું, બૂહાબોલું
કૂડું = ખોટું, જૂઠું. કૂડું કે સાચું? = ખોટું કે ખરું?
કોરડ = મઠ
કોંદરી = કંદરી; માણસો અને ઊંટ પણ ન દેખાય તેવા ખાડા
ખારાશ = કડવાશ, ખોરું
ખૂટેલ = ફૂટેલા, દગાબાજ, વિશ્વાસઘાતી
ખોંખણ = પીલુડાંનું તેલ
ગડાં = કણબી લોકો [ચાલ)
ગરવું = પકડવું. (ઉદા૦ આંગળી ગરીને ચાલ=આંગળી પકડીને
ગૂડો = ઢીંચણ
ગોલરું = આંખમાં આંજવા માટે સૂરમો રાખવાનું પિત્તળનું નાની શીશી જેવું સાધન, જે આંગડીની કાંસે બંધાય છે.
ગંઠોડા = કાનમાં પહેરવાનાં સોનાનાં ઘરેણાં
ઘંટોક = ઘરડો
ચૂડચાંદી = ચાંદીનાં બલૈયાં
ચોવઠિયાં = પગની ચાર આંગળીઓએ પહેરવાનું ચાંદીનું ઘરેણું
ચોસિયું = ચાર સઈ, ચાર મણ (સઈ = મણ. બ૦વ૦ સઈયું)
છાણવાયું = ચૂલા પાસે છાણાં મૂકવાનું સાધન, જે ભીંત સાથે ખૂણામાં માટીનું બનાવેલું હોય છે.
જવલિયાં = હાથે પહેરવાનાં ચાંદીનાં ઘરેણાં
જેવરમાં = જવલ્લે જ, ભાગ્યે જ
ઝખારો = તાવમાં બકવાટ કરવો
ઝલકું = ઘાસનો ભારો, નકડો, ગંજી
ઝીલવું = નાહવું
ઠાંડે ઠાંડે = ઠેકઠેકાણે
ઠાંસિયા = કાનમાં વાળી જેવું સોના યા ચાંદીનું ઘરેણું
ડફાકો = વહેવાર બહારનું, મોટાઈવાળું
ડાલો = મોટો ટોપલો
ડાવળ = હબ્નમ (તુચ્છકારના અર્થમાં 'ડાવળિયો')
ડેલું = વગર ખેડેલી જમીન
ડોકો = શેરડીનો સાંઠો, ઘાસનો સાંઠો
ડોરણાં = કાનની બૂટોમાં પહેરવાનું ઘરેણું
ઢૂંસલા = નાનાં બાળકોને હાથે પહેરવાનું ઘરેણું
ઢેલિયું = ગાયો
તણી = કપડાં સૂકવવાની દોરી, વળગણી
તપી = તાવ
તાડવું = ચોરવું
ત્રોટિયો = કાનની ઉપરના ભાગમાં પહેરવાનું ઘરેણું
થળી = ટોકરી (ઓઘડની થળી)
દાડી = રોજેરોજ, હંમેશ
દોરું = અધરું, વસમું
ધાડવું = ચોરવું
ધાપ્યો = ધરાયો
નેઠ નેઠ = મહા મુસીબતે, પરાણે
નેઠવાડ્યો = ઊણો કર્યો, ખુટાડ્યો
પખાળ = જુલાબ
પરોંચિયો = કાંડિયાં મોતીની ગૂંથેલી હાથે પહેરવાની બંગડીઓ
પાધરો = હમણાં જ, સીધો
પાલી = ૨ શેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાવરો = ચંદી
પાહન = પાછોતરું, પાછળનું, ઉપરવાસનું, પડખેનું (મોટી ઉંમર થયા પછી વરતાર થાય તેને પાહન કહે છે)
પાહલો = ઉપાધિ
પુવાલું = અર્ધો શેર
પેટાબ્રેસણું = ઝાડો, મરડો
પોખાંદડી = કાનની બૂટોમાં પહેરવાનું ઘરેણું
બઉડું = બઉટા નામના ઓજારથી આખા દિવસમાં જેટલું ખેડાય તેટલો જમીનનો એકમ. લગભગ પાંચ વીઘાં
બઉટો = ખેડવાનું સાધન
બાળણિયું = ચૂલા પાસે બાળવાનાં લાકડાં મૂકવાની માટીથી બનાવેલી ખાસ જગા
બાંધરાં = અલંકારો તથા સુંદર વસ્ત્રો
ભીડાણો = સામો મળ્યો, સપડાયો, ફસાયો
ભોડું = માથું (ભોડાકૂટ = માથાકૂટ)
ભોંડું = લાકડાનો ટુકડો
ભોંમણાં = ઓવારણાં
માઠડી = હાથે પહેરવાનાં ચાંદી યા એલ્યુમિનિયમનાં ઘરેણાં
માઠિયાં = નાનાં બાળકોને હાથે પહેરવાનું ઘરેણું
માઢ = દરવાજા સાથેનો બેઠક માટેનો ઓરો
માણું = ૧૦ શેર અનાજ ભરવાનું માપ
માતર = સુખડી

— ચાલુ]

મનુભાઈ મોહનલાલ ભટ્ટ

નવું વાચન

સથવારો : લે૦ અવિનાશ વ્યાસ; પ્ર૦ એન. એમ. ત્રિપાઠી, મુંબઈ ૨; કિં૦ રૂ. ૨–૦–૦; પૃ૦ ૧૪૮.

ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં ગેયકાવ્યોના સર્જક તરીકે શ્રી અવિનાશ વ્યાસ વિખ્યાત છે. તેમના કાવ્ય-સંગ્રહ 'દૂધગંગા' તથા ગીત–નૃત્ય–નાટિકા સંગ્રહ 'મેંદીનાં પાન' પ્રસિદ્ધ થયા પછી આ ત્રીજે તેમનાં નવનીત ગીતો અને 'સંગીતકમ'નો સંગ્રહ બહાર પડે છે. એમાં ૯૪ ગીતો અને ૫ સંગીતકમ્ છે. વળી એમાં ૪૮ મુક્તકો પણ છે.

આખો સંગ્રહ જોતાં શ્રી અવિનાશ વ્યાસની ગીતકાવ્યો પરની હથોટીનો સારો ખ્યાલ આવે છે. પરંતુ એક વાત હજી એમનાં કેટલાંક કાવ્યોમાં ક્ષતિ રૂપે જણાય છે. ગીતકાવ્યોમાં ભલે છન્દોના જેવું સુનિશ્ચિત બંધન હોતું નથી, પરંતુ લયવાહિતા, શબ્દમાધુર્ય અને પદલાલિત્ય અવશ્ય હોવું જ જોઈએ. મારીમચડીને તાલ બેસાડવો પડતો હોય તો એ ક્ષતિ જ ગણાય. એમનું સિને-જગતમાં ખૂબ વખણાયેલું 'રાખનાં રમકડાં' લો અથવા 'તાલીઓના તાલે' લો. એ જોતાં આ વાતની પ્રતીતિ થશે. માત્ર સંગીતવાદ્યોના સાજના ઓથા તળે શબ્દોને તાણીતૂસીને વાપરવાથી સફળ ગીતકાવ્યો થઈ શકતાં નથી. તજજ્ઞ અભ્યાસીને તરત જ એ ખૂંચ્યા વિના રહે નહીં.

'આભ ઝરૂખે', 'તાનારીરી', 'રાસ–દુલારી', 'જય-સોમનાથ' અને 'અર્વાચીના' એ પાંચ સંગીતકમ્ પણ કંઈક અંશે 'જય સોમનાથ'ને બાદ કરતાં સામાન્ય કોટીનાં જ છે. ભલે એ ભજવતી વેળાએ સંગીતવાદ્યો, નૃત્ય ઇત્યાદિને લીધે કેટલાકને ગમેય ખરાં, પરંતુ એમાં વ્યક્ત થયેલું વસ્તુ ધ્યાન ખેંચે એવું અવશ્ય નથી. એમાં કશું ઊંડાણ (depth) જ નથી.

'રહેઠાણ તારું ખોળતા . . .' 'દેશ દેશને વેશ વેશની . . .' જેવાં કેટલાંક મુક્તકો અમુક અંશે સારાં છે. 'આથમતા બોલે રતિદેવ . . .' એ મુક્તકમાં શ્રી રવીન્દ્રનાથ ઠાકુરના એક મુક્તકનો જ ભાવ વણી લીધો છે. તો એવો ઉલ્લેખ તેનો હોવો જોઈએ.

એકંદરે આખો સંગ્રહ જોતાં ગેયકાવ્યોની બાબતમાં આ સંગ્રહ 'દૂધગંગા' કરતાં આગળ પ્રગતિ કરતો હોય એમ જણાતો નથી. અને નૃત્ય-ગીત-નાટિકાઓ પણ 'મેંદીનાં પાન'ની નાટિકાઓની તોલે આવી શકે એવીય માલૂમ પડતી નથી. અવશ્ય શ્રી અવિનાશ વ્યાસમાં ગેયકાવ્યો રચવાની સર્જનશક્તિ છે ખરી. પરંતુ સાથે સાથે વિચારોમાં ઊંડાણ, ઉત્કટ અનુભૂતિ તથા સર્જનશીલ કલ્પનાશક્તિ એમનામાં આવે તો અવશ્ય આપણને એમની પાસેથી સારાં ગેય કાવ્યો તથા સંગીતકમ્ મળી શકે એમ છે. માત્ર સામાન્ય લોકરંજન આપવાનું તથા સિને-જગતના રસિયા-ઓની મનોવૃત્તિઓને પોષવાનું જ વલણ રાખવામાં આવે તો ઉત્કૃષ્ટ સર્જનની આશા એવા સર્જકો પાસેથી રાખવી વ્યર્થ છે.

મુ૦ ક૦

વિશ્વદર્શન : લે૦ છોટુભાઈ સુથાર; પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય; કિં. રૂા ૨–૦–૦; પૃ. ૭૬+૪

આ પુસ્તક આકાશદર્શનમાં રસ લેતા સૌ કોઈને ખૂબ ઉપયોગી નીવડવા સંભવ છે. સારા આર્ટ પેપર ઉપર આકાશદર્શનને લગતી આકૃતિઓનો ઉઠાવ ખૂબ સુંદર છે અને લખાણ તેમ જ આકૃતિની મદદથી તારામંડળો ઓળખ-વામાં એ વિષયના અનભિજ્ઞને પણ સરળતા થઈ પડવા સંભવ છે. ૧૭ પ્રકરણ સાથે ૨૩ જેટલાં પરિશિષ્ટો જોડી ખગોળ સંબંધી ભારોભાર માહિતી પુસ્તકમાં ભરેલી છે.

પૃ. ૬૨ ઉપર સપ્તર્ષિને આધારે સમય શોધવાની આપેલી રીતમાં થોડી અસ્પષ્ટતા છે. ધ્રુવની આસપાસ કલ્પિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદામાં, જોનાર અને ધ્રુવરેખાને જોડનારી રેખા જ્યાં છેદે, ત્યાં જોનારની બાજુએ '૬' અને સામી બાજુએ '૧૨'ના આંકડા કલ્પ્યા હોય તો જ એ ચંદો ઘડિયાળની ગરજ સારે.

આ પ્રકારનાં પુસ્તકો ગણ્યાંગાંઠ્યાં જ બહાર પડ્યાં છે. અને તે બધાંમાં પણ આ પુસ્તક વિશેષે નોંધપાત્ર છે.

આવા સારા પુસ્તકનો ઉઠાવ નબળા ટાઈપથી ઝાંખો પડી જાય છે. અહીંતહીં કપાયેલા અને અસ્પષ્ટ ઊઠેલા ટાઈપોને કારણે વાંચવાની મજા મારી જાય છે.

મુખપૃષ્ઠ ઉપરનું ચિત્ર ઢંગધડા વગરનું છે. તેમાં ચીતરેલા તારા આકાશના કયા ભાગના છે એ નક્કી કરવું મુશ્કેલ પડે તેમ છે.

બં૦ ગાં૦

આરોગ્ય કેમ સાચવશો? : લે૦ ભૂપતરાય મો. દવે, શંકરલાલ મો. દવે; પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ લિ.; પૃ. ૧૯૬. કિં. રૂા. ૩-૦-૦

લેખકોએ કુદરતી ઉપચાર અંગે અગાઉ ચારેક પુસ્તક લખ્યાં છે. લેખકોએ પોતાના અનુભવો, તેમ જ ઉપચારથી લાભ લેનારના અનુભવોનો ખ્યાલ આપવા પ્રયત્ન કરેલ છે. આખું પુસ્તક વાંચી જતાં પ્રથમ તો એમ જ લાગે છે કે, લેખકોએ આરોગ્ય ધામ, માટુંગા,ની જાહેરાત કરવા પ્રયત્ન કર્યો છે. આમ બનવાનું કારણ એ લાગે છે કે. હિંદના જુદા જુદા વિભાગમાં કુદરતી ઉપચાર કરાવનાર કે કરનારાઓમાંથી કોઈનાય અનુભવોને પુસ્તકમાં સ્થાન મળ્યું નથી.

ફળો અને શાકો માટેના લેખો ઉપયોગી ગણાય, પણ તે કેટલા શાસ્ત્રીય છે તે શંકાસ્પદ છે.

ટમેટાં અને લોહદ્રવ્યોમાં લેખક લખે છે કે—

"ટમેટામાં લોહનું પ્રમાણ વધારે હોવાથી તે ઘણા રોગોમાં કામ આપે છે. દૂધ કરતાં ટમેટામાં બમણું લોહ છે." પૃ. ૧૪૭

આ વિધાન ખોટું લાગે છે. ગુજરાત સંશોધન મંડળની આરોગ્ય પત્રિકા — ૬ માં આપેલા આંકડા સાથે સરખાવતાં દૂધ કરતાં ટમેટામાં અડધું લોહ હોવાનું જણાય છે:

વળી પોષક દ્રવ્યોના પૃથક્કરણમાં છોડ ઉપર પાકેલા ટમેટાનાં પોષક દ્રવ્યોના આંકડા ૧૦૦.૪ ટકા, પાકેલાં કેળાંનાં પોષક દ્રવ્યોના આંકડા ૧૦૩.૮ ટકા, પાકા પપૈયામાં ૧૦૦.૯ ટકા થાય છે. આ બધાં પોષક દ્રવ્યોમાં પાણીનો સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ ૧૦૦ ભાગના પૃથક્કરણમાં ૧૦૦ થી વધારે આંકડા શી રીતે આવતા હશે તે સમજાતું નથી. વળી આ આંકડા ઉપરાંત દરેકમાં પ્રજીવનકો છે તે તો જુદાં જ.

લખાણની અશુદ્ધિઓ તેમ જ પ્રૂફવાચનની ભૂલો પાને પાને જોવા મળે છે. છાપકામ, કાગળ અને ટાઇપ ઇત્યાદિ સુંદર છે. પ્રૂફવાચનમાં વિશેષ કાળજી રાખવી જોઈતી હતી એમ લાગે છે. વળી લખાણમાં પણ કેટલેક ઠેકાણે ક્ષતિઓ છે.

લખાણમાં કોઈક કોઈક ઠેકાણે વિરોધાભાસ પણ આવી જાય છે. સંભવ છે કે શું કહેવું તે લેખક પાસે સ્પષ્ટ હોય. પરંતુ લખાણમાં એ સ્પષ્ટતા ન હોવાથી વાચક મૂંઝવણમાં પડી જાય.

'કેટલાક લોકો દાતણ ચાવતી વખતે જે થૂંક બહાર ફેંકી દેવું જોઈએ તે ગંદુ થૂંક ગળા નીચે ઉતારી જાય છે. અને જઠરમાં એક જાતનો ઝેરી પદાર્થ ધકેલી દે છે.' પૃ. ૧૮૧

'કેટલાક લોક સવારે ફરવા જાય છે ત્યારે મોંમાં દાતણ ચાવતા ચાવતા જાય છે અને વારંવાર થૂંકે છે. લાળ નકામી જાય છે. આ રીત નુકસાનકારક છે.' પૃ. ૧૮૧

એક જ પાન ઉપર આપેલાં ઉપલાં બે વિધાનમાંથી કયું સાચું ગણવું? બંને સાચાં હોય તો કયું થૂંક ગળી જવું અને કયું થૂંકી નાખવું તે અંગેની કંઈ સ્પષ્ટતા છે ખરી?

લખાણમાંથી બીજી એક હકીકત તરી આવે છે. વજનનું વધવું એ આરોગ્યની પારાશીશી નથી. આરોગ્યનું માપ જ કાઢવું હોય તો નર્યા વજન વધારાથી નહીં પણ રોગનો સામનો કરવાની દરદીની તાકાત, જ્ઞાનેંદ્રિયોના સંવેદનની સૂક્ષ્મતા, એકાદ બેઠકે કંટાળ્યા વગર કલાકોના કલાકો સુધી કામ કરવાની શરીરશક્તિ ઇ.થી જ આવી શકે. પુસ્તકમાંનો એક લેખ 'હું ઍપેન્ડિસાઇટિસના ઑપરેશનથી બચી ગયો' ખાસ ધ્યાન ખેંચે છે. શરીરમાં અમુક સ્થળે થતા ચોક્કસ પ્રકારના દુખાવાને ઍપેન્ડિસાઇટિસના નામે દાક્તરો ઘણી વખત ઓળખાવે છે. કારણ કે દરદનાં બાહ્ય લક્ષણો ઉપર જ આધાર રાખીને દાક્તરો કહે છે. પરંતુ સાચું ઍપેન્ડિસાઇટિસ કુદરતી ઉપચારથી મટે કે કેમ તે શંકાસ્પદ છે. અને તેમાં પણ પસ થઈ ગયું હોય તો કુદરતી ઉપચાર કામ કરતા નથી. કુદરતી ઉપચાર લીધા બાદ ઍપેન્ડિસાઈટિસનું ઑપરેશન કરાવવું પડ્યું હોવાના કિસ્સાઓ બને છે. એટલે દરદીના છૂટાછવાયા અનુભવોને આધારે મત બાંધી બેસવાની કોઈ ભૂલ કરે તેવો સંભવ છે. આવાં પુસ્તકોમાં, તેની વિશેષ ઉપયોગિતા માટે, સેંકડે કેટલા ટકા એવાં દરદો મટ્યા તેનો તાળો કાઢી જ પ્રસિદ્ધ કરવો જોઈએ.

અત્યારના ખરચાળ જમાનામાં સાદા અને સરળ ઉપચારો તેમ જ આહારવિહારમાં વિવેક એ ખૂબ ઉપયોગી છે અને લેખકોએ આ અગત્યનું અંગ વારંવાર સચોટ રીતે વાચકોના ખ્યાલ ઉપર લાવવા પ્રયત્ન કર્યા છે તે સાચે જ પ્રશંસનીય છે.

બં૦ ગાં૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસિક વિવેચન

બાપુની જયંતી

બાપુની જયંતીનો દિવસ આ અંક બહાર પડચે થોડા દિવસમાં આવે છે, એ યાદ કરવા પૂરતા બે અક્ષર લખવા જોઈએ. હૃદય ભરાઈ જાય, ત્યારે શબ્દોની જગા હોતી નથી. દર વરસે આ દિવસે એમને યાદ કરી વરસભરને માટે પવિત્રતા, સાધુતા, અને સેવા-ધર્મપરાયણતાનું ભાથું હૃદયમાં ભરી લઈએ. સમજીએ તો આજે પણ બાપુ આપણા રાષ્ટ્રમાં છે જ; તેમને આપણા હૃદયમાં બોળવા જોઈએ; ત્યાં તેમનું સ્થાન છે; ત્યાં તેમને સ્થાપવા જોઈએ. તો આપણા દેશનાં બધાં દુઃખોનો ઇલાજ મેળવી શકીશું. આપણી આવી શ્રદ્ધાભક્તિ વધો.

૨૨–૯–'૫૩ અ૦

ગાંધીજયંતી માટે વડા પ્રધાનનો સંદેશો

આપણામાંના ઘણાને ખાદીને વિષે શ્રદ્ધા છે અને કેટલાંયે વરસોથી આપણે તે પહેરતા આવ્યા છીએ. આપણી લડતના સમય દરમ્યાન તે આપણી આઝાદીનો પોશાક હતી અને સાથે સાથે તે આપણને હિંદના જન સાધારણની સમાન કક્ષાએ મૂકે એવી કંઈક વસ્તુ હતી. એ જન સાધારણની સુખાકારી આપણા પરિશ્રમનો પ્રધાન ઉદ્દેશ હતો. દુર્દૈવે આપણા દેશમાં અસંખ્ય જ્ઞાતિઓનું અનિષ્ટ છે. એ અનિષ્ટ હજીયે ટકી રહ્યું છે અને આપણા રાજકારણ તથા સમાજજીવનને કલુષિત કરી રહ્યું છે.

પરાપૂર્વથી ચાલતી આવેલી એ જ્ઞાતિઓ ઉપરાંત આર્થિક વિષમતાને કારણે આપણા સમાજજીવનમાં બીજા ભાગલાઓ પણ છે. અને એ બધા ભાગલાઓ અને વિષમતાઓ દૂર કરવાં એ આપણું ધ્યેય ભૂતકાળમાં હતું અને આજે પણ છે. ભારતના રાજબંધારણમાં રાજનીતિના આદેશરૂપ સિદ્ધાંતો તરીકે આ વસ્તુઓ પર ભાર મૂકવામાં આવ્યો છે. પણ એ ઘણો મોટો સવાલ છે અને તેને માટે આપણી સમગ્ર સમાજરચનામાં મૂળભૂત ફેરફારો કરવાની જરૂર છે. એ દિશામાં આપણે બેશક આગળ વધી રહ્યા છીએ પરંતુ આપણી ગતિ જોઈએ તેટલી ઝડપી હોય એમ લાગતું નથી.

એ વાત જવા દઈએ, પણ કેટલીક વસ્તુઓ એવી છે જે આપણા પૈકી દરેક જણ કરી શકે. ખાદી પહેરવી અને વાપરવી એ એમાંની એક છે. આ રીતે આપણે કંઈ નહીં તો ધનિકો અને ગરીબોને જુદા પાડનારી કપડાંની બાબત દીવાલો તો ઓછી કરી શકીશું. ખાદી કંઈ નહીં તો આપણી પ્રજાના વિશાળ આમસમુદાય સાથે આત્મીયતાનો ભાવ પેદા કરે છે. તે સહિયારા પુરુષાર્થ તથા બિરાદરીનું વાતાવરણ પેદા કરે છે.

આ ઉપરાંત, ખાદી કંઈ નહીં તો થોડેઘણે અંશે બેકારીના સવાલનો ઉકેલ લાવવામાં મદદરૂપ થાય છે. મારું એવું કહેવું નથી કે આપણે ખાદી પહેરીશું એટલે બેકારીનો એ સવાલ ઊકલી જશે. પરંતુ એ રીતે આપણે એ દિશામાં કાંઈક મદદરૂપ તો ખસ્સૂસ થઈએ છીએ તથા બેકારીનો એ સવાલ ઉકેલવાની આપણી જવાબદારી છે એ ભાન ખાદી પહેરવાથી આપણને સતત રહ્યા કરે છે.

સૌને માટે પૂરી રોજગારીનો આ સવાલ આજે આપણ સૌને માટે એક ભગીરથ સવાલ થઈ પડ્યો છે. અનેક મોરચે આપણે એને હાથ ધરવાનો છે. પણ એ વાતનો વધુ ને વધુ સ્વીકાર થતો જાય છે કે એને હાથ ધરવાનો પ્રધાન માર્ગ ગ્રામઉદ્યોગ તથા નાના પાયા પરના ઉદ્યોગોને ઉત્તેજન આપવું એ છે.

ખાદી આપણો એક પ્રધાન ગ્રામઉદ્યોગ છે તેમ જ જેને માટે આપણે ઝૂઝતા હતા અને જે આપણે હાંસલ કરી છે તે સ્વતંત્રતાનું જ પ્રતીક નથી, પણ આત્મીયતાની ભાવના તથા આપણી પ્રજામાં રહેલા બધા ભેદભાવોની નાબૂદી જેવી એથીયે મહત્ત્વની વસ્તુઓનું પણ પ્રતીક છે.

આથી આપણે ખાદી પહેરવી જોઈએ, વાપરવી જોઈએ તથા દરેક રીતે તેને ઉત્તેજન આપવું જોઈએ. આ વાત આપણને સૌને લાગુ પડે છે પછી આપણો ચાહે તે દરજ્જો હોય, આપણે ચાહે તે કાર્ય કરતા હોઈએ અથવા આપણે સામાન્ય પ્રજાજન હોઈએ કે સરકારી અધિકારી હોઈએ.

ખાસ કરીને, જેની સાથે અનેક સ્મરણો અને સંભારણાંઓ સંકળાયેલાં છે એવા ગાંધીજયંતીના દિવસે તો આપણે એ અવશ્ય કરીએ જ.

(અંગ્રેજી પરથી) જવાહરલાલ નેહરુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુ સમાજને ચેતવણી

છાપાંમાં ખબર છે કે, શ્રી વિનોબા અને તેમની મંડળી કેટલાક હરિજનો સાથે બિહારમાં દેવગઢના શ્રી વૈજનાથ જ્યોતિર્લિંગનાં દર્શને જતા હતા ત્યારે મંદિરને દરવાજે કેટલાક પંડાઓ તેમની ઉપર તૂટી પડ્યા અને તેમને માર્યા. તેમાં બેત્રણ બહેનોને પણ મારવામાં આવી એમ લાગે છે. શ્રી વિનોબાના ઉપર પણ હાથ નાંખ્યો લાગે છે. પટણાથી તેમના મંત્રી ભાઈ દામોદરદાસ મૂંદડાનો તાર છે તેમાં કહે છે કે,

"ઈશ્વરની કૃપાએ મોટી આફત ટળી છે. કુસુમતાઈ (દેશપાંડે) પર હલ્લો થયો, પણ હવે તેમને ઠીક છે. નંદકિશોર શર્મા, ચંદ્રેશ્વરજી હરિજનને ગંભીર ઈજા થઈ છે, પણ ચિંતાનું કારણ નથી."

આ ખબર વાંચીને હરકોઈ હિંદીને અને ખાસ કરીને દરેક હિંદુને શરમથી માથું નીચું કરવા જેવું લાગશે. મંદિરપ્રવેશ વિષે ગમે તેવું લાગે, તે છતાં ધર્મજડતાના ઝનૂનને પણ હદ હોવી જોઈએ, નહીં તો નાગરિક અને જંગલીમાં ફરક ન રહે. વૈજનાથનું મંદિર હિંદુઓનાં અગ્રગણ્ય દેવસ્થાનોમાં એક ગણાય છે. શ્રી વિનોબા જેવા ભક્ત અને સાધુ પુરુષ તેનાં દર્શને જાય અને સાથે હરિજનોને લેતા જાય, તે આજે ઈ. સ. ૧૯૫૩ની સાલમાં એવડો મોટો ગુનો કે, પંડાઓ તેમનો મિજાજ ન રોકી શકે? આ તો કેવળ ગુંડાગીરી જ કહેવાય; એમાં ધર્મની તો વાત જ ક્યાં રહી? તેમાં સજ્જનતા પણ નથી.

અને આ વર્તન તો રાષ્ટ્ર સામે અપરાધ છે. આજે સ્વરાજમાં એ વસ્તુ પણ હજી પંડાઓના મનમાં ઊતરી નથી એ બતાવે છે કે, અસ્પૃશ્યતાની જડ કેટલી ઊંડી છે. આ બનાવથી, ખાસ કરીને બિહારની હિંદુ જનતાની આંખ ઊઘડવી જોઈએ. મંદિરમાં જનારા લોકોએ હરિજનો વગર તેમાં ન જવાનાં વ્રત લેવાં જોઈએ. એમ થવાથી પંડાઓનો ધંધો બંધ થાય તો તે કારણે બેકારી ભલે વધે. પણ આ જાતની 'દુરિજનતા' તો હવે ન ટકવા દઈ શકાય. પંડાઓ અને તેમના સહ-વિચારીઓ સમજે કે, આ લાકડીઓ વગેરેનો માર ખરું જોતાં મંદિરના ભગવાન ઉપર જ હતો, કેમ કે આ હુમલો ધર્મ અને ઈશ્વરની સાચી ભાવના પર જ હતો.

પરદેશના લોકો આ ખબર વાંચીને શું કહેશે? શું વિચારશે? ગોરાઓ જો તેમના દેશમાં આપણને ન પેસવા દે તો તેમાં એમની ભાવના આપણા સનાતનીઓ કરતાં કઈ રીતે ઊતરતી થઈ? હિંદુ મંદિરોના રખવાળા અને એકલા વર્ગો સાચો ધર્મ સમજે ને તેનો ધંધો ન કરી મૂકે; કેમ કે હવે રાજ્ય ફર્યું છે, જમાનો ફર્યો છે. તેઓ આવાં કૃત્યોથી કેવળ નાસ્તિકતા જ વધારશે, તેનું એમને ભાન થવું જોઈએ.

આને કોઈ ક્રોધની વાણી ન સમજે; હિંદુના બળતા હૈયાની વરાળ એ છે બસ. આ બધું જોઈને એમ થાય છે કે, આનાથી શરમાવું કે ગુસ્સે થવું? શરમાવું તો સહજ છે; ગુસ્સો કરવાનો અર્થ નથી. ઈશ્વરની પાસે એટલું જ માગીએ, હે દયાનિધિ, આ તારા દાસ અને રખેવાળ ગણાતા લોકોને સાચી સમજ આપી અમારી અને એમની ઉપર તારી દયા અને કૃપાનું અમૃત વરસાવ.

હિંદુ સમાજ આ બનાવને ઈશ્વરે આપેલી ચેતવણી રૂપે ગણે અને સમજે કે, તે આજે ક્યાં છે.

૨૧-૯-'૫૩ મ૦

મુદ્દાલિયર કમિશનનો રિપોર્ટ

પં૦ જવાહરલાલજી દિલ્હીથી તા. ૧૩-૯-'૫૩ના રોજ એક જાહેર યાદી બહાર પાડી, આપણી યુનિવર્સિટીઓની ભયંકર દુર્દશા વિષે જાહેરમાં પોતાનું દુઃખ રડ્યા છે. આમ કરવાનું નિમિત્તકારણ અલ્હાબાદ લખનૌની યુનિવર્સિટીઓમાં ત્યાંનાં વિદ્યાર્થી મંડળોએ લઈને જે હડતાલ, ઉપવાસ વગેરે પડ્યાં, તેથી તે યુનિવર્સિટીઓ બંધ કરવી પડી, તે બન્યું હતું. હવે તેમાં કાંઈક ફેરફાર થયો છે ને તે સંસ્થાઓ પાછી ખૂલી શકી છે એ સારી વાત છે.

પંડિતજીનું આ નિવેદન આ અંકમાં અલગ આપવામાં આવ્યું છે તે વાચક જુએ. તેમાં એક વિધાન એવું છે કે, "અનેક કમિશનો અને અનેક તેના હેવાલો આપણી પાસે પડ્યા છે. હવે કાંઈક તાત્કાલિક કાર્ય કરવાનો વખત આવી પહોંચ્યો લાગે છે." આવા પાસે પડેલા હેવાલોના થોકડામાં હમણાં એક નવો ઉમેરો થયો છે, તે માધ્યમિક શિક્ષણ કમિશનના હેવાલનો. તેની નકલો તો મળતી લાગતી નથી, પણ તેનો સારાંશ છાપાંમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યો છે. તે પરથી લાગે છે કે, આ કમિશન વિષેની જે ધાસ્તી હતી તેને સાચી પાડે એવો તે છે. એ જ્યારે નિમાયું ત્યારે તે વિષે મેં લખેલું (જુઓ શિ૦ સા૦ ડિસેમ્બર, ૧૯૫૨) તે યાદ આવે છે.

તે લેખમાં તેને કવખતનું કમિશન કહેલું. રિપોર્ટે તે ટીકા સિદ્ધ કરી છે. માધ્યમિક શિક્ષણ પ્રદેશે પ્રદેશે પોતપોતાની રીતે ખીલ્યું છે; તેના પ્રશ્નો વિગતમાં જુદા જુદા હોય છે, અને તે કુદરતી છે. તેને માટે કેટલાંય પ્રદેશરાજ્યો પોતપોતાની સમિતિઓ નીમીને સુધારાનો વિચાર કરતાં હતાં. તેમાં વડી સરકાર એક કમિશન નીમીને વચ્ચે આવી. તેના સભ્યોમાં બધા પ્રદેશોના પ્રતિનિધિ નથી, એ ફરિયાદ થઈ. જે લોકો લેવાયા તેમાં પણ કાંઈ ફરિયાદ રૂપે કહેવાયું. એ બધી આજે ગણગુજરી ગણાય; તેને છોડીએ. પણ આ બધાની અસર રિપોર્ટ પર થાય જ, એ ઉઘાડું છે.

સમગ્ર દેશની રાષ્ટ્રીય કેળવણીની પુનર્ઘટનાની વિશાળ અને વ્યાપક દૃષ્ટિએ, માધ્યમિક કક્ષાના શિક્ષણ વિષે જે થોડાક મોટા સવાલ ઊઠે છે, તે પર એકાગ્ર થવાને બદલે, કમિશન નાહકની વિવિધ વિગતોમાં પણ પડી ગયું. અને મોટા સવાલો વિષે જે નિર્ણય કર્યો તેને ભાગ્યે જ પ્રગતિશીલ પણ કહી શકાય. બલ્કે એ તો પ્રત્યાઘાતને ઊલટું ઉશ્કેરે એવો થયો. જેમ કે, પ્રાથમિક પાયાના શિક્ષણની વર્ષમર્યાદા; અંગ્રેજીનું સ્થાન. આ બાબતમાં તેણે આખી બીંત જ ભૂલીને વાત કરી. પ્રાથમિક પાયાનું શિક્ષણ આઠ વર્ષનું હોય, એ વડી સરકારની શિક્ષણ સલાહકાર સમિતિનો ઠરાવ છે. રાષ્ટ્રના બંધારણે પણ એને પ્રાથમિક શિક્ષણની ફરજિયાત વયમર્યાદા આંકી. પરંતુ આ કમિશને તો જુનવાણી વાત જ રજૂ કરી ને ૪ વરસ પછીની 'મિડલ સ્કૂલ' અને તેમાં અંગ્રેજી ચાલવાની વાત કહી! સાથે હિંદીને મૂક્યું, પણ એટલોય સાદો વિચાર ન કર્યો કે, એક સાથે બે નવી ભાષાઓ નાનાં બાળકો કેમ કરીને શીખે? શું કામ તે તેમને માથે મારવી? નવાઈ તો એ છે કે, કોઈ સભ્યે આ વાહિયાદ વાત વિષે વિરોધ પણ ન નોંધ્યો!

બીજી અનેક વાતો કરી એમાં તો ચાલુ વિચારણાનો સાર નોંધાયો કહેવાય; એમાં કશું મૌલિક ન નીકળ્યું. કમિશનનો હેવાલ જનમતાં જ મુડદાલ જેવો ઓછા વજનનો નીવડ્યો, તેમ કહેતાં દુઃખ થાય છે.

૨૧-૯-'૫૩ મ૦

થૂંકવાની કુટેવ

નવી દિલ્હીથી તા. ૧૬-૯-'૫૩નો પી. ટી. આઈ.નો બાપા જોગો તાર છે તેમાં એક એવી ખબર છે કે, પાર્લમેન્ટના ડેપ્યુટી સ્પીકરે તેના સભ્યોને એવું કહ્યું કે, કોઈ પણ સભ્યને — પછી તે ગમે તે હશે તો-પણ — હું પાર્લમેન્ટમાં થૂંકવા કે ઉધરસ ખાવા નહીં દઉં; આ જો રોકી ન શકાય તોય તે હાઉસની અંદર તો ન જ ચાલી શકે; તે સભ્યે બહાર જવું જોઈએ.

ઉધરસ વિષે તો ઠીક છે કે તે રોકી ન શકાય. પણ થૂંકવા બાબતમાં એમ ન કહી શકાય. સભામાં ઉધરસ ખાવા કરવી પડે તો ત્યાંથી બહાર ચાલ્યા જવું એ જ યોગ્ય. પણ થૂંકવા વિષે કહેવું પડ્યું એ વિચિત્ર છે. સભ્યો પાર્લમેન્ટના ઓરડામાં થૂંકતા હશે? આ તે કેવી વાત ગણાય! પાન ને તંબાકુ ખાનાર કોઈ હશે? કોણ જાણે. પરંતુ આગગાડીમાં થૂંકનાર આપણા લોક કરતાંય આ સભ્યો તો ચડ્યા કહેવાય. દેશની શ્રેષ્ઠ સભાના ઓરડામાં થૂંકવાનું કેમ સૂઝતું હશે, એ જ નવાઈ લાગે છે. આપણા લોકોના સ્વચ્છતાના ખ્યાલોની પાયાગત ખામી આ તો કહેવાય. આ બબર વાંચી બહારની દુનિયાના લોકો આપણે વિષે કેવો વિચાર કરતા હશે? મકાનની અંદર ખૂણામાં કે ભીંતો ઉપર થૂંકવું એ એક ગંદી કુટેવ છે અને તેમાં અસભ્યતા પણ રહેલી છે, એ સંસ્કાર પ્રાથમિક શિક્ષણથી કેળવવો જોઈએ. તેવું જ ઝાડાપેશાબ વગેરે માટે પણ કરવાની આપણી રાષ્ટ્રીય જરૂર છે.

૨૧-૯-'૫૩ મ૦

પાર્લમેન્ટના સભ્યોની મૅચ

ગોદાવરીની રેલને લીધે લોકોને જે સંકટ આવી પડ્યું, તેમાં રાહત આપવા માટે ફંડ ઉઘરાવવા સારુ પં. જવાહરલાલજીએ 'વડા પ્રધાન રેલ-રાહત ફંડ' કાઢ્યું છે. તેમાં નાણાં મેળવવા સારુ પાર્લમેન્ટના સભ્યોએ એક ક્રિકેટ મૅચ ગોઠવી અને તેની ટિકિટો વેચી લાખ ઉપર રૂપિયા મેળવ્યા. મૅચમાં બે પક્ષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકે પ્રાર્લમેન્ટની બે — ઉપલી નીચલી — સભા બની. એકના કપ્તાન પંડિતજી થયા અને બીજાના ડૉ. રાધાકૃષ્ણન. ભણતા હશે — વરસો ઉપર — ત્યારે બૅટ બૉલ હાથમાં આવ્યાં હશે એવા બુજરગો રમવા નીકળ્યા, એ એક કુતૂહલ તો ખરું જ. આથી કરીને ટિકિટો વેચાઈ. બે દિવસ આ ખેલાડી સભ્યો રમ્યા; તેનાં વર્ણન ને ચિત્રો છાપાંનાં પાનાં ભરી ભરીને આવ્યાં. સાંભળવા પ્રમાણે, મુંબઈ જેવી દૂરની નગરીઓમાંથીય ઘનિક કુતૂહલી લોકો એ મૅચ જોવા ગયા. મૅચના નાના નાના ટુચકાઓ પર કાવ્યમય બબરો છાપાંમાં અપાઈ; સંકટ દૂર કરવા માટે નાણાં ભેગાં કરવા સારુ મજાનો રંગ જમ્યો. પાર્લમેન્ટના સભ્યોને દેશના મહાન કામમાંથી કાર્યાન્તરનું મનોરંજન મળ્યું હશે, જેથી તેમનાં મનબુદ્ધિ વિશેષ પ્રફુલ્લિત થયાં હશે. જોનારા લોકો પણ પોતાના એ પ્રતિનિધિઓને નવા જ રૂપમાં જોઈ રાજી થતા હશે. દિલ્હી નગરીમાં નાનાં મોટાં દીવાનખાનામાં અને મંડળીઓમાં એ બે દિવસ સારી એવી ઊથલપાથલ અને ઘર-ગોષ્ઠીનો મનોરંજક વિષય મળ્યો હશે.

હવે દેશની શ્રેષ્ઠ સભાના સભ્યોનું આ ખેલ-નાટક જોઈને મુંબઈનાં ધારાસભ્ય મંડળમાં એનું અનુકરણ કરવાની વાત ચાલી છે. તેવું જ બીજા પ્રદેશોમાં પણ થાય તો નવાઈ નહીં : महाजनो येन गतः स पन्थाः।

મુંબઈ પ્રદેશમાં એવો વિચાર ચાલે છે કે, ક્રિકેટ મૅચ રાખવી કે કુસ્તી કે તેવી દેશી મૅચ યોજવી? દેશી મૅચ રાખે તો સમય તો બચે જ અને ક્રિકેટની બરચાળ વરણાગી પણ તેમાં ન પોસાય. તેનું શું કરે છે તે હવે જોવાનું છે.

મ૦

એ મૅચ સામે વાંધો

આપણા દેશભાઈઓના દુઃખને માટે મદદ મેળવવા સારુ આવી રીતનો રમતનો ખેલ પાડવો પડે એ કેવું કહેવાય? એ વિષે મારી ઉપર પત્રો આવ્યા છે, તેમાં મુખ્યત્વે બે જાતની ફરિયાદ છે :

૧. માનવદયા અને માનવધર્મને નામે જ્યાં નાણાં મેળવવાં ને માગવાં જોઈએ ને તે મળવાં જોઈએ, ત્યાં મનોરંજનનું વિષ ઊભું કરીને ચાલવું પડે, એ આપણે માટે કેવું કહેવાય? જેમ કે, એક ભાઈ લખે છે,

> "હંમેશાં દેશની દરિદ્રતા તેમ જ બીજી કોઈ પણ મુસીબતમાં (પંડિતજીએ) બનતું કર્યું છે. અને હમણાં કદી ન કરેલું પણ કર્યું કે તેઓ ક્રિકેટ રમ્યા. આ પગલું તેમના માટે પ્રશંસનીય છે. પણ શું આટલી ઉમ્મરે કદી ન કરેલું, ન આવડતું આપણે તેમની પાસે કરાવવું જોઈએ? શું આમ તેમના કહેવાથી નહીં અને તેમને વિદૂષક જેવા નચાવી તેમાંથી હલકું મનોરંજન લઈ તેમનો દમ કાઢી શું આપણે આપણા દલિત-ગરીબ ભાઈઓને મદદ કરવી ઉચિત છે? શું તેમાં પ્રેમ સમાયેલો છે? હિંદના દરેક ધનિકને શરમાવા જેવું છે. હિંદ ગરીબ છે. પણ તેમાં હજી ઘણા શેઠો છે, એ પણ તેટલું જ સાચું છે. આપણે આવ્યા તો એકલા અને જઈશું પણ એકલા — આવું સર્વે જાણતા હોવા છતાં પણ પરમાર્થે ધન શા માટે ખર્ચતાં બધા અચકાય છે? પં. નેહરુની હાલત હિંદ માટેમાં ઘરકી મુરગી દાલ બરાબર જેવું જ થઈ ગયું છે? આ પ્રસંગ હિંદ માટે ઘણો જ દુઃખકર હોવો જોઈએ. અને ભવિષ્યમાં તેઓ તૈયાર થાય તોય આવા પ્રસંગો ન ઊભા થવા દેવા જોઈએ."

આ એક ફરિયાદ છે. બીજી ફરિયાદ એ છે કે, હિંદમાં ક્રિકેટને આટલી બધી પ્રતિષ્ઠા શું કામ? આ સભ્યો હુતુતુતુ, ખોખો, કે એવી દેશી રમતને ઉત્તેજન આપીને પણ આ કામ સાધી શકતા હતા.

બંને ફરિયાદોમાં વજૂદ નથી એમ ન કહી શકાય. એક મિત્રે પહેલી ફરિયાદના સંબંધમાં એક દાખલો ટાંકયો કે, શાંતિનિકેતન માટે ગુરુદેવ પોતાના વિદ્યાર્થીઓ લઈને મોટાં નગરોમાં નાટચપ્રયોગો કરતા ફંડ મેળવવા નીકળેલા, તે ગાંધીજીએ રોકેલું અને ગુરુદેવને કહેલું કે, તમારે આમ કરવાની જરૂર પડે એ શરમની વાત છે; તમે નિરાંતે તમારું કામ કરો; નાણાં તમને ત્યાં બેઠાં મળવાં જોઈએ. અને તેમ તેમણે કરી લીધેલું.

પરદેશી રમત વિષેનું કારણ પણ સાચું છે. એમાં તે રમત સામે વિરોધ છે એમ કોઈ ન માને. વિરોધ છે સરકાર શાને ઉત્તેજન અને પ્રતિષ્ઠા આપે છે તે બાબતમાં. જે લોકો ક્રિકેટ ઇ૦ રમતો રમવા ચાહે, તેઓ પોતાને ખરચે અને જવાબદારીથી રમી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ અંગ્રેજી રાજ્ય જેવાં મદદ ને ઉત્તેજન તેને આપતી તથા આસ કરીને તેને પ્રતિષ્ઠા આપતી, તેવું હવે હિંદ સરકાર કે તેના માણસો ન કરી શકે. આને લીધે રમત-ગમત જેવી સૌના સમરસની બાબતમાં પણ ઊંચ-નીચતા અને ખરચાળ વરણાગી પેસી ગઈ; અંગ્રેજી ભાષાને લઈને થયું તેમ એની રમતોને લઈનેય પણ લોકોમાં બે ભાગ પડ્યા. આ ભાવના સારી નથી; ક્રિકેટ જેવી રમતોને પ્રતિષ્ઠા આપતાં પાર્લમેન્ટની મેંચવાળાએ તો આ સમજવું ઘટે.

મ૦

મુંબઈ સરકાર અને ક્રિકેટ

ક્રિકેટની રમત વિષે એક બીજી ખબર હમણાં જાણવા મળી કે, મુંબઈ ક્રિકેટ મંડળની એક સભામાં તેના પ્રમુખપદેથી બોલતાં ન્યાયમૂર્તિ ટેન્ડુલકરે ફરિયાદ કરી કે, શાળાના વિદ્યાર્થીઓમાં ક્રિકેટ રમતનો પ્રેમ પેદા કરવા તેને ઉત્તેજન આપવું જોઈએ, પણ મુંબઈ સરકાર તેને માટે નિશાળોને ગ્રાન્ટ આપતી નથી.

શાળાઓમાંથી ક્રિકેટનો રંગ લાગતો રહે તો આગળ ઉપર દેશમાં તેના બેલાડી મળતા રહે અને એ રમત જીવતી રહે; તેથી આ પરંપરા તૂટવી ન જોઈએ; પણ તેના ખર્ચનું શું ? — એ સવાલ આવે છે. ગઈ સરકારની તે પ્રિય રમત હતી, એટલે તેણે તેને ઉત્તેજન આપ્યું; હવે સરકાર ન આપે તે આફત ! કેમ કે, પ્રજાને પૈસે થોડાક લોકોએ આ રમતની વરણાગી કરતા રહેવું, એ કોઈ હક છે શું ? સરકારે આવા આવા નજીવા લાગતા છતાં ખૂબ પરિણામકારક વિવેક કરીને જ આ દેશમાં ગયા રાજ્યની આદતોને સુધારવી જોઈશે. લોકોએ હવે સમજી લેવું ઘટે કે, જેમણે આ રમતની વરણાગી કરવી હોય તેમણે પોતાના ગાંઠના પૈસે તે કરવી જોઈશે; એ આ દેશની આમ-રમત નથી કે રાષ્ટ્ર તેને ઉત્તેજન આપે.

મ૦

શ્રી રાધાકૃષ્ણન અને ક્રિકેટ

એક ટુકડીના કપ્તાન રાધાકૃષ્ણન થયા એ ભારે કૌતુકની વાત લાગી. એ ફિલસૂફ છે. કયાંક એમણે જ કહેલું છે કે, રમતોના મોટા જલસા થાય અને લોકોનાં ટોળાં ત્યાં જમે છે, એ મને સમજાતું નથી. ઑક્સ-ફર્ડમાં હોડીઓની શરતની રમત મોટો જલસો ગણાય છે. તે પ્રસંગે કૉલેજોના વર્ગો અને હૉસ્ટેલો ખાલી થઈ જાય છે ને અધ્યાપકો સહિત બધા નદીકાંઠે શરત જોવા દોડી જાય છે. પણ એક પ્રસંગ એવો નોંધાયો છે કે, તે વખતે જ એક વાર રાધાકૃષ્ણનનું ભાષણ હતું ને કેટલાક લોક શરતની મજા છોડીને તે સાંભળવા રોકાયેલા. અસ્તુ.

આમ છતાં રાધાકૃષ્ણને આ મેચમાં ભાગ લીધો,— જોકે એ રમ્યા નહીં, પણ રમનારનો વેશ ધારીને બધો વખત જોવા તો રહ્યા, — એથી નવાઈ લાગી. પણ તે ફિલસૂફ છે. આજે રાજકારણ ક્ષેત્રમાં પડ્યા છે; પરદેશોમાં એલચીકામ કરતા થયા છે. તેનું એક સૂત્ર એ છે કે, દેશ તેવો વેશ રાખવો જોઈએ. અને જન-તાનો ભાવ જોઈને તે પ્રત્યે હાવકાઈ ધરવી ઘટે. ભગવાને પોતે પણ જગતની માયાને વશ થઈને જેવી લીલા કરવી જોઈએ તેવી તે નથી કરતો ? આ દુનિયા પણ એક ક્રિકેટ જ છે; આપણી વારી પૂરી થાય એટલે બાદ થઈને છેવટે સ્વધામ પહોંચવાનું છે. પંચાત જગ-ક્રિકેટમાં પોતાની વારી બરોબર બેલવાની છે; તે કરતાં છતાં છેવટે બાદ થવાનું છે, એ તેની ક્ષતિ ન ભૂલી શકાય એવી છે, એટલું જ. એનો વિષાદ ન હોય, એની ઉદાસી ન હોય, પણ એનું વિસ્મરણ પણ ન હોવું ઘટે. કેમ કે ધર્મજીવનનું ઝરણું એ અમર યાદીના અચળગઢમાંથી નીકળે છે.

૨૨-૬-'૫૬ મ૦

કેટલાક નવા શબ્દો

વેચાણવેરો 'સિંગલ-પૉઇન્ટ' કે 'મલ્ટી-પૉઇન્ટ' હોય; તે માટે ગુજરાતી પર્યાય કયો બરોબર ? છાપાંમાં 'એક-, બહુ-મુખી' 'એક-, બહુ-લક્ષી' એવા શબ્દ ચાલ્યા. આથી પૂરો ભાવ નથી પ્રગટ થતો. વેચાણવેરો ઘરાકને ચીજ પહોંચતાં સુધીમાં કેટલી વાર લેવો, એ ભાવ મુખ્ય છે. તેથી વધારે સમર્પક શબ્દ 'એકવારિયો' 'અનેકવારિયો' વેચાણવેરો કહેવાય. હજુય એ રૂઢ કરવા જેવો છે. હવે તે વેરો 'બે-વારિયો' કરવાનો વિચાર ચાલે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ડેથ ડ્યૂટી' આવી તેનો તરજુમિયો શબ્દ અન્યો 'મૃત્યુવેરો'! આ વેરાને મૃત્યુ જોડે લેવાદેવા એટલી જ છે કે, તે વખતે વારસાનો સવાલ આવે છે. એ કાંઈ દર મૃત્યુ પર લેવાનો વેરો નથી, પણ વારસા પર લેવાનો હોઈ 'એસ્ટેટ ડ્યૂટી' જેવા ભાવનો વારસાવેરો શબ્દ જ સાચો છે.

૨૨–૯–'૫૩ મ૦

चरति चरतो भगः

કહેવાય છે કે, ફરતાનું નસીબ ફરતું રહે. એ સારા માટે જ ફરતું રહે એમ માનવું જોઈએ. અથવા જેવું આપણું ફરવું તેવું તેનું ફરવું થતું હશે. શું હશે એ તો એ દેવ જ જાણે!

અમેરિકનો દુનિયામાં બહુ ફરે છે. એક મિત્રે આંકડા આપ્યા છે કે, ૧૯૫૨માં તે લોકોએ પરદેશ પ્રવાસમાં ૧ અબજ ડૉલર વાપર્યા; એટલે કે ૫ અબજ રૂપિયા ગણો. તેમાંના ૮૨ા કરોડ ડૉલર પરદેશોમાં વાપર્યા ને બાકીના જહાજ ૪૦ પેટે વાહનખર્ચના.

આ લોકોનું નસીબ દુનિયામાં આજે ફર્યું છે તે આથી કરીને હશે?

ભિખારી પણ જો ફરે તો રળે; બેઠો રહે તો મરે. ઘંટી પણ ફરે તો દળે. ઘોડા માટે પણ એમ કહેવાય છે.

નાણાનું પણ એ જ લક્ષણ આજના અર્થશાસ્ત્રીઓ બતાવે છે. તે જો ફરતું રહે તો લોકના નસીબમાં નાણું દેખવાનું મળે. જો કંજૂસના હાથમાં બંધાઈ રહે તો નસીબનાં દ્વાર બંધ થાય.

લક્ષ્મી પણ જે ચંચળ જ રહી છે તે નસીબનો આ 'चरतो' મંત્ર સમજીને હશે? તો જ તે લક્ષ્મી રહી શકે, નહીં તો તેનું નસીબ પણ બેસી જ જાય!

'સંસાર' અને 'જગત' પણ એ જ ફરતા રહેવાને ધંધે લાગે છે. નહીં તો તેમનું નામ ફરતારામ અર્થનું શું કામ પડત? પૃથ્વી અને વિશ્વમંડળ પણ ફર્યા જ કરે છે. પણ નસીબના ફરવામાં અને તેના ફરવામાં એક ફેર છે, કે જેનાથી સાવધ રહેવું જોઈએ: નસીબ બે બાજુ ફરી શકે છે — સારી નરસી એમ તેને બે બાજુ છે; સંસાર કે પૃથ્વીના ફરવાને બાજુ જ નથી — બસ તે ફરે જ છે, જ્યારે આપણે માણસોએ કેવળ ફરવાને બદલે, સારી તે માઠી એવી બે બાજુ ફરવા માટે રાખી છે. એટલે જે પ્રમાણે ફરીએ તેવું આપણું નસીબ ફરે છે, અને તેથી જ નસીબની ચિંતા માણસને જ રહ્યા કરે છે.

૨૨–૯–'૫૩ મ૦

ટૉલ્સ્ટૉય જયંતી

રશિયાની 'તાસ' સમાચાર પેઢી જણાવે છે:

"ગયા ઑગસ્ટની ૨૮મીએ સારાયે સોવિયેતસંઘના લોકોએ રૂસી ભાષાના મહાન સાહિત્યસ્વામી વિશ્વવિખ્યાત લેખક લિયો ટૉલ્સ્ટૉયની ૧૨૫મી જન્મજયંતી ઊજવી હતી. રશિયાની જનતાએ અને સરકારે એ મહાન પ્રતિભાના સ્મારક અર્થે એમના નિવાસસ્થાન યાસ્નાયા પોલ્યાના ખાતે એક સંગ્રહાલયની રચના કરી છે. એની જાળવણી અને દેખભાળ રાજ્ય કરે છે.

ટૉલ્સ્ટૉયને વારસામાં મળેલી યાસ્નાયા પોલ્યાનાની જાગીર મોસ્કોની દક્ષિણે એકસો માઈલ દૂર, તૂલા પ્રદેશમાં આવેલી છે. યાસ્નાયા પોલ્યાના ટૉલ્સ્ટૉયનાં જીવન અને કાર્ય સાથે અવિસ્મરણીય સંબંધે જડાયેલું છે. ટૉલ્સ્ટૉય અહીં જન્મ્યા હતા અને એમના આયુષ્યનાં ૫૦ જેટલાં વર્ષો એમણે અહીં જ ગાળ્યાં હતાં. એમની મોટા ભાગની કૃતિઓ અહીં જ સ્ફુરી હતી અને એમના હાથે લખાઈ હતી. એ મહાન લેખકની છેલ્લી આરામગાહ પણ આ સ્થળે જ આપી હતી.

યાસ્નાયા પોલ્યાના અને પડોસનાં ગામડાંઓના ખેડૂતો સાથેનો રોજિંદો સંબંધ, લોકોનાં જીવનનું, જ્ઞાતની જરૂરિયાતો, આશાઓ, ભાષા અને કલાનું જ્ઞાન – ટૉલ્સ્ટૉયના એક માનવ અને લેખક તરીકેના ચારિત્ર્ય ઘડતરમાં મદદગાર બન્યાં. ખુદ ટૉલ્સ્ટૉયે જ આ સ્થાન વિષે લખ્યું છે: 'રશિયા અને તેને માટેની મારી ભાવનાને યાસ્નાયા પોલ્યાના વગર કલ્પવાનું પણ મારા માટે મુશ્કેલ છે. કદાચ આ સ્થાન વગર મને મારી માતૃભૂમિ માટે આવશ્યક સામાન્ય નિયમોનું સ્વચ્છતર દર્શન થઈ શકે, પરંતુ એને જેટલી પ્રાણસમ ચાહું છું એટલી ચાહી તો ન જ શકું.'"

૨૩–૯–'૫૩ મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારા કેટલાંક શાળોપયોગી પુસ્તકો

અચલાયતન	૧–૦–૦	બાપુની સેવામાં	૨–૦–૦
અપંગની પ્રતિભા	૧–૮–૦	બાપુની પ્રસાદી	૨–૦–૦
અમારાં બા	૧–૮–૦	બાપુ — મારી મા	૦–૮–૦
અર્થશાસ્ત્રની પરિભાષા	૦-૧૪-૦	બુદ્ધલીલા	૦-૧૨-૦
અહિંસાનો પહેલો પ્રયોગ	૧–૦–૦	બે ખુદાઈ ખિદમતગાર	૦-૧૨-૦
આત્મકથા	૨–૦–૦	બ્રહ્મદેશનો પ્રવાસ	૦-૧૦-૦
સંક્ષિપ્ત આત્મકથા	૧–૦–૦	ભાઈ અને વેરી	૦–૮–૦
આત્મરચના અથવા આશ્રમી કેળવણી	૪–૮–૦	મધપૂડો	૧–૪–૦
આરોગ્યની ચાવી	૦-૧૦-૦	મલેરિયા	૦–૭–૦
આહાર અને પોષણ – ૧	૦-૧૦-૦	મહાદેવભાઈની ડાયરી – ૧	૦–૪–૮
આહાર અને પોષણ – ૨	૦-૧૨-૦	મહાદેવભાઈની ડાયરી – ૨	૫–૮–૦
આંધળાનું ગાડું	૦–૪–૦	મહાદેવભાઈની ડાયરી – ૩	૫–૦–૦
ઇદુને પત્રો	૧–૦–૦	મહાદેવભાઈની ડાયરી – ૪	૩–૦–૦
ઉર્દૂ લિપિ શિક્ષિકા	૦-૧૦-૦	મહાદેવભાઈની ડાયરી – ૫	૭–૦–૦
ઊધઈનું જીવન	૧–૦–૦	માનવી ખંડિયેરો	૨–૮–૦
ઓતરાતી દીવાલો	૦-૧૨-૦	મારી જીવનકથા — જવાહરલાલ નેહરુ	૬–૦–૦
કન્યાને પત્રો	૧–૦–૦	મારી જીવનકથા — રાજેન્દ્રપ્રસાદ	૮–૦–૦
કરંડિયો	૧–૪–૦	મારું ગામડું	૧–૪–૦
કાવ્યપરિચય – ૧, ૨	દરેકની ૧–૮–૦	યંત્રની મર્યાદા	૧–૦–૦
કુંવરબાઈનું મામેરું	૧–૦–૦	રચનાત્મક કાર્યક્રમ — કેટલીક સૂચનાઓ	૦–૩–૦
કેળવણીવિકાસ	૧–૪–૦	રચનાત્મક કાર્યક્રમ — તેનું રહસ્ય અને સ્થાન	૦–૫–૦
કેળવણીવિવેક	૧–૪–૦	રાષ્ટ્રભાષાનો સવાલ	૦–૭–૦
કૌશિકાખ્યાન	૦–૩–૦	રાષ્ટ્રીય મહાસભા અને વિદ્યાર્થી પ્રવૃત્તિ	૦–૬–૦
ખાદીવિદ્યાપ્રવેશિકા	૧–૪–૦	વિદાય વેળાએ	૧–૦–૦
ખિસ્સાકોશ	૧–૦–૦	વિદ્યાર્થી ગ્રીષ્મપ્રવૃત્તિ	૦–૬–૦
ખેડૂતનો શિકારી	૦–૬–૦	વિરાજવહુ	૧–૪–૦
ગાંધીજી	૦-૧૦-૦	વિશ્વશાંતિ	૦–૪–૦
ગાંધીજીની સાધના	૨–૪–૦	વૈજ્ઞાનિક શબ્દસંગ્રહ	૬–૦–૦
ગીતાધ્વનિ	૦–૬–૦	શિક્ષણ અને સંસ્કૃતિ	૧–૪–૦
ગ્રામસેવાના દસ કાર્યક્રમો	૧–૦–૦	શ્રાદ્ધના તેર દિવસ	૦–૭–૦
જમનાલાલજી	૦–૬–૦	શ્રી નેત્રમણિભાઈને	૦-૧૪-૦
જીવતા તહેવારો	૨–૦–૦	સંકલ્પિત ભગવદ્‌ગીતા	૧–૪–૦
જીવન દ્વારા શિક્ષણ	૧–૮–૦	સંક્ષિપ્ત કરણઘેલો	૧–૦–૦
જીવનનું પરોઢ	૮–૦–૦	સંત ફ્રાન્સિસ	૦–૬–૦
જેડણીકોશ	૧૨–૦–૦	સુદામાચરિત	૦-૧૪-૦
ત્રણ વાર્તાઓ	૧–૪–૦	સુદામાના કેદારા	૦–૧–૬
દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ	૩–૦–૦	સીતાહરણ	૧–૦–૦
પ્રહ્લાદ નાટક તથા સહનવીરનાં ગીતો	૦-૧૦-૦	સ્ત્રી-પુરુષ-મર્યાદા	૧–૮–૦
પ્રાકૃતિક ભૂગોળ	૦-૧૨-૦	સ્મરણયાત્રા	૨–૦–૦
પ્રાચીન સાહિત્ય	૧–૦–૦	હિમાલયનો પ્રવાસ	૧–૮–૦
પ્રેમપન્થ – ૧, ૨, ૩, ૪	દરેકની ૦–૪–૦	હિંદની અંગ્રેજ વેપારશાહી	૪–૦–૦
બહેનોને	૦–૬–૦		

નવજીવન કાર્યાલય, પોસ્ટ બૉક્સ ૧૦૫, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આધુનિક કેળવણી અને સંસ્કૃતિ

ભાષામાં જો આજે કોઈ શબ્દ સૌથી વધુ ખોટી રીતે વપરાતો હોય તો તે 'કેળવણી' છે. કેળવણીનું મૂળગત કાર્ય અને હેતુ શાં છે તે વિષે લોકો જેટલા અણજાણ છે, તેટલા બીજી કોઈ બાબતમાં નથી. આજે તો કેળવણી એટલે આકાશ હેઠળની દરેક બાબત વિષે 'જાણકારી' એવો અર્થ કરવામાં આવે છે; તથા તેને આપણી ગતિ, આપણી ભૌતિક સમૃદ્ધિ, અને આપણી લશ્કરી તાકાત વધારનાર, પરંતુ જીવનના અર્થ અને હેતુ તરફ દુર્લક્ષ કરનાર એક વિજ્ઞાનની બરાબર જ ગણી લેવામાં આવે છે. પરંતુ આ હેતુઓ સિદ્ધ કરવા જતાં કરોડો માનવ પ્રાણીઓને લશ્કરની રીતે આજ્ઞાધારક યંત્રો બનાવી દેવાં પડે છે, તથા તેમની માનવતાનો નાશ કરવો પડે છે, તેમ જ માલસામાન તથા તેને તૈયાર કરનારા વંધ્ય કારીગરોનું યંત્રીકરણ કરવું પડે છે, અને આ બધાં પરિણામો સંસ્કૃતિના હેતુઓથી બિલકુલ વિપરીત હોય છે — એ વસ્તુ તરફ કોઈનું લક્ષ જ જતું નથી.

વધુ ખરાબ તો એ છે કે, કેળવણી મોટે ભાગે આજે ભય અને વધતા જતા ભૌતિકવાદ દ્વારા જ પ્રેરિત થતી જાય છે: જેમ કે યુદ્ધનો ભય, સામ્યવાદનો ભય, બેસી જતાં બજારોનો ભય; તથા પદાર્થો અને સેવાઓના વધુમાં વધુ ઉપભોગ માટેના ધમપછાડા. તેથી કરીને આપણા જમાનામાં વધુ સંખ્યામાં તથા વધુ કુશળ વૈજ્ઞાનિકો, યંત્રશાસ્ત્રીઓ, અને નિષ્ણાત વ્યવસ્થાપકોની માગણીઓ પ્રાધાન્ય પ્રાપ્ત કરતી જાય છે, અને તેમને તૈયાર કરવા એ જ કેળવણીનો મુખ્ય હેતુ બની રહ્યો છે.

માબાપોની બાબતમાં આ વસ્તુ પોતાનાં સંતાનો માટે સારી, એટલે કે વધુ પગારવાળી નોકરીઓ મોટી લેવાની તીવ્ર હરીફાઈ રૂપે પરિણમી છે. જેઓ તેમ કરવામાં સફળ નીવડે છે, તેઓ આપોઆપ સમાજના ઉપલા થરોમાં પહોંચી જાય છે; ત્યારે નીચેની બાજુ ઔદ્યોગિક યંત્ર-માનવોના વિશાળ અખાડામાં કેળવણીનો બહુ થોડો અર્થ રહે છે અથવા કશો જ રહેતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો, પૈસો અને સામાજિક પ્રતિષ્ઠા એ જ આજે કેળવણીનાં એકમાત્ર મૂલ્ય બની રહ્યાં છે; અને સમાજમાં સમાંતરપણે પ્રવર્તી રહેલ ભય અને લશ્કરી તાકાતની વૃદ્ધિ એ તેના લક્ષણ તેમ જ પ્રતીકરૂપ છે.

પરિણામે, આપણો યુગ ચક્રીય ઉન્માદના વમળમાં સપડાયો છે. વિનાશવાદનો કાળો ઓળો આપણા ઉપર નિશ્ચિતપણે સરકતો આવે છે. (દુશ્મન ગણેલા) માનવોની સામુદાયિક કતલો, અવારનવાર અપાતા સામાજિક 'રેચ', માણસોનું સામુદાયિક નિર્વાસન, હિરોશીમા અને નાગાસાકી, અણુ-બૉમ્બ, અગ્નિ-બૉમ્બ, અને હાઈડ્રોજન-બૉમ્બ, તથા કલાકના ૨૦,૦૦૦ માઈલના વેગે છોડાતાં રેડિયો-સંચાલિત અસ્ત્રો — એ બધું આપણી સંસ્કૃતિના આધ્યાત્મિક દેવાળાના લક્ષણરૂપ છે.

['એજ્યુકેશન ફૉર લીવિંગ' — વિક્ટર વેલૉક]

મુદ્રક અને પ્રકાશક: જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

સંપાદકમંડળ

જુગતરામ દવે — મણિભાઈ દેસાઈ
ગોપાલદાસ પટેલ — મગનભાઈ દેસાઈ (તંત્રી)
ઠાકોરભાઈ દેસાઈ — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)

વર્ષ ૯ — અંક ૧૨

ડિસેમ્બર — નવજીવન, અમદાવાદ — ૧૯૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

ડિસેમ્બર, ૧૯૫૦

વર્ષ ૯ અંક ૧૨

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
નોકરશાહી અને જનતા	બર્ટ્રાન્ડ રસેલ	૩૫૩
સાભાર સ્વીકાર		૩૫૪
શિક્ષણનો કોયડો	કિશોરલાલ મશરૂવાળા	૩૫૫
જગતનો મહાન વિદૂષક	મગનભાઈ દેસાઈ	૩૫૬
જ્યૉર્જ બર્નાર્ડ શૉ	કિશોરલાલ મશરૂવાળા	૩૫૭
ગુજરાત વિદ્યાપીઠ પદવીદાન સમારંભ		૩૫૯
ગુજરાત યુનિવર્સિટી માટે એક યોજના		૩૬૨
સ્વાધ્યાય	મગનભાઈ દેસાઈ	૩૬૬
શબ્દોના વંશ	હરિવલ્લભ ચુ. ભાયાણી	૩૬૮
દિલ્હીમાં ગાંધીજી	મનુબહેન ગાંધી	૩૬૯
તિરુક્કુરલની અમૃતવાણી	ગો૦	૩૭૧
સરદાર વલ્લભભાઈને	કનૈયાલાલ દેસાઈ	૩૭૩
પરીક્ષા	વિમળા પટેલ	૩૭૪
માસિક વિવેચન		
ઘણું જીવો	મ૦	૩૭૫
નેપાળમાં લોકજાગૃતિ	મ૦	૩૭૫
ખિતાબોની નાબૂદી	મ૦	૩૭૫
અંકુશનીતિની મર્યાદા	મ૦	૩૭૫
આ તે જીવદયા ?	મ૦	૩૭૬
'યુનો'નું કાર્ય	મ૦	૩૭૬
હિંદની ઉત્તર સરહદ	મ૦	૩૭૬
'ધીમે દોડો'	મ૦	૩૭૭
વિદ્યાર્થીઓને ચેતવણી	મ૦	૩૭૮
શિક્ષક મંડળોની રજિસ્ટરી	મ૦	૩૭૮
'હિંદ સ્વરાજ'માં 'કલમચૂક'	મ૦	૩૭૯
અસાધ્ય રોગના દુઃખનો ઉપાય શો ?	મ૦	૩૭૯
ભાષાશુદ્ધિ માટે આગ્રહ	મ૦	૩૮૦
સરદાર વલ્લભભાઈને સાક્ષરી માન	મ૦	૩૮૦
નવુ વાચન		
પરિશીલન	મુ૦ ક૦	૩૮૧
અવનવી દુનિયા	શાં૦ ગાં૦	૩૮૩
ગાંધી દર્શન	મ૦	૩૮૩
પાથેય	મ૦	૩૮૩
ધૂમકેતુ	બંસીલાલ ગાંધી	૩૮૪
શોધ અને સિદ્ધિ	બંસીલાલ ગાંધી	૩૮૪

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતી છે.

સરનામાનો ફેરફાર અમોને તુરત જણાવશો કે જથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોએ પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અનશ્ય જણાવવા વિનંતી છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં મુંબઈ(૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બજાર); રાજકોટ (સર લખાજીરાજ રોડ); પૂના (૨૯૯, સદાશિવ પેઠ); દિલ્હી (યુ. એસ. કૉમ્યુનિકેશન થિયેટર બિલ્ડિંગ, ઓરડી નં ૧, કૉનૉટ સરકસ, નવી દિલ્હી); ઇંદોર (ગાંધી-ભવન' યશવંત રોડ) અને વડોદરા (કોઠી સામે, રાવપુરા) ભરી શકાશે.

લવાજમના દર

દેશમાં રૂા. ૪); પરદેશમાં રૂા. ૬) અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના.

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. બૉક્સ ૧૦૫, અમદાવાદ

અમારાં નવાં પ્રકાશનો

કેળવણી વડે ક્રાંતિ : [વિદ્યાપીઠનો ત્રીસ વર્ષનો ઇતિહાસ] સંપા૦ વિઠ્ઠલદાસ કોઠારી; કિં. રૂ. ૩-૦-૦; ટપાલ-રવાનગી ૦-૯-૦.

પાયાની કેળવણી : લે૦ ગાંધીજી; કિં. રૂ. ૧-૪-૦; ટલપારવાનગી ૦-૪-૦.

નવજીવન પ્રકાશન મંદિર
પો. બૉક્સ ૧૦૫, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

સા વિદ્યા યા વિમુક્તયે

વર્ષ ૯–અંક ૧૨] અમદાવાદ [ડિસેમ્બર

નોકરશાહી અને જનતા

ભારે સંગઠિત સમાજમાં સરકારી કામો કરનારાઓ, એટલે કે પ્રધાનોથી માંડીને નાનામાં નાના કારકુનો સુધીના બધા નોકરોને પોતાનો અંગત હિતસંબંધ કે સ્વાર્થહેતુ હોય છે; અને તે કાંઈ સમાજના કે પ્રજાના સામાન્ય હેતુ કે હિતસંબંધ સાથે મળતો જ હોય એવું કાંઈ નથી. આ સ્વાર્થહેતુ કે હિતસંબંધમાં બે મુખ્ય હોય છે — એક સત્તાનો પ્રેમ અને બીજો કામ કરવાની અરુચિ. એક કોઈ મોટો સરકારી નોકર કે હોદ્દેદાર કોઈ પણ કામ કે યોજનાને માટે નન્નો ભણે, તો તેમાં તેને એકીસાથે ઉપરની બેઉ હિત-વૃત્તિઓમાં સંતોષ મળે છે — અમલ કે સત્તા ભોગવ્યાનો આનંદ મળવાની સાથે મહેનત કે કામ કરવાની અરુચિની તેની વૃત્તિ પણ સંતોષાય છે. આથી કરીને થાય છે એવું કે, જેમની સેવા તેણે કરવાની મનાય છે, તેમનો એ શત્રુ હોય એમ લાગે છે, અને કાંઈક અંશે એમ બને પણ છે.

એનો દાખલો લઈએ. અનાજની તંગીને પહોંચી વળવા લેવાતાં પગલાં વિચારો. જો તમને રેશન નક્કી કરી આપ્યું હોય, અને તેમાં જાતમહેનત કરી તમે પેદા કરી શકો તેટલો વધારો તમે કરી શકો એમ હોય, તો તમને વધારે મહેનત કરવાનું મન થશે. પરંતુ, ખેતીમાં ન હોય એવા ઘણાખરા લોકોએ તો ખોરાક વેચાતો જ મેળવવો રહ્યો. હવે જો અર્થ-વ્યવસ્થા કંટ્રોલ કે અંકુશ વગરની મુક્ત હોય, તો ભાવ ચડશે; પરિણામે, પૈસાદાર લોક સિવાયના બધાને ખોરાક પૂરતો નહીં મળી શકે; તેઓ અધભૂખ્યા રહેવાના. આ વાત સાવ સાચી છે. પરંતુ રેશન-ઑફિસમાં બધાને ખોરાક મળે તેનું કામ કરતી નોકર-મંડળીને માટે પૂરતા આભારની લાગણી કેટલા લોકોના મનમાં હોય છે! અને એ નોકરો થાક અને પજવણીથી એવા તો છંછેડાયેલા હોય કે, ઘણા ઓછા નોકરો જનતાની પોતે સેવા કરે છે એવી ભાવના રાખી શકશે. જનતાને એ નોકર-વર્ગ અજ્ઞાન, આપખુદ લાગે છે; ભલેને એ બરોબર ન હોય. સામેથી નોકરોને જનતા પજવણીખોર, ઉધમાતિયા અને અણસમજુ કે મૂરખ લાગે છે. આ પરિસ્થિતિમાં રાજ્યકર્તા અને પ્રજા વચ્ચે ખરેખરો મેળ કેમ બેસાડવો, એ એક કોયડો જ બની જાય છે.

લોકની અંગત કે વૈયક્તિક લાગણીઓ અને પ્રજા-હિત વચ્ચે અને તેટલો થોડો પણ મેળ બેસાડવાને માટે અત્યાર સુધીમાં જે રસ્તા શોધવામાં આવ્યા છે તે સામે જાત જાતના વાંધા લેવા પડે એવા છે.

સહેલામાં સહેલો ને સાવ દેખીતો રસ્તો યુદ્ધ છે. રાષ્ટ્રની સલામતી જ્યારે જોખમમાં હોય ત્યારે દરેક જણ ઇચ્છાથી કામે લાગે એમ કરવું સહેલું પડે છે; અને સરકાર જો સબળી ને કાર્યક્ષમ લાગે તો લોક એની આજ્ઞા માનવા માટે ઝટ તૈયાર પણ થાય છે. તે વખતે ડૂબતા વહાણના લોક જેવી માનસદશા જન્મે છે. પણ વહાણ ઉપરના લોકમાં શિસ્ત પ્રેરવા, તેને ડુબાડતા રહેવાનો ઉપાય તો કોઈ જ ન સૂચવે. તેમ જ રાષ્ટ્રની એકતા માટે ઉપાય તરીકે યુદ્ધ ન કહી શકાય.

યુદ્ધનો ભય પ્રેરવાથી પણ આવી કાંઈક અસર પેદા કરી શકાય; પણ લાંબો વખત જો એ ભીતિ તીવ્રપણે રહે તો તેમાંથી ખરેખર યુદ્ધ જ આવી રહે; અને ભીતિમાંથી ધારો કે એકતા નીપજે, તોપણ તેની સાથે થાક અને ભડકનું માનસ પણ નીપજે છે.

હરીફાઈ બીજો એક ભારે પ્રેરક ભાવ છે સમાજ-વાદીઓ તેને વખોડી કાઢે છે. પણ સોવિયેટ સરકારે તેના ઉદ્યોગતંત્રમાં એને મહત્ત્વનું સ્થાન આપ્યું છે. . . . હરીફાઈ ઘણે ભાગે વાંધાને પાત્ર છે; છતાં મને લાગે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે, યુદ્ધ પ્રેરતા ભાવોને વાળી લેવા માટે અમુક રીતે તેનો નિર્દોષ ઉપયોગ લઈ શકાય. રમતગમતમાં હરીફાઈ હોય છે. એમાં જે નિર્દોષ સ્વાદ આવે છે, તે બીજાં ક્ષેત્રોમાં પણ કેમ ન યોજી શકાય?

ફરજના ભાનની વૃત્તિને અપીલ કરવાનો ઉપાય અત્યારે બ્રિટનમાં અખત્યાર થાય છે. પેટે પાટા બાંધ્યા વગર અને વધુ ઉત્પન્ન કર્યા વગર આજે આરો નથી, એ નિર્વિવાદ છે. અને એવી અપીલ બેશક જરૂરી છે. પરંતુ ફરજનું ભાન પ્રેરવાનો ઉપાય કોઈ કાયમી ઉકેલ નથી; તે લાંબો નભે નહીં. તેમાં માણસને તેની કુદરતી વાસનાઓ સામે સતત આખડવું જોઈએ છે, તેથી થાક ચડે છે. ધર્મભાવના ઉપર આધાર રાખી આ અપીલ થાય ત્યાં સુધી તો ઠીક; પણ જો ગૂંચવાડા ભરેલાં આર્થિક કે રાજકીય કારણો આપીને અપીલ થાય, તો માનસિક થાકને લઈને લોક પેલાં કારણો વિષે શંકા કરવા લાગે છે; અને પછી ઘણા લોકો સાવ રીઢા કે બેપરવા બની જાય છે, અથવા તો ઝટ માલદાર થવાની કોઈ સહેલી યુક્તિનો ખોટો એકાદ વાદ સ્વીકારે છે. માણસને આશાથી કે ભીતિથી પ્રેરી શકાય; પણ તે આશા કે ભીતિ પ્રત્યક્ષ અને નિકટની હોવી જોઈએ; તો તે સફળ બને, નહિ તો તેમાંથી માનસિક થાક ચડે. આથી જ આજના જગતમાં ભડક કે ભીતિ પ્રેરતો પ્રચાર વધી ગયો છે. સામાન્યપણે લોક એટલું જાણે છે કે, દુનિયામાં દૂર દેશોમાં બનતા બનાવો તેમના જીવન પર અસર કરે છે; પણ તે કેવી રીતે, તે સમજવા જેટલું જ્ઞાન તેમની પાસે નથી હોતું. ચપટીક તદ્વિદો પાસે જ એ તો હોય. ચોખ્ખા કેમ નથી? અમુક તમુકની તંગી કેમ છે? . . . આનું કારણ તમે હિંદ ઉપર, કે સરકારી લાલ પટ્ટી પર, કે મૂડીવાદી તંત્ર પર, કે સમાજવાદી રાજ્ય પર ઢોળો, તો લોકોને પોતાનાં દુઃખો માટે વરાળ કાઢવાને માટે વ્યક્તિ રૂપે કશુંક ને કશુંક ભૂત બતાવો છો. દુઃખ આવે ત્યારે કોક પર તેનો વાંક ઢોળવાનું મન કુદરતી રીતે જ થાય છે. જેમ કે જંગલી લોક દુશ્મનના જાદુને કારણરૂપ માનતા. (હરિજનોના જાદુથી ઢોર મરે કે રોગ થાય છે, એ માન્યતા આજે હિંદમાં ઘણે છે, એ આનો જ દાખલો છે.) દુઃખનાં કારણ સમજવાં કઠણ ને અટપટાં હોય ત્યારે આ જાતની સાદી યુક્તિ આપણે યોજી લઈએ છીએ. જે છાપું આ યુક્તિથી ચાલે તે વધારે ખપે; અને જે છાપું જ્ઞાનની ઝીણવટમાં પડીને કારણો સમજાવવા બેસે તે લોકને અપીલ ન કરે.

પરંતુ, આ રીતે કામ કરવું એ ભયાનક ને ખતરનાક નીવડે છે. કેમ કે દ્વેષ કે તિરસ્કારને કામમાં લેવાથી માણસની આદિ પશુશક્તિઓ ઉશ્કેરાય છે. અને ત્યાં, સારામાં સારો ને ઉઘાડો રસ્તો એ છે કે, જે બરાબીઓના કારણ રૂપે આમ શત્રુઓનાં ભૂત ઊભાં કરાય તે બરાબીઓ જ દૂર કરવી. અને એ ન થઈ શકે, તો તેનાં કારણોની સાચી સમજ પાડવા માટે બનતો બહોળો પ્રયત્ન કરવો. જોકે, જ્યાં સુધી રાજકારણમાં ભડક પ્રેરીને ફાવે એવા જબરા પક્ષો અને છાપાં હયાત હોય, ત્યાં સુધી આ પ્રચાર કરવો મુશ્કેલ તો છે જ.

બર્ટ્રાન્ડ રસેલ

[‘ઓથોરિટી ઍન્ડ ધી ઇન્ડિવિડ્યુઅલ’ પા. ૭૦ . . . ઉપરથી]

સાભાર સ્વીકાર

ઘરશાળા પ્રકાશનમંદિર, ભાવનગર તરફથી :

નવી વાર્તાઓ : લે૦ હરભાઈ ત્રિવેદી, કિં. રૂ. ૨–૦–૦; **બુદ્ધિમાપન :** લે૦ પુરુષોત્તમદાસ છ૦ શાહ, કિં. રૂ. ૧–૧૨–૦; **વસન્તભાઈની વાતો — ભાગ ૧–૪ :** લે૦ વસન્ત નાયક, કિં. રૂ. ૦–૬–૦, ૦–૬–૦, ૦–૬–૦, ૦–૬–૦; **વાર્તા રે વાર્તા — ભાગ ૧–૪ :** લે૦ વસન્ત નાયક, કિં. રૂ. ૦–૬–૦, ૦–૬–૦, ૦–૬–૦, ૦–૬–૦; **ઉખાણાં કે કોયડા :** બના૦ વસન્ત નાયક, કિં. રૂ. ૦–૬–૦; **ત્રણ બાલનાટકો :** લે૦ વસન્ત નાયક, કિં. રૂ. ૦–૬–૦; **નવરાશની વેળાએ :** લે૦ વસન્ત નાયક, કિં. રૂ. ૦–૬–૦; **હિંડોળો :** લે૦ વસન્ત નાયક, કિં. રૂ. ૦–૬–૦.

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ તરફથી :

પુરાતન જ્યોત : લે૦ ઝવેરચંદ મેઘાણી, કિં. રૂ. ૨–૮–૦; **કચ્છનો નૂતન ઇતિહાસ :** લે૦ માર્કંડરાય મહેતા, કિં. રૂ. ૦–૮–૦; **સમર્પણની કથાઓ :** લે૦ રવીન્દ્રનાથ ઠાકુર, ભાષાં૦ સ્વ. નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ, કિં. રૂ. ૦–૧૨–૦; **શાકભાજીની વાડી :** લે૦ સોમાભાઈ કિશાભાઈ પટેલ, કિં. રૂ ૨–૦–૦; **જાપાનનો જ્વાલામુખી :** પ્રયો૦ કીર્તિદાબહેન દીવાનજી સંપા૦ રમણલાલ ના૦ શાહ, કિં. રૂ. ૦–૮–૦; **જૈન ધર્મની ત્રાણી કથાઓ :** લે૦ જયભિખ્ખુ, કિં. રૂ. ૧–૪–૦ **પરશુરામ :** લે૦ ધૂમકેતુ, કિં. રૂ. ૦–૮–૦; **તણખા – મંડળ ૧ :** લે૦ ધૂમકેતુ, કિં. રૂ. ૩–૦–૦; **ધરતીકંપ :** લે૦ પ્રિયવદન બક્ષી, સંપા૦ રમણલાલ ના૦ શાહ, કિં. રૂ. ૦–૬–૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણનો કોયડો

શેઠ હીરાચંદ ગુમાનજી જૈન બોર્ડિંગ સ્કૂલે પચાસ વર્ષ પૂરાં કર્યાં એ ખુશી થવા જેવો પ્રસંગ છે. બોર્ડિંગની કારકિર્દી દરમ્યાન પાછળથી મોટાં પદો પર પહોંચેલા એવા ઘણાક વિદ્યાર્થીઓને તે આશ્રય આપી શકી હતી, એ એની ઉપયોગિતા દેખાડે છે તે માટે સ્થાપક અને સંચાલકોને અભિનંદન ઘટે છે.

એમાંથી નીકળેલા મોટા પુરુષો તેનું ગૌરવ વધારે છે. છતાં તે તો આંગળીના વેઢા પર ગણાય એટલા જ હોઈ શકે. તે કરતાં ઘણી મોટી સંખ્યા એવાઓની હશે, જેઓ ભલે બહુ મોટે પદે ન પહોંચ્યા હોય છતાં બોર્ડિંગને લીધે જ વિદ્યાભ્યાસ કરવાની અને જીવનમાં પગભર થવાની યોગ્યતા પ્રાપ્ત કરી શક્યા હશે. તેઓ હંમેશને માટે બોર્ડિંગના ઋણી રહેશે.

ત્રીસ પાંત્રીસ વર્ષ પર પણ ભણેલાઓની બેકારીનો પ્રશ્ન ઉત્પન્ન થયો નહોતો એમ નહીં. છતાં, એમ કહી શકાય કે, બોર્ડિંગમાં રહેવાની યોગ્યતા ધરાવનાર વિદ્યાર્થીઓમાંથી તો ભણી રહ્યા પછી બેકારીનો સામનો કરવો પડ્યો હોય એવા વિદ્યાર્થીઓ ક્વચિત જ હશે.

પણ આજે પરિસ્થિતિ જુદી છે, અથવા ખૂબ જ તીવ્ર થઈ છે. ભણનારાઓની સંખ્યા વધી છે. એટલી વધી છે કે ૩૦–૩૫ વર્ષ પહેલાં કરતાં ત્રણ ચાર ગણી વધારે અને મોટી શિક્ષણ-સંસ્થાઓ થયા છતાં, તે શિક્ષણ લેવા ઇચ્છનાર છોકરા–છોકરીઓને પહોંચી વળી શકતી નથી. જેને જગ્યા મળી શકતી નથી, તેમને લાગે છે કે, સગવડને અભાવે તેમના જીવનનિર્વાહના માર્ગમાં અંતરાયો છે, અને તે જ તેમની બેકારીનું કારણ છે. પણ જેઓ શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે, તેમને પાછળથી ગોઠવાઈ જવું વધારે સહેલું થઈ પડે છે એવો અનુભવ થાય છે એમ ન કહેવાય. ગોઠવાઈ જનારા કરતાં ન ગોઠવાયેલાઓની સંખ્યા જ વધતી જાય છે, અને તેમનું શિક્ષણ જ તેમને વધારે તીવ્ર બેકારીમાં ધકેલે છે. છાપ મળવાથી નીચે પગથિયેથી જીવનનો આરંભ કરી શકાતો નથી; અમુક હદથી વધારે સાદું અને ગરીબાઈનું જીવન ગાળવાની વૃત્તિ રહેતી નથી; કેટલાક ધંધાઓમાં પડવામાં શરમ લાગે છે. શરમ ન લાગે તોયે તેમના શિક્ષણે તેમની તેવા ધંધાઓ કરવાની શરીર અને ઇંદ્રિયોની લાયકાત હણી લીધેલી હોય છે. આમ કુંવારા અને પરણેલાની જેમ, શિક્ષણ પૂરું કરી ન શકનારા કોડે મરે છે અને શિક્ષણ પૂરું કરેલા પસ્તાય છે.

ગાંધીજીનાં રચનાત્મક કામોના ક્ષેત્રમાં પડેલા કાર્યકર્તાઓને પણ આનો વિચિત્ર અનુભવ થાય છે. એક બાજુથી કૉલેજોમાં ભણતા કે ભણી પરવારેલા વિદ્યાર્થીઓ મળે છે અથવા પત્રો લખે છે કે સ્કૂલો અને કૉલેજોમાં તેમને મળતી કેળવણીથી તેમને સંતોષ નથી. ત્યાં તેમને નથી સારું વાતાવરણ મળતું, નથી યોગ્ય રીતે શિક્ષણ મળતું. ઘણાખરા વિદ્યાર્થીઓનો વખત શિક્ષણના વિષયોની બહારના વિષયોમાં જ ખરચાય છે. વિદ્યાર્થીઓને અધ્યાપકો પ્રત્યે આદરભાવ લાગતો નથી. આદરભાવ લાગે તેવા અધ્યાપકો પણ ઓછા છે. છોકરાઓ છોકરીઓને પજવે છે. સિનેમા, હોટેલો વગેરેમાં પુષ્કળ ખર્ચે છે. 'સંસ્કૃતિ' ને નામે નાચ, નાટક, રાસ વગેરેની કળાઓ જ વધારે ખીલે છે. ખટપટિયા વિદ્યાર્થીઓ રાજકીય પક્ષોની બધી મેલી રમતોના પદાર્થપાઠો લે છે. પરીક્ષાઓ એવી બનેલી છે કે, યુનિવર્સિટીઓએ સૂચવેલાં પાઠ્યપુસ્તકો વાંચ્યા સિવાય, માત્ર તે વિષેની તૈયાર નાની નાની નોટોની ચોપડીઓ વાંચી મહિનો બે મહિના મહેનત કરી પાસ થઈ શકાય, અને એવુંયે બને કે, ગંભીરપણે મૂળ પુસ્તકોનું અધ્યયન કરનાર વિદ્યાર્થી કરતાં વધારે માર્ક મેળવે. આથી આ વિદ્યાર્થી-પત્રલેખકો એ શિક્ષણ છોડી કોઈ રાષ્ટ્રીય સંસ્થાઓમાં દાખલ થવા ઉત્સુકતા બતાવે છે. ટર્મ પૂરી કરી હોય. અભ્યાસ કરવાનીયે શક્તિ હોય, છતાં કેટલાક પરીક્ષા આપવામાં અર્થ નથી જોતા, અને તેમ કરવાને વિનોબા કે મારા જેવાનું અનુમોદન ઇચ્છે છે. આ ઉપર મને અસહકારના અને રાષ્ટ્રીય વિદ્યાપીઠોની સ્થાપનાના દિવસો યાદ આવે છે, જ્યારે વિદ્યાર્થીઓને શિક્ષણ-સંસ્થાઓનો ત્યાગ કરવા નેતાઓ તરફથી પ્રેરણા આપવામાં આવતી, અને મૂઠીભર વિદ્યાર્થીઓને અસહકારમાં જોડાવામાં પ્રેરી શકાયા હતા. તે વખતે પરીક્ષાને ચાર દિવસ બાકી રહ્યા હોય, ફૉર્મના પૈસા ભરી દીધા હોય, તોયે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરીક્ષાનો મોહ છોડવા અમે તેમને બેચડક રીતે પ્રેરણા કરતા આજે તેઓ કૉલેજ છોડી દેવા ઇચ્છે છે, ત્યારે 'તથાસ્તુ' કહેતાં અમે વિચારમાં પડીએ છીએ.

આ સંકોચની પાછળ બીજી પરિસ્થિતિ એ છે કે, અમારા કેટલાયે કાર્યકર્તાઓ પોતે રચનાત્મક સંસ્થાઓ અને રાષ્ટ્રીય શિક્ષણની પડોશમાં રહે છે અને જીવનભર તેમાં કામ કરે છે, પણ તેમનાં પોતાનાં બાળકોને માટે તેઓ અથવા તેમની પત્નીઓ અથવા બાળકો પોતે જૂના ચીલાના શિક્ષણનો આગ્રહ ધરાવે છે. જો કાર્યકર્તા તેને માટે અનુકૂળ નથી હોતા, તો પત્નીઓ કે બાળકો અસંતુષ્ટ રહે છે અને માને છે કે પોતાની ધૂનમાં તેઓ બાળકોનું ભવિષ્ય બગાડે છે.

આમ જેમને પ્રચલિત શિક્ષણ મળી શકે છે તેમનેયે મૂંઝવણનો ઉકેલ નથી અને સંતોષ નથી અને જેમને નથી મળી શકતું તેમનેયે મૂંઝવણ અને અસંતોષ છે.

આનો અર્થ એ કે, આપણે શિક્ષણની સાચી પ્રણાલિકા હજુ શોધી શકયા નથી, અને ગોઠવી શકયા નથી.

છાત્રાલયોના સંચાલકોએ વિદ્યાર્થીઓને ખાવા-પીવા-રહેવાની સગવડ આપવા ઉપરાંત આ કોયડો ઉકેલવા પ્રયત્ન કરવો પડશે. નહીં તો છાત્રાલયો એકારીવર્ધક સંસ્થાઓ થઈ જવા સંભવ છે.

વર્ધા, ૮–૧૧–'૫૦ **કિશોરલાલ મશરૂવાળા**

જગતનો મહાન વિદૂષક

અંગ્રેજીના મહાન સાહિત્યકાર શ્રી જ્યૉર્જ બર્નાર્ડ શૉએ ૯૪ વર્ષની પાકી વયે ટૂંકી માંદગી પછી શાંતિથી દેહ છોડી. જ્યાં જ્યાં અંગ્રેજી ભાષા ચાલે છે — અને દુનિયામાં કેટલા બધા પ્રદેશોમાં તે ચાલે છે — ત્યાં બધે આ મહાન વિચારક અને લેખકનું નામ જાણીતું છે. એ ધંધે સાહિત્યસેવક હતા. મોટે ભાગે એમણે નાટકો લખ્યાં છે. પરંતુ પ્રખર અને તલસ્પર્શી વિચારક હોઈને, તે એટલા જ મોટા નિબંધકાર હતા. દરેક નાટક જોડે તેની પ્રસ્તાવના રૂપે એમણે નિબંધ લખીને જોડ્યા છે. એમની કલમમાં જેમ હતું, વિચારમાં પ્રભાવ હતો, અને અસરમાં તે અસ્ત્રા જેમ અજ્ઞાન, દંભ, છળ કે મામાના ઘૂંઘટ–પટને મૂળી નાંખે એવી ધારદાર હતી. અંગ્રેજી વાચકોના વિચાર પર કોઈ ક્રાંતિ એમણે નિર્માણ કરી એમ લાગતું નથી; પરંતુ એમના શબ્દો ઝીલવાને માટે અંગ્રેજી જગત એટલું તો આતુર રહેતું કે, સાંભળ્યું છે કે, પાછળના ભાગમાં તો પ્રકાશકો શબ્દે ગિની આપીને તેમનાં લખાણો છાપવા માટે લેતા ને તેમાંય પડાપડી થતી.

તે જન્મે આયરલૅન્ડના હતા. પણ આખો જન્મારો ઇંગ્લૅન્ડમાં જ કાઢ્યો. શરૂનો અર્ધો ભાગ તેમણે ઠીક ઠીક પ્રવૃત્તિમાં ગોળ્યો ગણાય. તે ફેબિયન મંડળ (કે જેને વિલાયતમાં સમાજવાદ અને મજૂર પક્ષનું બળ જન્માવવાનો યશ મળી શકે) તેના સંસ્થાપકોમાંના એક ગણાય. કવિ વિલિયમ મોરીસ, સમાજ-સેવક ચાર્લ્સ બૂથ, વેબ-દંપતી, મૅકડોનાલ્ડ, લેન-સબરી, વગેરેના એ સહકાર્યકર્તા હતા. પછીના જીવનમાં એ આ બધી પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થઈ શાંત સાહિત્ય-જીવનમાં ગોઠવાયા અને અંતકાળ સુધી એમાં લાગ્યા રહ્યા. એમનું સાહિત્ય એટલે જીવનમાં અનુભવેલાં કેટલાંક મહા ઊંડાં તત્ત્વોનું નાટકીય નિરૂપણ. વિનોદ, કટાક્ષ, કાંઈક આખાબોલાપણું, એમની શૈલીમાં ઓતપ્રોત રહેતાં. ઓછા શબ્દોમાં ઘણું કામ લેવું, એ એમને રમત હતી. વિચારોને ઘૂંટી ઘૂંટીને ચિંતનથી પકવ્યે રાખતા પુરુષોને થોડા શબ્દોમાં વિશાળ અર્થ ભરવાની આવી વિભૂતિ મળી શકે. શૉ એવા પુરુષ હતા. આખા જગતના જીવનની નાડ પર એમનો હાથ રહેતો. રોગચાળો જોયો ને લાગ મળ્યો કે પોતાનું નિદાન આપી દેતા. પણ તે વૈદ નહોતા. રોગના ઇલાજ માટે તે કહેવું હોય તે કહી છૂટે; એવા દર્શનવીર એ હતા; તે કર્મવીર નહોતા. તેથી જ, આખી જિંદગી તે વિલાયતમાં રહેવા છતાં બ્રિટિશ સામ્રાજ્યને એવા ન નડ્યા કે જેવા ગાંધીજી.

શૉને હાથે કોઈ વ્યક્તિ ચડે અને એમના દર્શન-અસ્ત્રાથી તેને મૂળી ન નાંખે એવી થોડી જ વ્યક્તિઓ હશે. પ્રાચીન વિદૂષકની કોટીના તે હતા. રાજાઓને પણ મધુર, મજાકી અને ટચાક ભાષામાં જેવું હોય તેવું પરખાવવું, એ સાચા વિદૂષકનો ધર્મ છે. તે કળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુ અઘરી છે. અને રાજાને કોઈ પણ કહી કે પૂછી શકે તો તેનો મિત્ર-સચિવ-અને સ્નેહી એવો વિદૂષક જ. શૉએ જગતની ભલભલી વ્યક્તિઓને રોકડું પરખાવ્યું છે; જગતની ભલભલી વાતોનો ભેદ ઉઘાડો કહી આપ્યો છે. આ એમની સેવાને માટે અંગ્રેજી સાહિત્ય એમનું સદાનું ઋણી રહેશે. આ લખતાં ખ્યાલ આવે છે તે પરથી કહું છું કે, શૉએ ટૉલ્સ્ટૉય, ગાંધીજી અને લેનીન સ્ટાલીન વિષે અમુક માઝા હમેશ રાખી છે. ટૉલ્સ્ટૉય પર તે ખુશ હતા. શેક્સપિયર જગત સાહિત્યના દરબારમાં ત્રીજા દરજ્જાના સાહિત્યકાર ગણાય એમ ટૉલ્સ્ટૉયે કહ્યું. આ કેવી ભયંકર સાહિત્યિક નાસ્તિકતા ગણાય? શૉએ એ મતમાં ટેકો આપ્યો. અને તે તો કહેતા કે, મારાં નાટકો જ હવે વાંચોને! ગાંધીજી માટે તેમને આદર હતો. સ્ટાલીનની રશિયાની સેવાથી એ ખુશ લાગે છે.

ગુજરાતીમાં શૉને કોઈ એ ઉતાર્યા હોય તો ખબર નથી. તેમનાં નાટકોની વાતો — લેંબે શેક્સપિયરની આપી એમ — ગુજરાતીમાં ઊતરે તો આ મહાન લેખકનો પરિચય ગુજરાતને મળે. શૉ એક ઋષિને ઘટે તેવું શાંત એકાંત ચિંતનપરાયણ જીવન ગાળતા. આજની ધમાલ-ભરી યુરોપીય દુનિયામાં એ પણ એક શૉ જેવા જ કરી શકે એવો જીવન-જાદુ છે. તે નિરામિષાહારી હતા. સાધુ જીવનને જાણે વરેલા ન હોય, એવી એમની જીવનપ્રણાલી હતી. યુરોપને આજે આવી પ્રકૃતિના કર્મવીરોની બહુ જરૂર છે. તે વિના જગતમાં શાંતિની આશા વ્યર્થ લાગે છે. શૉ માનવ જગતમાં સુખ અને સુલેહશાંતિ ચાહતા અને તેની સેવામાં આજીવન પોતાની સાહિત્યશક્તિ ખરચીને ગુજર્યા. એવાના આત્માને શાંતિ જ હોય છે.

૨૨–૧૧–'૫૦ **મગનભાઈ દેસાઈ**

જૉર્જ બર્નાર્ડ શૉ

તા. ૨જી નવેમ્બરને દિવસે પ્રભાત સમયે જૉર્જ બર્નાર્ડ શૉનું વિલાયતમાં ૯૪ વર્ષની ઉંમરે અવસાન થયું. થોડાં અઠવાડિયાં પર પોતાની વાડીમાં ફરતાં પગ લપસવાથી તેઓ પડી ગયા, તેથી તેમની જાંઘનું હાડકું ભાંગ્યું. તે ઉપર શસ્ત્રક્રિયાઓ કરવી પડી. ગુરદા (કિડની)નું પણ તે પછી એક ઑપરેશન કરવું પડ્યું. પછી ઘેર તો આવ્યા, પણ શરીર ગળવા લાગ્યું, અને છેવટે ખરી પડ્યું.

શૉ આધુનિક જમાનાના અંગ્રેજી ભાષાના સૌથી મહાન લેખકોમાંના એક હતા. કેટલાક એમને જ પ્રથમ પદ આપે છે. એમનાં લખાણોમાં સૌથી વધારે પુસ્તકો નાટકોના રૂપમાં છે. તેમની સંખ્યા શેક્સપિયરનાં નાટકો કરતાંયે કદાચ વધારે છે, અને વિદ્વાનો તેમની સરખામણી શેક્સપિયર જોડે કરે છે. એટલું તો નક્કી જ કે એમનાં નાટકો શેક્સપિયરની જેમ જ સદા વંચાશે, ભજવાશે એને ચિત્રપટો પર દેખાડાશે.

હાસ્યરસ, શૉની શૈલીનો પ્રધાન રસ છે. ગમે તેવી ગંભીર અને મહત્ત્વની ઘટના હોય, તેઓ જે રીતે એને રજૂ કરે છે, તેમાં સાથે સાથે રમૂજનો રસ તો ભળેલો હોય જ. આથી અંગ્રેજી સાહિત્યના વાચકો તેમને હોંશથી વાંચે છે. એ વિનોદની સાથે તેઓ વ્યક્તિ તેમ જ સમાજના સ્વભાવ, વર્તન, વ્યવહારો, રૂઢિઓ અને સંસ્થાઓના ગુણો અને દોષો તપાસે છે, કોઈના ધ્યાનમાં ન આવી હોય તેવી ખોડો ખુલ્લી કરી બતાવે છે, અને તેને એવી સુંદર રીતે રજૂ કરે છે કે વાચકને એની પ્રતીતિ થઈ જાય. તેથી એ તુરત ભલે સુધરી ન શકે, પણ એનો પક્ષ ખેંચવાનું એનું જોર ભાંગી પડે છે. દોષ તે દોષ જ લાગે અને તેનું સમર્થન કરવાનું બંધ થાય, તો આજે નહિ તો કાલે તેમાં સુધારો થયા વિના રહે નહિ.

જૉર્જ બર્નાર્ડ શૉ જન્મે આયરિશ હતા. આયરિશ પ્રજાની અનેક ખાસિયતોમાં તેમની ખાસ તરેહની કટાક્ષ-ભરી રમૂજ કરવાની ટેવ છે. ચરોતરના પાટીદારો સાથે તે સરખાવી શકાય. શૉએ આ શસ્ત્રનો બહુ જ સફળતા-પૂર્વક ઉપયોગ કર્યો.

આવા વિનોદ બીજી ભાષામાં રજૂ કરવા મુશ્કેલ હોય છે. તેથી આવાં પુસ્તકોનાં ભાષાંતરો સહેજે થઈ શકતાં નથી. ઘણું કરીને એમનાં એકાદ-બે નાટકો જ ગુજરાતીમાં ઉતારવામાં આવ્યાં છે.

બર્નાર્ડ શૉ બહુ ગરીબીમાં જન્મ્યા હતા. નાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉંમરમાં જ વિલાયતમાં આવીને વસ્યા. અનેક પ્રકારનાં ફાંફાં માર્યાં. લખવાનો શોખ પહેલેથી હતો. પણ શરૂઆતનાં કેટલાંક પુસ્તકો છાપવા કોઈ તૈયાર થાય નહિ. કોઈ નાનાં માસિકો એકાદ વાર્તા છાપે, પણ તેમાં કાંઈ પ્રાપ્તિ ભાગ્યે જ થાય. પણ તે ખંતથી મંડ્યા રહ્યા. છેવટે, કોઈકે એક પુસ્તક છાપ્યું. તેને પ્રજાએ વખાણ્યું, અને શૉનું ભાગ્ય ઊઘડ્યું. પછી તો તેમને ત્યાં ટંકશાળ ઊઘડી. લડાઈ દરમ્યાન એમને વીસ હજાર પાઉંડ આવકવેરો ભરવો પડતો; એટલે કે પચીસ હજાર પાઉંડ અથવા ચારેક લાખ રૂપિયાની આવક હતી. એ પોતાની પાછળ લાખો રૂપિયાની સંપત્તિ મૂકી ગયા છે. એમનાં પત્ની થોડાં વર્ષ પર ગુજરી ગયાં. તેમને કોઈ બાળકો નહોતાં. પોતાની મિલકતના મોટા ભાગનું તેમણે ટ્રસ્ટ કર્યું હશે એવી ધારણા છે.

છતાં, શૉ સમાજવાદી હતા! વિલાયતની ફેબિયન સોશિયાલિસ્ટ સભાના એક આગેવાન હતા. સમાજવાદ ઇંગ્લંડમાં સ્થપાત તો તે પોતાની મિલકત સમાજને સોંપી શ્રધ્ધા સાથે સમાન રીતે રહેવા તૈયાર થાત. પણ માત્ર પોતે જ મિલકતનો ત્યાગ કરે, અને બીજાઓ તો સંપત્તિ ભોગવે તે એમને માન્ય નહોતું. આથી ઊલટું, ગાંધીજી કહેતા કે હું 'સમાજ'વાદી નહિ, પણ સમાજ-'ધર્મી' છું. જો હું સમજી ગયો છું કે પરિગ્રહ રાખવો ખોટો છે, તો બીજા ત્યાગ કરે કે ન કરે, મારે તો મારો પરિગ્રહ કાઢી નાખવો જ. આ રીતે એ એની વચ્ચે વિચારસરણીનો ભેદ હતો.

પણ શૉને ગાંધીજી માટે અત્યંત આદર હતો, અને જ્યારે તેઓ વિલાયત ગયા ત્યારે પ્રયત્નપૂર્વક તેમની પાસે સમય મેળવી મળવા ગયા હતા. દેવદાસભાઈ, પં. જવાહરલાલ વગેરે પણ મુલાકાત માટે જાય તો ખુશીથી મળતા. અનેક વર્ષોથી તેઓ ચુસ્ત નિરામિષાહારી હતા.

અંગ્રેજી લિપિ અને જોડણીમાં સુધારા કરવાના એ હિમાયતી હતા. તે માટે એમણે એક ખાસ સંસ્થા પણ સ્થાપી છે.

જ્યાં જ્યાં અંગ્રેજી ભાષા વંચાય છે, ત્યાં ત્યાં શૉનાં પુસ્તકોના શોખીનો મળી આવે છે. કેટલીક જગ્યાએ શૉ-વાચન-મંડળો સ્થપાયાં છે. ત્યાં શૉનાં જ પુસ્તકોનો અભ્યાસ થાય છે.

જીવન, જગત, વ્યક્તિ, સમાજ વગેરે બાબતોમાં તેમના વિચારો ઘણા સ્પષ્ટ અને નિશ્ચિત હતા. એ ધોરણે તેઓ જગતના બનાવો તથા વ્યક્તિનાં તેમ જ સમાજનાં કાર્યો તપાસતા, અને તેમાં જ્યાં જ્યાં અસંબદ્ધતા દેખાય તેને દેખાડી આપતા. એમનાં લખાણોની પાછળ એક એક આવી બાબતને પ્રગટ કરી દેખાડવાનો ઉદ્દેશ રહેલો છે. આથી એમના કટાક્ષ અને મશ્કરીઓ પાછળ કાંઈક તાત્ત્વિક વિચાર સંતાયેલો હોય છે. માત્ર ક્ષણભર રમૂજ ઉપજાવવા માટે જ તેમનો વિનોદ સામાન્ય રીતે હોતો નથી.

શૉના વિચાર પ્રમાણે માણસનું આયુષ્ય સોથી ઘણાં વર્ષ વધારે હોવું જોઈએ. સાઠ વર્ષ પછી જ માણસની બુદ્ધિ પાકવા માંડે છે. તેથી તે પછી જ તે જવાબદારીનાં કામો કરવાને લાયક થયો ગણાય. ત્યારથી એનું સાચું જવાબદારીનું જીવન શરૂ થવું જોઈએ, અને તેની બુદ્ધિ ખીલતી રહે એમ બનવું જોઈએ. એને બદલે સાઠ વર્ષ પછી માણસનાં શરીર તેમ જ બુદ્ધિ મંદ પડી જાય છે, નવું શીખવા વિચારવા અશક્ત બની જાય છે એ કમભાગ્ય છે. આ ધારણાને લીધે જ માણસ ત્રીસ–ચાળીસ વર્ષની વયથી મોટામોટાં કામો કરવા ઉતાવળો બને છે. પણ બુદ્ધિ અને અનુભવ કાચા હોવાથી છબરડા વાળે છે, અને દુનિયા પર આપત્તિઓ ઉતારે છે. આટલી બધી લડાઈઓ અને ઊથલપાથલો થાય છે કારણ કે સાઠ વર્ષ પહેલાં માણસ મોટી જવાબદારીઓ સંભાળવા મંડી પડે છે, અને પછી ઘરડો થાય ત્યારે પોતાનો જૂનો ચાલો છોડી શકે નહિ એવો જડ થઈ ગયો હોય છે. એવો માણસ સિત્તેર વર્ષનો થાય, તોયે ત્રીસ–ચાળીસ વર્ષે જે વિચારો બાંધ્યા હોય તેને જ વળગેલો રહે છે.

શૉની પોતાની બુદ્ધિ ૯૪ વર્ષ સુધી જેવી ને તેવી તેજસ્વી રહી હતી. અકસ્માત થયો તે પહેલાં નવાં એક-બે પુસ્તકો પાછળ મંડેલા હતા. અકસ્માત પછી ઘેર તો આવ્યા, પણ જીવનરસ ઊડી ગયો અને કલમ ચલાવવાની ઇચ્છા રહી નહિ. આ રીતે એમનું શરીર એમના આદર્શ કરતાં ઘણું જલદી પડ્યું. પરંતુ તેમના સાહિત્ય દ્વારા તે ચિરંજીવી છે. ભર્તૃહરિએ કહ્યું છે તેમ તે એ કોટિના કવીશ્વર હતા —

'નથી જેના યશોદેહે જરા-મરણનો ભય.'

વર્ધા, ૫–૧૧–'૫૦ **કિશોરલાલ મશરૂવાળા**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ પદવીદાન સમારંભ

[ગઈ તા. ૨૯-૧૦-'૫૦ના રોજ ગૂજરાત વિદ્યાપીઠમાં કુલપતિ સરદારશ્રી વલ્લભભાઈ પટેલને પ્રમુખપદે અગિયારમો પદવીદાન સમારંભ થયો તે સમયે મહામાત્ર શ્રી મગનભાઈ દેસાઈએ રજૂ કરેલું નિવેદન તથા સ્નાતકોને પદવી આપ્યા પછી સરદારશ્રીએ કરેલું પ્રવચન નીચે આપ્યાં છે:]

મહામાત્રનું નિવેદન

શ્રી કુલપતિજી,

આપ આજે પધાર્યા તેથી અમને ખૂબ આનંદ થાય છે. આપ કાલે ૭૫ વર્ષ પૂરાં કરી ૭૬મા વરસમાં પ્રવેશ કરો છો, તે માટે અમે સૌ આપનું અભિનંદન કરીએ છીએ અને પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે, દેશની સેવામાં તે આપને સારી તબિયત અને લાંબું આયુષ આપે.

પરમ પૂજ્ય ગાંધીજીએ વિદ્યાપીઠની સ્થાપના તા. ૧૮-૧૦-'૨૦ના રોજ કરી. બરોબર ત્રીસ વરસે તે જ તારીખે તા. ૧૮-૧૦-'૫૦ના રોજ સ્વતંત્ર ભારતના સર્વસત્તાધીશ પ્રમુખ વિદ્યાપીઠમાં પધાર્યા. આ એક અણધાર્યો શુભ સંજોગ કહેવાય. અને એ પણ સંજોગની જ વાત ગણાય કે, વિદ્યાપીઠનાં આ ત્રીસ વરસના ઇતિહાસનું પુસ્તક તે જ દિવસે પ્રસિદ્ધ થયું. સ્વરાજની લડતના એક અંગરૂપ અસહકારમાંથી સ્થપાયેલી આ સંસ્થાને માટે આ સંજોગ એક યુગની પૂર્ણાહુતિ અને નવા યુગના પ્રારંભ જેવો ગણાય. આજનો આપના પ્રમુખપદે મળતો આ સમારંભ વિદ્યાપીઠ માટે શરૂ થતા નવા યુગનો શુભ સૂચક છે.

આપ જાણો છો કે, છેલ્લા આપ ઈ. સ. ૧૯૩૬ના પદવીદાન સમારંભમાં કુલનાયક તરીકે પધાર્યા હતા. તે વખતે પૂ. ગાંધીજી કુલપતિ તરીકે પ્રમુખપદે હતા. તે દસમો સમારંભ હતો. ત્યાર બાદ આ અગિયારમો સમારંભ થાય છે. ઈ. સ. ૧૯૩૦માં સ્વરાજની લડતને લઈને મહાવિદ્યાલયનું શિક્ષણ બંધ કર્યા પછી પાછું તે ૧૯૪૭માં શરૂ કર્યું, એટલે પદવીઓ આપવાપણું હતું નહિ.

હવે સ્વરાજ આવ્યા પછી પાછું મહાવિદ્યાલય શરૂ થાય છે. અને તે ખાસ કરીને શ્રી મહાદેવ દેસાઈ ટ્રસ્ટને આભારી છે. તે ટ્રસ્ટે એમ વિચાર્યું કે, ગ્રેજ્યુએટ કક્ષાના સમાજસેવકો તૈયાર કરવાની તાલીમ આપવાને માટે ગુજરાતમાં એક મહાવિદ્યાલય કાઢવું અને તે કામ તેણે વિદ્યાપીઠને સોંપ્યું. તેની રૂએ આ મહાવિદ્યાલય આપણે ઈ. સ. ૧૯૪૭માં શરૂ કર્યું. તેનો ત્રણ વરસનો અભ્યાસ રાખ્યો છે. બધા વિષયો ગુજરાતી માધ્યમથી શીખવવામાં આવે છે. રાષ્ટ્રભાષા દરેકને ફરજિયાત શીખવાની હોય છે. આ ઉપરાંત તેને માટે ત્રણ વરસનો ભરચક અભ્યાસ-ક્રમ યોજ્યો છે. વિદ્યાર્થીઓ મોટે ભાગે છાત્રાલયમાં જ રહે એવી અપેક્ષા છે, કેમ કે તેને એક તાલીમના અંગ તરીકે યોજવામાં આવ્યું છે.

મહાવિદ્યાલય ઉપરાંતનાં કામોમાં પાયાની કેળવણીનું કામ કરીએ છીએ. તેમાં આજે પ્રાથમિક સાત ધોરણની શાળા ચાલે છે અને તેને સરકારે નવી તાલીમની પ્રયોગ-શાળા તરીકે માન્ય કરી છે. પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપવા માટે સાડાત્રણ માસનો અને બીજો છ માસનો એમ બે પ્રકારના ઉદ્યોગ-તાલીમ-વર્ગો ચલાવીએ છીએ.

રાષ્ટ્રભાષાના પ્રચારને અર્થે ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છમાં લગભગ ૧૭૫ કેન્દ્રોમાં કામ થાય છે, ને દર વરસે છમાસિક લેવાતી પરીક્ષામાં કુલ આશરે ૧૩,૦૦૦ વિદ્યાર્થીઓ બેસે છે. આ કામ આપણે બંધારણસભાએ કરેલા ઠરાવ મુજબ કરીએ છીએ. જૂના કેટલાક ખ્યાલોને લઈને, તેમાં પ્રાંતીય હિંદીની સંકુચિત દૃષ્ટિ રાખીને હજી કેટલાક લોક નાહક પ્રશ્નો બુદ્ધિભેદ કરે છે, તેથી આપણા કામમાં જોઈતો વધારો થતો નથી. પણ અમને આશા છે કે, ધીમે ધીમે જેમ સૌ સમજશે તેમ તેમ એમાં સુધારો થશે.

આ ઉપરાંત પુસ્તક પ્રકાશનની પ્રવૃત્તિ, કોશ પ્રવૃત્તિ, ગ્રંથાલય પ્રવૃત્તિ, સરકારે વિદ્યાપીઠને સોંપેલાં કોપીરાઈટ પુસ્તકોનો સંગ્રહ, પ્રૌઢશિક્ષણ, વિજ્ઞાનની ગુજરાતી પરિ-ભાષાનું કામ, વગેરે કામો સારી રીતે ચાલે છે.

પુસ્તક પ્રકાશન અંગે નોંધપાત્ર એકેક બાબત ટાંકું — જોડણીકોશની સુધારેલી વધારેલી ચોથી આવૃત્તિ ૧૯૪૯માં બહાર પાડવામાં આવી છે. વિદ્યાપીઠ વાચન-માળાનાં પુસ્તકો ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શહેરોમાં ચાલે છે. તેમને સુધારીને નવી આવૃત્તિઓ તૈયાર કરવાનું કામ ચાલે છે.

ગ્રંથાલય અંગે હવે તેનું સ્વતંત્ર મકાન તૈયાર કરાવવું જોઈએ. એના પ્લાન કરવાનું કામ ઇજનેરોને સોંપ્યું છે અને એ કામ તુરતમા ઉપાડવા નિરધાર્યું છે.

આમ અત્યારે વિદ્યાપીઠની વિવિધ પ્રવૃત્તિઓ ચાલે છે. તે બધાનું વિગતે બયાન કરીને આપનો વખત લેવો ન ઘટે. અત્યારે પ્રસિદ્ધ થતા વાર્ષિક નિવેદનમાં એ આપ્યું છે અને તેની નકલ હમણાં આપ સૌને આપવામાં આવી છે.

આગળનાં કામો અંગે બે શબ્દ કહેવા જોઈએ. એક વિચાર એ કરીએ છીએ કે, ગુજરાત માટે વ્યાયામના શિક્ષકો તૈયાર કરવા માટે આપણે એક વ્યાયામ વિદ્યાલયની જોગવાઈ કરવી જોઈએ. તે શરૂ કરવા માટે યોગ્ય સેવકોની ખોળમાં અત્યારે છીએ.

સાતે ધોરણની પાયાની શાળા પછી આગળના અભ્યાસ માટે વિનયમંદિર પાછું શરૂ કરવાનું રહે છે. એ પણ નજર સામે છે. એ થઈ રહે તો આપણે ત્યાં પ્રાથમિક કેળવણીથી મહાવિદ્યાલય સુધીના શિક્ષણનો પ્રબંધ થઈ જશે.

બોચાસણમાં આપણે શ્રી વલ્લભ વિદ્યાલય ચલાવીએ છીએ. ત્યાં પ્રાથમિક શાળાનાં ઉપલાં ત્રણ ધોરણો વ્યવસ્થિત ચાલુ થયાં છે, અને આસપાસનાં ગામોમાં ચાલતી શાળાઓમાંથી વિદ્યાર્થી ત્યાં આવી શકે છે. પાસેની સ્કૂલબોર્ડની બે શાળાનું સંચાલન આપણે હાથમાં લીધું છે. આ કામ સ્થિર રૂપે ગોઠવાતું જાય છે એ જણાવતાં આનંદ થાય છે.

આમ વિદ્યાપીઠનાં જુદાં જુદાં વધતાં જતાં કામો માટે મકાનો વગેરે થાપણખર્ચ કરવાની જોગવાઈ કરવાની જરૂર છે. આપે એમાં રસ લઈ અમને સલાહ આપી અને તે મુજબ ગાંધીજી સ્મારક રાષ્ટ્રીય નિધિને વિદ્યાપીઠે તેવી મદદ કરવા માટે માગણી કરી. નિધિએ આવા થાપણખર્ચને સારુ રૂપિયા દસ લાખ વિદ્યાપીઠને આપવા માટે અંકિત કર્યા છે, એની અહીં કૃતજ્ઞતાપૂર્વક નોંધ લઉં છું.

આટલું પ્રાસંગિક નિવેદન કરીને સ્નાતકોને પદવી એનાયત કરવા આપને વિનંતી કરું, તે અગાઉ આજે વિદ્યાપીઠની પ્રવૃત્તિમાં રસ લઈને પધારેલાં સૌ ભાઈ-બહેનોનો આભાર માનું છું.

સરદારશ્રીનું પ્રવચન

ગૂજરાત વિદ્યાપીઠના આચાર્ય, અધ્યાપકો, સ્નાતકો, વિદ્યાર્થી ભાઈબહેનો, સજ્જનો અને સન્નારીઓ,

આજે આ પદવીદાન સમયે ગૂજરાત વિદ્યાપીઠની શરૂઆતથી આજ સુધીનો ઇતિહાસ મારી આંખ આગળ ખડો થાય છે. જ્યારે વિદ્યાપીઠની સ્થાપના થઈ અને એનું ખાતમુહૂર્ત મારે હાથે થયું ને ત્યાર પછી જ્યારે આચાર્ય શ્રી રાયને બોલાવી તેનું શિલારોપણ કર્યું, ત્યાર પછી હિંદુસ્તાનના ઇતિહાસમાં જે ફાળો વિદ્યાપીઠે આપ્યો તે આપણી સામે તાજો છે. વિદ્યાપીઠની ચડતીપડતી એ સ્વરાજ્યની લડતની ચડતીપડતીનો ઇતિહાસ છે. આખરે જ્યારે હિંદુસ્તાનને સ્વતંત્રતા પ્રાપ્ત થઈ તે કાળે વિદ્યાપીઠને પોતાને મગરૂબ થવાનું કારણ મળ્યું. તેના ઉપર અનેક મુસીબતો આવી અને કેટલીક વખત વિદ્યાપીઠનો તે વખતની સલ્તનતે કબજો લીધો. પણ વિદ્યાપીઠ તેમાંથી દરેક વખતે આખરે પાર નીકળી ગઈ. વિદ્યાપીઠના સ્નાતકો જે જે ક્ષેત્રમાં ગયા છે, તેઓ જ્યાં જ્યાં પડ્યા છે ત્યાં તેમણે પસ્તાવો નથી કર્યો. તેઓ જ્યાં ગયા છે ત્યાં ઠીક રીતે કામ કર્યું છે અને વિદ્યાપીઠને શોભાવી છે.

આજના સ્નાતકો કે જેમને પદવી આપવામાં આવે છે તેઓને તેનાથી જુદા – સ્વતંત્રતાના વાતાવરણમાં પદવીદાન થાય છે. સ્વતંત્રતા મળ્યા પછી કેળવણીના ક્ષેત્રમાં જે ઝડપી ફેરફારો થવા જોઈએ તે થયા નથી. કારણ કે જે સ્વતંત્રતા મળી તે સ્વતંત્રતાની પાછળ ભૂતકાળનો ઇતિહાસ અને એની પાછળ લાગેલી અનેક પ્રકારની મુશ્કેલીઓનું વળગણ છૂટી શકયું નથી. હિંદ અત્યારે કોઈ વખત નહીં એવા કહણ પ્રસંગમાંથી પસાર થઈ રહ્યો છે. જો સાવધાન ન રહીએ તો કેટલાય ભોગથી મેળવેલી સ્વતંત્રતા ગુમાવી બેસીએ. આજે લોકો હિંદુસ્તાનમાં બધે આજની સરકારની અનેક પ્રકારે ટીકા કરી રહ્યા છે. લોકશાહીમાં ટીકાને સ્થાન છે અને ટીકા થવી જોઈએ. છતાં સાથે સાથે સમજવું જોઈએ કે આપણે હજુ લોકશાહીનો કક્કો ઘૂંટીએ છીએ. અને આજની દુનિયાને અનુરૂપ આપણી સરકારને આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવવી હોય તો આપણા મુલકનું અને દુનિયાની પરિસ્થિતિનું નિરીક્ષણ કરવું જોઈએ. વિદ્યાપીઠના સ્નાતકોનો ધર્મ છે કે પોતાનો અભ્યાસ વિચારથી અને ઊંડી નજરથી કરે. લોકપ્રવાહમાં તણાવું ન જોઈએ. પ્રાંત પ્રાંતમાં હું ફરું છું; જોઉં છું. તે ઉપરથી મને સંતોષ છે કે અનેક પ્રકારની ટીકાઓ છતાં ગુજરાત પોતાનું સ્થાન ઠીક સાચવી રહ્યું છે. તેણે પોતાનું મગજ સ્થિર રાખ્યું છે. કોઈ એમ ન સમજે, ન સમજવું જોઈએ, કે સ્વતંત્રતા મળી એટલે આપણને કોઈ પ્રકારનું દુઃખ રહ્યું નથી. ઊલટું આજે દુઃખનો પ્રવાહ ચાલી રહ્યો છે. અનેક ફેરફાર થઈ રહ્યા છે. વેપારીઓને પોતાનો વેપાર વધવાની ઉમેદ હતી તે ચાલી ગઈ છે. મધ્યમ વર્ગ બેકાર થાય છે. અનાજ યા ખોરાકનો તોટો છે. કાપડની ખૂબ પડે છે. કપાસના ભાવ કોઈ વખત ન હતા તેટલા વધી ગયા છે. દરેક પ્રકારના ઉદ્યોગોમાં મુસીબત આવી ગઈ છે. આનું શું કારણ છે? એ સમજવું જોઈએ. લોકો ઊંડો અભ્યાસ કરી તે સમજે નહીં તો જેને દોષ ન દેવો જોઈએ તેને દોષ દે અને રાહત મળે નહીં. આપણે ગુજરાતના લોકો સમજદાર અને વેપારી બુદ્ધિના ગણાઈએ છીએ. સ્વરાજ્યની લડતના અહીં પાયા નંખાયા છે. આપણે જ્યાં ભૂલ સુધારવાની લાગે ત્યાં સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ, પણ મગજનું સમતોલપણું ન ગુમાવવું જોઈએ. આપણે ઠીક હોઈશું તો ગભરાવાની કાંઈ જરૂર નથી. તો બધું ઠીક થઈ શકશે; કોઈ પણ ભૂલો થતી હશે તો તેને સુધારીશું અને બીજાને ભૂલ સમજાવી શકીશું. એ રીતે આપણે મુલકને સીધે રસ્તે ચઢાવવા પ્રયત્ન કરવો જોઈએ.

કેળવણીના ક્ષેત્રમાં આપણી પ્રવૃત્તિ એક તરફ જોરથી ચાલી રહી છે. પણ બીજી બાજુ જેવી રીતે તે થવી જોઈએ તેવા રીતે કામ થતું નથી. વિદ્યાપીઠનો બોજો ઘણો છે અને સરકાર આપણી છે. કેળવણીમાં જે ફેરફાર કરવા હોય અને જે જરૂરી છે તે કરવા જોઈએ. કેળવણીની અંદર એક પ્રકારનો વિપ્લવ ન થાય, ક્રાંતિ ન થાય તો આગળ ન વધી શકીએ. વિદ્યાપીઠની સ્થાપના એટલા માટે થઈ હતી. ક્રાંતિ ન થાય તો મુલક આગળ ન વધે. હવે વિદ્યાપીઠનું કામ ઘણું હલકું થયું છે. વિદ્યાપીઠના ૩૦ વર્ષના અનુભવની મૂડી વેડફી દેવી ન જોઈએ. તેણે દીવાદાંડીની માફક માર્ગદર્શક થવું જોઈએ. જેટલા ફેરફાર કરવા પડે તે કરવાની જરૂર છે. વિદ્યાપીઠનું આકર્ષણ તેજસ્વી લાગતી બીજી સંસ્થાઓના પ્રમાણમાં તેજસ્વી કે મોહિત થવા જેવું ન લાગે; તોપણ આપણે વારંવાર જે ચડતીપડતી થઈ તેમાં ફુલાઈ નથી ગયા તેમ જ ગભરામા નથી. એ રીતે સ્થિર કામ કરી લોકોને આકર્ષવા જોઈએ. આ કામ સ્નાતકોનું છે. લોકોએ પણ જેવું જોઈએ કે, ૩૦ વર્ષનો ઝળકતો ઇતિહાસ આટલા ટૂંક સમયમાં બીજી કોઈ સંસ્થાએ મેળવ્યો નથી, મેળવી શકશે નહીં. તે ઇતિહાસ વધારે ઉજ્જ્વળ બને તેવું કરવું જોઈએ. આ બધું ગાંધીજીને આભારી છે. તેમણે દેશના ઇતિહાસમાં વિદ્યાપીઠનું નામ દાખલ કરાવ્યું.

મગનભાઈ કહે છે કે, 'શારીરિક કેળવણી માટે કંઈક કરવું જોઈએ.' ઠીક વાત છે. મને અનુભવ છે કે ગુજરાતના રક્ષણ માટે ચોકીદાર, ગુરખા, પઠાણ વગેરે બહારથી લાવવા પડે છે. સરકારના મિલિટરી ખાતામાં કોઈ ગુજરાતી ન મળે. આપણે વેપારરોજગાર ખૂબ કર્યો, ખૂબ કમાયા અને ખૂબ કમાઈએ છીએ. છતાં ઘર આગળ પઠાણ, સિંધી કે ગુરખો રાખીએ ત્યારે માલિકનું કોણ એ સમજતું નથી. એટલે ગુજરાતના નવજુવાનોએ આ કામ કરવું જોઈએ.

સ્વરાજ્ય તો મળ્યું પણ ઝીલવું કેવી રીતે? આર્થિક ક્ષેત્રમાં થોડાઘણો ઉદ્યોગ અહીં છે. પણ તે પૂરતું નથી. દુનિયાના મુલકોની સાથે આપણે ઊભા રહેવું છે. વારસામાં મળેલું સાચવી રાખવું નહીં જોઈએ, તેને વધારવું જોઈએ. આ શહેરમા જેણે ઉદ્યોગની સ્થાપના કરી, જેણે મિલ ઊભી કરી, તેઓ સર ચીનુભાઈના કુટુંબીઓ હતા. રણછોડભાઈ વિલાયત જઈ પહેલી મિલ અહીં લાવ્યા. તેથી તેમને લોક રણછોડ રેંટિયો કહેતા. આજે તેમના હાથમાં મિલ નથી. જો આપણે અગમબુદ્ધિ ન વાપરીએ તો ઉદ્યોગ હાથમાં ન રહે. આપણે તેના ચોકીદાર રહેવું જોઈએ અને અગમચેતી વાપરવી જોઈએ.

વિદ્યાપીઠ એ પ્રકારના ઉદ્યોગની કેળવણી માટે નથી. હજારો ગામડાંમાં પ્રાણ પૂરવો, ગામડાના હજારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેકારોને કામ આપવું, તેમનામાં રુધિર અને પ્રાણ પૂરવાં તે એનું કામ છે. આ કામ આજના યુગમાં ઝપાટાબંધ કરવાનું છે.

જે સ્નાતકોને પદવી આપવામાં આવે છે તેઓ વિદ્યાપીઠની ઇજ્જતને ડાઘ લાગે એવું કામ ન કરે. જેની (ગાંધીજીની) છબી આપણી આગળ છે તેના આદેશને હંમેશાં યાદ રાખે અને અનુસરે. વિદ્યાપીઠ અને ગુજરાતની કીર્તિને આગળ વધારે તો તેઓ પદવીને યોગ્ય છે. પ્રભુ પાસે મારી પ્રાર્થના છે કે સ્નાતકો પોતાનું જીવન આ રીતે ગાળે. તે બધાને મારા અંતરના આશીર્વાદ છે.

ગુજરાત યુનિવર્સિટી માટે એક યોજના

[ગયા અંકમાં એક નોંધમાં 'ગુજરાત યુનિવર્સિટી માટે એક યોજના'ની વાત કરી હતી. તેના કર્તાઓ ત્રણ નવજુવાન અધ્યાપકો શ્રી. પ્રબોધ પંડિત, શ્રી. વિનાયક ભટ્ટ તથા શ્રી. દેવવ્રત પાઠક છે. આ યોજનાનો સાર આપવાનું એ નોંધમાં કહેલું, તે મુજબ નીચે તેનો સાર આપ્યો છે. જેમને આખી યોજના જોવી હોય તેમણે તેના પ્રકાશક (શ્રી. શંભુલાલ શાહ, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ) ને લખવું. — અ૦]

કેળવણીનું ધ્યેય તથા વાહન

માનવજાતના અનુભવ અને તેમાંથી ઉદ્ભવેલાં ચિંતન– આ સર્વસામાન્ય વારસાનો લાભ ઉઠાવી શકે તે પૂરતાં સ્વતંત્ર વિચાર તેમ જ સમજણ ખીલવવાનું કેળવણીનું ધ્યેય, ટૂંકમાં, કહી શકાય. વળી, આ સર્વસામાન્ય વારસામાં અભિવૃદ્ધિ કરવા પ્રયત્ન કરનાર વિદ્યાર્થીઓને યોગ્ય તાલીમ આપવાનું પણ કેળવણીનું ધ્યેય હોવું જોઈએ. આ કેળવણીનું વાહન માતૃભાષા જ હોઈ શકે એ વસ્તુ પણ સ્વતઃસિદ્ધ છે.

હાલની શિક્ષણપ્રથાનાં દૂષણો

અત્યારે હિંદમાં વર્તમાન શિક્ષણપ્રથા આ ધ્યેય પાર પાડવામાં નિષ્ફળ નીવડી છે. વ્યાખ્યાનો દ્વારા અપાતું શિક્ષણ વિદ્યાર્થીને સ્વતંત્ર વિચાર કરવા પ્રેરતું નથી; તેમને અપાતા શિક્ષણનો નિષ્ક્રિય પડઘો પાડવાનું આ પ્રથા વિદ્યાર્થીને શીખવે છે. હાલનો અભ્યાસક્રમ વિદ્યાર્થી-ની જરૂરિયાતોને સંતોષતો નથી અને તેનામાં શાસ્ત્રીય વિષયો પરત્વે સર્જનાત્મક રસ પેદા કરી શકતો નથી. પરીક્ષાપદ્ધતિ વિદ્યાર્થીને પરીક્ષાર્થી માત્ર બનાવી મૂકે છે અને જ્ઞાન સંપાદન કરવાનું ધ્યેય ગૌણ બની જાય છે. પરદેશી ભાષાને માધ્યમ તરીકે રાખેલી હોવાથી વિદ્યાર્થીના મન ઉપર વ્યર્થ બોજો નાખવામાં આવે છે અને પરિણામે તેના ઉત્સાહ અને જ્ઞાનરસનો હ્રાસ થાય છે. અત્યારની પ્રથાનાં આ દૂષણો સર્વવિદિત હોઈ અમે તે તરફ માત્ર અંગુલિનિર્દેશ કરીને અટકીએ છીએ.

યોજનાના હેતુઓ

અમારી યોજનાનો મુખ્ય હેતુ અમદાવાદમાં કેળવણીના ધ્યેયને પાર પાડી શકાય તેવું વાતાવરણ સર્જવાનો છે. આને અંગે નવી કેળવણીની યોજનાના હેતુઓ નીચે પ્રમાણે હશે:

૧. (અ) સામાન્ય વિદ્યાર્થીઓ માટે સારા નાગરિક તરીકેનું શિક્ષણ અને (બ) સંશોધન દ્વારા જ્ઞાનમાં વૃદ્ધિ કરી શકે તેવા વિદ્યાર્થીઓને યોગ્ય તાલીમ આપે તેવું શિક્ષણ — આ બન્ને પ્રકારનાં શિક્ષણ માટે યોગ્ય સગવડ રાખવી. અમે પ્રથમ પ્રકારના શિક્ષણને સ્નાતકનું શિક્ષણ અને બીજા પ્રકારના શિક્ષણને વિશારદનું શિક્ષણ કહીશું.

૨. સ્નાતક તેમ જ વિશારદના શિક્ષણને અનુકૂળ તેવો અભ્યાસક્રમ રાખવો. સ્નાતકના અભ્યાસક્રમનો હેતુ વિદ્યાર્થીને સ્વતંત્ર વિચાર કરી શકે તેવા સારા અને જવાબદાર નાગરિક બનાવવાનો હશે. વિશારદનો અભ્યાસ-ક્રમ વિદ્યાર્થીને સંશોધન માટે યોગ્ય તાલીમ મળી રહે તેવો હશે.

૩. પરીક્ષાની પદ્ધતિમાં સ્નાતકના વિદ્યાર્થીઓ માટે સુધારો કરવો અને વિશારદના વિદ્યાર્થીઓ માટે આ પદ્ધતિ નાબૂદ કરવી.

૪. કેળવણીના માધ્યમ તરીકે ગુજરાતી ભાષાને રાખવી અને શાસ્ત્રીય વિષયો માટે ગુજરાતી યોગ્ય વાહન બની શકે તેવી તેની ખિલવણી કરવી.

આ ચાર હેતુઓ સિદ્ધ થાય તેવી યોજના ઘડવાનો અમે પ્રયત્ન કર્યો છે.

યોજનાની આછી રૂપરેખા

વિશ્વવિદ્યાલયના અભ્યાસક્રમની શરૂઆત વિનીત પછી થશે. વિનીત પછી શાળા છોડી વિશ્વવિદ્યાલયમાં આવવું અમે જરૂરી ગણીએ છીએ. વિશ્વવિદ્યાલયનો પ્રથમ વર્ષનો અભ્યાસક્રમ વિદ્યાર્થીને વિશ્વવિદ્યાલયની કેળવણીનો પરિચય કરાવે અને મહત્ત્વ સમજાવે તેવો હશે. વળી, આ અભ્યાસક્રમ વિદ્યાર્થીને આગળ ઉપર સ્નાતક અને વિશારદના અભ્યાસક્રમો વચ્ચે પસંદગી કરવામાં મદદરૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય તેવો હશે. પ્રથમ વર્ષના આ અભ્યાસક્રમને અમે પરિચય નામ આપીએ છીએ.

પરિચય બાદ સ્નાતકનો અને વિશારદનો એવો બે પ્રકારનો અભ્યાસક્રમ રહેશે. સ્નાતક થવા માટે પરિચય પછી વિશ્વવિદ્યાલયમાં વિદ્યાર્થીએ બે વર્ષ ગાળવાનાં રહેશે. આ બે વર્ષ દરમિયાન દર વર્ષને અંતે વિશ્વવિદ્યાલય પરીક્ષા લેશે. પહેલા વર્ષમાં થઈ ગયેલા અભ્યાસક્રમ ઉપર બીજા વર્ષમાં પરીક્ષા નહિ લેવાય.

વિશારદનો અભ્યાસક્રમ પરિચય પછી ત્રણ વર્ષનો રાખ્યો છે. વિશારદની તાલીમ અત્યારની માફક વ્યાખ્યાનો દ્વારા નહિ અપાય. વિષયપ્રવેશ માટે જરૂરી વ્યાખ્યાનો આપવામાં આવશે; ત્યાર બાદ વર્ગ ચર્ચાસભામાં ફેરવાઈ જશે. વિદ્યાર્થીએ કરવાનાં સ્વતંત્ર વાચનનો તેમ જ ચર્ચા-સભાનો ક્રમ એવી રીતે રાખવામાં આવશે કે વિદ્યાર્થીને ઘટતી તાલીમ મળી રહે. દર સત્રને અંતે વિદ્યાર્થી એક નિબંધ લખશે અને સત્રાંત મૌખિક પરીક્ષા આપશે. આ બંનેમાં સફળ થનાર વિદ્યાર્થી જ આગળ જઈ શકશે. પાંચ સત્રો બાદ છઠ્ઠા સત્રમાં વિદ્યાર્થી એક મોટો નિબંધ લખશે અને નિબંધના વિષય ઉપર મૌખિક પરીક્ષા આપશે. આ બન્નેમાં સફળ થનાર વિદ્યાર્થીને વિશારદની ઉપાધિ મળશે.

વિશારદના અભ્યાસક્રમમાં રાખેલી ચર્ચાસભાઓ તેમ જ નિબંધોમાં લખાણ દ્વારા ગુજરાતી ભાષાની પણ યોગ્ય ખિલવણી થશે એમ અમારું માનવું છે.

વિશ્વવિદ્યાલયના અધ્યાપકો દર વર્ષે પોતપોતાના સ્વતંત્ર મૌલિક ચિંતન પરત્વે વ્યાખ્યાનમાળાઓ આપશે. આ વ્યાખ્યાનમાળાઓ માટે પરપ્રાંત અને પરદેશના અધ્યાપકોને પણ આમંત્રણ આપવામાં આવશે. આ વ્યાખ્યાનમાળાઓ વિશારદના અભ્યાસક્રમનો એક અંતર્ગત ભાગ છે.

આ અમારી યોજનાની આછી રૂપરેખા છે. સુંદર પુસ્તકાલય, પ્રતિભાશાળી શિક્ષકો અને વસાહતી ગુજરાત વિશ્વવિદ્યાલય—આ ત્રણ પ્રાથમિક અને મૂળભૂત જરૂરિયાતો ઉપર જ અમારી યોજનાની સફળતાનો આધાર છે.

હવે આ યોજનાના મુખ્ય મુદ્દાઓ અમે વિગતવાર ચર્ચીશું.

. પરિચયનો અભ્યાસક્રમ

વિનીતની પરીક્ષા પસાર કરીને વિદ્યાર્થી 'પરિચય'માં આવી શકશે. પરિચયનો અભ્યાસક્રમ શાળાના અભ્યાસ-ક્રમથી ભિન્ન અને સ્નાતક તેમ જ વિશારદના અભ્યાસક્રમને અનુલક્ષીને નક્કી કર્યો છે. વિશ્વવિદ્યાલયના શિક્ષણની શરૂઆત પરિચયથી થશે.

પરિચયના વર્ષ બાદ વિદ્યાર્થીએ નક્કી કરવું પડશે કે તેણે સ્નાતક અને વિશારદમાંથી કયો અભ્યાસક્રમ લેવો છે. આ પસંદગી વિદ્યાર્થી ઉપર આધાર રાખશે.

સ્નાતકનો અભ્યાસક્રમ

સ્નાતકનો હેતુ વિદ્યાર્થીઓને એક સારા નાગરિક તરીકેનું યોગ્ય શિક્ષણ મળી રહે તે જોવાનો છે. ભાષા, સાહિત્ય અને વિવિધ શાસ્ત્રીય વિષયોનું જ્ઞાન વિદ્યાર્થીને માણસજાતના સર્વસામાન્ય વારસાની ઓળખ કરાવશે અને અત્યારની માનવજાતની પરિસ્થિતિ સમજવા માટેની યોગ્ય તાલીમ આપશે. અત્યારની સમાજવ્યવસ્થાને સમજી તે ઉપર સ્વતંત્ર વિચાર વિદ્યાર્થી કરી શકે તેવી આ તાલીમ હશે.

આ અભ્યાસક્રમમાં જોડાનાર વિદ્યાર્થીઓમાં અમે કામ કરનાર — કમાનાર વિદ્યાર્થીને પણ લક્ષમાં રાખ્યો છે. આપણા ગરીબ અને ઝડપથી કેળવણીના ક્ષેત્રમાં પ્રગતિ કરવાની ધગશ રાખનાર દેશમાં આ વિદ્યાર્થીને ન જ ભૂલી શકાય. નાગરિકને જરૂરી એવી તાલીમથી તેને વંચિત ન રાખી શકાય આવા વિદ્યાર્થીઓને અનુકૂળ પડે તેવો શિક્ષણનો સમય રાખવામા આવશે.

આ અભ્યાસક્રમ બે વર્ષનો રહેશે અને તે દરમિયાન નીચેના વિષયો વિદ્યાર્થી શીખશે :

૧. હિન્દી.
૨. હિન્દી સંસ્કૃતિ.
૩. અર્થશાસ્ત્ર, રાજશાસ્ત્ર કે ઇતિહાસ.
૪. દર્શનશાસ્ત્ર, માનસશાસ્ત્ર કે સમાજશાસ્ત્ર.
૫. ભાષા : ગમે તે એક અર્વાચીન કે પ્રાચીન ભાષા.

વિશારદનો અભ્યાસક્રમ

વિશારદનો અભ્યાસક્રમ ત્રણ વર્ષનો હશે. ગમે તે એક વિષય વિદ્યાર્થી પસંદ કરશે અને તેમાં નિષ્ણાત બનવા પ્રયત્ન કરશે. કેટલાક વિષયોનો વિગતવાર ત્રણ વર્ષનો અભ્યાસક્રમ અમે પરિશિષ્ટમાં આપ્યો છે.

વ્યાખ્યાન દ્વારા વિષય શીખવવાની પદ્ધતિ વિશારદ માટે અમે રાખતા નથી. વિદ્યાર્થીને પોતાના વિષયમાં સર્જનાત્મક રસ લેતો કરવા માટે અમને જુદી પદ્ધતિની જરૂર જણાઈ છે. વિષયપ્રવેશ પૂરતાં વ્યાખ્યાનો અધ્યાપકો આપશે. ત્યાર પછી આખો વર્ગ ચર્ચાસભામાં ગોઠવાઈ જશે. વિદ્યાર્થીનો વાચનક્રમ નક્કી કરવામાં આવશે અને તે અનુસાર ચર્ચાસભાનો ક્રમ પણ ગોઠવાશે. અધ્યાપકો સાથે તેમ જ પરસ્પર ચર્ચા દ્વારા વિદ્યાર્થી વિષયનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાન પ્રાપ્ત કરશે. વળી, આ રીતે અધ્યાપક અને વિદ્યાર્થીનો સંબંધ ઘનિષ્ઠ બનશે અને બન્ને સાચા અર્થમાં વિદ્યાર્થી જ છે તે સમજશે. આ ઉપરાંત સ્વતંત્ર વ્યાખ્યાનમાળાઓ ગોઠવાશે. અધ્યાપકો દર વર્ષે પોત-પોતાના વિષયમાં પોતાના સ્વતંત્ર મૌલિક ચિંતન પરત્વે વ્યાખ્યાનમાળા આપશે. આવા પ્રકારની વ્યાખ્યાનમાળા આપવા માટે પરપ્રાંત અને પરદેશના અધ્યાપકોને પણ આમંત્રણ આપવામાં આવશે. બહારના વ્યાખ્યાતાઓ ગુજરાતી નહિ જાણતા હોય તો હિંદી કે અંગ્રેજીમાં વ્યાખ્યાન આપશે આ વ્યાખ્યાનમાળાઓ વિશારદના અભ્યાસક્રમનો એક અંતર્ગત ભાગ હશે.

વિશારદના અભ્યાસક્રમમાં જુદા જુદા વિષયોનાં ખાતાંઓ વચ્ચે યોગ્ય સમન્વય રાખવો જરૂરી બનશે. જુદા જુદા વિષયોના અભ્યાસક્રમમાં ચાલતી અભ્યાસ-પ્રવૃત્તિઓમાંથી જે પ્રવૃત્તિ વિદ્યાર્થીના પોતાના પસંદગીના વિષયના અભ્યાસ માટે પૂરક હશે, તે પ્રવૃત્તિનો વિદ્યાર્થી લાભ લેશે અને એ તેના અભ્યાસનું આવશ્યક અંગ ગણાશે. જેમ કે, સંસ્કૃતના પહેલા વર્ષના વિદ્યાર્થીએ સંસ્કૃતના અલંકારશાસ્ત્રનો પરિચય મેળવતી વેળાએ ગુજરાતી અને અંગ્રેજીમાં ચર્ચાતા વિવેચનના પ્રકારો અને પદ્ધતિઓનો પરિચય મેળવવો આવશ્યક ગણાશે. અને એના પહેલા સત્ર દરમિયાન એણે તે તે વિષયોની ચર્ચાસભાઓનો યોગ્ય લાભ લીધો હશે. આની અધ્યાપક નોંધ લેશે. તેવી જ રીતે અર્થશાસ્ત્રનો વિદ્યાર્થી પ્રથમ વર્ષ દરમિયાન ગણિત અને આંકડાશાસ્ત્રની અભ્યાસ-પ્રવૃત્તિઓનો લાભ લેશે.

પરીક્ષાપદ્ધતિ

પરીક્ષાપદ્ધતિને લીધે ઉદ્‌ભવતાં દૂષણો વિષે કહેવાઈ ગયું છે. સ્નાતક માટે આ પદ્ધતિમાં અમે કેટલાક સુધારા સૂચવીએ છીએ અને વિશારદ માટે આ પદ્ધતિને તિલાંજલિ આપીએ છીએ.

હાલ બી. એ. ના અભ્યાસક્રમ માટે બે વર્ષ બાદ બધાય વિષયોની એકસામટી પરીક્ષા લેવામાં આવે છે. આ પ્રથાને લીધે વિદ્યાર્થી શરૂના અભ્યાસકાળ દરમિયાન બરાબર કામ કરવા પ્રેરાતો નથી. વળી, બધા વિષયોની એકસામટી પરીક્ષા લેવાતી હોવાથી વિદ્યાર્થી ઉપર નિરર્થક ખૂબ બોજો પડે છે. આ બન્ને દોષો ટાળવા માટે અમે સૂચવીએ છીએ કે, સ્નાતક માટે દર વર્ષને અંતે વિશ્વવિદ્યાલયની પરીક્ષા લેવાય. એક વર્ષ દરમિયાન થઈ ગયેલા અભ્યાસક્રમ ઉપર બીજા વર્ષની પરીક્ષામાં પ્રશ્નો નહિ પુછાય. આ રીતે આખો અભ્યાસક્રમ સ્નાતક માટે બે ભાગમાં વહેંચાઈ જશે અને વિદ્યાર્થી ઉપર બધા વિષયો એકી સાથે તૈયાર કરવાનો બોજો નહિ રહે. વળી દર વર્ષને અંતે પરીક્ષા હોવાને લીધે વિદ્યાર્થી અભ્યાસકાળ દરમિયાન સતત એકધારું કામ કરવા પ્રેરાશે. પરિચયની વિશ્વવિદ્યાલયની પરીક્ષા એક વર્ષ પછી લેવાશે.

વિશારદ માટે આવી પરીક્ષાઓ નહિ હોય. આ વિદ્યાર્થીઓ જુદી કોટિના હોવાને લીધે પરીક્ષાપદ્ધતિ સહેલાઈથી અહીં દૂર કરી શકાશે પરીક્ષાને બદલે સત્રાંત નિબંધ અને મૌખિક પરીક્ષા અમે સૂચવીએ છીએ. દર સત્રને અંતે વિદ્યાર્થી એક નિબંધ લખશે. મૌલિક વિચાર તેમ જ વિષયની યોગ્ય ગોઠવણીને આવા નિબંધમાં અવકાશ રહેશે; જ્યારે લેખિત પરીક્ષાઓમાં આ બેમાંથી એકેયને પૂરો અવકાશ રહેતો નથી. મૌખિક પરીક્ષાને લીધે વિદ્યાર્થીને અન્યાય થવાનો ભય નહિ રહે. સમગ્ર વિષયનું જ્ઞાન વિદ્યાર્થીને છે કે નહિ તે મૌખિક પરીક્ષા દ્વારા સહેલાઈથી જાણી શકાશે; લેખિત પરીક્ષાઓમાં વિષયનું બરાબર જ્ઞાન ન હોય તોપણ સફળતા મળી શકે છે. વળી, વિદ્યાર્થીને શું નથી આવડતું તેટલું જ માત્ર નહિ પણ તેને શું આવડે છે તેય મૌખિક પરીક્ષા દ્વારા જાણી શકાય અને એકાદ સવાલ ન આવડે તેથી વિદ્યાર્થીને નિષ્ફળ જવાનો ભય અહીં રહેશે નહિ. લેખિત પરીક્ષાઓમાં પોતાને જે આવડે છે તે બતાવવાની તક વિદ્યાર્થીને કોઈ વાર મળતી જ નથી અને કેટલીક વાર તેને ભારે અન્યાય થવાનો પણ સંભવ રહે છે. સત્રાંત નિબંધ અને મૌખિક પરીક્ષાના પરિણામ ઉપર વિદ્યાર્થીની સફળતાનો આધાર રહેશે. એક સત્રમાં પરિણામ અસંતોષકારક હોય તોયે વિદ્યાર્થીને બીજા સત્રના અભ્યાસક્રમ માટે જવા દેવામાં આવશે; પણ તેને ચેતવણી આપવામાં આવશે કે જો તેનું બીજા સત્રાંત પરીક્ષાનું પરિણામ સંતોષકારક નહિ હોય તો તેણે વિશારદનો અભ્યાસક્રમ મૂકી દેવો પડશે. આવું પાંચ સત્રો સુધી ચાલશે. છઠ્ઠા સત્રમાં વિદ્યાર્થી પોતાને મનગમતા વિષય ઉપર એક મોટો નિબંધ લખશે. આ નિબંધના વિષય ઉપર તેની મૌખિક પરીક્ષા પણ થશે. આ બન્નેમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને વિશારદની ઉપાધિ આપવામા આવશે.

શિક્ષણનું માધ્યમ

વિષયોનું જ્ઞાન માતૃભાષા દ્વારા વિદ્યાર્થી સહેલાઈથી અને ઝડપથી મેળવી શકે છે, એ એક હકીકત છે. બીજી પરભાષાનો વ્યર્થ બોજો આ માટે વિદ્યાર્થી ઉપર નાખવો તે યોગ્ય નથી. મહત્ત્વની વસ્તુ તો જ્ઞાન છે અને આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાન માતૃભાષા દ્વારા સહેલાઈથી મળી શકે છે; માટે માતૃભાષાને જ માધ્યમ તરીકે રાખી શકાય.

પણ ગુજરાતીને યોગ્ય બોધભાષા બનાવવા માટે જુદા જુદા શાસ્ત્રીય વિષયો તેમાં મૂકી શકાય તેટલી તેને સમૃદ્ધ બનાવવાનું કામ વિશ્વવિદ્યાલય ઉપર આવી પડશે. આ શાસ્ત્રોનું માત્ર ગુજરાતીમાં ભાષાંતર કરવાથી કાંઈ ન વળે. આ શાસ્ત્રો ગુજરાતીમાં ઊગવાં જોઈએ અને તે માટે આ વિષયો ઉપર ગુજરાતીમાં ખૂબ ચિંતન અને ચર્ચાની આવશ્યકતા છે. અધ્યાપકો અને વિદ્યાર્થીઓ આ ચિંતન અને ચર્ચા કરી શકે તેવી વિશારદના અભ્યાસક્રમમાં જોગવાઈ છે. વિશારદ માટે નક્કી કરેલી ચર્ચાસભામાં સમૂહપ્રયત્નથી શાસ્ત્રો ગુજરાતીમાં વિકસશે, એમ અમારું માનવું છે. વળી, અધ્યાપકના વિષયપ્રવેશ અંગેનાં વ્યાખ્યાનો, મૌલિક ચિંતન પરત્વેનાં વ્યાખ્યાનમાળાઓ અને વિદ્યાર્થીઓના સત્રાંત નિબંધો—આ બધું ગુજરાતીમાં થશે. આમ ગુજરાતીમાં થતી લેખનપ્રવૃત્તિ તેમ જ ચર્ચાઓ અને ગુજરાતીમાં અપાતાં વ્યાખ્યાનો દ્વારા ગુજરાતી યોગ્ય માધ્યમ બની શકશે એની અમને ખાતરી છે. આમ વિશારદનો અભ્યાસક્રમ ગુજરાતીને માધ્યમ તરીકે ખીલવવામાં પણ પૂરતો ફાળો આપે છે.

ખાસ કરીને વિશારદના અભ્યાસક્રમમાં રાખેલી ચર્ચાસભાઓ પરિભાષા અને બોધભાષાના આપણા કોયડાનો ઉકેલ લાવવામાં ખૂબ મદદરૂપ થશે. પાઠ્ય-પુસ્તકોના અનુવાદોથી વા પરિભાષાના કોષથી બોધભાષાનો પ્રશ્ન કદી ઉકેલી શકાય નહિ. પરિભાષા નિયત કરતી વેળાએ 'ફલાણો શબ્દ એ ફલાણા શબ્દનો યોગ્ય અનુવાદ છે' એ દલીલની જરૂર નથી. મહત્ત્વની વસ્તુ તો અમુક શબ્દને ચલણી બનાવવાની છે. શબ્દોનો અમુક અર્થ ઘટાવવા તરફ અત્યારે પરિભાષાકારો પ્રયત્ન કરી રહ્યા છે. આના કરતાં આ શબ્દોને ચલણ કઈ રીતે મળે એ વિષે વિચાર કરવાનો પ્રયત્ન થાય તો જ પરિભાષા વિકાસ પામી શકે અને એ દ્વારા બોધભાષા જીવંત બની શકે. શબ્દ અને અર્થનું સતત સાહચર્ય ચલણથી સધાય છે અને એ ચલણ આ ચર્ચાસભાઓથી વેગવંતુ બનશે. ચર્ચાસભાઓમાં એક જ ભાષામાં ચર્ચા થવી જોઈએ તેવો દુરાગ્રહ નહિ રહે. પરંતુ બીજી ભાષાઓને લક્ષમાં રાખીને ગુજરાતીમાં યોગ્ય શબ્દો—સંજ્ઞાઓ ચલણી બને તેવો પ્રયત્ન કરવાનું આ ચર્ચાસભાઓનું ધ્યેય અવશ્ય રહેશે. વળી, વિદ્યાર્થીઓ સત્રાંત નિબંધ નિરપવાદ રીતે ગુજરાતીમાં લખશે એટલે બીજી ભાષાઓનો ઉપયોગ કરવા છતાં તેમનું લક્ષ ગુજરાતી તરફ જ રહેશે. આ સમગ્ર અભ્યાસક્રમમાં માત્ર વ્યાખ્યાનોને બદલે ચર્ચાસભા દ્વારા શિક્ષણ આપવા ઉપર ભાર મૂકીને અમે આપણા બોધભાષાના પ્રશ્નનો નિકાલ લાવવાનો પ્રયત્ન કર્યો છે. શબ્દોના પરસ્પર વહેવારથી જ, વિચારોના વિનિમયથી જ પરિભાષા નિયત થઈ શકે. કોઈ એક વ્યક્તિ કે વ્યક્તિમંડળ એક કોષ ઊભો કરી આપે અને એ કોષના શબ્દો વ્યાખ્યાનપીઠ ઉપરથી વિદ્યાર્થીઓના કાનમા વરસે અને એ રીતે પાંચપંદર વર્ષમાં આપણે પરિભાષા—બોધભાષા ઊભી કરી શકીએ એ કપોલકલ્પિત વાત છે. ભાષાને ગતિ આપનાર બળો તે જાગ્રત ન હોય તો ઍસ્પેરાન્ટો જેવી જ દશા એ કૃત્રિમ પરિભાષાની થવાની. ભાષાને ગતિ, બે ગતિશીલ તત્ત્વોથી મળે છે. બોલનાર અને સાંભળનાર બન્ને જ્યારે હમેશાં બદલાતા હોય એટલે કે એક શબ્દ માત્ર એકપક્ષી રીતે ન વપરાતાં બન્ને પક્ષે સતત વપરાયા કરે ત્યારે જ અમુક વખતે શરૂઆતનો ઘાટઘૂટ વગરનો શબ્દ ઘાટ પામે અને ભાષાના એક સર્જન તરીકે, ભાષામાં મળી જઈને એકરૂપ થઈ જાય.

વસાહતી વિશ્વવિદ્યાલય

આ સમગ્ર અભ્યાસક્રમ વસાહતી વિશ્વવિદ્યાલય વગર શક્ય નથી, એમ અમને લાગે છે. ઝડપથી અનુકૂળ ફેરફાર અને વ્યવસ્થા થઈ શકે તે માટે વસાહતી વિશ્વ-વિદ્યાલયની જરૂર છે. અત્યારની વિદ્યાપીઠોમાં જરૂરી ફેરફારો પણ વેળાસર થતા નથી અને પરિણામે આખીયે શિક્ષણપ્રથા નિર્જીવ બની ગઈ છે.

આવી કાંઈક, ટૂંકમાં, અમારી યોજના છે. વિદ્યાલયનું ભાવિ ઉજ્જવળ બનાવવાની અભિલાષાવાળાં સહૃદય ભાઈબહેનોને અમે અમારી યોજના ઉપર વિચાર અને ચર્ચા કરવા વિનંતી કરીએ છીએ. બીજે હરતી ધરાવતી વિદ્યાપીઠોનું ખાલી અનુકરણ કરીશું તો તો એક નિર્જીવ બોજો માત્ર આપણે ઊભું કરી શકીશું. અમારી તો અભિલાષા છે કે, આપણે એક મૌલિક અને અનોખું સર્જન કરીએ. ગુજરાત આ કરશે?

જે લક્ષ્મી નથી ભોગવાતી, નથી સુપાત્રે દાનમાં અપાતી, તે કેવળ રોગ સમાન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

[સમાપત્તિના પ્રકાર]

ગયા બે અંકમાં આ ચાલુ માળાના હપતા આપી શકાયા નહોતા, તે માટે વાચકની ક્ષમા ચાહું છું. સપ્ટેમ્બર અંકમાં આપણે સમાપત્તિ એટલે શું, તેનો વિચાર પૂરો કરીને, તેના પ્રકારો વિષે જોવાનું કહીને અટકયા હતા, તે હવે આ વેળા લઈશું.

સૂત્ર ૪૨ થી ૪૫ સુધીમાં આ પ્રકારો ગણાવ્યા છે, અને તેમની વ્યાખ્યા કહી છે. આ પ્રકારો ચાર છે — ૧. સવિતર્ક, ૨. નિર્વિતર્ક, ૩. સવિચાર, ૪. નિર્વિચાર.

સવિતર્ક સમાપત્તિ એટલે વિતર્કોની સાથે ભળેલી સમાપત્તિ. આપણે આગળ જોઈ આવ્યા કે, સમાપત્તિ એટલે ચિત્તને કોઈ પણ દૃશ્ય કે આપ્તત આવી મળવી તે. ટૂંકમાં કહીએ તો, કોઈ પણ વાત, વસ્તુ, વિચાર કે આપ્તતનો વિષય ચિત્ત પર પહોંચવો તે. આમ થામ ત્યારે ચિત્ત તે-વિષય-રૂપ, તદાકાર તદ્રૂપ બની જાય છે. આમ થવું તે સમાપત્તિ છે, એ આગળ જોઈ ગયા.

આ દશા એક પ્રકારની સમાધિ જ છે એમ કહો, કેમ કે તે વખતે ચિત્ત એકાકાર હોય છે. આથી જ કરીને ચિત્તમાં ભાન કે સંપ્રજ્ઞાન સંભવે છે. મન સહિત બધી ઇંદ્રિયો વાટે ગ્રહણ થતું જ્ઞાન ચિત્ત ઉપર 'સમાપત્તિ' રૂપે જામ છે. અને તેમાંથી તે તે વિષયનું સંપ્રજ્ઞાન કે ભાન આપણને થઈ શકે છે અને મળી પણ શકે છે. એ ભાન કે સંપ્રજ્ઞાન જેવું થાય તેવી વૃત્તિ ચિત્તમાં ઊઠે છે. અને જેવી વૃત્તિ તેવો સંસ્કાર ચિત્તમાં ચોટે છે, અને તે ત્યાં ચિત્તના ભાગ તરીકે — કહો કે તેના દેહ રૂપે બનીને — રહે છે. આ પ્રકારે સંસ્કારરૂપે સંપ્રજ્ઞાને કે વૃત્તિએ ચિત્તમાં રહેવું, એ પોતે પણ એક વૃત્તિ રૂપે પાછું કામ કરે છે; એ વૃત્તિ-પ્રકારને સ્મૃતિ કહ્યો છે, એ અહીં યાદ કરાવવાની જરૂર છે. અનેક સમાપત્તિઓને પરિણામે ચિત્તમાં પડેલાં સંપ્રજ્ઞાનો સંસ્કારરૂપે તેમાં સ્મૃતિ તરીકે રહે છે, અને જ્યારે પણ ચિત્ત નવી વૃત્તિ ઊઠતી વખતે કામ કરે છે, ત્યારે એ બધો સ્મૃતિ-ભંડાર અથવા અનુભવરાશિ નવી બનતી વૃત્તિને બનવામાં ભાગ લે છે. સાદી ભાષામાં કહીએ તો, નવો અનુભવ પૂર્વના અનુભવોને આધારે અને એ અનુભવો જેવા હોય તેવો — તેને ધોરણે થાય છે. એમ થતો નવો અનુભવ ગ્રહણ કરતી વખતે આપણે તેનું ખરું રૂપ કે તથ્ય સમજવા સારૂ, ચિત્તની તર્ક અને વિચાર શક્તિઓ વાપરીએ છીએ. એને પરિણામે જૂના અનુભવોમાં સુધારો-વધારો કે ધરમૂળથી પલટો પણ થાય, એમ બને છે. સમાપત્તિના પ્રકારોનું નિદાન આ પ્રક્રિયાને લક્ષમાં લઈને કરવામાં આવ્યું છે.

કોઈ પણ સમાપત્તિ થાય તે વખતે તે વિતર્કોથી ખૂબ મિશ્રિત હોય છે. આ વિતર્કો કયાંથી થાય છે? યોગસૂત્ર કહે છે —

'शब्द-अर्थ-ज्ञान-विकल्पैः' (૪૨)

શબ્દ, અર્થ, અને જ્ઞાન એ ત્રણ આપ્તતોમાં વિકલ્પો સંભવી શકે છે; તેથી કરીને મનમાં તર્કવિતર્ક થયા કરે છે; આવી દશાની સમાપત્તિ 'સવિતર્કા' છે. યોગસૂત્રકાર એમ કહે છે કે, આ વિકલ્પો ત્રણ વસ્તુને લઈને સંભવે છે. માનવ ચિત્તની સ્થિતિ કુદરતે જેવી ઘડી છે, તેમાંથી જ તે છે. ભાષ્યકારે આપેલો દાખલો લઈએ — 'ગામ' એક શબ્દ છે, એક પદ છે. તે ઉપરાંત તે એક વસ્તુ કે પદાર્થ પણ છે. અને તે ઉપરાંત અમુક જ્ઞાન કે ભાન રૂપે તે આપણા ચિત્તમાં છે. આમ હરકોઈ સમાપત્તિમાં આ ત્રણ જુદાં જુદાં અંગ રહેલાં છે. ખરું જોતાં એ ત્રણે મળીને યથાતથ કે સાચું સંપ્રજ્ઞાન 'ગાય' છે. પરંતુ તેમાં ઉપરના ત્રણ અંશો રહેલા હોઈને સંપ્રજ્ઞાન કે વસ્તુની સમાપત્તિ ચિત્રવિચિત્ર બની શકે છે. શબ્દ આપણને ભાષાસૃષ્ટિના સવાલોમાં ખેંચી જાય. અર્થ આપણને પ્રત્યક્ષ સૃષ્ટિના વિજ્ઞાનના સવાલોમાં લઈ જાય. આ બંને પદાર્થો — શબ્દ અને અર્થ — પોતપોતાની રીતે આપણને સમજાય; એટલે આપણું જ્ઞાન ચિત્તની જ્ઞાન-પ્રક્રિયાના સવાલોમાં આપણને લઈ જાય છે. અને આ ત્રણેના રાહ જુદા; તેમના કાયદા જુદા; તેમનાં લક્ષણો જુદાં. આથી કરીને કેવો ગૂંચવાડો ઊભો થાય, એ કલ્પી શકાય એમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીંમાં યોગ-ફિલસૂફીની એક બાબત તરફ નિર્દેશ કરવો જોઈએ. યોગ માને છે કે, શબ્દ અને તેનો અર્થ બંને ચિત્તથી નિરપેક્ષપણે હયાત છે. વેદાંત પેઠે તે એમ નથી કહેતો કે, 'यदा दृष्टिः तदा सृष्टिः।' બધું ચિત્તનો ખેલ હોઈ માયા છે, એમ યોગમાં નથી સ્વીકાર્યું. તે ચિત્તને સ્વતંત્ર પદાર્થ તરીકે માને છે; ન માને તો યોગ વાત શાની કરે? ચિત્તને સુધારીને કેવળજ્ઞાન મેળવવા યોગ્ય બનાવવું કઈ રીતે, એ યોગશાસ્ત્રનો વિષય છે; એટલે ચિત્ત પદાર્થને તો સ્વીકારે જ ને? ૪૨મા સૂત્રમાં 'જ્ઞાન' કહે છે તે ચિત્તને થતા સંપ્રજ્ઞાનને અનુલક્ષીને છે. આવું સંપ્રજ્ઞાન કે વિશેષ જ્ઞાન (યોગભાષ્યકાર આને માટે 'વિજ્ઞાન' શબ્દ વાપરે છે.) થવામાં કારણ રૂપ બે મોટી બાબત છે — ૧. પદાર્થ પોતે ૨. શબ્દ. આમ બે જુદાં માનવામાં યોગની સૂક્ષ્મ દૃષ્ટિ રહેલી છે. કેવળ શબ્દથી પણ ચિત્તમાં ખોટું ખરું જ્ઞાન થઈ શકે છે. શબ્દ અર્થના પ્રતીક કે સંજ્ઞા રૂપે કામ દે છે. પણ તેથી તો તે અર્થથી જુદો પડે છે. કહીએ કાંઈ ને સમજાય કાંઈ, વાંચીએ કાંઈ ને સમજીએ કાંઈ, એમ બને જ છે. શબ્દની અર્થવાહકતા છે; પણ તેનું ગ્રહણ કરવામાં ગૂંચવાડો થઈ શકે. તેથી યોગકાર સમાપત્તિની અંદર ત્રણ કારણો કહે છે — ૧. શબ્દ, ૨. અર્થ પોતે, ૩. ચિત્તને થતું જ્ઞાન કે સંપ્રજ્ઞાન. આ ત્રણ બાબતોમાં અસ્પષ્ટતા કે અચોકસાઈ હોય, તે દશામાં સમાપત્તિ હોય, તેને સવિતર્ક કહી છે. કોઈ વસ્તુનો કેવળ શબ્દ જાણીએ, અથવા તે વિષે વાંચીએ કે કોઈ અનુભવીએ કહેલું તે જાણીએ; આમ જાણીને તે વિષે અનુમાનથી આપણે ઘણી વાતોનું જ્ઞાન મેળવીએ છીએ. તે જ્ઞાનને આધારે વળી વિશેષ જ્ઞાન મેળવતા રહીએ છીએ. આથી કરીને સારી પેઠે ગૂંચવાડો થઈ શકે છે. તે દૂર કરવો જોઈએ. ત્યાર પછી જ સમાપત્તિ ચોખ્ખી બની શકે. એવી સમાપત્તિને નિર્વિતર્ક કહી છે. તે સૂત્ર આમ છે —

स्मृतिपरिशुद्धौ स्वरूपशून्या इव
अर्थमात्र निर्भासानिर्वितर्का ॥ ४३ ॥

સ્મૃતિ પરિશુદ્ધ થાય — એટલે કે શબ્દ અને અર્થ વિષે મનમાં ઊહતા, તર્કવિતર્કો કે વિકલ્પો શમી જાય, એટલે સમાપત્તિ ચોકસ થઈને કેવળ ગ્રાહ્ય વસ્તુના સ્વરૂપની જોડે તદાકાર બને, અને એમ થવાથી માત્ર તે અર્થ કે પદાર્થને જ બતાવે, ત્યારે તે નિર્વિતર્ક સમાપત્તિ કહેવાય છે. તેમાંથી સાંપડતું સંપ્રજ્ઞાન પદાર્થને બરોબર ચોકસ બતાવનારું હોય છે.

આમ ગ્રાહ્ય પદાર્થનું બાહ્ય ગ્રહણ કરવામાં, સ્મૃતિ વૃત્તિ જે કામ કરે છે, તે પહેલી સવિતર્કતા ઊભી કરે છે. એટલે આપણે એની ચોખવટ કરી લેવી જોઈએ. એટલે કે શબ્દ અને અર્થને વિષે જે બે અલગ સૃષ્ટિઓ રૂપે ચિત્તમાં સંસ્કારો પડેલા છે, તેમને ચોકસ તપાસીને શબ્દનો તેના સાચા અર્થ જોડે યોગ મેળવવો જોઈએ. એમ થાય એટલે શબ્દાર્થ-જ્ઞાનને લઈને ઊહતી વિકલ્પ વૃત્તિ શમે, એટલે સમાપત્તિની સવિતર્કતા મટે ને તેની નિર્વિતર્કતા આવે. આ દશાની સમાપત્તિથી પદાર્થનું જ્ઞાન ચોકસ થાય છે.

પણ પદાર્થના જ્ઞાન અંગે કેવળ સ્થૂલ બાહ્યતા ઉપરાંત વાસના, લાગણી, ઇત્યાદિ ભાવોને લઈને તેની સૂક્ષ્મતા પણ રહેલી હોય છે, આ સૂક્ષ્મતા બતાવવા માટે યોગ-પરિભાષા 'વિચાર' શબ્દ વાપરે છે. અને તે કહે છે કે, સમાપત્તિ વિતર્કને કારણે જ નહિ, વિચારને કારણે પણ સંકીર્ણ કે સંમિશ્ર રહે છે. આ વિચારો પણ પૂર્વની સ્મૃતિરૂપ સંસ્કારોમાંથી જાગે છે. તેમનું પણ સંશોધન થવું જોઈએ; નહિ તો સમાપત્તિ તેમની સંકીર્ણતાથી કલુષિત રહે છે, અને તેથી પણ આપણને સાચું જ્ઞાન થતું નથી: પ્રજ્ઞાનું કામ સદોષ રહે છે. વિચારોના વિકલ્પોથી સંકીર્ણ એવી આ સમાપત્તિ (સવિતર્ક પેઠે) 'સવિચારા' કહેવાય. અને એમાં સંશોધન થઈને વિચારોની શુદ્ધિ થયે તે 'નિર્વિચાર' બને છે. ત્યારે તે સમાપત્તિ સ્વરૂપ-શૂન્ય જેવી બને ખરેખર અર્થને દર્શાવે છે. સમાપત્તિના વધારેના આ બે પ્રકારો સવિતર્ક અને નિર્વિતર્ક જેવા જ છે; ફેર માત્ર એટલો કે, વિતર્ક એ સ્થૂલ કે બાહ્ય વિષય અંગેની વાત છે, વિચાર એ સૂક્ષ્મ કે અંદર ઊતરતા વિષય અંગેની વાત છે. આથી કરીને સૂત્ર ૪૪ કહે છે,

एतया एव सविचारा निर्विचारा च सूक्ष्मविषया व्याख्याता ॥ ४४ ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ દ્વારા જ સવિચાર અને નિર્વિચાર સમાપત્તિની પણ વ્યાખ્યા થઈ જાય છે; તે સૂક્ષ્મ વિષય પરત્વે ભેદ છે એટલું જ.

આમ સમાપત્તિના ચાર પ્રકારો છે. ચિત્તને થતા જ્ઞાનની પ્રક્રિયા પરત્વે તે ભેદો છે. આ પ્રક્રિયામાં ભૂલો થવાનું કારણ સ્મૃતિની કે સંસ્કારોની અશુદ્ધિ કે અસ્પષ્ટતા છે. તે દૂર કરવામાં આવે તો જ જ્ઞાનપ્રક્રિયા ઋત- કે સત્ય-વાહક બની શકે.* અને આવું દરેક વાતે બનવું જોઈએ. અમુક બાબતમાં બરોબર હોય અને અમુકમાં ન હોય, એમ બને છે. તેથી કોઈ સર્વજ્ઞ નથી એમ કહીએ છીએ. પરંતુ ખરું જોતાં એનો અર્થ એટલો જ છે કે, જે જાણવાનું કે અનુભવવાનું આવે છે, તે જાણવા કે અનુભવવા માટેનું જે ચિત્તરૂપી એકમાત્ર સાધન છે, તે સર્વ જગાએ સરખું સાચું કામ કરતું નથી. તેથી જ કાંઈક બરોબર જાણીએ છીએ ને કાંઈક બરોબર નથી જાણતા. પણ ચિત્તનું સાધન જો પરિશુદ્ધ કરીએ, તો જે જે આપણને જાણવાનું આવે કે જાણવા માગીએ, તે બરોબર જાણી શકીએ. અને જે માણસ એવું ચિત્ત પ્રયત્નથી મેળવે, તે આટલા અર્થમાં 'સર્વજ્ઞ' કહેવાય કે, તે હવે પછી બધું પામી જઈ શકશે; તેની પ્રજ્ઞા કે બુદ્ધિરૂપી સાધન પૂરેપૂરું સાબૂત બન્યું છે; તે સ્થિતપ્રજ્ઞ થયો છે. યોગકાર આ વસ્તુ બતાવવા માટે પ્રારંભમાં સમાપત્તિના આ રીતે ચાર પ્રકારો પાડે છે. અને એ રીતે યોગનો જે કાર્યક્રમ છે તેનું પ્રયોજન તથા તેનું કાર્યક્ષેત્ર સ્પષ્ટ કરે છે.

આ બાબતમાં સૂત્રકાર આગળ પ્રકરણ ચલાવે છે, તે હવે પછી જોઈશું.

૧૫-૧૧-'૫૦ **મગનભાઈ દેસાઈ**

* ચિત્તલય, ચિત્તવૃત્તિનિરોધ, ચિત્તનાશ, ચિત્તશુદ્ધિ, નિર્વાણ ઇત્યાદિ પરિભાષા ચિત્તની આ પરમ શુદ્ધ ગ્રહણ-શક્તિની દશા બતાવવા જુદે જુદે સ્થળે વપરાય છે.

શબ્દોના વંશ

['સર્પ' વિષે ચર્ચાપત્ર]

૨૨, દાદાભાઈ રોડ,
મુંબઈ ૨૪
૨૩-૧૦-'૫૦

'શિક્ષણ અને સાહિત્ય' માં આવેલી હાડ 'સર્પ' ની ચર્ચા અંગે બે શબ્દો — સ્થળની મર્યાદાને કારણે વિગતો નહીં આપું.

(૧) ધ્વનિશાસ્ત્રના નિયમોને આધારે સર્પમાંથી ગુજરાતીમાં હાડ સિદ્ધ કરવું શક્ય નથી. આદિ સનો શિષ્ટ ગુજરાતીમાં હ નથી થતો, અને ર્પ માંથી ગુજરાતીમાં ડ કોઈ પણ રીતે સિદ્ધ ન થાય.

(૨) કન્નડ હાવુ માંથી ગુ૦ હાડ આવ્યો હોવાનું ચોક્કસ જણાય છે.

(૩) કન્નડ હાવુ (બોલીભેદે હામુ) દ્રવિડી મૂળનો શબ્દ જણાય છે. મને તામિલ પામ્બુ સાથે તેનો સંબંધ હોવાની શંકા ગઈ. જો તામિલ પામ્બુ અને કન્નડ હાવુ બંનેની પ્રકૃતિ એક જ હોય, તો એ અટકળ નિઃશંક બને. તામિલ પાડુ 'ગાવું' અને કન્નડ હાડુ, સ્થળનામ પપા અને હવીનો સંબંધ મારા ધ્યાનમાં હતો જ. પણ દ્રવિડી ભાષાશાસ્ત્રનું મને જ્ઞાન ન હોવાથી આની ખાતરી કરવા મેં એક દ્રવિડી વિદ્વાન ડૉ. પી. એસ. સુબ્રહ્મણ્ય-શાસ્ત્રીને આ બાબત પુછાવ્યું. તેમણે તામિલ શબ્દોના આદિ પકાર અને કન્નડના આદિ હકાર વચ્ચે સંબંધ હોવાનું જણાવ્યું. તે માટે તેમના પુસ્તક 'કમ્પેરેટિવ ગ્રામર ઑફ ધ તામિલ લેંગ્વેજ' નો નિર્દેશ કર્યો અને તામિલ પ° > કન્નડ હ° ના સમર્થનમાં ત્રણ શબ્દો ટાંકી જણાવ્યા. આમ કન્નડ હાવુ અને તામિલ પામ્બુ મૂળે એક હોવાનું ચોક્કસ જણાય છે અને એ રીતે હાવુ શુદ્ધ દ્રવિડી શબ્દ કરે છે. એ દૃષ્ટિએ પણ તેને સં. સર્પ સાથે કશું લાગતુંવળગતું નથી.

(૪) સં. સર્પનું મૂળ સૃપ્ (સરકવું, પેટે ચાલવું) ધાતુ છે, અને લૅટિન serpo, ગ્રીક erpo ને નજરમાં લેતાં એ એક ભારત-યુરોપીય મૂળ ધાતુ હોવાનું અટકળી શકાય.

હરિવલ્લભ ચુ. ભાયાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિલ્હીમાં ગાંધીજી

[શ્રી મનુબહેન ગાંધીની ડાયરીમાંથી ગાંધીજીના છેલ્લા દિલ્હીનિવાસની વાતોનો સપ્ટેંબર માસનો આ છેલ્લો હપતો છે. ત્યાર પછીના ચાર માસની ડાયરી વિષે હવે પછી. — **મ૦**]

બિરલા હાઉસ, ૨૯-૯-'૪૭

૩॥ પ્રાર્થના ગીતા અધ્યાય વખતે બાપુ ઊંઘી ગયા હતા. ૪॥ વાગ્યે ઊઠ્યા. ગરમ પાણી, મધ, લીંબુ લીધું. ફળનો રસ ન લીધો.

૫॥ વાગ્યે ફરવા ઊઠ્યા. ફરતા ફરતા દિલ્હી વિષે વાતો કરી. આજે માલિશ કરાવી. માલિશ, સ્નાન પછી બહાર આવી બાતાં બાતાં સુહરાવર્દી સાહેબ સાથે વાતો કરી. શાક, ૧ બાખરો, શાકનું પાણી, ૮ ઔંસ દૂધ. ૧૦ થી ૧૨॥ વર્કિંગ કમિટી. ૧૨॥ થી ૧ જવાહરલાલજી તથા સરદાર વલ્લભભાઈ સાથે બાનગીમાં વાતો.

આજ બાસ મુલાકાતી ન હતા. ટપાલ તથા 'હ૦ બંધુ'નું કામ કર્યું. ૪॥ વાગ્યે ઢેબરભાઈ આવ્યા. "વગર હથિયારે લડવાનું છે. કાઠિયાવાડની અને તમારી બધાની પરીક્ષા જૂનાગઢ કરી રહ્યું છે. જોઉં છું કાઠિયાવાડમાં કેટલું પાણી છે?"

આજની પ્રાર્થના બહાર ન થઈ. એક ભાઈએ વિરોધ કર્યો. પ્રાર્થનામાં ચર્ચિલસાહેબ ઉપર ઘણું કહ્યું. "આજે ચર્ચિલનું નિવેદન વાંચી બહુ દુઃખી થયો. તમારે પણ દુઃખી થવું જોઈએ. અને આપણે ત્યાં જે ખૂનખરાબી થઈ રહી છે તેમાં એને ઉલ્લાસ થાય છે. એક તો હિંદુસ્તાનના બે ટુકડા કરાવ્યા. બંનેમાં દુશ્મનાવટ પેદા કરવાની રીત શીખવી. એ કહે છે કે, હિંદુસ્તાનને તો અમે જ સાચવ્યું, નહિતર કચારનુંય લડી મર્યું હોત હું ચર્ચિલસાહેબને આમંત્રણ આપું છું કે, એ અહીં આવીને જુએ અને તટસ્થ રીતે તપાસે. દુનિયામાં જ્યારે ક્રાંતિ થાય છે ત્યારે કેટલું લોહી રેડાયું છે? ત્યારે આ તો વગર લોહી રેડાયે બાટલું મેળવ્યું છે. એનો મને ગર્વ છે. ચર્ચિલસાહેબને કહીશ, અમારો ઇન્સાફ અમે કરી લઈશું. બાકી અત્યારે જે તોફાન થઈ રહ્યું છે એ તેમને બાભારી છે એમ હું બહુ નમ્રતાપૂર્વક કહીશ. અને બાખું હિંદુસ્તાન થોડું જ કાપે છે? સી૦ પી૦, યુ૦ પી૦ એ તરફ કશું જ નથી."

પછી બાપુએ જનતાને સંબોધીને કહ્યું કે, જો ચર્ચિલસાહેબને જૂહા પાડવા હોય તો અત્યારથી જ આપણે નિશ્ચય કરી લઈ એ કે અમે આઝાદીને લાયક છીએ અને રહીશું. મારું એકલાનું આ કામ નથી. પણ આ તો મારું અરણ્યરુદન છે. જંગલીપણું છોડીશું તો ચર્ચિલને માફી માગવી પડશે કે, ના હિંદુસ્તાન શરીફ છે."

પ્રાર્થના પછી થોડા બાંટા માર્યા. પ્રવચન લખ્યું. ૧૦॥ વાગ્યે બાપુ સૂતા.

બિરલા હાઉસ, ૨૯-૪-'૪૭, સોમ

૩॥ પ્રાર્થના. પ્રાર્થના પછી બાપુ 'હરિજનબંધુ'નાં લખાણો જોઈ ગયા. ટપાલ જોઈ ૫-૩૦ ફરવા ઊઠ્યા. માલિશ, સ્નાન બાદ એક બાખરો, એક રતલ દૂધ અને શાક લીધું. જવાહરલાલજી આવ્યા. ૬૦ વાગ્યે બિરલાજી આવ્યા. બાપુને શરદી ઉધરસ છે. થોડી વાર બેસીને ગયા. ૧૧ વાગ્યે બાપુ સૂતા. આજે મૌન દિન છે એટલે રજા જેવું જ લાગે છે. બાપુના મુલાકાતીઓ આજ બહારના કોઈ જ ન હતા. ઘણોખરો વખત બાપુએ આરામમાં પસાર કર્યો.

૬ વાગ્યે પ્રાર્થના. પ્રાર્થનામાં લડાઈની વાત છેડી. "સાંભળું છું કે યુનિયનની લડાઈની શકયતાની પશ્ચિમમાં અફવા ફેલાણી છે. હું નથી જાણતો કે છાપાવાળાએ બહાર શો રિપોર્ટ મોકલ્યો છે. કોઈનું ભાષણ પોતાની ભાષામાં બાપે એટલે બધું રૂપાન્તર થઈ જાય અને અર્થનો અનર્થ ઘણી વાર થઈ જાય છે. એવું બન્યું છે. દ૰ બાફ્રિકામાં તો એક વખત મારો જીવ જ ચાલ્યો જાત, એટલો અનર્થ થઈ પડ્યો. પરંતુ ૨૪ કલાક પછી ગોરાઓને એમ થયું કે એક બેગુના માણસને માર્યો.

"મારા કોઈ પણ ભાષણનો એવો અર્થ નીકળતો જ નથી કે હું લડાઈને ઉત્તેજું છું. ત્યારે લડાઈનું નામ લેવું શું ગુનો છે? મેં તો બતાવ્યું કે કયા સંજોગોમાં લડાઈ થઈ શકે છે. હું તો બંનેનો સેવક છું. મેં તો બતાવ્યું કે લૂંટમાર કરવી, પાગલપણું કરવું, એનું બનિવાર્ય પરિણામ લડાઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જે માણસ અહિંસાનો ભક્ત છે, દુનિયાએ એની પરીક્ષાઓ લીધી છે, એવો માણસ કહે છે ત્યારે એનો હેતુ લડાઈને રોકવાનો જ હશે. મારી આશા છે, મારા અહિંસાના વિચારોમાં મારા મૃત્યુ સુધી ફરક નહીં પડે."

પ્રાર્થના પછી થોડું ફર્યા. કંઈક કામ ચડેલું જોયું. કાગળિયાં તપાસ્યાં. ૯ વાગ્યે સૂતા. બાપુ આજ વહેલામાં વહેલા પથારીમાં પડ્યા.

બિરલા હાઉસ, ૩૦-૯-૪૭

૩-૩૦ પ્રાર્થના. પ્રાર્થના પછી બાપુએ કાગળો લખ્યા. થોડી વાર આરામ કર્યો. ૫-૩૦ ફરવા ઊઠ્યા. આજે જ્યાં રોજ બાપુ ફરતા હતા ત્યાં સુશીલાબહેન પૈ તથા સુશીલાબહેન નય્યર સૂતાં હતાં. એટલે કહે, "આપણે બીજી તરફ ફરીએ, મારી ચાખડીનો પણ અવાજ ન આવવો જોઈએ. એ લોકો પૂરી ઊંઘ ન લે તો માંદાં પડે. મારે એમની ઊંઘમાં દખલ ન પાડવી જોઈએ. 'દયા ધરમકા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન; તુલસી દયા ન છાંડિયે જબ લગ ઘટમેં પ્રાન' આ મહાવાક્ય છે."

બાપુજી નાની નાની ચીજો ઉપર કેટલું બધું ધ્યાન આપી કઈ વાતમાંથી કઈ વાતમાં લઈ જાય છે? નહિતર કોઈને શું પડી હોય કે સુશીલાબહેન સૂતાં છે માટે અવાજ ન થાય? માલિશ, સ્નાનથી ૮ વાગ્યે પરવાર્યા.

આજે બાપુએ બાવામાં હળદર નાખીને દૂધ લીધું. શાકનું પાણી અને શાક. ૧૧ વાગ્યે સુચેતાબહેન આવ્યાં. કરતૂરબા સ્મારકની કંઈ મહોર (સિમ્બોલ) લાવ્યાં. બાપુએ કોઈ પસંદ ન કરી. પણ કહ્યું: "આ બધા કરતાં ઘંટી રાખો. કારણ આજ તો આપણી બહેનોના હાથમાંથી ઘંટી આંચકી લીધી છે. પરિણામે બહેનો આળસુ બની ગઈ છે. આળસ ઉપરાંત શરીર ખરાબ બની ગયાં. હું રોજ દક્ષિણ આફ્રિકામાં દળતો હતો અને મારે લીધે બા દેવદાસ બધાં દળતાં."

૧૧॥ વાગ્યે સ્થાનિક મુસલમાનો આવ્યા. શહેરની અને આજુબાજુનાં ગામોની હાલત બતાવી. બાપુએ એ લોકોને એક પ્રશ્ન પૂછ્યો: "તમે કહી શકો છો કે મેં કશું નથી કર્યું? તો હવે કંઈ એવું કામ કરું કે બધું પતી જાય?" (મુસલમાનો કદાચ ન સમજ્યા હોય, પણ આમાં બાપુની ઉપવાસની કંઈ આગાહી લાગી.) મુસલમાન ભાઈઓ કહે, "આપે ઘણું કર્યું, જે બીજું કોઈ કરી ન શકત. અને એવું કંઈ હશે તો અમે આપને કહેવા આવીશું." એવામાં રાજકુમારીબહેન આવ્યાં. એને કહે: "જો મસ્જિદમાં શિવાલય થાય તો મારું તો મૃત્યુ જ સમજી લેવું."

જવાહરલાલજી આવ્યા, જૂનાગઢની વાતો કરી ગયા. માટી લઈને આડા પડ્યા ત્યાં બે વાગ્યા. કચરુ આવ્યા. શેખ અબ્દુલ્લા છૂટ્યા. કચરુસાહેબ ઉપરથી કાશ્મીર જવાનો પ્રતિબંધ હટ્યો, એટલે આવતી કાલે કાશ્મીર જઈ રહ્યા છે. બાપુએ એમની સાથે કહેવડાવ્યું કે, "આટલાં વર્ષો પછી છૂટ્યા તો એમ મનમાં ન આવવું જોઈએ કે ચાલોને બે ચાર દહાડા કુટુંબ સાથે મજા કરી લઈએ. હું એ બાબતમાં બહુ કડક છું એ ખાસ ધ્યાન રાખો. બેગમસાહેબને પણ કહેજો કે કામ જ કરવાનું. મારો શબ્દેશબ્દ સંભળાવજો."

મિયાંવલીના લોકો આવ્યા. એ લોકોએ બાપુને કહ્યું: "અમને બચાવવા કંઈક કરો." બાપુ કહે: "એમ કાયરતા શાની બતાવો છો? મરવાનું તો શીખ્યા છોને? . . ."

૪ વાગ્યે થોડીક આશ્રિત બહેનો દર્શનાર્થે આવી હતી. ગિરધારી, પૂરી, તેનાં પત્ની આવ્યાં. સરહદ પ્રાંતની હાલત કમકમાટી ભરેલી છે. તેનું બ્યાન આપ્યું.

કલકત્તાથી મનુભાઈ ભીમાણીએ ખબર આપ્યા કે, જે છોકરાઓ ગુંડા મનાતા હતા તે બધા નવરા પડ્યા છે, એમને કોઈક કામે વળગાડવા જોઈએ. બાપુ એમાં સમ્મત થયા અને એ બોજો એની ઉપર જ નાખ્યો.

૬ વાગ્યે પ્રાર્થના. પ્રાર્થનામાં મિયાંવલીના હિંદુ ભાઈઓનો ઉલ્લેખ કર્યો. અને કહ્યું: "નાનપણથી ધર્મનું પાલન કરાવવાનું બચ્ચાંઓને શીખવવું. સૌએ પોતાનો ધર્મ મરીને પણ પાળવો. પોતાના ધર્મનું રક્ષણ બીજું કોઈ નથી કરી શકતું. પ્રહ્લાદે ૧૨ વર્ષના બાળકે પોતાના બાપની વિરુદ્ધ થઈને પણ રામનામ લીધું જ ને? આપણી સ્ત્રીઓને અબળા શું કામ માનીએ? કરોડો મુસલમાન હિંદુસ્તાનમાં છે, બધા કંઈ અરબસ્તાનથી નથી આવ્યા. મૂળ તો બધા આર્ય જ છે. પણ આપણે અસ્પૃશ્યતા લાવીને બધું બગાડ્યું છે. મુસલમાન ખરાબ છે, તો બૂરાઈનો બદલો બૂરાઈથી ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઈએ. શું એક માણસ દારૂ પીએ તો આપણે પણ પીવો? તો પછી સારા અને બરાબરમાં ફરક શો? ઇકબાલે શું કહ્યું છે? 'મઝહબ નહીં સિખાતા, આપસમેં બૈર રખના', હવે તો માણસ બનીએ. ઈશ્વર બધાને સનમતિ આપે એ જ પ્રાર્થું છું." આજની પ્રાર્થનાનો આ સાર હતો. બાપુજી ઉઘરસ હતી છતાંયે ખૂબજ ભારપૂર્વક બધું કહી રહ્યા હતા.

બાપુને ઝેનિથની ઘડિયાળ જેવી બોવાઈ હતી તેવી જ ભેટ આવી. અંદર એલારમ, રેડિયમ બધું જ છે. બાપુ ફર્યા. પ્રવચન જોયું. થોડી વાતો કરી. જવાહરલાલજી આવ્યા.

૧૦ વાગ્યે બાપુ પથારીમાં પડ્યા. આખી રાત ઉઘરસ ખૂબ આવી. રામ રામ કરતા હતા. "રામને કામ લેવું હશે તો જિવાડશે, નહિતર ઉપાડી જશે. આપણે શું કામ જીવવા મરવાની ચિંતા કરીએ?"

(મારી નોંધપોથીમાંથી) **મનુબહેન ગાંધી**

તિરુક્કુરલની અમૃતવાણી

[ગયા અંકથી ચાલુ]

૬

ઉદ્યમ અને પ્રારબ્ધ

૬૨–૬૧૧. હાથમાં લીધેલા કામને 'આ તો અશક્ય છે' એમ કહી છોડી ન દેતા. તેને શક્ય બનાવવાની કૂંચી તેમાં મચ્યા રહેવાથી જ જડશે.

૬૧૨. તમારા કામને અધવચ્ચ છોડી ન દેતા. કારણ કે જેઓ પોતાનાં કામ અધૂરાં છોડે છે, તેમને જગત પણ તજે છે.

૬૧૩. બીજાઓને મદદ કરવામાં જે વિભૂતિ રહેલી છે, તે અથાક પ્રયત્ન કરવાના ગુણને આભારી છે.

૬૧૪. પ્રયત્નમાં મચ્યા રહેવાનો ગુણ જેનામાં નથી, તેવાએ કરેલી સેવા કાયરે ધારણ કરેલી તરવારની બરાબર છે.

૬૧૫. જે સુખૈષી નથી, પરંતુ જેને ઉદ્યમ કરવામાં જ આનંદ છે, તે અનેકોને તેમના દુઃખમાં ટેકારૂપ થશે.

૬૧૮. દુર્ભાગ્ય એ કલંકરૂપ નથી; કલંક તો કરવાના કામમાં ઉદ્યમ ન કરીએ એમાં રહેલું છે.

૬૧૯. ધારો કે નસીબે આપણને યારી ન આપી; પરંતુ શરીરે જે પુરુષાર્થ કર્યો તેટલો ફાયદો તો થયો જ.

૬૧–૬૦૧. આળસનું અંધારું વધતું જાય, તો કુળની તેજસ્વી જ્યોતને તે બુઝાવી દે.

૬૦૩. જે મૂર્ખ પોતાના બોળામાં આળસને પંપાળે છે, તેનું કુળ તેના દેખતાં ક્ષીણ થાય છે.

૬૦૫. જેઓ વિનાશ તરફ જવા માગે છે, તેઓ નીચેની ચાર હોડીઓમાં મોજથી બેસે: મુલતવી રાખવાપણું, બેકાળજી, આળસ અને ઊંઘ.

૬૦૬. આખા જગતની સંપત્તિ હાથ લાંબો કરતાં જ મળે તેમ હોય, તોપણ આળસુ તે સંપત્તિ ન પામે.

૬૦–૫૯૧. પોતાનો પુરુષાર્થ એ જ પોતાની સાચી મિલકત છે. જેની પાસે તે નથી, તેની પાસે ખરેખર બીજું કાંઈ છે ખરું?

૬૦૦. પોતાનો પ્રયત્ન એ જ પોતાનું બળ છે. તેના વિના માણસો મનુષ્યના રૂપમાં વૃક્ષ સમાન છે.

૫૯૫. જળવેલની લંબાઈ પાણીની ઊંડાઈથી નક્કી કરી શકાય છે. તેમ માણસની મોટાઈનું માપ તેની સંકલ્પશક્તિ ઉપરથી નીકળી રહે છે.

૭

વિવેક-વિચાર

૪૭-૪૬૪. જેમને ફજેતીનો ડર છે, તેઓ અવિચારીપણે કશું કામ કરવા લાગતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૬૬. જે કામ કરવું જ ન જોઈએ તે કરવું, એ દુઃખને આમંત્રણ આપવા જેવું છે. જે કામ કરવું જોઈએ તે ન કરવું, એ વિનાશને નોતરવા જેવું છે.

૪૩–૪૨૧. જ્ઞાનરૂપી શસ્ત્ર અનિષ્ટમાંથી બચાવે છે. તે એવો કિલ્લો છે, જેનો નાશ દુશ્મનોથી પણ થઈ શકતો નથી.

૪૨૨. જ્ઞાન ભટકતા મનને લગામરૂપ છે; તેને દુરાચારમાંથી દૂર રાખે છે, અને સદાચારને માર્ગે વાળે છે.

૪૨૩. જ્ઞાન સાંભળેલી કે બોલેલી બધી બાબતોનું સત્ય શોધે છે.

૮

આસક્તિ-તૃષ્ણા

૩૭–૩૬૩ તૃષ્ણામાંથી છુટકારા કરતાં બીજી કોઈ મોટી મિલકત નથી.

૩૬૪. મનની શુદ્ધિ એટલે શું? તૃષ્ણાનો અભાવ.

૩૫–૩૪૯. સર્વ આસક્તિને કાપી નાખો, એટલે જીવનની બધી જંજાળો તમે કાપી નાખી.

૯

અહિંસા

૩૩–૩૨૧. તમે જો પૂછો કે સર્વ ગુણોના સરવાળારૂપ શું? તો હું કહીશ કે અહિંસા; હિંસાથી પાપ પેદા થાય છે.

૩૨૨. બધાં શાસ્ત્રો અહિંસાના સિદ્ધાંત ઉપર અને આતિથ્યના સદ્‌ગુણ ઉપર ભાર મૂકે છે.

૩૨૩. બધા સદ્‌ગુણોનું શિખર અહિંસા છે. પછી અસત્યનો ત્યાગ આવે છે.

૩૨૪. અહિંસાનો માર્ગ એ જ સદાચારનો માર્ગ છે.

૩૨૫. આ ક્ષણભંગુર જગતનો ત્યાગ કરનાર તપસ્વી કરતાં પણ અહિંસા આચરનાર વધુ શ્રેષ્ઠ છે.

૩૨–૩૧૨. સંતો અપકારનો બદલો લેતા નથી.

૩૧૩. સામાએ જાણીબૂજીને આપણને હાનિ કરી હોય તોપણ તેનો બદલો લેવા જવામાં અસહ્ય દુઃખ જ વેઠવાનું આવે છે.

૩૨–૩૧૪. દુશ્મનને આપણાં મૈત્રીભર્યાં કાર્યોથી શરમમાં નાખી દેવો એ જ સૌથી ઉત્તમ બદલો છે.

૩૧૫. બીજાનાં દુઃખોને પણ પોતાનાં ન ગણે અને તેમાંથી ન બચાવે, તો બુદ્ધિનો શો ફાયદો?

૩૧૬. બીજાને કદી જરા પણ દુઃખ ન આપવું એ સૌથી ઉત્તમ સદ્‌ગુણ છે.

૧૦

ક્રોધ-ગુસ્સો

૩૧–૩૦૮. સહસ્રમુખી જ્વાળાઓ વડે બાળી નાખે તેવું નુકસાન કરનાર પ્રત્યે પણ તમે ગુસ્સો ન કરો એ વધુ સારું છે.

૩૦૯. તમારા ચિત્તમાંથી ક્રોધને દૂર કરો; એટલે તમારે જોઈતું સર્વ મળી ગયું!

૩૧૦. ક્રોધને વશ થનારો દાનવના પક્ષમાં ભળે છે; ક્રોધમાંથી મુક્ત થયેલો અમર-દેવોના પક્ષમાં છે.

૩૦૩. કોઈના ઉપર ગુસ્સો ન કરતા; ક્રોધમાંથી હજાર આનષ્ટો જન્મે છે.

૩૦૪. ક્રોધ જેવો બીજો કોઈ મોટો દુશ્મન છે ખરો?

૧૧

સત્ય

૩૦–૩૦૦. મેં જે શાસ્ત્ર વાંચી જોયાં, તે બધાંમાં સત્ય કરતાં મોટો કોઈ સદ્‌ગુણ કહ્યો નથી.

૨૯૭. સત્યનું આચરણ કરો; પછી બીજો કોઈ સદ્‌ગુણ આચરવો હોય તો આચરો કે ન આચરો.

–ગા૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરદાર વલ્લભભાઈને

[સરદાર-જયંતીને દિવસે અમદાવાદમાં ગુજરાત તરફથી ફૂલપાંખડી આપવાને પ્રસંગે ગુ૦ પ્રાં૦ સમિતિના પ્રમુખ શ્રી. કનૈયાલાલ દેસાઈ એ સરદારશ્રીએ કરેલી સેવાઓ યાદ કરીને આપેલી અંજલિ આ છે. —મ૦]

સરદારશ્રી,

ગુજરાત પર આપનું સેવાઋણ મોટું છે. તેનો સાચો આંક હવે પછીના લોકો અને ઇતિહાસ આંકશે. પરંતુ આજે પણ અમે સૌ જાણીએ છીએ કે, ગુજરાતને હિંદના રાજકીય નકશા પર ગૌરવભર્યું સ્થાન છે, તે પૂજ્ય ગાંધીજીને અને આપને લીધે છે. આ આપની મહાન સેવાની સાચી કદર ગાંધીજીએ અને આપે ગુજરાતને જેવું આદર્શરૂપ ઘડવા ધાર્યું, જેને માટે આપ બન્ને જીવનભર મથ્યા, તેવું બનીને જ તે કરી શકે. પણ તેના પ્રતીક રૂપે પોતાની ફૂલપાંખડી આપને અર્પવા આજે અમે સૌ મળ્યા છીએ, અને તે માટે આપને અહીં પધારવાની તસ્દી આપી છે. અમારા પ્રેમને વશ થઈને આપ પધાર્યા છો તેથી અમને આનંદ થાય છે.

આજે આપનો ૭૬મો જન્મદિવસ છે. પાછલાં કેટલાંક વરસથી આપની તબિયત બરાબર રહેતી નથી, તેથી આપને આ તસ્દી આપવાને અમને સંકોચ રહેતો હતો. પણ નાના મોટા બધાને આપનાં દર્શનનો લાભ મળે અને આપને જન્મદિવસે અમે સૌ આપનું અભિનંદન કરી શકીએ એ ઇચ્છાથી અમે આ સમારંભ યોજ્યો; અને આપ તેમાં પધાર્યા તેથી સૌના વતી હું આપનો આભાર માનું છું.

૭૬ વરસની ઉંમરે નિવૃત્ત થઈ આરામ કરવાનો હક્ક સહેજે મળ્યો ગણાય. પરંતુ નિવૃત્તિને આપે જીવનભર દૂર રાખી છે. એક પ્રસંગે, ઘણું કરીને સદ્‌ગત શ્રી. કેળકરને આપે કહેલું વાક્ય યાદ આવે છે કે, દેશસેવામાં નિવૃત્તિ કેવી? એ તો ઈશ્વર લઈ લે ત્યારે મળે. આપે એ આપના આદર્શનો બરાબર રસમલ કરી દેખાડ્યો છે. આપ વીર યોદ્ધા છો. રોગ અને ઉંમર સામે સુધ્ધાં લડાઈ માંડીને આપ દેશનું કામ અડીખમ ઊભા રહી કર્યે જાઓ છો. એ વસ્તુ દેશના નવજુવાનોને પણ ઘડો લેવા જેવી છે. આપણે અત્યારે સ્વતંત્ર થયા છીએ ખરા; પણ આઝાદી જીરવવી એ કાચો પારો જીરવવા જેવું છે. તે પહેલી અને આજે સૌથી મોટી જરૂર છે. આપ પ્રજાને એ જીરવતાં શીખવો એવી દેશ આપની પાસે આશા રાખે છે. અને લોકોને સંતોષ થાય એવી સફળ રીતે આપ તે આશા પૂરી કરી રહ્યા છો, એ સૌ કોઈ જાણે છે.

દેશના સંગઠનનાં અને સંરક્ષણ તથા પ્રગતિનાં અનેક નાનાં મોટાં કામો આપ એ દૃષ્ટિએ પ્રેરીને યોજાવી રહ્યા છો; એ બધાં કામો અહીં ગણાવવાની જરૂર ન હોય. અત્યારે તો, આપ ગુજરાતનાં કામો પર સદા જાગતી નજર રાખી, રસ લઈ, અમને પ્રેરણા અને મદદ તથા માર્ગદર્શન આપો છો, તે યાદ કરું છું અને તેને માટે ગુજરાતની ભૂમિ પર વસતા બધાયે લોકો તરફથી આપનો વિશેષ આભાર માનું છું.

સેવા અને દેશપ્રેમનો માર્ગ ગાંધીજીએ આપણને બતાવ્યો. દેશસેવા એ જીવનની એક દીક્ષા છે, એક આખું કામ છે. ગુલામ દેશને માટે તો એ ધર્મમાર્ગ છે — આમ આપણા દેશને ગાંધીજીએ શીખવ્યું. એ પાઠ ઝીલવામાં આપે ગુજરાતમાં પહેલ કરી એટલું જ નહીં, ગુજરાતને અંગે તો હું કહું કે ગાંધીજીએ આપેલા સેવાના એ મંત્રની દીક્ષા લઈ આપે તેની પ્રણાલી અને પરંપરા ગુજરાતને રચી આપી છે, અને તેના પાયા ઉપર ગુજરાતમાં આજે જાહેરજીવન અને લોક-સેવાની ઇમારત ઊભી થઈ છે. લોકસેવા એટલે નિઃસ્વાર્થતા, ચારિત્ર્યની નિર્મળતા, રાત દિવસ ઉદ્યમ કરવાની તત્પરતા, ખંત અને ચીવટ તથા શિસ્ત અને સંયમ. એ ગુણો વગર જાહેર સેવાનું કામ બની ન શકે, એ દેશને ગાંધીજીએ શીખવ્યું; આપે એના પાઠ જીવનમાં જીવી બતાવ્યા અને આપનાં ત્યાગ, કામ કરવાની કુનેહ, વ્યવસ્થાશક્તિ, સંગઠનશક્તિ, વ્યવહાર-દક્ષતા, અને ચારિત્ર્યની અડગતા તથા શિસ્ત દાખવીને ગુજરાતને એક પેઢીના લાંબા સમય સુધી ઘડ્યું. ગુજરાતના જાહેરજીવનને આપે ઉછેરીને મોટું કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. અમે આપના અનુયાયીઓ એને જોરે એ રસ્તે ચાલીએ છીએ. આજે પણ આપની અમને હંમેશની હૂંફ અને પ્રોત્સાહન છે.

ગાંધીજીએ રચનાત્મક કામો મારફતે આપણા દેશને ઘડ્યો. ગુજરાતમાં એ કામોનું સંગઠન અને સંચાલન કરવાનું આપે એમના તરફથી ઉપાડી લીધું અને આશ્રમ તથા વિદ્યાપીઠથી માંડીને પ્રાંતનાં નાનાં નાનાં ગામોમાં ચાલતી વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓને પણ આપે ધ્યાનમાં રાખી છે તે બધાં કામોને માટે પૈસાની જરૂરને આપે પોતાનું કામ ગણીને, સેવકો નિશ્ચિંતતાથી કામોમાં લાગી શકે એવી જોગવાઈ કરી આપી છે.

પાર્લમેન્ટરી પ્રવૃત્તિ તો આપનું ખાસ ક્ષેત્ર છે, એ તો આજે હવે આખો દેશ જાણે છે. પણ અહીંયાં આપનાં કામો ગણાવવામાં વખત લેવાનો હોય નહિ. આપના ૭૬મા જન્મદિવસ નિમિત્તે ગુજરાતના બધાયે વર્ગોના લોકો અને ગુજરાત બહાર વસતા ગુજરાતીઓ આપના પ્રત્યેની પોતાની કૃતજ્ઞતાની નિશાનીરૂપે આ ફૂલ-પાંખડી આપે છે, અને પ્રભુને પ્રાર્થના કરે છે કે, તે આપને તંદુરસ્તી અને આયુષ્ય આપે કે જેથી દેશના અત્યારના કટોકટીના વખતે આપના જેવા સમર્થ અને કસાયેલા વીર દેશસેવકની દેશને હૂંફ અને આસાએશ મળી શકે.

કનૈયાલાલ દેસાઈ

પરીક્ષા

બાળકોના મનમાં ઊંડે ઊંડે પરીક્ષા વિષે કેવી છાપ પડી જામ છે અગર સંસ્કાર કામ કરતા હોય છે? એ માટે બે જીવંત ઉદાહરણ મળ્યાં તે ટાંકું છું :–

૧૩ વર્ષનો હાઈસ્કૂલનો વિદ્યાર્થી છે. છમાસિક આવી. પુત્ર માતાને કહે, "ડ્રોઇંગની પરીક્ષા છે. મારે એક ચિત્ર ચીતરવાનું છે. તમે મને 'ટ્રેસ' કરી ન આપો?..." માતા વિચારમાં પડી. એને લાગ્યું કે, આમાં પુત્રનું નૈતિક ધોરણ ઊતરે છે. પરીક્ષામાં નંબર મળે અને પાસ થવાય, આ જાતની લાલચે પુત્ર માગણી કરે છે. માએ ના પાડી. ના પાડવાનું કારણ સમજાવ્યું.

પ્રથમ દર્શને પુત્રને નિરાશ કરવા જેવું હતું જ. એટલે ગદ્‌ગદ કંઠે તે કહેવા લાગ્યો : "બસ, ત્યારે આ વિષય છોડી દઉં. ભલે નાપાસ થવાય..." માતા નિરુત્તર છતાં અડગ રહી. તેણે બીજી યુક્તિ શોધી કાઢી. પુત્રને સમજાવવા લાગી : "તું એમ કર. એક વાર ચિત્ર ટ્રેસ તો કર. પછી જોઈએ."

પુત્રે પેન્સિલ કાગળ હાથમાં લીધાં. ચિત્ર દોરાયું. સારું હતું. મા બોલી : "વાહ, કેટલું સુંદર છે! ચાલ, રંગ પૂર." પુત્રે તેમ કર્યું. વેળા ચાલી ગઈ! નૈતિક પરીક્ષામાં બંને પાસ થઈ ગયાં!

એ જ માતા. એની જ એક શિષ્યા. વર્ગમાં છમાસિક પરીક્ષા લઈ રહી હતી. તેરેક વર્ષની શિષ્યાને લાગ્યું કે, પોતાને મળેલા ગુણ ઓછા છે. વર્ગમાં શિક્ષક-શિષ્ય બધાં જ છૂટથી હળે મળે. જરાયે ડર નહિ અગર કંઈ જ છુપાવવાપણું નહિ. બાળકો પોતાના મનની વાતો શિક્ષિકાને કરતાં હોય.

ગુણ ઓછા મળ્યા છે એમ લાગતાં, તે શિષ્યાએ શિક્ષિકાને કહ્યું : "... બહેન, મને માર્ક ઓછા કેમ છે? ..."

શિક્ષિકા બોલી : "કેમ, તને ઓછા લાગે છે? જા ... જોઈએ એટલા માગી લે. બસ રાજી!"

શિષ્યા : "ના. તમે આપ્યા તો ખરા. પણ 'પ્રેમથી' નહિ."

શિક્ષિકા : "તારે માર્ક જોઈતા હતા. મેં આપ્યા. પ્રેમથી તો ન જ અપાય. કેમ કે, મહેનત પ્રમાણે મહેનતાણું હોય. છતાં તું માગે ને હું ન આપું, એ પણ સારું ન લાગ્યું."

શિષ્યા : "બસ, હવે મારે નથી જોઈતા. હતા એટલા જ બસ છે." કહીને તે કૂદકા મારતી એની બહેનપણીઓના ટોળામાં ભળી ગઈ. 'હરામના મારે શું કરવા હતા? છૂ' એમ બીજે દિવસે, વર્ગમાં એની સહાધ્યાયિનીઓ સાથે વાત કરતી સંભળાઈ.

હરિજન આશ્રમ, વિમળા પટેલ
સાબરમતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસિક વિવેચન

ઘણું જીવો

પં. જવાહરલાલની ૬૧મી વરસગાંઠ ૧૪મી નવેમ્બરે હતી. દેશદેશાવરથી અનેક લોકોનાં અભિનંદન એમને પહોંચ્યાં. હિંદનું અહોભાગ્ય છે કે, તેમના જેવા જગન્માન્ય રાજપુરુષ ગાંધીજી બાદ દેશનું કામ સંભાળવાને માટે મળ્યા છે. દેશનું નામ એમણે જગત-દરબારમાં ઊંચે આણ્યું છે. સદા વિકસતા અને વધતા જતા આપણા એ સદાજીવાન વડા પ્રધાન ઘણું જીવો.

૨૩-૧૧-'૫૦

નેપાળમાં લોકજાગૃતિ

રાજા દેવ હોઈ દર્શનીય છે; રાજ્યનું દુન્યવી કામ તો એનો વડો પ્રધાન કરે — એ જૂની એશિયાઈ માન્યતામાં ચાલતા નેપાળમાં ક્રાંતિનો હલ્લો જાગ્યો છે. જાપાનનો મિકાડો અને તેનો શોગૂન, કે આપણે ત્યાં મરાઠા છત્રપતિ અને તેના પેશવા,— એવી રાજ્યવ્યવસ્થા નેપાળમાં આજે છે. જાપાનમાં ૯૦ વર્ષ પર અમેરિકાના સંપર્કને કારણે એ નાબૂદ થઈ; હિંદમાં અંગ્રેજી રાજ્યના જોરે પેશવાઈ ગઈ. તેમ જ નેપાળમાં થવું જોઈએ, એ ઇતિહાસનાં વહેણ પરથી પણ કહેવાય. એ પ્રક્રિયા હવે નેપાળમાં શરૂ થઈ છે. લોકો નેપાળના રાજાના વડા પ્રધાન રાણાના રાજ્ય સામે બળવે ચડ્યા છે. રાજા હિંદમાં આવ્યો છે. આશા રાખીએ કે, શાણો હોય તો રાણો રાજાને મળીને રસ્તો કાઢે. રાણા રાજ્ય નાબૂદ કરી પ્રજાશાહી તરફ વળવું જોઈએ. આ પગલું ભરવામાં ઇંગ્લન્ડ અને જૂનું બ્રિટિશ સામ્રાજ્ય અનુકૂળ થઈ હિંદ અને નેપાળને રસ્તો કાઢવા દેશે એવી આશા છે.

૨૩-૧૧-'૫૦

ખિતાબોની નાબૂદી

ખિતાબ અંગે છાપાંમાં કેટલીક નોંધપાત્ર વાતો જોવામાં આવી. પંડિત જવાહરલાલજીએ, કહે છે કે, કહ્યું કે, 'પંડિત' મારા નામ જોડે લગાડવું નહીં, પણ સામાન્ય 'શ્રી' બસ છે. નાતજાત, ઊંચનીચતાના ભાવો નાબૂદ થાય એ ઇષ્ટ છે.

આથી ઊંધું એક બીજું જોયું. વડી સરકારે જાહેર કર્યાનું વાંચ્યું કે, દેશી રાજાઓ રાજા મટી ગયા છે છતાં તેમને 'રાજા' કહેવા ખરા! શું કામ? ખિતાબનો ત્યાગ કરવાનું બંધારણે કહ્યું તેની રૂએ પણ આ તો યોગ્ય ન ગણાય.

હજી કેટલાકના નામ સાથે 'સર' અને 'નાઈટ' અને એ બધા ગયા રાજાના પૂર્વાંગ અનુગ લખાય છે! લોકોમાં એનો પ્રભાવ પડી શકે, તેથી એ ચાલુ રખાતું હશે? હવે આ બધું પૂરું થાય તો સારું. લશ્કરી હોદ્દો, વિદ્યાની પદવી, કે તેને મળતા પૂર્વાંગ અનુગો જ બંધારણે માન્ય રાખ્યા છે, બીજા ખિતાબો હવે માન્ય નથી.

૨૩-૧૧-'૫૦

અંકુશનીતિની મર્યાદા

સર સ્ટેન્લી રીડ લંડનથી 'ટાઇમ્સ ઑફ ઇંડિયા' પરના પોતાના સાપ્તાહિક પત્રમાં નીચેની ખબર લખે છે —

લંડન, ૩-૧૧-'૫૦

"અંકુશોની ભરમાર ઘણા લોકોને નથી ગમતી. તે જ્યાં ત્યાં રેકેટોક અને અડચણો તથા ભારે મોટી નોકરશાહીની જરૂર ઊભી કરે છે. પરંતુ જગતની આજની પરિસ્થિતિમાં એક એવી બાબત મોજૂદ છે, કે જે અંકુશો કરતાંય ખરાબ છે: અનેક જાતના કાચા માલની અછત છે અને ચીજવસ્તુના ભાવતાલ એકદમ ઊંચા ચડી ગયા છે. અને જો અંકુશો ન હોય તો આ ગોટાળો પેદા થાય. આથી, સરકાર ભલે કોઈ પણ રાજદ્વારી પક્ષ કે રંગની હોય, તેણે ઘણા અંકુશો રાખવા જોઈશે. એટલે અંકુશની બાબત સિદ્ધાંતનો સવાલ નથી, પણ અંકુશ કેટલા પ્રમાણમાં કેવા હોવા જોઈએ એ જ સવાલ છે."

એટલે અંકુશ અંગે 'ઘેર ઘેર માટીના ચૂલા' જ લાગે છે. વિલાયતમાં પણ લોકોને એ ગમતા નથી ને છતાં સરકાર તે મૂક્યા વગર રહી શકે એમ નથી. ઉદ્યોગ પ્રધાન શ્રી મહેતાબ થોડા વખત ઉપર અમદાવાદ આવ્યા ત્યારે તેમણે આ જ મતલબનું કહ્યું હતું કે, અંકુશ સદંતર નાબૂદ કરવાની વાત છોડી કેવી રીતે તે પ્રજાહિતમાં સારી રીતે કામ દે એમ તેમનો અમલ કરવો એ જ હવે વિચારવું જોઈએ. હિંદની સ્થિતિમાં અનાજ પર કાબૂ રાખી તેની માપસંધી ચલાવવી જોઈએ. સરકારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનાજની તંગીથી લોક ન મરે એ જોવાનું મોટું બીડું ઝડપ્યું છે; તો તેને માટે અનાજના અવરજવર, વેપાર-રોજગાર, વગેરે ઉપર જરૂરી નિયમન મૂકવું પડે.

પરંતુ બીજા અંકુશો માટે આમ ન કહી શકાય. તેમનું પ્રયોજન તપાસવું જોઈએ. તેમનો અમલ નોકરશાહી ન કરી શકે તો ગજા બહારની જવાબદારી ન લેવી, એ ડહાપણ ગણાય. દા૦ ત૦ ગોળ ખાંડના અંકુશનું શું પ્રયોજન? સરકાર શું કામ તેમાં વધારેપડતી દખલ કરે? અને આ પંચાત દિવાળી પર જ કોણ જાણે શી રીતે જાગે છે! દેશની આર્થિક નીતિમાં અંકુશોનું સ્થાન જરા વધારે ઊંડે જઈ વિચારવું ઘટે. આજે એ વિષે દીધે રાખવા જેવું ચાલતું પ્રજાને લાગે છે, તે સારી વસ્તુ નથી..

૨૩–૧૧–'૫૦

આ તે જીવદયા?

ઊભા પાક પર તીડોનો ભય ગુજરાતની મોસમ પર આવ્યો છે. સરકાર તેમને મારવા માટે પગલાં લે છે. અત્યારે ઉત્તર ગુજરાતના કેટલાક ભાગ પર તીડ ઊતર્યાં છે. તેમને મારવા માટે સરકારી નોકરો ને બીજા કામ કરે છે. તેમને જીવદયાને નામે રોકવામાં આવે છે અને તેમનો સામાજિક બહિષ્કાર કરવા સુધી લોક પહોંચ્યા છે, એમ છાપાં જણાવે છે. આ ખરેખરો જુલમ ગણાય. તીડની દયા ખાનાર લોકે મા તો તીડ ન જ આવે એવો અથવા આવે તો પાકને બગાડ્યા વગર ચાલ્યાં જાય એવો ઉપાય બતાવવો જોઈએ; તો જ તેઓ તેમને મારવાના ઉપાય બંધ કરવા કે છોડવા કહી શકે. તેમ ન કરે અને સામેથી લોકો પર હિંસાનાં પગલાં ભરે, એ દયા નથી, અહિંસા નથી. ધર્મગુરુઓએ લોકોમાં બનતી ત્વરાએ આ દૃષ્ટિ ફેલાવવી જોઈએ. જ્યારે ધાન વિના માનવ મરે ત્યારે પાક તીડોને ખાવા દેવો, એ વિવેકબુદ્ધિ પણ ન માને એવી વાત થઈ. અને ધર્મમાં જો સામાજિક જવાબદારીની દૃષ્ટિ ન હોય તો એ ધર્મ કેમ કરીને કહેવાય? મહાભારતકારે સ્પષ્ટ કહ્યું છે કે, લોકયાત્રાર્થમેવેહ ધર્મપ્રવચનં કૃતમ્। ધર્મ લોકસંગ્રહને માટે છે.

૨૨–૧૧–'૫૦

'યુનો'નું કાર્ય

'યુનો'ની વરસગાંઠને નિમિત્તે દેશદેશાવરમાં વિવેચનો થયાં તેમાં એક નોંધપાત્ર વિવેચનમાં તેના કાર્યનો સાર ત્રણ વસ્તુ છે એમ કહેવાયું. તે ત્રણ વસ્તુ આ —

૧. દેશ દેશ વચ્ચે ઝઘડો પડે તો તેની પતાવટ કરી આપવી; તે માટે માર્ગ યોજવો;

૨. આક્રમણ થઈ બેસે તો 'યુનો'નું સંયુક્ત બળ વાપરીને તેને રોકવું;

૩. જગતમાં આક્રમણ-ભય દૂર થાય એટલે નિઃશસ્ત્રીકરણ કે હથિયારબંધી યોજવી.

આ ઉપરાંત માનવ સુખાકારીને માટે આર્થિક, સામાજિક, વૈદકીય, શિક્ષણી વગેરે બાબતો વિચારવી ને તે અર્થે રાષ્ટ્રોને સલાહ તથા બનતી મદદ કરવી.

આ કાર્યોમાંનું ત્રીજું જરા વિચિત્ર નથી? આક્રમણ-ભય કયારે નાબૂદ થઈ શકે? તેમ ન થાય ત્યાં સુધી શસ્ત્રબંધી ન થાય, તો એ તો કોરે કપડે નદીનાં નીર વહી જવાની વાટ જોવા જેવું નહિ? આ સંજોગમાં કાર્ય નં. ૨નો અર્થ એ જ થાય કે, 'યુનો' પણ બીજાં રાષ્ટ્રો પેઠે સંયુક્ત બળ જમાવ્યે રાખવા મથે. એટલે પછી 'યુનો'ના ભાગલા પડે, તેમાં પક્ષાપક્ષીનું કે બળાતુલાનું જગજૂનું રાજકારણ જ ચાલ્યા કરે. અને આજે એ જ થઈ રહ્યું દેખાય છે. 'યુનો'નું કાર્ય એ ન જ હોઈ શકે. તેણે શસ્ત્રબંધીનો માર્ગ વિચારવો જોઈએ અને એ એનું બિનશરતી સ્વયંસિદ્ધ કાર્ય ગણાવું જોઈએ, અણુબૉમ્બ ન જ વાપરી શકાય, રોગ જંતુનું કે ઝેરી વાયુનું શસ્ત્ર ન જ વાપરી શકાય, પ્રજા પર બૉમ્બમારો ન જ થઈ શકે — આવી આવી વસ્તુઓ ન કરે તો જગતની શાંતિ અર્થે યુનો-સંસ્થા તેના પુરોગામી રાષ્ટ્રસંઘ પેઠે જ વ્યર્થ બની જાય તો નવાઈ નહિ.

૨૨–૧૧–'૫૦

હિંદની ઉત્તર સરહદ

વરસોથી હિંદી બાળકને ભૂગોળમાં શીખવાય છે કે, ઈશ્વરે ભારતની ઉત્તરમાં અભેદ્ય દીવાલ રૂપે હિમાલય પર્વત મૂકેલો છે. એટલે તેની ભૂમિ પર આવનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આક્રમણો યા તો પશ્ચિમમાં વાયવ્ય ખૂણે કે પૂર્વે ઈશાન ખૂણે જે ખીણ-માર્ગ છે, ત્યાંથી આવી શકે. અને તે રસ્તે ઈ. સ. પૂર્વેથી થેતું આવ્યું છે. ગઈ લડાઈથી ઈશાન-માર્ગની ચડાઈ પણ શરૂ થઈ છે. તે પૂર્વે મુખ્યત્વે વાયવ્ય હદ જ ભયરૂપ ગણાતી. બ્રિટિશ સામ્રાજ્ય દરિયાની રાણી ગણાતી, એટલે ત્રણ બાજુની સમુદ્ર-હદ તો સચવાતી. રહી માત્ર વાયવ્ય અને ઈશાન હદ. ત્યાં મોટામાં મોટો ભય અંગ્રેજોને નેપોલિયનને હરાવ્યા બાદ, રશિયાના તરફનો રહેતો હતો. જ્યાં સુધી ઝાર હતો ત્યાં સુધી અંગ્રેજોએ ઈરાન અને અફઘાનિસ્તાન સાથે મેળ રાખીને ઝારનાં દળને રોકચાં. હવે રશિયામાં ઝારશાહી જઈ ને સ્ટાલીનશાહી આવી છે, અને પ્રાદેશિક સામ્રાજ્ય જઈને સામ્યવાદી સામ્રાજ્ય સ્વપ્ન સેવાવા લાગ્યાં છે. અને નવાં વૈજ્ઞાનિક શસ્ત્રાસ્ત્રોને લીધે રશિયા ઈશાન અને વાયવ્યમાં જ નહિ, પણ ઉત્તરમાં પણ ધુસારો ને ધસારોય કરી શકે છે. આને લઈને પશ્ચિમમાં તુર્કસ્તાન ને ઈરાનથી માંડીને પૂર્વમાં પાસિફિક અને બ્રહ્મદેશ તથા અગ્નિ ખૂણાના એશિયાઈ દેશો સુધીનો લાંબો પટો આજે સુલેમાન, હિમાલય અને આરાકાનના પહાડોની મોટી પાળીની પાછળ ઝઝૂમી રહ્યો છે. એમ જ કહો કે, સોવિયેટ રશિયાનું પેટ ફૂલતું ફૂલતું આ આખા વિસ્તાર પર ક્યાંક ને ક્યાંક ફાટું ફાટું તતડી રહ્યું છે. અત્યારે પૂર્વમાં કોરિયા અને મધ્ય ઉત્તરમાં ટિબેટ આગળ તો તેનો તતડાટ કડાકા ને ભડાકા કરી રહ્યો છે. કચારે તે કાશ્મીર ને ઈરાન ૪૦ પૂર્વ હદે શું કરશે તે કહેવાય નહિ. આ સંજોગોમાં ભૂગોળનું શિક્ષણ તથા તેનો અનુષંગી ઇતિહાસ હવે પ્રજા આગળ ને વિદ્યાર્થીઓને મળવો જોઈએ. પણ એ તો લાંબા ગાળાની વાત. અત્યારે તો આપણી પરદેશનીતિને માટે આ તાત્કાળિક સવાલ બન્યો છે. ઝારશાહી રશિયાના અનુગામી એવા સ્ટાલીનશાહી રશિયાની આવી નીતિ પરત્વે હિંદ શો વિચાર કરે? સામે યુરોપ-અમેરિકાની લોકશાહી નીતિ ઠેકી રહી છે. બે વચ્ચે હિંદ શાંતિનો ઝંડો જો રોપી શકે અને તેને શરૂઆતથી ઊંચે ફરકતો રાખી શકે, તો ગાંધીજીના આત્માને અપાર શાંતિ થાય. આ સાધવા માટે પ્રજાનાં બધાં અંગોમાં સમજભર્યો સહકાર અને રાષ્ટ્રના આદર્શ માટે પ્રેમ હોવો જોઈએ. રાષ્ટ્રપિતાને એના કરતાં ઓછી અંજલિ ન હોઈ શકે.

૨૨-૧૧-'૫૦

'ધામે દોડો'

ગયા અંકમાં ગુ૦ યુનિ૦ની પહેલી બેઠક વિષે નોંધ લખી હતી, તે વાચકને યાદ હશે. તે વાંચીને એક મિત્રે લખ્યું, "તમારા વિચારો વાંચ્યા. હું તો 'હેસન સ્લોલી'વાળા મતનો છું." એ નોંધમાં મેં ગુજરાતી માધ્યમ વિષે ઇસારો કર્યો હતો. પત્રલેખક મિત્ર એ બાબતમાં મને ટકોર કરતા લાગે છે કે, આમાં ઉતાવળા થવા જેવું નથી. પણ આ માધ્યમના સવાલમાં ઉતાવળાનો સવાલ જ નથી. ગુ૦ યુનિ૦ કાયદો જ કહે છે કે, ૧૦ વરસની અંદર અંગ્રેજી માધ્યમ બદલી કાઢવું જોઈએ. મને અત્યારે યાદ આવે છે ત્યાં સુધી તો યુનિવર્સિટી કમિટી રિપોર્ટે તો ૫ વરસની મર્યાદા સૂચવેલી; છેવટે કાયદો કરનારાઓએ પાંચડાનો દસડો કરી દઈ 'ધામે દોડો' સાધી જ આપ્યું છે. એટલે હવે સવાલ તો એ છે કે, ૧૦ વરસમાં આપણે આ કામ પતવવાને માટે અત્યારથી કટિબદ્ધ થઈએ છીએ કે નહિ? કે પછી 'ધામે દોડો'ના શિથિલવાદી સૂત્રની ('ગ્રેજ્યુએલિઝમ') મંદતાની અસર તળે આવી જઈએ છીએ? હવે માધ્યમ-ફેરનો સવાલ કાર્યક્ષેત્રનો બને છે; ચર્ચા કે વાતોનાં વડાંનો મટી જાય છે. છતાં વાતો અને ચર્ચા ન જગવીએ તો આપણે શાસ્ત્રાર્થથી પ્રજા શી રીતે કહેવાઈએ? એટલે માધ્યમ બાબતમાં માતૃભાષાના સહજ સિદ્ધાંત સામે હિંદી-માધ્યમ-વાદ ખડો કરવામાં આવ્યો છે. એમાં કેવળ અંગ્રેજની છાયા અને ટૂંકદૃષ્ટિનું અનુકરણ જ લાગે છે. પરંતુ એ વાદવાળાનેય સવાલ તો એ છે કે, તમે એ કામ આજે કરી શકો એમ છો કે? કે પછી ગુજરાતી સ્વભાવસિદ્ધ માધ્યમ તરીકે આવી જાય તેને ટોલ્લો મારવાની યુક્તિ જ એમાં નથી ને? એમ હોય તો તો એ હિંદી માધ્યમવાદ નહિ, પણ અંગ્રેજી-માધ્યમ-વાદને વધુ જીવતદાન આપવાનો ચાળો જ નીવડશે. અને એ તો ન પાલવી શકે. 'ધામે દોડો'નો અર્થ આ ન થઈ શકે.

હિંદી માધ્યમવાદના સમર્થક, કોઈ નહિ ને શ્રી મુનશી બન્યા છે. જૂનાગઢ સાહિત્ય પરિષદમાં એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતનો વિચાર એમણે રજૂ કર્યો. શ્રી હરસિદ્ધભાઈ દિવેટિયા અને અ૦ વિષ્ણુભાઈ ત્રિવેદીએ એનો વિરોધ કર્યો, અને, ગુજરાતીને જ એ માન શોભે એમ જણાવીને એમણે ગુજરાતની કદરપાત્ર સેવા કરી છે. શ્રી દિવેટિયા પાસેથી ગુજરાત આશા રાખે કે, તે આ વિચારને હવે કારગત કરવા પૂરી જહેમત ઉઠાવશે, અને સ્વાભાવિક માધ્યમનો જે સિદ્ધાંત છે, તે અંગે કોઈ રીતે નમતું જોખાવા નહિ જ દે. હા, આ કામ પાર પાડવાનો પગથિયાવાર કાર્યક્રમ વિચારવો ઘટે, એ ખરું. પરંતુ ગુજરાત યુનિવર્સિટીમાં સર્વ શિક્ષણ અને ચિંતનમનન તથા સંશોધનનું સહજ ને બન્યું બનાવ્યું માધ્યમ તો ગુજરાતી જ હોઈ શકે, એનું નિશાન નમી ન શકે. એમાં પછી હિંદીને સ્થાન છે; પણ તે ગુજરાતીની બરાબરીનું ન હોઈ શકે.

૨૨–૧૧–'૫૦

વિદ્યાર્થીઓને ચેતવણી

દરેક યુગમાં કળિયુગ તો પોતાનું કામ ઓછું કે વત્તું પણ કરતો જ રહે છે. અને એના કામની ખૂબી એ છે કે, ખબર ન પડે એમ તે સુસજ્જ અને પ્રતિષ્ઠિત રીતે પોતાનું કામ કરવાની આવડત ધરાવે છે. તેથી જ અંગ્રેજીમાં કહેવત છે કે, શુભ હેતુને રાહે રાહે જ સેતાનની માયા કામ લે છે. એનું કારણ છે — માનવચિત્ત મૂળે તો અશુભથી પાછું જ પડે છે; એટલે પછી અશુભે શુભના વાઘા પહેરીને જ એને છેતરવું રહ્યું! અને દરેક યુગ આ કામ પોતપોતાની રીતે કરે છે. એ કામમાં કળા સારી કામ લાગે છે. એની લલિતતાના સ્વાંગ એ શક્તિ પણ ધરાવે છે. જેમ કે, જુઓ આજે નૃત્ય અને કળા ઇ૦ને નામે સિનેમા દ્વારા જે ભાવો જગતમાં વકરી રહ્યા છે તે. કળા વિષેનું આ લક્ષણ ટૉલ્સ્ટૉયે એમના તે વિષેના નિબંધમાં સચોટ રીતે બતાવ્યું છે. શિક્ષણમાં પણ સિનેમા પ્રતિષ્ઠા જમાવવા ચાહે છે. અને શુદ્ધ રીતે જોતાં એમાં તથ્ય હોય. પણ વ્યવહારમાં શુદ્ધ રીત કયાં રહેવા પામે છે? આજે છે પણ કયાં? ઉપર જોયું એમ, 'શુભ હેતુને રાહે જ અશુભ આવે' એ કળિયુગની ચાલ છે. અને સિનેમા એમાં આજે આગેવાન લાગે છે. આજે સિનેમા જોયા કરવાની બદી બાળકોમાં ખૂબ વધી રહી છે, એ આપણી ચારિત્ર્ય-મૂડીને ધોઈ નાંખે એવી બીક રહે છે. આથી કરીને, શ્રી પુરુષોત્તમદાસ ટંડને હમણાં નવી દિલ્હીમાં હંસરાજ કૉલેજના વિદ્યાર્થીઓને આપેલી શિખામણ વિદ્યાર્થીઓએ ધ્યાન પર લેવા જેવી છે. તેમણે કહ્યું, "દેશમાં બનતી ફિલ્મો આજે તો એવી છે કે તે બાળકોમાં દુર્ગુણ પ્રેરે; શિક્ષણનું સાધન બને એવું એમાં ઓછું છે."

ફિલ્મો બનાવનારાઓએ પણ આ ધ્યાનમાં લેવા જેવું છે. પણ ધંધાદારી બનતાં કામો તો લોકોની જે કાંઈ રુચિઅરુચિ હોય એને જ ગલગલિયાં કે ગલી ગલી કરીને કમાઈ ખાવા પર જ ઢળી જાય છે. તેમાં લગામ નહિ આવે તો દેશનું સ્વરાજ ઘડવામાં નિષ્ફળતા જ વહોરવી પડશે.

૨૨–૧૧–'૫૦

શિક્ષક મંડળોની રજિસ્ટરી

'શિ૦ સા૦' ના ઑક્ટોબર અંકમાં પ્રાથમિક શિક્ષક મંડળોનાં મહાજનો વિષે ઉલ્લેખ કરેલો. તે ઉપરથી એક માધ્યમિક શિક્ષક મિત્ર શિક્ષકોનાં મંડળો અંગે પત્રવ્યવહાર કરે છે. તે મિત્ર માધ્યમિક શિક્ષક મંડળના પ્રશ્નમાં ખાસ રસ લે છે. તેમાં તે સરકાર સાથેના તેમના વ્યવહારમાં જે મુશ્કેલીઓ આવે છે, તે જણાવે છે. તેમના જ પત્રમાંથી તે વિષે થોડોક ચિતાર આપું—

"કેળવણી ખાતાના વિભાગીય અધિકારીઓ તેમની પાસે કોઈ પ્રશ્ન લઈ જવામાં આવે – ખાસ કરી જ્યાં કંઈ તપાસ કરવી પડે એમ હોય, ત્યારે 'તમારું મંડળ રજિસ્ટર્ડ અને રેકગ્નાઇઝ્ડ નથી,' એમ કહી ઘણી વાર સાંભળવાની પણ ના પાડે છે. લેખિત અરજીના જવાબ પણ આપવામાં આવતા નથી અને જવાબ આવે તો ઉપરનું વાકય અથવા તે અંગે પ્રશ્ન.

"ઘાટે-પેરુલકર કમિટીના સૂચન પ્રમાણે જિલ્લા મંડળોને માન્ય કરવા અંગે સરકારે નિર્ણય કર્યાને બે વર્ષ વીતી ગયાં, છતાં તે અંગે હજુ કોઈ નિયમો ઘડાયા નથી. તે અંગે કેળવણી ખાતાના મંત્રીને કે ડી. પી. આઈ. ને પુછાવતાં હજુ તે પ્રશ્ન વિચારણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેઠળ છે એમ જવાબ મળે છે. બીજી બાજુ કેળવણી અધિકારીઓ 'રજિસ્ટર્ડ અને રેકગ્નાઇઝ્ડ નથી' તે મુદ્દાઓ ઉપર સાંભળવાની પણ ના પાડે.

"આમ જો રજિસ્ટર નહિ કરાવવાને જ કારણે વારંવાર આ પ્રકારના જવાબો મળતા હોય અને કામ ખોળભે પડતું હોય, તો રજિસ્ટર્ડ થઈ જવું જરૂરી છે એમ લાગે એમાં કંઈ નવાઈ ખરી? તેમના જવાબ ઉપરથી તો લાગે કે, માન્ય થવા માટે પણ રજિસ્ટર થવાની જરૂર રહેશે.

"અને સંઘને રજિસ્ટર કરાવવાનો જ હોય ત્યારે શિક્ષકો ટ્રેડ યુનિયન એક્ટ નીચે જ રજિસ્ટર કરાવવું પસંદ કરે તેમાં મને કંઈ અઘટિત લાગતું નથી."

માધ્યમિક શિક્ષક મંડળોના સરકાર સાથેના વ્યવહારની કે તેમના પ્રશ્નોની મને ખાસ માહિતી નથી. એટલે એ વિષે કાંઈ ન કહું. પણ હું એ કહું છું કે, રજિસ્ટરી કરાવવાનો માર્ગ મજૂર મહાજન કે ટ્રેડ યુનિયન કાયદાનો ન લેતાં, રજિસ્ટર્ડ સોસાયટી માટેના કાયદાનો લેવો ઘટે. રજિસ્ટર થવા સામે વાંધો ન હોય; બલ્કે તેમ થવું, વ્યવસ્થિત કામ કરવાની દૃષ્ટિએ, સારું હોય. પણ મજૂર મહાજન કાયદાથી નાહક આડ-ખ્યાલો અને શિક્ષણ-ઘાતક બાબતોમાં ખેંચાઈ જવા ભય રહેલો ચોખ્ખો છે, એમ મેં તે નોંધમાં રજૂ કરવા પ્રયત્ન કર્યો હતો.

૨૨-૧૧-'૫૦

'હિંદ સ્વરાજ'માં 'કલમચૂક'

'બુદ્ધિપ્રકાશ'ના ઑક્ટોબર અંકમાં શ્રી નગીનદાસ પારેખે ગાંધીજીકૃત "'હિંદ સ્વરાજ'માં એક ગંભીર કલમચૂક" જોઈ તે ટાંકીને એ જણાવે છે કે, હવે પછીની આવૃત્તિમાં એ સુધારી લેવી જોઈએ. વાત એમ છે કે, ગાંધીજીની હાથપ્રતમાં જ એમ છે. પણ તે ભૂલ છે, અને તે એમના ધ્યાન પર લાવવામાં આવેલી. અને અંગ્રેજીમાં તે સુધારી છે. ગુજરાતીમાં તે સુધારવામાં આવત, પણ ત્યાર પછી હજી નવી આવૃત્તિ થવા પામી નથી.

પણ આ વિષે લખવાનું તો બીજા કારણે થયું. શ્રી નગીનદાસને એ ભૂલ મળી તો તેના પ્રકાશકને એક પત્ર લખીને એ પતવી દઈ શકત. પણ એમણે જાહેર લેખનું સાધન લીધું. તે વાંચી ગુજરાતીના બીજા એક અધ્યાપક, શ્રી વજરાય દેસાઈ, સુરતથી લખે છે, તેમાં સાહિત્યરસની પણ ઝળક હોવાથી આ નોંધ લખું છું. તે નવજીવન કાર્યાલયને લખે છે —

"ઑક્ટોબરના 'બુદ્ધિપ્રકાશ'ને છેલ્લે પાને 'હિંદ સ્વરાજ'ની એક છાપભૂલ વિષે નોંધ છે, તે તરફ આપનું લક્ષ ગયું હશે જ. એ સંબંધે એક સૂચન કરવા રજા લઉં છું.

"છપાયેલા 'તોપબળ' શબ્દને ઠેકાણે ગાંધીજીએ 'તપોબળ' શબ્દ ૧૯૦૬માં ધાર્યો હોય એ ઘણું સંભવિત છે. 'હથિયારબળ' લખતી વેળા મનમાં 'Force of arms' હોય ને તેનું ગુજરાતી રૂપાન્તર તે પ્રમાણે કર્યું હોય. 'તપોબળ' શબ્દ આમ તો શુદ્ધ સંસ્કૃત છે, પરંતુ ઘણાં વર્ષ ઉપર ઘરડી ડોશીઓને મુખે પણ વપરાતો જાણ્યો છે. 'આત્મબળ' શબ્દ ૧૯૧૭-૧૮ પહેલાં કેટલો વાપરતો હશે તે વિચારવા જેવું છે. તેના અર્થમાં 'તપોબળ' શબ્દ અસ્થાને નથી. સ્ટીમર પર લખતાં નાની ભૂલ થાય, પણ આવડી મોટી તો ન જ થાય."

મૂળ વાક્ય આમ છે —

"દુનિયાનો મોટો ભાગ હુકમ ઉઠાવનારો છે. તેઓને કાં તો તોપબળ કાં તો હથિયારબળ શીખવવું જોઈએ."

લખતાં 'તપોબળ'નો કાનોમાતર આઘો પાછો થઈ જાય એમ બને તો ખરું. આ બે મિત્રોએ એ પણ જોવું જોઈએ કે, ગાંધીજીનાં લખાણોમાં તે અરસામાં 'તપોબળ' શબ્દ એમની કલમેથી ઊતરેલો મળે છે ખરો? 'તપોબળ' 'તોપબળિયા' એ શબ્દો તો આ જગાએ ગાંધીજીએ ઠીક ઠીક વાપર્યા છે.

૨૨-૧૧-'૫૦

અસાધ્ય રોગના દુઃખનો ઉપાય શો?

જગતના દાક્તર મંડળની એક સંસ્થા છે, તેમાં એક સવાલ ચર્ચાયો. 'જીવદયા' નો સવાલ અંગે એ ધ્યાનપાત્ર હોઈ અહીં નોંધ્યો છે. રોગના દુઃખથી ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેવાય, અને તે અસાધ્ય હોય, તો પછી રોગીનો જીવ દવા આપી પૂરો કરવામાં દયા રહેલી છે, એવો એક મત છે. ગોરા દેશોમાં પશુઓ અંગે તો આમ કરવામાં આવે છે. પણ માણસ અંગે શું? સદરહુ મંડળમાં એવો અભિપ્રાય રજૂ થયો કે, આ રીતે માણસનો જીવ આણવો "તે વસ્તુ જાહેર હિતની જ નહિ, પરંતુ દાક્તરી સિદ્ધાંતો તેમ જ કુદરતી તથા નાગરિક હકોની પણ વિરુદ્ધ છે." અને તેથી દુનિયાના દેશોનાં દાક્તર મંડળોને ભલામણ કરી છે કે, "કોઈ પણ સંજોગોમાં આમ દેહાન્ત આણવાની રીતને ધુત્કારી કાઢવી જોઈએ."

રોગ ન જ આવે એવી જીવનપદ્ધતિ હોવી ઘટે. એ જ સાચી માનવ-સંસ્કૃતિ છે. પણ આજકાલ દાક્તરી વિદ્યા એ આદર્શથી ગમડી ગઈ છે, એ એક મોટી સાંસ્કૃતિક આફત થઈ છે. તે વિદ્યા રોગનું દુઃખ મટાડવા કે હળવું કરવા ભલે મથે; પણ જીવ લેવો એ એનો ઉપાય નથી.

૨૨-૧૧-'૫૦

ભાષાશુદ્ધિ માટે આગ્રહ

શ્રી કિશોરલાલભાઈ વર્ધાથી નીચે મુજબ લખે છે, તે એ વિદ્વાન ચિંતનકાર અને આમૂલાગ્ર જીવન-સંશોધનકારની જાગૃતિ બતાવે છે. ભાષાશુદ્ધિ માટે આગ્રહ અને ચટ હવે આપણે ઝપાટામાં આમપ્રજામાં ફેલાવવી જોઈએ, એ અહીં પ્રસંગોપાત્ત નોંધી લઉં છું. તે લખે છે—

"એક નોંધ 'શિક્ષણ અને સાહિત્ય'માં આપવા જેવી છે. ઘણા લેખકો લખાય-લખાઈ, સમજાય-સમજાઈ, ટેવાય-ટેવાઈ વગેરેનો ભેદ સમજતા નથી, અને 'ય'ની જગ્યાએ 'ઈ' અને 'ઈ'ની જગ્યાએ 'ય' લખે છે. જેમ કે; 'આ વાતથી હું ટેવાય (=ઈ) ગયો છું;' આ ભેદ સમજાવવો જોઈએ."

'ટેવાય ગયો છું' એ પ્રયોગ ચોખ્ખી વ્યાકરણ-ભૂલ છે. આવા સંયુક્ત ક્રિયાપદના પ્રયોગમાં સહાયક ક્રિયાપદ સાથે બીજા ક્રિયાપદનું અવ્યયી કૃદંત આવવું જોઈએ. 'ટેવાવું'નું અ૦ કૃદંત 'ટેવાઈ' છે. 'ટેવાય' રૂપ તો વિધ્યર્થનું છે; તેની સાથે સંયુક્ત પ્રયોગ ન હોઈ શકે. 'હું ટેવાઉં, તું ટેવાય, તે ટેવાય' એ રૂપાખ્યાન છે. સંયુક્ત ક્રિ૦ નું રૂપાખ્યાન 'હું ટેવાઈ ગયો છું (ગઈ છું), તે ટેવાઈ ગયો છે (ગઈ છે), તે ટેવાઈ ગયો છે (ગઈ છે).'

૨૨-૧૧-'૫૦

સરદાર વલ્લભભાઈને સાક્ષરી માન

ગુજરાત વિદ્યાસભાની કારોબારી સમિતિએ સરદાર શ્રી વલ્લભભાઈને વિદ્યાસભાના માનાર્હ સભાસદ તરીકે ચૂંટતાં કરેલો નીચેનો ઠરાવ તેના મંત્રી તરફથી પ્રસિદ્ધિ માટે મળ્યો છે—

"મહાત્મા ગાંધીજીના હિંદમાં આવ્યા પછીના તેમના જૂનામાં જૂના સાથીદારો અને એકનિષ્ઠ અનુયાયીઓમાં મોખરાનું સ્થાન ધરાવનાર માનનીય સરદારશ્રી વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલ જેઓએ પોતાનું સારુંયે જીવન સ્વરાજ્ય માટે અને ગુજરાતના તેમ જ હિંદના ઉત્કર્ષ માટે સમર્પેલું છે, પોતાના સાહસિક અને સેવાપરાયણ જીવનના દૃષ્ટાંતથી જેઓએ ગુજરાતની અને હિંદની પ્રજામાં સામર્થ્યનો સંચાર કર્યો છે, પોતાની લાક્ષણિક વાક્છટાથી જેઓએ ગુજરાતી ભાષાનું બળ અને ઓજસ પ્રગટ કર્યું છે, મુક્તિ-સંગ્રામની આગલી હરોળમાં રહી, અનેક સંકટો સહી કુશળપણે પ્રજાસંગઠન સાધી, જેઓએ "સરદાર"નું બિરુદ પ્રાપ્ત કર્યું છે, હિંદને સ્વરાજ્ય મળ્યા પછી અત્યાર પહેલાંના ઇતિહાસમાં અસિદ્ધ એવું હિંદનાં અનેક રાજ્યોનું એકત્વ જેઓએ સિદ્ધ કર્યું છે અને આજે પંચોતેર વર્ષની વયે પણ જેઓ દેશની રાજકાજની ધુરા અનન્ય સામર્થ્યથી વહે છે, તેઓના અત્રે ઉલ્લેખેલા અને બીજા અનેક ગુણોથી આકર્ષાઈ ગુજરાત વિદ્યાસભાની કારોબારી સમિતિની આ સભા તેઓને બહુમાન અર્થે માનાર્હ સભાસદનું પદ આપવાનો આથી ઠરાવ કરે છે."

૨૩-૧૧-'૫૦ મ૦

ચારિત્ર્યહીન મનુષ્યોની બુદ્ધિ ભલે અસ્ત્રાની ધાર જેવી હોય તેમનું જીવન ઝાડ જેવું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું વાચન

પરિશીલન : લે૦ અ૦ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી; પ્ર૦ ગાંડીવ સાહિત્ય મંદિર, હવાડિયા ચકલો, સુરત; કિં. રૂ. ૪–૦–૦; પૃ૦ ૨૩૮.

શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી સન્માન સમિતિ શ્રી. ત્રિવેદીના છૂટા છૂટા પ્રગટ થયેલા લેખોને ગ્રંથસ્થ કરી ગુજરાત સમક્ષ ધરે છે એ આવકાર્ય છે. પ્રા. વિષ્ણુપ્રસાદ ગુજરાતી સાહિત્યક્ષેત્રના અગ્રગણ્ય વિવેચકોમાંના એક છે. આજ સુધી એમની બે વિવેચન વિષયક કૃતિઓ 'વિવેચના' અને '૧૯૩૬ના લલિત વાઙ્મયની સમીક્ષા' પ્રસિદ્ધ થઈ છે. વળી મુંબઈ વિદ્યાપીઠ તરફથી એમણે 'અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય' વિષે ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાન-માળાનાં વ્યાખ્યાનો આપ્યાં હતાં; એ પણ ગુજરાતને મળ્યાં છે. પ્રા. વિષ્ણુપ્રસાદ વિવેચક તરીકે ઊંચે સ્થાને આવી શકે. એમની સાહિત્યમીમાંસક તરીકેની શાસ્ત્રીય પ્રતિભા, કાવ્યવિવેચનની સૈદ્ધાંતિક સમજ અને સમતોલ વિચારણા એમનાં વિવેચનોને અભ્યાસશીલ બનાવે છે. રણજિતરામ સુવર્ણચંદ્રક આપી ગુજરાતે એમની કદર કરી છે. પરંતુ એમની ખ્યાતિ જોઈને આનંદ અને ગર્વ અનુભવતા એમના વિદ્યાર્થીઓએ આપણને 'પરિશીલન' ગ્રંથ આપ્યો છે. એ ખરેખર એમની પ્રાધ્યાપક તરીકેની સફળતાનો પણ સાથે સાથે ખ્યાલ આપે છે.

'પરિશીલન'માં ઉત્કૃષ્ટ લેખો તો સાહિત્ય વિષયક સિદ્ધાંતોના છે. 'વિવેચનની પ્રતિષ્ઠા' એ આ ગ્રંથનો પ્રથમ લેખ એમને રણજિતરામ સુવર્ણચંદ્રક અપાયો તે વખતે એમણે આપેલું વ્યાખ્યાન છે. એમાં એમણે શરૂઆતમાં 'લેખક-હૃદયમાં કે જન-હૃદયમાં વિવેચનની, શાસ્ત્ર કે કળા લેખે, પ્રતિષ્ઠા થઈ નથી' એવું વિધાન કર્યું છે. પછી એમણે દર્શાવ્યું છે કે, જેમ સાહિત્યને સિદ્ધાંતો છે તેમ સાહિત્યના શુદ્ધ અને ઉચ્ચ રૂપને અનુકૂળ વિવેચનના પણ સિદ્ધાંતો છે આગળ જતાં એમણે એમ પ્રતિપાદિત કર્યું છે કે, વિવેચનમાં એક એવું તત્ત્વ પ્રવેશે છે જે બીજા કોઈ શાસ્ત્રમાં પ્રવેશતું નથી; એ તત્ત્વ તે સાહિત્યવાચનથી, કલાવિમર્શથી થતો આનંદ અનુભવ. અને એ આનંદ અનુભવની સાક્ષી જ્યારે વિવેચનવાચક પૂરતો હોય, એટલે કે વિવેચનકૃતિ પણ આનંદ નિષ્પન્ન કરી શકતી હોય, ત્યારે એને સર્જનાત્મક સાહિત્યની પ્રતિષ્ઠા અર્પવામાં દોષ નથી. છેવટે વિવેચક માટે આદર્શ સ્થિતિ 'प्रमाणम् अन्तःकरणप्रवृत्तयः' પ્રા. વિષ્ણુપ્રસાદભાઈ આપણી આગળ ધરે છે. એ દુઃસાધ્ય છે ખરી, પણ અશક્ય તો નથી. અને એ સ્થિતિ જ્યારે વિવેચક પ્રાપ્ત કરશે ત્યારે જ વિવેચનની ગરવી પ્રતિષ્ઠા થશે એ નિઃશંક છે.

'દ્વિજોત્તમ કવિતાન્તિ' એ બીજા લેખમાં શરૂમાં ગદ્ય કરતાં પદ્યની — કવિતાની — ઉચ્ચતા દર્શાવી છેવટે દ્વિજોત્તમ કવિતા કોને કહેવી, એ વિષે પોતાનું મન્તવ્ય એમણે રજૂ કર્યું છે. કલ્પનાને — કૃતિમાં ઊતરે તે પહેલાં અનુભવે જે ઘાટ કલ્પનાશક્તિમાં હોય તેને — મૂર્ત કરવા માટે ગદ્ય કરતાં પદ્યનું વાહન વધારે મુલાયમ, અનુનેય અને છતાં વધારે ટકાઉ છે. પદ્ય એના પ્રત્યેક અવયવને સ્વતંત્ર અવયવી જેમ બનાવી હૃદયંગમ બનાવે છે. આથી પદ્યને કવિતાનું ઉત્તમ માધ્યમ ગણવામાં બાધ નથી. પણ પ્રા. વિષ્ણુપ્રસાદ આજકાલ આ પદ્યવાહનનો દુરુપયોગ થાય છે એ તરફ ધ્યાન ખેંચતાં જે ટકોર કરે છે તે સચોટ છે : 'પદ્યવાહન મળ્યા પછી તેનો ઉપયોગ, રૉલ્સરૉઈસમાં બાજરીના કોથળા ભરીએ તેમ, કવિતા નામને લજવે તેવી વસ્તુના વાહન માટે થાય છે.'

પ્રો. ઠાકોરે વિચારપ્રધાન કવિતા એ દ્વિજોત્તમ કવિતા છે, એવું જે વિધાન કર્યું હતું એને લેખક અહીં તપાસે છે. પ્રા. વિષ્ણુપ્રસાદ કહે છે કે, અર્થવહનની અપેક્ષા એ વિચારપ્રધાનતાની અપેક્ષા નથી. પણ તરંગની હવાઈઓ અને પોચટ લાગણીઓના લપેડાને અટકાવવાને અજાણતાં, સામે પાટલે બેસીને, પ્રો. ઠાકોરે આવો ઉદ્‌ઘોષ કર્યો. છેવટે એ વિધાનનું વિશ્લેષણ કરી પ્રા. વિષ્ણુપ્રસાદ એને આ રીતે મૂકે છે : 'વિચારપ્રધાન નહિ, ચિન્તનપ્રધાન નહિ, પણ આનંદપર્યવસાયી હોવા ઉપરાંત દર્શનપર્યવસાયી કૃતિ, જેમાં કોઈ સત્યની ઝાંખી કે પ્રતીતિ થતી હોય — કાવ્યરમણીયતાના અનુભવ પછી બીજી, ત્રીજી, ચોથી ક્ષણે — તે કવિતા જાતિમાં દ્વિજોત્તમ ગણવાલાયક ઠરે.'

'રસના સિદ્ધાંતમાં સાપેક્ષતા' એ લેખમાં લેખક રસના સિદ્ધાંતની ચર્ચા કરે છે. કવિ અને ભાવકની સંસ્કારસંપત્તિ અને સાહિત્યકળાના માધ્યમ ભાષાના ઓછાવત્તા જ્ઞાનમાંથી નીપજતી રસાસ્વાદની સાપેક્ષતા બધા સ્વીકારી શકે એમ છે. તેથી જ આપણા આલંકારિકો ભાવક સહૃદય અને રસિક હોવો જોઈએ એમ કહે છે. વળી સાહિત્યકળાનો આસ્વાદ ભાવકની કલ્પનાશક્તિ, વેદનશીલતા (sensibility), સમભાવ શક્તિ (sympathy), સત્ત્વની અપેક્ષા સર્વત્ર રાખે છે. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રા. વિષ્ણુપ્રસાદ એથી વિશેષ એ કહેવા માગે છે કે, 'જીવનના મહાપ્રશ્નો સંબંધી — ઈશ્વર, આત્માની અમરતા, મોક્ષ, પુરુષાર્થ વિષે — અપેક્ષિત ભાવક સાહિત્યના આસ્વાદ પૂરતું સર્વથા અનુકૂલ ચિત્ત રાખી શકે છે. ભારતીય કાવ્ય-શાસ્ત્રનો 'સહૃદય અમુક વિષયમાં કેવળ બુદ્ધિપ્રામાણ્યને અનુકૂળ થાય કે કેમ તે વિષે મને શંકા છે. એટલું તો લાગે છે કે દેશની ફિલસૂફી, નીતિ અને ધર્મની કેટલીક પ્રણાલિકાઓએ આપણા રસાસ્વાદમાં પ્રવેશ કર્યો છે.' અને એ રીતે રસાસ્વાદનું ક્ષેત્ર કેટલું મર્યાદિત થઈ ગયું છે એ લેખકે આ લેખમાં દર્શાવ્યું છે. આમાં રસસિદ્ધાંત વિષે એમણે જે મન્તવ્યો રજૂ કર્યાં છે એમાં મૌલિકતા વધારે છે અને પ્રા. વિષ્ણુપ્રસાદભાઈની સૂક્ષ્મદર્શી રસજ્ઞતાનો આપણને અનુભવ થાય છે.

એ પછીના 'સાધારણીકરણ' 'કાવ્યસ્પર્શ' અને 'અનુભાવના' એ ત્રણે લેખોમાં એમની તત્ત્વગ્રાહી વિવેચન-શક્તિ દૃષ્ટિએ પડ્યા વિના રહેતી નથી. 'સાધારણીકરણ' એ લેખમાં પ્રા. વિષ્ણુપ્રસાદ એમ કહેવા માગે છે કે, 'લેખકનો અનુભવ વાચક પોતાનો કરે તે કલ્પનાવ્યાપારને સાધારણીકરણ નામ આપવું હોય તો આપી શકાય, પણ તે બિનજરૂરી છે, કેમ કે વસ્તુતાએ એ કલ્પનાવ્યાપાર જ છે. કલ્પનાવ્યાપાર શબ્દપ્રયોગ સ્ફુટ છે, સાધારણીકરણ ભ્રામક છે.' આ લેખમાં એમણે પ્રો. ઠાકોર અને પ્રા. રામનારાયણ એ બંનેનાં વિધાનોની ચર્ચા કરી છે.

'કાવ્યસ્પર્શ'માં આજકાલ ક્ષુલ્લક અથવા તુચ્છ વિષયને કાવ્યમાં વ્યક્ત કરવામાં આવે છે એ સામે પ્રા. વિષ્ણુપ્રસાદે લાલબત્તી બતાવી છે. ગમે તે વિષયને અધિષ્ઠાન બનાવી ગમે તે વિચારો, ઊર્મિઓ, ભાવો આપી શકાય ખરા? વાચક કાવ્યમાં ભાવ-વિચાર-નિરૂપણમાં સ્વા-ભાવિકતાની અપેક્ષા રાખે છે તે વાજબી છે કે નહિ? કે વાચક ચમત્કારની — આલંકારિકોના ચમત્કારની નહિ પણ ગામઠી ચમત્કારની — કંઈક નવતરની અપેક્ષા રાખે છે એટલે કાવ્યમાં લાકડે માંકડું ચાલે? છેવટે પ્રા. વિષ્ણુપ્રસાદ કહે છે કે, 'સમયસમયની કવિતામાં વિચિત્રતાઓ હોય, પણ તે ક્ષણજીવી જ નીવડે. કુદરતમાં અને જીવનમાં જે સર્વદા સુંદર અને ભવ્ય છે તે જ કવિતાનું અમર અધિષ્ઠાન છે.'

'અનુભાવના' એ લેખમાં લેખકે પોતાનો મૌલિક સિદ્ધાંત રજૂ કર્યો છે. આ લેખમાં પ્રા. વિષ્ણુપ્રસાદ સાધારણી-કરણની ખટપટમાં પડ્યા વિના સહૃદયની સમાન અનુભવી થવાની શક્તિનો વિચાર કરે છે, અને એને 'અનુભાવના' એવું નવું નામ આપે છે. આ વિસ્તૃત લેખમાં અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિપુલ કાવ્યસૃષ્ટિ તરફ દૃષ્ટિપાત કરી પ્રા. વિષ્ણુપ્રસાદ જે ઉદ્‌ગારો કાઢે છે એ ખરેખર મનનીય છે. 'શિષ્ટતા અને સુરુચિનાં ધોરણો જળવાયાં છે. વાગ્-વિદગ્ધતા ને કૌશલમાં તો અસાધારણ સિદ્ધિ જણાય છે. પણ જીવનની સર્જક ગંગોત્રીઓ ક્યાંયે જોવામાં આવતી નથી. અપૂર્વ નિર્મિતિ માટે સર્જનશક્તિ તો કાન્ત, ખબરદાર, ઠાકોર, સુંદરમ્ આદિમાં જણાય છે પણ અભિનવ જીવનની સ્વકીય શક્તિ કેમ નથી જણાતી? . . . પ્રેરણાનું ધામ પોતે બને એવો આપણો મહાકવિ ક્યાં છે? . . . ગાંધીજીનું ભવ્ય મૃત્યુ નગાધિરાજ હોલે ને સાત સમુદ્ર ગાયે એવું કવિતાભર્યું છે. બીભત્સતા, ભીષણતા, ભયાનકતા, ક્રૂરતા, નીચતા, સ્વાર્થ અને વિલાસ સામે ઉચ્ચ માનવતા, સત્ય ને સંયમ ઝઝૂમી રહ્યાં છે. એક કૌંચયુગલના વધ-નિમિત્તે રામાયણ પ્રગટ્યું : 'લાખલાખ કુટુંબ દાઝી રહ્યાં છે ને કોઈ મહાકવિનો કંઠ નહિ ખૂલે? . . .' એમના આ ભાવપૂર્ણ હૃદયસ્પર્શી ઉદ્‌ગારોમાં નર્યું કાવ્ય જ રેલાયેલું છે અને અહીં વિવેચક સર્જકની પ્રતિભાનું દર્શન કરાવે છે. આ ઉદ્‌ગારો વાંચતાં આપણને શ્રી રાધાકૃષ્ણનના હર્બર્ટ વ્યાખ્યાનમાંના 'The Spirit in Man' એ વ્યાખ્યાનનું સ્મરણ થાય છે. વિશ્વસાહિત્ય વિષે શ્રી રાધાકૃષ્ણન્ કહે છે : 'Modern literature is essentially trivial. Even our greatest masters like Bernard Shaw and H. G. Wells do not touch the heights of genius. They have not given us one epic which brings out the full meaning of life, which leaves us throbbing with wild hopes and dazzled by new vistas, not a single drama of a profouudly moving nature which devastates us by its grandure, burns into us unforgettable visions of men at grips with fate, which shakes, exhausts, cleanses us.'

'પરિશીલન'માં આ ઉપરાંત આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવ વિષેના 'આચાર્ય આનંદશંકરનું ધર્મચિન્તન', 'તીર્થસલિલ' અને 'આનંદશંકર : એમની વિચારધારાનાં મૂળ ને કાવ્યતત્ત્વચિંતન' એ ત્રણે લેખો અભ્યાસપૂર્ણ અને મનનીય છે.

એ ઉપરાંત આ સંગ્રહમાં 'મદાલસા', 'સૂગાળશા આખ્યાન', 'પ્રભાત નર્મદા', 'આતિથ્ય', 'ચાર ચોપડીઓ',

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઇતિહાસ દિગ્દર્શન' અવલોકન-લેખો છે. 'સંસ્કૃતિમાં પરિવ્રાજક આચાર્ય 'કાલેલકર', 'સ્વસ્થ વિવેચન અને કાવ્ય જેવું ગદ્ય' એ બંને લેખોમાં અનુક્રમે કાકાસાહેબનો તેમ જ શ્રી રામનારાયણ પાઠકના 'અર્વાચીન કાવ્ય સાહિત્યનાં વહેણો' એ પુસ્તકનો અભ્યાસપૂર્ણ પરિચય આપ્યો છે. 'કેટલાક ભાષાશાસ્ત્રીય પ્રશ્નોનું અવલોકન' અને 'નરસિંહરાવ ભાષાશાસ્ત્રી' એ લેખો પણ એટલા જ મનનીય છે.

એકંદરે આખો સંગ્રહ આપણા ગુજરાતી સાહિત્યના પરિમિત વિવેચનક્ષેત્રને સમૃદ્ધ બનાવે છે અને આ રીતે પ્રા. વિષ્ણુપ્રસાદના વિવેચન લેખો ગ્રંથસ્થ થઈ પ્રસિદ્ધ થતા રહે એવી આશા વ્યક્ત કરવા પ્રેરે છે.

મુ૦ ક૦

અવનવી દુનિયા : ધોરણ ૭ માટે : લે૦ પોપટલાલ મોહનલાલ પટવારી બી. એ., એસ. ટી. સી., અને ભૂપેન્દ્ર અર્જુનલાલ લાલા બી. એ.; પ્રાપ્તિસ્થાન, એસ. બી. શાહની કંપની નં. ૨ અમદાવાદ; કિં૦ ૧-૧૦-૦; પૃ૦ ૨૬૮+૪.

ચોથા, પાંચમા અને છઠ્ઠા ધોરણનાં ભૂગોળનાં પાઠ્ય-પુસ્તકો તૈયાર કર્યા બાદ, સાતમા ધોરણના સરકારે નિયત કરેલા અભ્યાસક્રમ મુજબ લેખકોએ આ પુસ્તક તૈયાર કર્યું છે. પહેલાં ત્રણ પુસ્તકોની જેમ આ પુસ્તક પણ મોટા ટાઈપમાં, સારા ચિત્રો અને નકશાવાળું, સારા કાગળમાં અને આકર્ષક પૂંઠાવાળું તથા શરૂઆતમાં આર્ટ પેપર ઉપર 'પહાડમાં રેલવે'ના છાપેલા ચિત્રવાળું છે. આ લેખકોનાં આ વિષયનાં પુસ્તકો વિશેની સામાન્ય બાબતો તો અગાઉ જણાવેલી છે. [જુઓ 'શિક્ષણ અને સાહિત્ય,' ઑગસ્ટ ૧૯૫૦નો અંક, પૃ૦ ૨૫૫-૨૫૬]

આ પુસ્તકની વિગતો કેટલીક જગાએ કળામય રીતે રજૂ કરવાનો લેખકોએ પ્રયત્ન કર્યો છે. જેમ કે 'પ્રયાગ (અલ્લાહાબાદ) પાસે તેને (ગંગાને) દિલ્હી અને આગ્રાનાં સુશોભિત મહાલયો જોતી આવતી જમના મળે છે.' [પાનું ૨૧]; અથવા તો 'શ્યામ વસ્ત્રમાં રૂપેરી બાદલાના ભરતવાળી ચુંદડી સમું શોભતું આકાશ કવિઓને કંઈ કેટલી કલ્પના આપે છે!' [પાનું ૨૩૫]. ભારતના લોકોના ધંધા જણાવતાં 'ગૃહઉદ્યોગોમાં હાથસાળ અને વણાટકામ અગત્યનું સ્થાન ધરાવે છે' એવો ઉલ્લેખ કરી જુદી જુદી જગાઓની વખણાતી ચીજોમાં આંધ્રની ખાંડની ઉલ્લેખ કરવાનું લેખકો ભૂલ્યા નથી. [પાનું ૩૮]. વળી તે જ પાઠને અંતે વસ્તીનો મોટો ભાગ અભણ હોઈ તેના નિવારણ માટે સરકારે નિરક્ષરતાનિવારણ અને પ્રૌઢશિક્ષણ શરૂ કર્યાનો ઉલ્લેખ પણ જોવા મળે છે. આમ આજના સંજોગોની સાથે રહેવાનો લેખકોનો પ્રયત્ન જણાઈ આવ્યા વિના રહેતો નથી.

આપણા દેશના 'મચ્છી'ના ઉદ્યોગ વિષેની હકીકત શાકાહારી ગુજરાતનાં બાળકો સમક્ષ લંબાણથી નહિ પણ ટૂંકામાં રજૂ કરવાનું જરૂરી હતું. [પાનું ૯૦-૯૧]. વળી આ પુસ્તકનાં પાછળનાં ૨૪૮થી ૨૬૩ સુધીનાં પાનાંનો 'પૂરક વિભાગ' નાના ટાઈપમાં મૂકવાનું લેખકોએ કેમ પસંદ કર્યું તે સમજાતું નથી.

ભૌગોલિક સંજોગો પ્રાણી અને માનવજીવન ઉપર કેવી અસરો કરે છે તે, બાળકો રસપૂર્વક વાંચે તેવી રીતે દર્શાવવાનો લેખકોનો પ્રયત્ન આખા પુસ્તકમાં જણાઈ આવે છે. ભૂગોળનાં પાઠ્યપુસ્તકોમાં આ પુસ્તક ઉમેરો કરી શકે એવું છે.

૧૩-૧૦-'૫૦ શાં૦ ગાં૦

ગાંધી દર્શન : લે૦ ભાનુભાઈ પંડ્યા; પ્ર૦ કૂલવાડી ખંભાલિયા, (સૌરાષ્ટ્ર); કિં. ૦-૪-૦; પ્રાપ્તિસ્થાન પ્રફુલ્લ નિવાસ, આગ્રારોડ, ઘાટકોપર, મુંબઈ.

ગાંધીજી જીવતા હતા ત્યારે લખાયેલી આ બાલભોગ્ય શૈલીની ગીતનાટિકા છે. લેખક કહે છે, "૨૬ થી ૨૮ જાનેવારી, ૧૯૪૮ના ત્રણ દિવસોના ગાળામાં આ કૃતિ સરજાઈ. તે વખતની છેલ્લી પંક્તિમાં બાપુના મુખમાં આ શબ્દો મૂક્યા હતા – 'લઈ લો, લઈ લો, મુજ બલિદાન' અને સાચે જ ૩૦મી તારીખે બાપુનું બલિદાન લેવાઈ ગયું." આ ગીતનાટિકા બાળકોને ભજવવામાં આનંદ આવે એવી છે. શાળાઓને તે અર્થે ઉપયોગી થશે.

૨૬-૭-'૫૦

પાથેય : લે૦ નવલભાઈ શાહ, પ્ર૦ મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, હડીભાઈની વાડી, અમદાવાદ; કિં. ૨-૮-૦; પા૦ ૧૯૨+૮.

શ્રી નવલભાઈ એક ગ્રામસેવક છે. સંતબાલજીની દેખરેખ તળે 'વિશ્વવાત્સલ્ય' સાપ્તાહિક ચલાવે છે તે લઘુકથા પણ લખે છે, તે જાણતો નહોતો તેથી કુતૂહલથી એમનો કથાસંગ્રહ જોઈ તે વાંચવા લીધો. શ્રી સંતબાલે તેની 'ભૂમિકા' લખી છે. તેમાં તેઓ કહે છે, "કોઈ પણ પ્રસંગને માત્ર તાત્ત્વિક રૂપ કે ઉપદેશ સ્વરૂપ આપવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

IR693
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતા હોવાથી વાણી લેવાથી સરળતાનો અને રસિકતાનો લાભ મળે છે; તેમ તેમાં અતિશયોક્તિ અને અધકચરાં સત્યોના પ્રચારનો ભય પણ રહેલો છે.'' જીવનમાં પાથેય ગણાય એવા ભાવો તથા સત્યોને વાર્તા રૂપે રજૂ કરવામાં રહેલી બંને બાજુ આમાં સાફ કહી છે. એથી સાવધાન બનીને આ વાતો વાંચનારને આનંદ મળશે. શરૂમાં આવતી વાતો કરતાં પછીની વાતોની રચનામાં ઉતાવળ થઈ હોય એવું લાગે છે. કયાંક તો લગભગ ટાંચણ જેવી ટૂંકી થઈ રહે છે.

નીતિ અને તત્ત્વજ્ઞાનની બાબતો સામાન્ય લોકને સમજાય એ ઢબે આપવા માટે પુરાણકાળથી વાર્તા-કળાનો અને રૂપકનો આશરો લેવાતો આવ્યો છે. એ ઢબ કેટલે અંશે સફળ થઈ છે, એ વિચારવા જેવો પ્રશ્ન છે, કેમ કે આ રીતે કદાચ કોઈક બાબત સામાન્ય માણસને અવગત થતી હશે, તોપણ આ રીત પોતે ખીજ કેટલાંક જળાં મગજમાં નવાં ઊભાં કરે છે અને એવા એવા કલ્પવિકલ્પો રચે છે કે તેમાંથી પાછું માનવચિત્તે છૂટવાનું જાગે છે. આ ચોપડી વાંચતાં આ એક મોટો સવાલ મનમાં તાજો થયો, તે નોંધવા પૂરતો અહીં રજૂ કરું છું.

૨૮-૭-'૫૦ ભ૦

ધૂમકેતુ : લે૦ છોટુભાઈ સુથાર; પ્ર૦ તારક મંડળ, આણંદ; કિં. રૂ. ૨-૪-૦; પૃ. ૧૧૯.

આબાલવૃદ્ધતામાં પૂંછડિયા તારા નામે ઓળખાતા ધૂમકેતુ વિષે સળંગ માહિતી આપતા આ પુસ્તકના પ્રકાશન બદલ લેખક તેમ જ પ્રકાશક બંનેને ધન્યવાદ ઘટે છે. પુસ્તકમાં માહિતી આપતાં સાથોસાથ પરિભાષા યોજવા સમજાવવાનું કામ લેખકે ઘટતી સરળતાથી કર્યું છે. પુસ્તકને અંતે આપેલ પરિશિષ્ટ, પરિભાષા તેમ જ સૂચિ પુસ્તકને વિશેષ ઉપયોગી બનાવે છે. પ્રથમ દૃષ્ટિએ આટલા નાના પુસ્તકની કિંમત સવા બે રૂપિયા વધારે લાગતી જણાય, પણ પુસ્તકનો ઉઠાવ, લખાણ, ચિત્રો, બાંધણી ઇ. જોતાં એમ લાગે છે કે પુસ્તક એકંદરે સરતું છે. આટલી જ માહિતી આપનારાં અંગ્રેજી પુસ્તકોનું મૂલ્ય, એ પુસ્તકોની ગુજરાતી પુસ્તકોને મુકાબલે વધુ ખપત થતી હોવા છતાં, ઘણું વધારે હોય છે.

'ધૂમકેતુ; કક્ષાપ્રકાર' એ લખતાં પહેલાં એકાદ પ્રકરણ લખી તેમાં કેપ્લરના ગ્રહ સંબંધીના સિદ્ધાંતો, દીર્ઘવૃત્ત, પરવલય અને અસીમ પથની સમજણ, દીર્ઘવૃત્તની કેન્દ્ર-ચ્યુતિ જેમ વધતી જાય તેમ તેમ એની આકૃતિ પરવલય જેવી થતી જાય છે, એ આકૃતિ દ્વારા સમજાવ્યું હોત તો એ પ્રકરણ વિશેષ લોકભોગ્ય થાત. અસીમ પથની આકૃતિ આજના મૅટ્રિકના અભ્યાસક્રમમાં આવતી નથી. ગણિતના વિષય સાથે કૉલેજમાં વિજ્ઞાનનો વિષય ભણનારાને અભ્યાસક્રમમાં 'અસીમ પથ' આવે છે. બાકીનાંને તેનો ખ્યાલ પણ ન હોય. એટલે આવી બાબતો વિશેષ વિસ્તારથી સમજાવવી રહી.

સ્પેક્ટ્રોસ્કોપની મદદથી આકાશી પદાર્થોમાં કયાં દ્રવ્ય છે તે કેમ નક્કી કરવામાં આવે છે તે પરિશિષ્ટ ૩ [પા. ૧૦૪] માં ઉમેરી દીધું હોત તો ઠીક થાત એમ લાગે છે.

અંગ્રેજી બિલકુલ ન ભણ્યા હોય એવા પ્રાથમિક શાળાના શિક્ષકો સહેલાઈથી સમજી શકે એ રીતે આવાં પુસ્તકો લખાય એ ઇચ્છવા યોગ્ય છે.

વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમ જ પુસ્તકાલયો આ પુસ્તકને જરૂર અપનાવી લેશે.

શોધ અને સિદ્ધિ : લે૦ પ્રા. ડૉ૦ સુરેશ મં. શેઠના અને પ્રા. ડૉ. નરસિંહ મૂ. શાહ; પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય; કિં. રૂ. ૨-૦-૦; પૃ. ૧૬૦.

જુદા જુદા સમયે લખાયેલા ૧૪ લેખોનો આ સંગ્રહ છે. લેખકો પ્રસ્તાવનામાં જણાવે છે કે તેમાંના લેખોનો મોટો ભાગ પહેલી જ વાર પ્રગટ થાય છે. કેટલાક લેખો 'કુમાર' 'પ્રસ્થાન' અને 'અખંડાનંદ'માં પ્રગટ થયેલા છે. આમાં 'ઊર્મિ અને નવરચના' નું નામ રહી જવા પામ્યું લાગે છે.

'શોધ અને સિદ્ધિ' એ પુસ્તકનું નામ તેના લખાણ પૂરતું યોગ્ય છે. શોધ અને સિદ્ધિ કંઈ એક બે દિવસમાં સાંપડતી નથી. તેની પાછળ અથાગ સાધના અને શ્રમ રહેલો છે એટલું પણ આ પુસ્તકથી આપણા નવા સંશોધકોને સમજાય અને તે પ્રેરણા આપે તો તેટલા પૂરતું પણ પ્રકાશન સાર્થક ગણાય.

વિજ્ઞાનનાં અનેક ક્ષેત્રોની ભરપૂર માહિતી આટલા નાના સરખા પુસ્તકમાંથી આપણને મળી રહે છે. લેખકો રસાયણશાસ્ત્રી હોઈને રસાયણશાસ્ત્રીની શોધો પુસ્તકમાં વિશેષ સ્થાન પડાવી જાય છે. 'સાગરમાં શોધ', 'હિમ-પ્રદેશના સંશોધકો' અને 'પ્રણાલિકા સામે પડકાર' એ સંશોધનની સાહસકથાઓ ગણી શકાય.

પુસ્તક સુવાચ્ય છે અને વિજ્ઞાનનું હોવા છતાં પણ એકાદ નવલકથા માફક સરળતાથી વાંચી શકાય તેવું છે. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ તે વાંચવા જેવું ગણાય. તેમને તે રસ સાથે પ્રેરણા પણ આપી રહે.

અંસીલાલ ગાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાંક વાંચવા જેવાં પુસ્તકો

સરદાર વલ્લભભાઈ [ભાગ પહેલો] નરહરિ દ્વા૦ પરીખ

સરદાર વલ્લભભાઈનું આ પહેલું જ પ્રમાણભૂત ચરિત્ર બહાર પડે છે. આમાં ૧૯૨૯ની સાલ સુધીનું એમનું ચરિત્ર આવે છે. એક રીતે એમ કહેવાય કે એમાં એમના જીવનનો સાધનાકાળ આલેખાયો છે. સરદારનો વિકાસ દર્શાવતાં દસ ચિત્રો સહિત.

કિં. રૂ. ૫-૦-૦; ટપાલરવાનગી ૦-૧૧-૦

બાપુના કારાવાસની કહાણી

અનુ૦ મણિભાઈ ભ૦ દેસાઈ

ગાંધીજીના આગાખાન મહેલના એકવીસ માસના આખરી કારાવાસ દરમ્યાન તેમનાં સાથી શ્રી સુશીલા નય્યરની તે કાળની મૂળ હિંદી ડાયરીનો આ ગુજરાતી અનુવાદ છે. એ ડાયરી ગાંધીજીએ રખાવી હતી અને પોતે તે જોઈ ગયા હતા. એ કાળની સરકારનું દમન, મહાદેવભાઈ તથા કસ્તૂરબાનું અવસાન કેમ થયું, તે વખતે સરકારે બતાવેલી નિષ્ઠુરતા તથા ગાંધીજીના ઐતિહાસિક એકવીસ દિવસના ઉપવાસ વગેરેનું આમાંથી તાદૃશ વર્ણન મળશે. સચિત્ર.

કિં. રૂ. ૮-૦-૦; ટપાલરવાનગી ૧-૦-૦

મહાદેવભાઈની ડાયરી સંપા૦ નરહરિ દ્વા૦ પરીખ

[પુસ્તક ચોથું]

આ ડાયરી મહાદેવભાઈ ગાંધીજી સાથે જોડાયા તે શરૂનાં કાળની છે. આમાં ૧૩-૧૧-'૧૭ થી ૧૭-૧-'૧૯ સુધીનો સમય આવે છે. આ ગાળા દરમ્યાન ગાંધીજીના જીવનમાં મહત્ત્વના કહી શકાય એવા ત્રણ પ્રસંગો બને છે: ખેડાની લડત, અમદાવાદના મિલમજૂરોની લડત, અને પહેલા મહાયુદ્ધ દરમ્યાન લશ્કરભરતીમાં સક્રિય મદદ. આ ઉપરાંત જહોળા પત્રવહેવારમાંથી ઘણું નવું જાણવાનું મળે છે.

કિં. રૂ. ૩-૦-૦; ટપાલરવાનગી ૦-૧૧-૦

કેળવણી વડે ક્રાન્તિ

સંપા૦ વિઠ્ઠલદાસ મગનલાલ કોઠારી

આ પુસ્તકમાં ગૂજરાત વિદ્યાપીઠનો ઈ. સ. ૧૯૨૦થી ૧૯૫૦ સુધીનો ઇતિહાસ આપ્યો છે. પુસ્તક ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. પહેલા વિભાગમાં સંસ્થાના ત્રીસ વર્ષના ઇતિહાસની રૂપરેખા દોરી છે. બીજા વિભાગમાં અનેક પરિશિષ્ટો રૂપે સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી છે. ત્રીજા વિભાગમાં વિદ્યાપીઠના કુલપતિ તરીકે ગાંધીજીએ આપેલાં વ્યાખ્યાનો પહેલી જ વાર સંધરાયાં છે. સરદાર વલ્લભભાઈના બે બોલ તથા શ્રી મોરારજીભાઈની પ્રસ્તાવના સહિત. સચિત્ર.

કિં. રૂ. ૩-૦-૦; ટપાલરવાનગી ૦-૯-૦

મારી જીવનકથા — રાજેન્દ્રપ્રસાદ

અનુ૦ પ્રભુદાસ છગનલાલ ગાંધી

આ આત્મકથામાં શ્રી રાજેન્દ્રબાબુના બચપણના વખતના બિહારના સામાજિક રીતરિવાજોનો, એ વેળાની સંકુચિત રૂઢિઓને લીધે થતા નુકસાનનો, એ વખતના ગ્રામજીવનનો, ધાર્મિક વ્રતોત્સવો અને તહેવારોનો, એ જમાનાનાં બાળકોના જીવનનો અને એ સમયની કેળવણીની સ્થિતિનો આસ્વાદ્ય ચિતાર જોવા મળે છે. એમાં સાદાઈ અને ખાનદાનીની સાથે વિનોદભરી તેમ જ ગમગીન બનાવી મૂકનારી પરિસ્થિતિઓનું મિશ્રણ પણ છે.

કિં. રૂ. ૮-૦-૦; ટપાલરવાનગી ૧-૦-૦

મારી જીવનકથા — જવાહરલાલ નેહરુ

અનુ૦ મહાદેવ દેસાઈ

પંડિત જવાહરલાલ નેહરુના અંગ્રેજી આત્મવૃત્તાંતનો અનુવાદ, ભાષાંતરકર્તાના ઉપોદ્‌ઘાત સહિત. શ્રી મહાદેવભાઈએ ગુજરાતી વાચકની અનુકૂળતા ખાતર પુસ્તકમાં સ્થળે સ્થળે વિસ્તૃત નોંધો પણ આપી છે, છેલ્લી આવૃત્તિ બાદ પંડિતજીએ અંગ્રેજીમાં ઉમેરેલું પ્રકરણ પાંચ બરસ બાદ આમાં નવું ઉમેર્યું છે. પુસ્તકને અંતે મહત્ત્વના વિષયો, સ્થળો, તથા વ્યક્તિઓની વિસ્તૃત સૂચિ પણ આપવામાં આવી છે. છ ચિત્રો સાથે.

કિં. રૂ. ૬-૦-૦; ટપાલરવાનગી ૦-૨-૦

સરદાર વલ્લભભાઈનાં ભાષણો [૧૯૧૮થી ૧૯૪૭]

સંપા૦ નરહરિ દ્વા૦ પરીખ,
ઉત્તમચંદ દી૦ શાહ

ગાંધીયુગનાં છેલ્લાં ત્રીસ વરસ દરમ્યાન દેશમાં જે જાગૃતિ આવી તેમાં ખાસ કરીને ગુજરાતની પ્રજાજાગૃતિમાં સરદાર પટેલનો ફાળો કેવો હતો તે જાણવાના સાધન તરીકે, ખુદ સરદાર પટેલનો ઊછરતી તેમ જ ભાવિ પેઢીને સાચો પરિચય કરાવવાને, તેમના વ્યક્તિત્વના ગુણો પ્રગટ કરવાને, એ અજબ પ્રજાજાગૃતિના ઐતિહાસિક દસ્તાવેજ તરીકે, તેમ જ એક પુરુષાર્થી, સમર્થ અને તેજસ્વી પુરુષની વાણીમાં ગુજરાતી બોલી કેવી સમર્થ બની શકે છે તે જોવા માટે આ ભાષણો એક કીમતી સાધન થઈ પડશે.

કિં. રૂ. ૫-૦-૦; ટપાલરવાનગી ૦-૧૩-૦

મહાદેવભાઈનું પૂર્વચરિત નરહરિ દ્વા૦ પરીખ

મહાદેવભાઈના જીવનના બે સ્પષ્ટ ભાગ પડે છે: ગાંધીજી સાથે જોડાયા પહેલાંનું પૂર્વ જીવન અને જોડાયા તે પછીનું ઉત્તર જીવન. આમાં લેખકે એમના પૂર્વ જીવનની કથા આલેખી છે.

કિં. રૂ. ૦-૧૨-૦; ટપાલરવાનગી ૦-૨-૦

: નવજીવન કાર્યાલય, પો. બૉ. ૧૦૫, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આધુનિક શિક્ષણપ્રથાની ઘાતક ભૂલ

કોઈ પણ અભ્યાસક્રમ આદર્શ પરિપૂર્ણતા ધરાવવાનો દાવો ન કરી શકે; અને તેમાંથી છૂટી જતી બાબતો ગૌણ મહત્ત્વની છે એમ પણ નથી. પ્લેટોની કલ્પનાની સંસ્કારિતામાં હેતુરહિત બૌદ્ધિક આકલન પર જે ભાર મુકાયો છે, તે માનસશાસ્ત્ર દૃષ્ટિએ ભૂલ છે. ક્રિયા અને કાર્યકારણભાવના અનિવાર્ય બંધમાં વહેતી ઘટના-માળાની આપણી નજરમાં રહેલી સાર્થકતા, આ વસ્તુઓ મૂલગત છે. જે શિક્ષણ કળા- કે બુદ્ધિ- પ્રધાન જીવનનો આ મૂળગત વસ્તુઓથી વિચ્છેદ સાધવા માગે છે, તેમાં સંસ્કૃતિની પડતી રહેલી છે. સંસ્કારિતાનું મુખ્ય પ્રયોજન ક્રિયા છે, અને એની અસર એવી હોવી જોઈએ કે શ્રમમાંથી તે હેતુરહિત વૈતરું કે મજૂરીનો અંશ દૂર કરે.....હેતુરહિત વૈજ્ઞાનિક કુતૂહલ કે જિજ્ઞાસામાં મૂળે એ રહેલું છે કે, સંસારની ઘટનામાળાનું વ્યવસ્થિત બુદ્ધિગમ્ય દર્શન મળે. પરંતુ એવી જિજ્ઞાસાનું લક્ષ્ય ક્રિયા અને વિચારનું સંલગ્ન સાધવાનું છે..... કોઈ વિજ્ઞાની કેવળ જાણવા માગતો નથી; શોધખોળની પોતાની ભૂખ ભાગવા તે જ્ઞાન મેળવે છે.....

ઉદ્યોગવિદ્યાના અને બૌદ્ધિક ઉદારવાદી ('લિબરલ') વિદ્યાના શિક્ષણ વચ્ચે સાચો વિરોધ નથી. એ વિરોધ ભ્રામક છે. જે ઉદ્યોગશિક્ષણ બુદ્ધિની ઉદારતા ન કેળવે તે અધૂરું છે, અને જે બૌદ્ધિક ઉદારવાદી શિક્ષણ ઉદ્યોગવિદ્યા-પરાયણ ન હોય તે ઉદારવાદી નથી. એટલે કે જે શિક્ષણ ઉદ્યોગવિદ્યા અને બૌદ્ધિક ઉદારતા નથી આપતું તે શિક્ષણ નથી. સાદી ભાષામાં કહીએ તો, શિક્ષણે એવો વિદ્યાર્થી તૈયાર કરી આપવો જોઈએ કે જે કાંઈક બરોબર ભણે છે ને કાંઈક બરોબર કરી પણ શકે છે. ક્રિયા અને સમજ વચ્ચે આવો નિકટ સંબંધ હોય તે બેઉને મદદરૂપ છે. બુદ્ધિ ખાલી અવકાશમાં સારામાં સારું કામ નથી દેતી. સર્જનશક્તિને પ્રેરવાને માટે જ્ઞાન ઝટ ક્રિયાશીલ બનવું જોઈએ. બાળક માટે તો આ ખાસ લાગુ પડે છે.

કોઈ પણ રાષ્ટ્રીય શિક્ષણપ્રથામાં ત્રણ મુખ્ય પદ્ધતિઓની જરૂર હોય છે -- સાહિત્યિક અભ્યાસક્રમ, વૈજ્ઞાનિક અભ્યાસક્રમ, અને ઔદ્યોગિક અભ્યાસક્રમ. પરંતુ એમાંની દરેક પદ્ધતિમાં બાકીની બે સમાવી જોઈએ. મારે એ કહેવું છે કે, કોઈ પણ શિક્ષણપ્રથામાંથી બાળકને કાંઈક કરવાની આવડત, વિજ્ઞાન, સામાન્ય વિચારોની વ્યવસ્થિતિ, અને કલાકીય ભાન મળવાં જોઈએ; અને તાલીમની આ દરેક બાબત બાકીની બાબતોથી પ્રકાશ પામતી હોવી જોઈએ... ...

પ્લેટોની કલ્પનાની સંસ્કારિતાની ખોટી બાજુ એ હતી કે, તે ઉદ્યોગ કે ક્રિયાના શિક્ષણને તદ્દન છોડતી હતી. જ્યારે એ શિક્ષણ તો આદર્શ ને પૂર્ણ માનવવિકાસનું એક અંગ છે. આ ભૂલ એ બે ભયંકર વિરોધમાંથી ઊભી થઈ છે કે; શરીર અને મનને અથવા ક્રિયા અને વિચારને અરસપરસ સંબંધ નથી. ટીકા ટાળવા પૂરતું જ વચ્ચે કહી જઉં કે, ગ્રીક લોકો શરીરની સુંદરતા અને શારીરિક વ્યાયામને ખૂબ કીમતી ગણતા. પરંતુ તેમાં એમની મૂલ્યદૃષ્ટિ અવળી થઈ ગઈ હતી. ગુલામો રાખવાની પ્રથામાંથી અચૂક રીતે દૃષ્ટિ આમ ઊંધી થઈ જાય છે.

શિક્ષણના સ્વયંસિદ્ધાંત તરીકે હું કહું છું કે, વિદ્યાર્થીઓને શરીર પણ છે એ ભૂલ ખાશો તો તમે શિક્ષણમાં નિરાશા જ વહોરશો. યુરોપના પુનરુત્થાન પછી જે પ્લેટોની ઢબનો અભ્યાસક્રમ આવ્યો તેમાં આ જ ભૂલ થઈ છે.....મનુષ્યના હાથે તેનું મગજ સરજ્યું કે મગજે હાથને સરજ્યો, એ કહેવું કઠણ છે. એટલું ચોકસ છે કે, એ બે વચ્ચે પરસ્પર બહુ ગાઢો સંબંધ રહેલો છે.....

('ધી એઇમ્સ ઑફ એજ્યુકેશન'
પા. ૭૩... ઉપરથી)

એ. એન. વ્હાઇટહેડ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Compiled
1999-2000

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by the Internet Archive in 2007 with funding from Microsoft Corporation